# પત્ર જ્યોતિ

## કિરણ ૧

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ

ભરૂચ

આવૃત્તિ ૧લી ૧૯૬૪

પ્રત ૧૦૦૦

કીમત : ત્રણ રૂપિયા

●

પ્રકાશક :
સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ
સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાન સાધન આશ્રમ ટ્રસ્ટ
પો. મુક્તમપુર ( જિ. ભરૂચ )

●

મુદ્રક
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ-૨.

# નિવેદન

અદ્વૈતસિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને, જિજ્ઞાસુને ઉપકારક થાય, વિવાદાત્મક પ્રશ્નોને છોડીને સામાન્યજનને શુષ્ક તર્ક કે વાણી-વિલાસની જાળ ગૂંથવાની વૃત્તિમાંથી બચાવી શકાય, વ્યવહાર-માર્ગનો નિઃશેષ બાધ તો જ્યારે થાય ત્યારે પણ વ્યવહારમાં રહીને દ્વૈતનો મોહ નષ્ટ કરી અદ્વૈત આત્મસ્વરૂપના અનુભવની સ્વાભાવિક સ્થિતિ સર્જવામાં મદદરૂપ થવાય એવો આશય આ પત્રો લખવાની પાછળ રહ્યો છે.

આમ કરવામાં પણ વિશેષતઃ તો આ પ્રવૃત્તિ આત્મલક્ષી રહી છે. ઉત્તરોત્તર એથી હું મારા મનોભાવનું નિરીક્ષણ કરી શક્યો છું. આછીપાતળી મારી સમજણ, તે સમયની મારી બૌદ્ધિક કક્ષા અને વ્યક્તિની વિવિધ ભૂમિકા પ્રમાણે વેદાન્તશાસ્ત્રના આધારે મેં માર્ગદર્શન આપ્યું છે. કોઈ સહધર્મીને આ પત્રો ઉપયોગી થઈ પડે તો એ સાર્થક બનશે એમ માની, મિત્રોના નામઠામ તથા અંગત ભાગને કહાડી નાખી યોગ્ય સુધારા વધારા સાથે પ્રગટ કર્યા છે.

અધ્યાત્મની સાધના તો વ્યવહારના ક્ષેત્રોમાં, જીવનનાં બધાં પાસાંઓમાં જ કરવાની છે. એમ સર્વાંગી સમજણ આવે તો સર્વાંગી વિકાસ થાય. બાહ્ય પ્રદેશની દશે દિશામાંથી આવતાં દ્વંદ્વોના આઘાતો સામે સુરક્ષિત રહી શકાય એવી આત્મનિષ્ઠાની પ્રાણપ્રતિષ્ઠા થવી જોઈએ. એવું ન થાય ને કયાંક છિદ્ર રહી જાય તો આસપાસ વંટોળની માફક વીંઝાતી માયા વાતાયનમાં પ્રવેશ કરી સૂક્ષ્માતિસૂક્ષ્મ અંતઃકરણને અજ્ઞાનની છાયામાં સંવરી લે. આથી મુક્ત રહેવાય એ માટે જ છે વેદાન્તની સાંગોપાંગ સાધના.

સામાન્ય જનોમાં આધ્યાત્મિક અને વ્યાવહારિક જીવનની બાબતમાં જાણે બન્ને પરસ્પરવિરોધી હોય એવી એક માન્યતા પ્રવર્તે છે. પરંપરા એની પાછળનું એક નૈમિત્તિક કારણ ગણી શકાય. ગુરુજનોની વાણીમાં ને સંતોના માર્ગદર્શનમાં શ્રદ્ધા રાખીને એમના ચીંધેલા માર્ગે નિષ્ઠાપૂર્વક પ્રયાણ કરવાનું છે. પણ એ પ્રયાણ સમજપૂર્વકનું હોવું જરૂરી છે. એ માટે એમની વાણીનો મર્મ પકડવો જોઈએ. દેશકાલને અનુલક્ષીને જે કથન એમણે કર્યું હોય તેનો બાહ્ય પરિવેષ દેશકાલ બદલાતાં બદલાય; રહસ્ય, મર્મ, સત્ય બદલાતું નથી. પણ બાહ્ય પરિવેષને વળગવા જતાં એ પરિવેષ જ સત્યની આડે અંતરાયરૂપ બને છે. સમજણપૂર્વકની યથાશક્તિ આત્મલક્ષી જીવનની સતત્ સાધના વિષે એટલું જ લખવાનું કે કેવલાદ્વૈત સિદ્ધાંતના આચાર્ય ભ. શ્રી. શંકરાચાર્યનાં ઉપનિષદ્, ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર પરના ભાષ્યોથી મુખ્યત્વે અને તે ઉપરાંત એમના પ્રકરણ ગ્રંથોના સ્વાધ્યાયમાંથી મારી માન્યતા દૃઢ બની છે કે ब्रह्म सत्यं जगन्मिथ्या સિદ્ધાંત સંપૂર્ણ સત્ય પૂર્ણ છે. રહી વાત એને જીવનમાં આત્મસાત્ કરવાની. એમાં બુદ્ધિની શ્રદ્ધાભરી સૂક્ષ્મ ઝીણવટ અને કાળજીભરી કહેણીકરણી-પ્રતિની અચૂક વેધક દૃષ્ટિ અનિવાર્ય છે.

વેદાન્ત ત્રણ પ્રકારની સત્તાની ઘોષણા કરે છે; (૧) પારમાર્થિક (૨) પ્રાતિભાસિક અને (૩) વ્યાવહારિક. યુક્તિપ્રયુક્તિથી આ સિદ્ધાંતની ચર્ચાના ગ્રંથભંડાર ભર્યા છે. મતભેદોએ એમાં વાડાબંધી ઊભી કરી છે, અને એને લીધે અદ્વૈત આત્મતત્વના સાક્ષાત્કારની સાધનાને યથાવિધ કોણ સમજ્યું કોણે યથાશાસ્ત્ર અનુભવ કર્યો, એવા પ્રમાણ પુરઃસરનાં સમાધાન શોધવા જતાં મૂઝવણ એટલી બધી વધી જાય છે કે શરૂઆતના સામાન્ય અભ્યાસમાં એ વિઘ્નરૂપ બને છે. બુદ્ધિની પ્રૌઢતા ન હોય તો જિજ્ઞાસુ આ અઘરાં આરોહણ છોડી દે છે ને કયારેક તો નાસ્તિક પણ બને છે.

ને એટલે જ એકબાજુ જિજ્ઞાસુના અધિકારને, એવી મનોભૂમિકાને અને બીજી બાજુ અદ્વૈત સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને મેં દોરવણી આપવાનો પ્રયાસ કર્યો છે. વ્યવહારનો નિતાન્ત પરિહાર મને અનિવાર્ય નથી લાગ્યો. યોગવાસિષ્ઠના સ્થિતિપ્રકરણનો આધાર અહીં અસ્થાને નહીં લેખાય.

*"દેહ જ્ઞાની હોય અથવા અજ્ઞાની હોય તો પણ જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી એવો ક્રમ છે કે, આસક્તિથી અથવા આસક્તિ રહિત લોકોની પેઠે વ્યવહાર કરવો. જેઓ સર્વ ગતિને જાણનારા (જ્ઞાની) છે અને (બીજા) જેઓ પશુની પેઠે અજ્ઞાની છે, તે બધાં લોકજાળની પેઠે લોકના વ્યવહારમાં રહેલા છે. વ્યવહારમાં જેવી રીતે અજ્ઞાની રહે છે તેવી જ રીતે પંડિત પણ રહે છે, પણ તેમને બંધ અને મોક્ષ આપવામાં વાસના માત્રનો ભેદ છે. ધીરજવાન પુરુષ જ્યાં સુધી પોતાનું શરીર રહે ત્યાં સુધી, એટલે કે અજ્ઞાનીની પેઠે, દુઃખની અવસ્થામાં દુઃખ તથા સુખની અવસ્થામાં સુખ દેખાડે છે, પણ તેમાં પોતાની બુદ્ધિને આસક્ત રાખતા નથી. મહાત્મા પુરુષ નિરંતર અપ્રબુદ્ધની પેઠે સુખમાં સુખીપણું તથા દુઃખમાં દુઃખીપણું બતાવે છે. પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડેલું હોય તેની ચંચળ તથા અચળ અવસ્થા થાય છે, પણ આકાશમાંના સૂર્યની થતી નથી. તેવી રીતે લોકવૃત્તિમાં

---

* ज्ञस्याऽज्ञस्य च देहस्य यावद्देहंमयं क्रमः ।
लोक वद्व्यवहारोऽयं सक्तयाऽसक्तयाऽथवा सदा ॥ ३५ ॥
ये परिज्ञातगतयो ये चाऽज्ञाः पशुधर्मिणः ।
लोक संव्यवहारेषु ते स्थिता लोकजालवत् ॥ ३६ ॥
व्यवहारे यथैवाऽज्ञस्तथैवाऽखिलपण्डितः ।
वासनामात्र भेदोऽत्र कारणं बन्ध मोक्षदम् ॥ ३७ ॥
यावच्छरीरं तावद्धि दुःखे दुःखं सुखे सुखम् ।
असंसक्तधियो धीरा दर्शयन्त्यप्रबुद्धवत् ॥ ३८ ॥

જ્ઞાની પુરુષ રહે છે. જેવી રીતે સૂર્યદેવતા સ્વસ્થ છતાં પ્રતિબિંબમાં અસ્વસ્થ અને ચંચળપણું બતાવે છે, તેવી રીતે લૌકિક કર્મોનો જેણે ત્યાગ કરલો છે એવો જ્ઞાની પણ વ્યવહારમાં અજ્ઞાનીપણું બતાવે છે."

હિમાદ્રિને ઉચ્ચ શિખરે જે જઈ બેઠા છે એમને માટે નહિ પણ જે પોતાની સમસ્ત શક્તિથી એ શિખરે પહોંચવા પ્રયત્નશીલ છે એમને હાથ આપવાનો, બળ આપવાનો, એમના માર્ગને સરળ બનાવવાનો અહીં તો પ્રયત્ન છે. આશા રાખું છું આ માર્ગે પગલાં ભરનારને એ ઉપકારક નીવડશે. અસ્તુ.

**સ્વા. સ્વતંત્રજ્યોતિ તીર્થ**

---

सुखेषु सुखिता नित्यं दुःखिता दुःखवृत्तिषु ।
महात्मानो हि दृश्यन्ते दृश्य एवाऽप्रबुद्धवत् ॥ ३९ ॥
सूर्यस्य प्रतिबिम्बानि क्षुभ्यन्ति न पुनःस्थिरम् ।
चलाचलतया तज्ज्ञो लोकवृत्तिषु तिष्ठति ॥ ४० ॥
अवस्थित इव स्वस्थः प्रतिबिम्बेषु भास्करः ।
संत्यक्तलोककर्माऽपि बुद्ध एवाऽप्रबुद्धधीः ॥ ४१ ॥

**વધુ માટે જુઓ નિર્વાણ પ્રકરણ સર્ગ ૨૯.**

# પત્ર જ્યોતિ

## કિરણ ૧

એક વ્યક્તિને લખાયેલા પત્રોનું એક પ્રકરણ
એ રીતની અત્રે પ્રકરણ યોજના રાખેલી છે,

# ૧

(૧)

૧૪–૩–૨૮

...એ તો ઠીક; પણ તમે કેમ છો? સો વાતની એક વાત કે ચિત્તમાં શાન્તિ કેવી રહે છે? અને રહે છે તો ઉત્તરોત્તર વૃદ્ધિ કેટલી થાય છે? તેમ જ એ કદી ડોલાયમાન થાય છે ખરી? અને ડોલાયમાન થાય ત્યાર પછી સ્થિરતા થતાં કેટલો સમય લાગે છે? એમ થવામાં દિનપ્રતિદિન ન્યૂન સમય લાગતો જાય છે? શાન્તિ પ્રાપ્ત કરવામાં પ્રથમના કરતાં પરિશ્રમ થોડો પડે છે? એ શાન્તિ વાસ્તવિક અર્થાત્ પારમાર્થિક છે?

આવી રીતના પ્રશ્નોના ઉત્તર જાતે જ મેળવીને પોતાની જાતને જોયા કરવી; ગ્રન્થો કેવળ માર્ગ અથવા દિશા બતાવી આપે છે; સંતો ઉત્સાહ અને બલ આપી રસ્તે ચડાવી આપે છે; પણ છેવટે તો સૌએ પોતાની સાધના પોતે જ કરી લેવાની છે.

આધ્યાત્મિક પ્રદેશમાં જેટલી વિદ્વત્તાની કીમત કે આવશ્યકતા છે, એના કરતાં ચિત્તશુદ્ધિ અને ચિત્તની સ્થિરતાની આવશ્યકતા વધારે છે. બીજી મહત્ત્વની વાત લોકોને એ લાગ્યા કરે છે

કે સામાન્ય ઉપાધિઓથી પણ જલદી ગભરાઇ જાય છે, એવી ઉપાધિઓનો આધ્યાત્મિક માર્ગે ઉત્સાહ પ્રાપ્ત કરવામાં ઉપયોગ ન કરતાં ઉલટું એનાથી ચિત્તને દુર્બલ બનાવી શોક, મોહ, ખેદ વગેરે વધારી પોતાની જાતને વિશેષ પામર બનાવે છે, અને એમ કરીને દેહાધ્યાસ-જીવભાવ વધારતાં જાય છે. પણ એમ ન થવું જોઇએ.

મુંબઈના વ્યવસાયી જીવનમાં વાચનનો તેમ જ સત્સંગનો અવકાશ થોડો મળે એ સ્વાભાવિક છે; પણ એક વાત માનશો ? અથવા અજમાવી જોશો ?

આત્મકલ્યાણને રસ્તે જવું જ હોય તો શાસ્ત્રોક્ત માર્ગ અનુસરો. ક્રમ નીચે પ્રમાણે રાખી જુઓ. વેદાન્તના ગમે તે ગ્રંથમાં તેમ જ સંતના જીવનના અનુભવમાં એ જ વાત મળશે; ગુપ્ત નથી, તેમ જ વ્યક્તિગત પણ નથી.

૧. વર્ણાશ્રમ પ્રમાણે સાધારણ કર્મકાન્ડ કરવું;

૨. કોઇ પણ બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિયમાં ગુરુબુદ્ધિ સ્થાપિત કરીને એમની આજ્ઞા પ્રમાણે ભજનસાધન કરવું.

૩. વ્યાવહારિક કાર્યથી સાધનમાં વિઘ્ન ન આવવા દેવું, અને કુશલતાપૂર્વક સ્વધર્મ-કર્મમાં સાક્ષી રહી સર્વને યથાશકિત સંતોષ આપ્યો છે, એવી આપણા ચિત્તને ખાત્રી કરી આપવી.

મેં તો તમને આવી જ જાતની વરંવાર સૂચના આપી છે; તમે શું કરો છો અને કયા નિશ્ચયને અનુસરી જીવન વ્યતીત કરો છો એ સંબંધી વિશેષ કદી નથી કહેલું,

અને સામાન્ય સૂચનાઓ હંમેશાં કર્યા કરી છે. પરમાત્મા તમને સત્વર યથેષ્ટ માર્ગ પર મૂકી દે, અને શ્રી ગુરુદેવ એમાં વિશેષ શકિત આપે, એવા આનંદ-આશીર્વાદ સાથે...

## (૨)

તા. ૩૦-૩-૨૮

પત્ર મળ્યો; આખા પ્રશ્નનો સારાંશ જોતાં એમ સમજાય છે કે તમે કોઈ એવી સાધના કે ઉપાસના ઇચ્છો છો કે જેથી વ્યાવહારિક ઉપાધિઓ શાન્ત થાય અને પારમાર્થિક ઈષ્ટ પણ પ્રાપ્ત કરી શકાય. આમાં નીચે પ્રમાણે વિચાર કરીને ચિત્તનું અવલંબન શોધતાં શીખશો.

૧. ચિત્તને શું જોઇએ છે?

૨. એને બાહ્ય જગતમાં સર્વત્ર સુખસંપત્તિ, ઇષ્ટમિત્ર ઈત્યાદિમાં અનુકૂળતા જ નિત્ય રહે એવું જોઈએ છે? અને એને જ ચિત્ત શાન્તિ કહે છે?

૩. અથવા બાહ્ય જગત્‌માં પ્રારબ્ધવશાત્ ગમે તેવી અવળી સવળી, સુખદુઃખની સ્થિતિ આવે તો પણ ચિત્ત શાન્ત રહે અને સમતા ભોગવી શકે, એવી સમાહિત સ્થિતિ જોઇએ છે?

૪. એણે સાધના દ્વારા બાહ્યશાન્તિ પ્રાપ્ત કરવી છે, કે આન્તરિક આત્મશાન્તિ?—આવો ટૂંકો પ્રશ્ન સારરૂપે બને છે.

નિરાકરણ આવું થઇ શકે: પ્રથમ પ્રશ્નનો વિચાર કરતાં એવું સમજાય છે કે ચિત્ત કોઇ એવી ઉપાસના શોધે છે કે

જેનું સકામ સાધન કરવાથી ઇષ્ટસંપત્તિ તેમ જ મિત્રો અને સંબંધીઓમાં સુખપ્રાપ્તિ થાય, જેથી ચિત્ત નિર્વિઘ્ને ઇશ્વર-ચિન્તન કરી શકે.

આ માર્ગ કહેવાય છે સકામ કર્મકાંડનો, જેમાં જન્મમરણનું ચક્ર વધવાનું; અને બાહ્ય સંપત્તિ તેમ જ સુખ વધવાથી, ચિત્ત તો વિશેષ કામ–ક્રોધ–મોહ–લોભ આદિ ષડ્‌રિપુને વશ થવાનું, એટલે એ તો કોઈ રીતે ઈચ્છવા જેવું હોય જ નહિ.

હવે બીજી નિષ્કામ ઉપાસનાનો વિચાર રહ્યો, જેમાં બાહ્ય સ્થિતિ ગમે તેવી–સુખ વા દુઃખની આવી પડે તો પણ એમાં ચિત્તની શાન્તિ, સમતા અને વિવેક રહે; સુખમાં અભિમાન, રાગદ્વેષ, મમતા, કામક્રોધ ઈત્યાદિ ન વધે, અને દુઃખમાં દુર્બલતા, પામરતા ઇત્યાદિ દુર્ગુણો ન પ્રવેશ કરે; આવી સ્થતિ નિષ્કામ ઉપાસનાના સાધનથી પ્રાપ્ત થાય છે, અને પરિણામે જીવાત્મા અંતર્મુખ થઇને મોક્ષનો અધિકારી બનતો જાય છે. આ સ્થિતિ ઇષ્ટ છે, અને સકામ સાધનાને પરિણામે પ્રાપ્ત કરેલી બાહ્ય સુખસંપત્તિ તો નાશમાન અને અનિત્ય છે.

હવે બીજા પ્રકારની નિષ્કામ સાધનામાં ચોકખી વાત એ છે કે બ્રાહ્મણનું તો શું પણ દ્વિજ માત્રનું મુખ્ય બલ, સર્વ-શ્રેષ્ઠ બલ ગાયત્રી, અર્થાત્ સૂર્યની ઉપાસના છે. જેટલી જેટલી એ નિષ્કામ ઉપાસના વધશે, તેટલું તેટલું આત્મબલ વધશે, અને કૂટસ્થ ( એરણ ) ઉપર જેમ ગમે તેટલા ઘાટ ઘડાય તો પણ એ જેવી ને તેવી રહે છે, ઉલટો વિશેષ ચળકાટ મારે છે, તેવી રીતે નિષ્કામ સાધનાના પરિણામે ચિત્તમાં પણ કૂટસ્થનો પ્રકાશ

વધતો જાય છે, અને ચિત્ત સુખદુઃખ સહન કરવા શક્તિ-શાળી બને છે. એટલું જ નહિ પણ જેટલી વિશેષ વિપત્તિઓ આવે છે, એટલું એ પણ વિશેષ પ્રકાશમાન, બળવાન અને વીર બનતું જાય છે; પુરાણોમાં જ્યાં ત્યાં બધે એ જ ભરેલું છે કે રાક્ષસો સાંસારિક સુખની પરાકાષ્ટાએ ચડ્યા હતા પણ દૈવી સંપત્તિવાળા મહાન અવતારો સાંસારિક કષ્ટ ભોગવીને પણ એ રાક્ષસોને હરાવતા અને ધર્મની રક્ષા કરતા હતા માટે-

૧. નિષ્કામભાવે ગાયત્રીની ઉપાસના વધારો;

૨. વેદાંતનું વાચન અને તેટલું વધારો;

૩. યથાશક્તિ દાનપુણ્ય પણ કરતા રહો, વિશેષભાવે સંત-સાધુની સેવા;

૪. વર્ષભરમાં એકાદ માસ એકાંતસેવન કરો;

૫. ૐનું હરતાં ફરતાં પણ માનસિક જપ વડે અનુસંધાન રાખો;

૬. ગુરુભક્તિની લગામ પકડો.

આ તો મારા અનુભવની વાતો લખી છે, અને શાસ્ત્રમાં પણ મને એ જ મળ્યું છે; યોગ્ય લાગે તો અનુભવમાં મૂકી જોશો; ઠીક લાગે એટલું સ્વીકારશો.

(૩)

તા. ૧૬-૪-૨૮

તમારા પત્રમાં મને તો અક્ષરે અક્ષરે ઊંડી ઊંડી ગ્લાનિ, શોક, અને ખેદ જ ટપકતાં હોય એમ જણાય છે. હું ઘણો

વિચાર અને ભાવના કરીને તમારે માટે આનંદના સંકલ્પો કરું છું, પણ કોઇ સ્થૂલ પ્રતિબંધક એવો પડેલો છે કે તમારા ચિત્ત પર એનો પ્રભાવ સત્વર પડી શકતો નથી. દ્વૈતરૂપે કારણ ગમે તે હો, એની સાથે મારે કશો સંબંધ નથી. પણ પ્રથમ સત્ ચિત્ અને આનંદ એ ત્રણમાં આનંદપાદની પ્રાપ્તિ કરો; આટલું ખૂબ લક્ષમાં રાખો. ચહેરા ઉપર નિત્યપ્રતિ પ્રસન્નતા રાખવી એ મુખ્ય સાધન છે. રુદનમાંયે જગતની તુચ્છતા માટે હાસ્ય પ્રતીત થાય, દ્રષ્ટારૂપે જગત્ અને જગત્નાં કાર્યોમાં સર્વત્ર આનંદ દેખાય એ બહુ જરૂરનું છે.

અને હાનિલાભ, સુખદુ:ખનાં દ્વંદ્વોમાંયે જ્ઞાનીને શી ચિંતા? સમસ્ત બ્રહ્માન્ડ પૂર્ણરૂપે સ્થિત છે. જે પોતે સમસ્ત બ્રહ્માંડના અધિષ્ઠાતા રૂપે બ્રહ્મસ્વરૂપ છે, એના સ્વરૂપમાં શી હાનિ થવાની છે? એમાં ક્યાં અપૂર્ણતા આવવાની છે, કે જેને માટે એ રડે કે શોક કરે?

નિષ્કામ ઉપાસનાનો અર્થ એટલો જ છે કે તત્ત્વચિંતન કરવું એ એનો સ્વધર્મ છે. માટીનો ઘડો પોતાની ઘડો એવી માનેલી મિથ્યા સંજ્ઞાનો ત્યાગ કરી, વાસ્તવિક સત્તારૂપ હું માટી છું એમ માનવા માંડે ત્યારે એ પોતાના સ્વધર્મમાં સ્થાયી થયો છે એમ કહેવાય. તેવી જ રીતે ચિત્ત પોતાના રાગદ્વેષ –સુખદુ:ખરૂપી અધર્મો અને જીવ એવી મિથ્યા સંજ્ઞાનો ત્યાગ કરી હું પૂર્ણ, શુદ્ધ સચ્ચિદાનંદ બ્રહ્મ છું, એમ સત્યસ્વરૂપે ભાવના કરવા માંડે–અર્થાત અનાત્મ પદાર્થો પ્રતિ વૈરાગ્ય રાખી, સત્ય સ્વરૂપનો અભ્યાસ કેળવવા માંડે, એ એનો સ્વધર્મ છે. આ છે અદ્વૈત અહંગ્રહ (નિષ્કામ) ઉપાસના.

જેટલી જેટલી બાહ્ય પરાધીનતા ઓછી થતી જશે, ઉપાધિઓ

મિથ્યા પ્રતીત થતી જશે, અને દુઃખમાં પણ સ્વરૂપ ચિંતનદ્વારા આનંદની વૃદ્ધિ થતી જશે એટલી એટલી એ ઉપાધિનો નાશ થતો જશે, અને આનંદને લીધે બલ આવી દુઃખ સામે ઊભા રહેતાં શીખાશે. ભારતવર્ષ, બ્રાહ્મણવર્ણ, વેદધર્મ, શુદ્ધ ઉપાસના અને જિજ્ઞાસુબુદ્ધિ-એ બધું પ્રાપ્ત કર્યા પછી પણ અજ્ઞાન-માયા આસુરી સંપત્તિ-એ બધાંની સાથેના ધર્મયુદ્ધમાં વિજય મેળવવા માટે બ્રહ્મર્ષિનું બલ આપણામાં ન આવે તો પછી ધિક્કાર છે એ માનવજન્મને.

દુઃખથી દૂર રહીને તો બધાય આનંદ માને, યુદ્ધથી આઘે ઊભા રહી તમાસો જોનારા તો હસી શકે; પણ સાચો વીર તો એ છે જે યુદ્ધમાં સામી છાતીએ લડતાં કપાતાં પણ આનંદ માણતો હોય.

ઉપાધિઓથી ગભરાઓ નહિ, એમાં જ આનંદ દ્વારા બલ પ્રાપ્ત કરતાં શીખો. જેમ જેમ એ બલ વધતું જશે, તેમ તેમ ઉપાધિઓ ઓછી લાગતી જશે.

ઉપાસના માટે પહેલાં લખી ચૂકયો છું તે પ્રમાણે કરવા માંડશો. ૐકાર એ આત્માનુભવ માટે અલૌકિક શસ્ત્ર છે; અજ્ઞાનનો તો એ એવી ચમત્કારિક રીતે નાશ કરે છે કે જ્યારે અનુભવ થશે ત્યારે સમજાશે. જેટલો બને તેટલો એનો જપ અને વિચાર કર્યે જાઓ. યોગદર્શનનું સૂત્ર જુઓ: तज्जपं तदर्थभावनम्.

ૐકાર જ તમે પોતે, અને એ જ તમારું, તેમ જ પ્રતીત થતા પ્રત્યેક પ્રાણી-પદાર્થનું સગુણ-નિર્ગુણ સ્વરૂપ છે એવી ભાવના

કેળવતા જાઓ. જયારે જયારે શોક, મોહ કે ગ્લાનિ સતાવે ત્યારે અવશ્ય એનું સ્મરણ વધારવું.

પરમાત્માની એકનિષ્ઠ ભાવે પ્રાર્થના કરો; એ પરમકૃપાળુ સત્વર તમને શાન્તિ આપશે. આશીર્વાદ ! ૐ !

(૪)

તા. ૨૬-૪-૨૮

પ્રત્યેક અવસ્થામાં આનંદનો સદ્ભાવ રાખો. એવી પ્રસન્ન મનોદશા શાન્તિ અપાવશે; તિતિક્ષાની શરૂઆત જ ત્યાંથી થાય છે; પ્રારબ્ધયોગે જે અવસ્થા આવે ત્યારે ચિત્તની સમતા કેળવવી જોઈએ. ભગવદ્ગીતામાં समत्वं योग उच्यते કહ્યું છે, એનો સુંદર અનુભવ થવો જોઇએ. દુઃખને તેમ જ વ્યવહારમાં ઊભા થતા કલેશને સમતાથી જીતી શકાય છે.

પણ એ આનંદમાં રાજસિક-તામસિક અહંકારની છાયા ન આવે, એટલા માટે સુખના આનંદમાં ઇશ્વરકૃપાનું ભાન રાખવું; કર્મના કર્તા આપણે છીએ, પણ ફલદાતા ઇશ્વર છે; એમ માનીને ઇશ્વરકૃપાનો અનુભવ સુખના વ્યવહારમાં (-વ્યવહારપક્ષે લોકસંગ્રહમાં બહુ જ હિતકારી અને શાસ્ત્રોકત છે-) કરવો જોઇએ.

જયાં જયાં માયાનાં આવરણ સતાવે, ષડ્રિપુના પ્રકોપ જણાય, કામક્રોધાદિના આવેગ ચિત્તને દુર્બલ બનાવે, તે સમયે વૈરાગ્ય ઉપયોગી છે, પણ જયારે ચિત્ત દુર્બલ બને, નિરાશા, ગ્લાનિ કે એવા પ્રસંગો ઉપસ્થિત થાય, ત્યારે સ્વરૂપના વિચાર (અભ્યાસ) દ્વારા આનંદ પ્રાપ્ત કરવો જોઇએ. આત્માનંદરૂપ અશ્વ પર સવારી કરવાનાં એ બે પેંગડાં છે; બન્ને પર સરખી

રીતે પગ રાખી બેસતાં આવડે ત્યારે એ સમત્વ, અને એક બાજુ ઢળી પડીએ ત્યારે બીજી બાજુનું લક્ષ કરવું, એનું નામ સાધના.

વાંચ્યું ઘણું છે, પણ જેમ જેમ અનુભવ થતો જશે તેમ તેમ એનો ઉદય થતાં આનંદ વધવા માંડશે; એના ઘણા ખુલાસા તો પોતાની મેળે થતા જશે.

ૐકારનું ધ્યાન, તથા જપ, એ અમોઘ શસ્ત્ર છે એમ માનશો અને શ્રદ્ધાપૂર્વક દિનરાત એનું રટણ થાય એવો સાવધાનતાપૂર્વક યત્ન કરશો. સાથે સાથે વ્યવહારમાં જરાયે દુર્લક્ષ ન થાય એ પણ સંભાળશો. બાહ્ય જીવનમાં પણ अस्ति, भाति, प्रिय રૂપે એ જ બ્રહ્મ, એ જ આત્મા વિલસી રહ્યો છે, એમ દર્શન કરતાં શીખશો, એથી પણ ગ્લાનિ નિર્મૂલ થશે.

નિજાનંદમાં રહો; સચ્ચિદાનંદ તમે છો; પરમતત્ત્વ તમે છો; અખંડ બલ તમે છો; ચૈતન્યઘન તમે છો: એ અનુભવો.
ૐ ૐ ૐ

ચિત્તના સંયમના વિષયમાં તો આત્મવિચારને પ્રથમ સ્થાન આપવું. નિર્ગુણ નિરાકારરૂપે, સચ્ચિદાનંદઘન એ આત્મા છે; એ જ તમે વસ્તુતઃ છો, અને પ્રત્યેક પ્રાણિ-પદાર્થ એ જ છે; ભાસમાન થતા ત્રિગુણમાં, રજસ્-તમસનાં દશ્યોમાં સત્વનું દર્શન કરવાનો પ્રયત્ન કરવો; અર્થાત્ દોષ ન દેખતાં સર્વત્ર ગુણગ્રાહી થવું. રહ્યા વ્યવહારના સ્વાર્થી પ્રપંચો ને સંબંધો, તેમાં લૌકિક મર્યાદાના પાશમાં બંધાઈને અધ્યાત્મબલ ગુમાવવું નહિ.

ભૂતભાવિના વિચારો અને એને અંગે ઉત્પન્ન થતી વ્યર્થ ચિંતાઓને તો રોકવાનો જ પ્રયત્ન કરવો; અને તેની સાથે સાથે

જ વર્તમાનકાલીન ધર્મમાં જરાયે પ્રમાદ થવા દેવો નહિ.

હમણાં હમણાં કાંઇ વાંચવા કરવાનું ચાલે છે કે નહિ? પાઠશાળામાં જાઓ છો? બાર મહિને એકાદ માસ કોઈ પવિત્ર અને એકાન્ત સ્થલમાં કેવલ ભગવદ્ભજન અને આત્મમનનમાં ગાળવાનો પ્રસંગ પ્રાપ્ત કરવો, અને લક્ષ પણ એવું જ રાખવું. યોગક્ષેમની રક્ષા તો ઇશ્વર કર્યા જ કરશે.

( ૫ )

તા. ૧૮–૫–૨૮

...મન કાબૂમાં નથી આવતું, કશું સાધન નથી થતું, ઉપાધિ બહુ સતાવે છે, સંસાર વિષ સમાન છે, કેમ પાર જવાશે...આવી ચિંતામય ઉપાધિ છોડો. એવી ચિંતામય મનોદશા સદ્ભાવ વધારવાની સાધનાને દ્દઢ નથી કરતી; એના કરતાં જે આગળના પત્રોમાં ઘણી વાર બતાવી છે તે ઉપાસનામાં ઉત્સાહ-શ્રદ્ધાપૂર્વક લાગી જાઓ. જ્યારે જ્યારે આવા વિચાર સતાવે ત્યારે ત્યારે એકદમ ઓમ્કારનું સ્મરણ કરો. એને જ અભેદભાવે ગુરુ અને પરમાત્મા માનીને એમાં એવી શ્રદ્ધા રાખો, કે બધું બહુ સત્વર ઠીક થઇ જશે. શ્રદ્ધા બહુ બલવતી જોઇએ. એ વિના તો સાધનામંદિરનો બધો પાયો કાચો. નિત્ય પ્રાતઃ ઊઠતી વખતે સંકલ્પો કરો, કે આજે પ્રસન્નતા રહેશે, જીવન નિજાનંદમાં જશે, રાગદ્વેષથી ચિત્ત મુક્ત રહેશે.

એકાન્તમાં ૐકારનું ધ્યાન વધારો. એનું બલ અદ્ભુત છે. એનો જપ, ધ્યાન અને ભાવના, જો સ્થિરતા, શ્રદ્ધા અને ભકિતપૂર્વક એકાદ માસ પણ નિયમિત થાય, તો અદ્ભુત ચમત્કાર દેખાડશે.

ઓમ્કારના જપ નિત્યપ્રતિ ૧૨૦૦૦ તો થવા જોઇએ, અને તે સવાર, સાંજ, કે રાત્રિએ, એમ ગમે તેમ કરીને જો કર્યા હોય, તો ચમત્કાર દેખાય. ૧૨૦૦૦ ૐકાર એટલે ૧૨૦ માળા રોજની. એટલી માળા કરતાં વિશેષ વખત નહિ લાગે. એટલું ન થાય, તો એથી અર્ધું, અર્થાત્ ૬૧, ૬૧ નહિ તો ૩૧; એમ ક્રમ રાખીને કરી જુઓ.

ધ્યાન વિશેષ લાભ કરશે. શ્રદ્ધા રાખો. એ બહુ કામની ચીજ છે. મન એથી શાન્ત થશે, અને દુર્ભાવનાઓને પણ દૂર કરશે.

ત્રિતાપથી સર્વાંશે મુકત શરીર તો કોઈનું ન હોઇ શકે; માનવ શરીરમાં જીવાત્માનો પ્રવેશ એટલે પુણ્યપાપના મિશ્ર કર્મનું ફલ; પરંતુ જ્ઞાનકક્ષામાં પ્રવેશ કરનાર જીવાત્મા, જેને આપણે જિજ્ઞાસુ અથવા મુમુક્ષુ કહીએ, એનું પરમ કર્તવ્ય એ જ કે પુણ્ય વધારવાં; પાપનાં ફલ ભોગવવામાં સંપૂર્ણ શાન્તિ રાખી સહનશકિત વધારવી, કે જેથી પરિણામે જ્ઞાનશકિત વધે છે. પુણ્યના પ્રભાવથી પાપની છાયા જેમ જેમ દૂર થાય, તેમ તેમ સત્ત્વના પ્રતાપે સુખ વધવા માંડે, ત્યારે એનું અભિમાનં ન આવે એ માટે દ્દષ્ટા અને સાક્ષી બનીને સંભાળ રાખવી એ જ પરમ કર્તવ્ય !

એકાન્તસેવન ન બને એ મુંબઈવાસીઓ માટે માની શકાય એવું છે; છતાં લક્ષ્ય રાખ્યું હોય તો શરીરની ઉત્તરાવસ્થામાં પણ એવી અનુકૂળતા મેળવી શકાય. પરંતુ જો પ્રથમથી જ લક્ષ્ય ન હોય તો એ દિશામાં પ્રયત્ન કરવાનું પણ મન ન થાય; અને છેવટે લોભ-મોહ વધતા જાય એ જુદું. માટે લક્ષ્યમાં ચૂકવું નહિ.

ગમે તેટલું થાય તો પણ ગીતાના નિત્યપાઠને ભૂલવો નહિ.

આત્મવિચાર, ગીતાનું વ્યાવહારિક જ્ઞાન, અને બ્રાહ્મણ ધર્મનાં બને તેટલાં સંધ્યાવંદનાદિ નિત્યકર્મ, એટલાની અવશ્ય રક્ષા કરવી. ચિત્તશુદ્ધિ તમારામાં છે, ઊંડી ઊંડી જ્ઞાનની ઈચ્છા છે; સત્સંગની ઉત્કટ પિપાસા છે; એટલે ધીરજ રાખશો તો પરમાત્મા બધી અનુકૂળતા કરી આપશે. શ્રદ્ધા રાખો! શ્રી ગુરુદેવ તમારું કલ્યાણ કરે! ૐ.

( ૬ )

તા. ૩-૧૦-૨૮

કોઈ પણ વ્યાવહારિક કાર્યમાં જેમ એકનિષ્ઠા ઉપયોગી છે, તેવી જ એકનિષ્ઠા–પારમાર્થિક વિષયમાં ઉપયોગી છે. યદિ એક જ પદ્ધતિ-પુરઃસર શ્રદ્ધા અને તત્પરતાથી અભ્યાસ ચાલુ રહેશે, તો મન અને શરીર, બન્ને બલવાન અને વિશુદ્ધ બનતાં જશે; મન તો અવશ્ય બનશે જ અને પરિણામે શરીરમાં શકિત આવતાં કલ્યાણને પંથે ઉન્નતિ થશે.

બાહ્ય સંયોગની અસર ચિત્ત પર બધાંને થાય; જેટલી ચિત્તની કોમલતા, જેટલી એનામાં સાત્ત્વિક સંપત્તિની પ્રાપ્તિ, એટલી બાહ્ય સંયોગોની અસર ઓછી તો થવાની જ; પણ એ અસર તદ્દન ન થાય તો જ્ઞાનીનો વ્યવહાર જ અસંભવિત થઈ પડે. એ બાબતમાં નિરાસક્ત ચિત્તમાં એટલી વિશેષતા હોય છે કે અંતરથી તટસ્થ રહી વ્યવહારમાં સાવધાનતા રાખે, અને આસુરી સંપત્તિની અસરથી થતા વિક્ષેપોને સત્વર નિર્મૂલ કરે. મનોબલનું માપ વિક્ષેપ દૂર કરવાના સમય પરથી કરવાનું છે. વિક્ષેપ દૂર થતાં જેટલી થોડી વાર લાગે એટલી શકિત વિશેષ.

શરીરની મન ઉપર અસર છે કે મનની શરીર પર, એ વિષયમાં સમાધાન કરવું મુશ્કેલ છે. મારી માન્યતા પ્રમાણે બન્ને પરસ્પર છે. છતાં પણ મનની શરીર પર અસર થાય છે એમ હું માનું છું અને એટલા જ માટે હું સંકલ્પવિકલ્પનો ત્યાગ કરીને, ભૂતભાવિની ચિંતાઓથી દૂર રહીને, પરમ શ્રદ્ધાવાન બની વિજ્ઞાનમય કોશમાં પ્રવેશ કરી, વિચારવાન–આત્મવાન જીવન ગાળવાનો આગ્રહ કરું છું. મારી પાસે યથાસ્થિત મનઃસ્થિતિનું વર્ણન કરો એમાં કશું હલકું કે શરમાવા જેવું નથી. વળી એ વાતો વ્યવહારના છુપી પણ રહી શકે એવી નથી.

તમે એક બીજી વાત લખી છે કે "જયારે હું વાંચતો–વિચારતો નહોતો ત્યારે માનસ બલવાન હતું એમ લાગે છે." પણ એમાં તમારી ભૂલ છે. એ વખતે બલ વિશેષ હશે, પણ એ રાજસિક હશે. અત્યારે બલ કદાચિત્ થોડું હશે પણ સાત્વિક છે. પાંચ શેર લોખંડ કરતાં પાંચ તોલા સોનું–અથવા રતિભાર સોનું પણ વિશેષ કીમતી છે એ આપણે જાણીએ છીએ. રજોગુણમાંથી સત્ત્વગુણમાં પ્રવેશ કરતી વખતે હમેશાં એ સ્થિતિ થાય છે; પણ એ સ્થાયી નથી હોતી. પુરુષાર્થ વધતાં ચિત્તમાં બલ વધવા માંડશે; અને શાશ્વત શાંતિ એ જ આપશે. માટે શ્રદ્ધા રાખો; તમારું સ્વરૂપ અખૂટ જ્ઞાનશકિત અને ચૈતન્યનો ભંડાર છે; તમે એ જ છો; એ સ્વરૂપે દ્રષ્ટા બનીને વ્યવહાર કર્યે જાઓ. શાંતિ બહાર નથી; તમે પોતે શાંતિ છો; શાંત, સુખી, જ્ઞાની નહિ પણ તમે શાંતિ, સુખ અને જ્ઞાન છો, એ ભાવના કેળવો, એટલે અભાવ–અસત્–અપૂર્ણતા દૂર થવા માંડશે અને વિક્ષેપો ઓછા થશે. ૐ.

( ૭ )

તા. ૪-૧૨-૨૮

સર્વ સાધનોમાં જ્ઞાનયોગ સૌથી સહેલો અને પરમ શાંતિ આપનારો એટલા માટે મનાય છે, કે એમાં કેવલ આત્માકાર વૃત્તિની જ આવશ્યકતા રહે છે. કર્મયોગમાં જપ, તપ, સ્નાન, પાઠ, પૂજા, આસન, એકાંત વગેરે અનેક સાધન પ્રાપ્ત થાય, તેમ જ સર્વ પ્રકારની અનુકૂળતા મળી આવે, ત્યારે સાધના કરવાથી માનસિક કલ્પના અનુસાર શાંતિ મળે કે ન પણ મળે. ઉપાસનામાં પણ અમુક જ ઈષ્ટની મૂર્તિનું ધ્યાન થાય, તે પ્રમાણે પાઠપૂજા વા ભકિત થાય, ત્યારે જ ઈષ્ટ પ્રસન્ન થયા એવી ભાવના બંધાય છે, પણ જ્ઞાનયોગમાં તો પ્રત્યેક વ્યવહારમાં, ગમે તેવી સ્થિતિમાં, સૂતાં-બેસતાં કે હરતાંફરતાં પણ અંદરથી સચ્ચિદાનંદઅસંગ, અરૂપ, અનાસક્ત આત્માકારવૃત્તિ રાખીને મન તથા ઇન્દ્રિયોને કર્મમાં પ્રવૃત્ત રાખી શકાય છે. સાક્ષીભાવે જીવન વ્યતીત કરતાં કરતાં પરમ શાંતિ આપણે પોતે જ છીએ એવો અનુભવ વધારતાં વધારતાં, જીવનમુકિતનો આનંદ માણી શકાય છે. સરલતાથી સમજાય તો સૌથી સહેલું અને સરસ સાધન એ છે. ઉત્તમ જિજ્ઞાસુને માટે તો વેદાંત જેવું સરળ સાધન બીજું કોઇ છે જ નહિ, અને વાસ્તવિક રીતે શાંતિ, પરમ આનંદ, નિત્યતૃપ્તિ આપનાર તો વેદાંત સિદ્ધાંત જ છે. તો પણ મધ્યમ અને મંદ જિજ્ઞાસુને કદાચિત્ કેવલ વૃત્તિજ્ઞાનની સહાયતાથી સાધન કરવામાં-નિદિધ્યાસન કરવામાં કઠિનતા લાગે, તો એને માટે નિષ્કામ કર્મ તથા ઉપાસના વગેરેથી શરૂઆત કરવાની આવશ્યકતા રહે છે.

તમારાથી બને તો પાઠપૂજાના નિત્ય નિયમમાં ચૂકવું

નહિ, પણ કોઇ સમયે પ્રસંગવશાત્ ન થાય તો ખેદ કે પશ્ચાત્તાપ કરીને દુર્બલતા પ્રાપ્ત કરવી નહિ; જેમ બને તેમ આત્માકારવૃત્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો અને તેમાં સમયનો કે સ્થાનનો વિચાર કરવો નહિ. પ્રત્યેક સમય અને સ્થાન એને માટે યોગ્ય છે. પરમાત્માના સ્મરણથી બધું પવિત્ર થાય છે; માટે એના સ્મરણમાં, આત્માના નિદિધ્યાસનમાં પવિત્ર સ્થાન અને પવિત્ર સમયની રાહ જોવાની નથી; એ તો આંતર શૌચનું મહાન સાધન છે, સ્નાન વગેરે તો બાહ્ય શૌચ છે.

માટે મુખ્ય લક્ષ્ય આવી રીતે રાખશો; આ કલિકાલમાં વ્યવહાર બહુ કુટિલ છે; કોઈ વિરલાને જ વ્યવહારમાં સર્વ પ્રકારની અનુકૂળતા હોય; બાકી તો બધે ઠેકાણે હાહાકાર છે; એ વાત સાચી હોવા છતાં એવા મંદ વૈરાગ્યથી વ્યવહારનો ત્યાગ કરી કેવલ શ્રવણ-મનન-નિદિધ્યાસન માટે સંન્યાસ લેવો, એ પણ કાંઇ સહેલું કામ નથી; નિવૃત્તિમાં પ્રત્યેક કાલે આત્મચિન્તવન જ થયા કરે, એ બહુ કઠિન છે; ભગવાં પહેરનારા તો ઘણા છે; ભિખારી પણ ઘણા છે; પણ એ ભિક્ષા જેવો નાચ ધર્મ સ્વીકારવાની તૈયારી એટલા માટે છે કે, અંદરથી અભિમાન અને દેહાધ્યાસ નાશ પામે એટલે આત્માભ્યાસ સરલતાપૂર્વક થાય; છતાં અત્યારે એ ઉત્તમ સાધન માટેનો ઉત્તમ આશ્રમ વિકટ બની ગયો છે. અત્યારની સ્થિતિમાં મનુષ્યમાત્રે વ્યવહારમાં જ પ્રથમ સહનશીલતા વધારવી, અને નિરન્તર આત્મ-ભાવના દૃઢ થાય તેવી રહેણીકરણી ગોઠવવી એ જ હિતકર છે.

બસ, આ એક જ ભાવના વધારો કે હું સચ્ચિદાનંદ આત્મા છું, દેહ નથી. દેહનો દ્રષ્ટા છું; કર્મ મન-ઈન્દ્રિયો કરે છે, અને એમાં પવિત્રતા આવે એવી સાવધાનતા રાખવા માટે

સાક્ષી રહીને કાર્ય કર્યે જાઓ. શ્રી ગુરુદેવ બધું ઠીક કરશે.
ૐ આનંદ અને આશીર્વાદ સાથે...

## (૮)

૨૧-૮-૨૯

તા. ૧૯લીનું પોસ્ટકાર્ડ મળ્યું હતું. તમારા એ કાર્ડમાં વિષાદની પુષ્કળ છાયા લાગે છે. "બાહ્ય કરતાં આંતરસૃષ્ટિ અનેક ગણી વિશાળ તેમ જ અટપટી છે" એવા શબ્દો તમારા એ પોસ્ટકાર્ડમાં છે; પણ દીર્ઘ વિચાર કરીને જુઓ તો સૃષ્ટિની વાસ્તવિકતા કેવલ માનસિક જ છે. માનસિક કહેવાનું પણ તાત્પર્ય એવું જ છે કે બુદ્ધિ-ભેદોત્પાદક શકિત-નો જેવો સંકલ્પ, તેવો અને તેવા ગુણની સૃષ્ટિનો પ્રભાવ લાગે છે. બાહ્ય સૃષ્ટિની બાધકતા તથા પીડા, ત્યાં સુધી જ આપણને સતાવે છે કે જયાં સુધી આંતરસૃષ્ટિ-માનસસૃષ્ટિ-એ એની વાસ્તવિકતાનો સ્વીકાર કરી રાખ્યો છે. આટલા જ માટે જિજ્ઞાસુને શાસ્ત્ર પ્રથમ વૈરાગ્યનો બોધ આપે છે; વૈરાગ્ય એટલે જગતના કોઇ પણ પ્રાણી -પદાર્થની સાથે મમત્વનો ત્યાગ કરીને જગતના સુખદુઃખની આપણા ચિત્ત પર અસર, પ્રભાવ ન પડે તેવી સ્થિતિ કરીને તદ્દન તટસ્થ થઇ જવાનું શિક્ષણ. ત્યાર પછી, અન્વય-વ્યતિરેકથી, એકાન્ત પ્રદેશમાં તટસ્થ નિવાસ કરીને તત્ત્વની જિજ્ઞાસાને ઇષ્ટપ્રાપ્તિની ઉત્કંઠા દ્વારા પ્રજ્વલિત કરીને તત્ત્વદર્શનની ઉચ્ચ કોટિએ પહોંચે એવી ચિત્તની વાસ્તવિક કોમલતા કેળવાય છે. ચાર આશ્રમની વ્યવસ્થા ગોઠવવાનો પણ આર્યશાસ્ત્રોનો મને તો એ જ ઉદ્દેશ લાગે છે: જગતની મમતા તોડવા માટે એકવાર તો પ્રચંડ વૈરાગ્યની, પ્રખર કઠોરતા-નિષ્ઠુરતાની

આવશ્યકતા છે જ. અહંમમત્વનો પાશ ત્યારે જ તૂટે કે જયારે એકવાર તો આપણે કોઇને આપણાં ન માનીએ, જગત્‌ને સુખદુ:ખે સુખીદુ:ખી ન થઈએ, જગત પાસેથી કશા સુખની આશા ન રાખીએ: ત્યારે જ મિથ્યાત્વથી ભરેલા આ સંસારના ભોગસમૂહની સંપૂર્ણ નિરાશામાંથી જ ભાવી આત્યન્તિક દુ:ખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિની આશા જન્મે છે. સ્વ. મણિલાલ નભુભાઈ આવી નિરાશાની પ્રશંસામાં જ લખે છે કે:

"કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે."

આમ લખવાનો ઉદ્દેશ સૌએ સંન્યાસી કે ત્યાગી બનીને બાવા બની બેસવાનો નથી. હું કોઇ પણ આશ્રમનો પક્ષપાત કરતો નથી. કેવળ જ્ઞાનવિજ્ઞાન તથા આત્મપ્રાપ્તિનો વિચાર લખું છું અને બાહ્યત્યાગના આડંબર કરતાં આંતરત્યાગ, વૈરાગ્ય તેમ જ આત્મજ્ઞાનને જ બધાં સાધનમાં બીજભૂત ગણું છું. સંસારના સુખદુ:ખનાં વાવાઝોડાંની, પ્રચંડ તોફાનોની સામે ટકી શકવાની શકિત તટસ્થ વૃત્તિમાંથી વધતી જાય; એ પહેલાં નીતિનો, સાત્ત્વિક સંપદ્‌નો પાયો મજબૂત કરવો પડશે અને એમ કરતાં સાંસારિક વ્યવહારમાં યોગ્ય પરિવર્તન કરવું પડે, તો તે પણ કરવું પડશે. સંસારનો ગમે તેવો પ્રપંચી વ્યવહાર જિજ્ઞાસુને કોઇ રીતે ઉન્નતિમાં સહાયક થતો નથી; જો કેવલ પુસ્તકપઠન જ ચાલુ હોય તો એક બાજુ મિથ્યાત્વ-ભરી વાણી ચાલુ રહે અને બીજી બાજુ દેવદર્શન, પાઠપૂજા અને વેદાન્તનું વાંચન ચાલુ રાખી વ્યવહાર-પરમાર્થને જુદા પાડનારા તો કેવળ દંભી અને પાખંડી થાય છે અને પરમાર્થના, શાસ્ત્રના કે વૈખરીના બળે અને ઓથે મિથ્યાચાર આચરે છે. આમ કફોડી સ્થિતિ ન ઉત્પન્ન થાય એની ખાસ સંભાળ

રાખવી જોઈએ. અંતરમાં વિશેષ આનંદ રાખો; વિષાદ પછીના અંતર્મુખી અભ્યાસનું સુંદર ફલ જે આનંદ તથા ઉત્સાહ છે એની પ્રાપ્તિ કરો. ॐ.

તમે લખો છો કે: "આ કાલમાં કંઇ કર્મની દિશા નક્કી થયેલી નથી હોતી, અને નક્કી કરી શકાતી પણ નથી."

પણ ત્યારે કયા કાલમાં એ નક્કી થયેલી હતી એ કહેશો? શાસ્ત્ર તો માત્ર કર્મ–અકર્મ–વિકર્મનું રહસ્ય સમજાવે છે: અકર્મમાં કર્મ અને કર્મમાં અકર્મ અર્થાત્ નિશ્ચલ, નિષ્ક્રિય આત્મામાં ક્રિયાવાન અનાત્માનું ભાન થાય એ અધ્યારોપ છે, અને ક્રિયાવાન પ્રતીત થતાં અનાત્મામાં વસ્તુતઃ નિષ્ક્રિય સ્વરૂપનું ભાન કરવાનું કહીને જ અટકે છે. આટલી વ્યાખ્યા ભ. ગીતામાં આપી છે; અને તે ખૂબ જ મહત્ત્વની છે.

કર્મના અવાન્તર ભેદ તો દેશ, કાલ તથા જાતિ વગેરેને હિસાબે નાના પ્રકારના બંધાય છે. વસ્તુતઃ તો કર્મ એટલે જ પ્રકૃતિનો સ્વભાવ; ત્રિગુણાત્મક પ્રકૃતિ જાતે જ ચલાયમાન; એટલે એની ચલાયમાન સ્થિતિ એ જ કર્મ. એમાં આપણા પૂર્વસંસ્કાર પ્રમાણે આપણા મનાતા શરીરમાં જે કર્મ કરવાનો કર્તાભાવ દૃષ્ટિગોચર થાય, તેમાં તામસિક અહંકાર હોય તો પ્રમાદ-મોહ, રાજસિક હોય તો આશાતૃષ્ણા અને કામક્રોધાદિના આવેશ, તથા સાત્વિક હોય તો પ્રકાશમયતાને પરિણામે આત્મજ્ઞાનની ઝાંખી થાય, એવો ટૂંકો સાર ભ. ગીતામાં આપ્યો છે.

જિજ્ઞાસુને માટે કર્મભેદમાં એટલું જ લક્ષમાં રાખવાનું હોય, કે સાત્વિક અંતઃકરણ રાખવાનો પ્રયત્ન કરવો. સાત્વિક

વિચાર, સાત્વિક કર્મ અને એને અંગે પ્રત્યેક વ્યવહારમાં ગમે તે ભોગે, સત્ત્વગુણની ઉપાસના કરવી, કે જેથી પરિણામે શાંતિ મળે. પ્રત્યેક ધર્મ તથા સંપ્રદાયમાં જે પૂજા, પાઠ તથા ઉપાસનાને અંગે કર્મકાંડની યોજના થયેલી જણાય છે, તે આવી દૃષ્ટિએ જ ગોઠવેલી છે. આપણી પ્રકૃતિને જોઈ તપાસીને આપણા સાધન પૂરતાં કર્મની રૂપરેખા અવશ્ય બાંધી લેવી; અને એને માટે યથાશકિત પુરુષાર્થ કરવો. જગતભરનાં શાસ્ત્રો સંસારનો વૈરાગ્ય શીખવીને આત્મલાભને માટે તો ઉત્સાહ, આનંદ અને બલ દ્વારા કર્મશીલ થવાનું જ કહે છે.

ધૃતિ તથા બુદ્ધિ વગેરે કેળવવાનું શરૂઆતમાં અઘરું લાગે; પણ કશું અસંભવિત તો નથી જ; માટે દૃષ્ટિનું રૂપાંતર કરો એટલે ઘણી સરલતા થશે. કર્મભેદ અને રૂપાંતર કરવા મથવા કરતાં પ્રથમ દૃષ્ટિનું રૂપાંતર કરવા માંડીએ તો સરલતા વિશેષ થાય છે.

વેદાંતનો મુખ્ય આગ્રહ અને સાધનસંપત્તિની યોજના તો કેવલ વિચારપ્રધાન છે. અમુક જાતનાં ક્રિયા કર્મ અને ઉપાસનાની ભાંજગડમાં એ વધારે પડતું ઉતરતું નથી; કારણ કે-કર્મઉપાસના કરી ચૂકેલા માટે જ એ શાસ્ત્ર છે, એવી એ શાસ્ત્રની માન્યતા છે. પ્રથમ આંતરિક નિવૃત્તિ પ્રાપ્ત કરાવી, ધીરેધીરે ચિત્તની પરિપકવ અવસ્થા થાય ત્યારે જે સ્વાભાવિક સિદ્ધિ રૂપ આત્માભિમુખ વૃત્તિ બલવાન થતી જાય એ જ વેદાંતને ઈષ્ટ છે. માટે આંતરિક આત્મશ્રદ્ધા દૃઢ કરતા જાઓ. સંસ્કારનાં નાટક જુઓ. આત્મજ્ઞાનમાં કશું નવું પ્રાપ્ત કરવાનું નથી. નાટકમાં પુરુષને સ્ત્રીનો પાઠ કરવો હોય તો એણે અનેક સ્વાંગ ધારણ કરવા પડે ને સ્ત્રીના અભિનય શીખવા પડે; પણ સ્વાભાવિક સ્ત્રીશરીરને

સ્ત્રીપાત્રનો વેશ ભજવવામાં કશી ભાંજગડ કરવાની નથી હોતી. તેવી જ રીતે હું આત્મા છું, એ ભાવના દૃઢ કરવી એ સ્વાભાવિકતા છે. એમાં કશી નવી કરણી નથી કરવાની. આત્મા તથા અનાત્માનો વિવેક સમજીને આત્મભાવ કેળવવો એ સહજ, સરલ અને સ્વાભાવિક છે.

( ૯ )

તા. ૧૫-૯-૨૯

મારે ફરીફરીને એક જ વાત કહેવાની છે કે આત્માની પારમાર્થિક સચ્ચિદ્ઘન સત્તાનું સર્વાંશે અને સર્વકાલે નિદિધ્યાસન ચાલુ રાખવું, અને બાહ્ય જગત્‌માંથી લોકવાસના, દેહવાસના તથા શાસ્ત્રવાસનાનો સમૂળો નાશ થાય તે માટે વર્ણ, આશ્રમ અને વ્યવહારના આગ્રહભર્યા વલણ પ્રતિ ઉદાસિનતા વધારતાં વધારતાં છેવટે એક પ્રસંગ એવો આવીને ઊભો રહે કે એ પરમ આનંદ, બ્રહ્માનંદનો ઝરો-પાતાળ ઝરો ફૂટી નીકળે જેનાથી તન-મનનાં પરમાણુ તૃપ્તિ અનુભવે.

વાચન, સહવાસ, સત્સંગ, કથાવાર્તા તથા પાઠપૂજાની સફલતા ત્યારે જ ગણાય કે જ્યારે આત્મભાવના આપણે સ્વતંત્રપણે કેળવી શકીએ. શાસ્ત્ર તથા સંતો શબ્દ સંકેત તથા સાધનાની પ્રેરણા આપીને તટસ્થ રહે છે. એ શબ્દ-દીક્ષા-મંત્રની સાધનામાંથી અનુભવનો ઉદય કરવાનો આધાર તો આપણા પુરુષાર્થ પર જ છે.

જીવનમાં કદી પણ નિરાશ થવું નહિ. કાલ અનંત મનાય છે પણ અનાદિ ને અનંત એવા કાલાતીત આત્માના અનુભવે એ કાલ સાન્ત થઇ જાય છે. મંદ મુમુક્ષુને એક

બાજુ ઉત્સાહ પ્રેરવા માટે શાસ્ત્ર વૈરાગ્યના ચાબખા મારીને ઉતાવળ કરવાનું કહે છે, ત્યારે ઉત્તમ જિજ્ઞાસુને પરમ આત્મ-શ્રદ્ધા કેળવવાનું કહીને જન્મ, મરણ, ભૂત તથા ભાવિના કાલક્રમને ભૂલવાનું કહે છે. નથી જગત્ કે નથી દેશકાલ, એવી પ્રેરણા તથા વૃત્તિનું વિસર્જન કરાવીને નિર્વિકલ્પમાં રહેવાની સાધના માટે આગ્રહ રાખે છે.

(૧૦)

૧-૧-૨૯

જીવનના વ્યવહારમાં આત્મભાવના વધારીને સાક્ષીભાવે જીવન વ્યતીત કરવું, એ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને જ શાંતિ પૂર્વક રહેતાં શીખવું જોઇએ. આ જમાનો ધમાલનો છે. લોકો અધ્યાત્મવિષયમાં પણ અલ્પસંતોષી ને દંભી થતા જાય છે. જીવનનિર્વાહનાં સાધનો પ્રાપ્ત કરવા માટે વ્યવહારમાં સદ્વ્યવ-હારની નીતિ અને ઇશ્વરપ્રાપ્તિનાં પાઠપૂજા વિગેરે ધર્મકાર્યોને તદ્દન અળગાં માની, પરમાર્થવિષયક પાઠપૂજા, દેવદર્શન તથા અધ્યાત્મ ગ્રંથોના વાંચવા માત્રમાં જ આત્મસાક્ષાત્કાર માની લેવાય એ યોગ્ય નથી. આ દુર્વ્યવહાર સર્વત્ર જોવામાં આવે છે; એવી સાંજગડવાળી સ્થિતિમાં તત્ત્વના ખરા જિજ્ઞાસુએ બહુ સાવધાન રહેવાની આવશ્યકતા છે. ગાડરિયા પ્રવાહમાં ન તણાવું, તેમ જ નાસ્તિકોના ટોળામાં પણ ન ભળવું; પરંતુ શુદ્ધ રસ્તે સાવધાન રહી, પોતાનો માર્ગ કાઢયે જવો, એ બહુ હોશિયારીનું કામ છે. योग: कर्मसु कौशलम् અર્થાત્ કર્મમાં કુશલતા એ જ યોગ, એમ કહેવાનું એ તાત્પર્ય છે કે જેમ જેમ આત્મજ્ઞાન દૃઢ થતું જાય તેમ તેમ વ્યવહાર વિશુદ્ધ થાય, અને પરોક્ષજ્ઞાન પરિપકવ થતાં અપરોક્ષ અનુભવનો ઉદય થાય.

પ્રારબ્ધપ્રાપ્ત અનિવાર્ય વ્યવહારથી કંટાળ્યા વિના આત્મભાવના જાગ્રત રાખવી; ક્ષમા અને સહનશકિત વધારવાં; રાગદ્વેષ ઓછા કરવા અને નીતિનું પાલન કરતાં કરતાં ધર્મબલ વધારવું કે જેથી આસપાસનાં સ્નેહીસંબંધી જનોને પણ શાંતિ આપવામાં સહેજે નિમિત્ત બની શકાય.

કર્મકાંડમાં વ્યવહારની અનેકવિધ ઉપાધિઓને લીધે સંભાળ તથા નિયમિતતા ન રહે તો પણ પ્રત્યેક દિનચર્યામાં આત્મભાવના જાગ્રત રહે અને સાક્ષીવત્ વ્યવહાર થાય એની સાવધાનતા રાખશો. પરિણામે આવો વ્યવહાર જ કલ્યાણકારક નીવડશે. ૐ

( ૧૧ )

૯–૫–૨૯

આ સંસારની શાળામાં પ્રત્યેક જીવાત્મા ક્રમશઃ ઉન્નતિ–અવનતિનાં પગથિયાંની ચડઉતર કરીને ધીરે ધીરે પ્રગતિ કર્યે જાય છે. કોઈ પણ જડ પદાર્થની આપણે કશી સ્થિરતા નિહાળતા નથી. પછી ક્ષણે ક્ષણે પરિણામ પામે એવું ચિત્ત સ્વભાવાનુસાર કોઈ પણ એક દિશામાં કદી આગળ તો કદી પીછેહઠ કરતું ચાલ્યું જાય છે, એમ એની સતત્ ગતિશીલતાને માન્યા વિના ચાલે એમ નથી.

પણ જિજ્ઞાસુ કે મુમુક્ષુને માથે એક એવો વિચિત્ર ધર્મ આવી પડે છે કે જયારે અન્ય જીવાત્માઓ અજ્ઞાનને વશ બનીને, અજ્ઞાનમાંથી ઉત્પન્ન થઇ અજ્ઞાનમાં જ આગળ વધ્યે જાય છે; ત્યારે એ પોતે હું કયાંથી આવ્યો છું, એનો વિવેકવિચાર કરીને અજ્ઞાનમાંથી જ આવ્યો છું, અજ્ઞાન હતું તેથી જ જન્મમરણ છે,

એવો શાસ્ત્રસંમત નિર્ણય કરીને, જ્ઞાનમાર્ગમાં જ પ્રવેશ કરવો છે એવો પુરુષાર્થ કરવાનો નિશ્ચય બાંધે છે, અને એ દિશામાં જ પ્રગતિ કર્યે જાય છે. બીજા દ્વૈત સિદ્ધાન્તો કે સાધન સાધના કરતાં વેદાંતમાં એક તફાવત છે. દ્વૈત સંપ્રદાયો જ્યારે પરમાત્માની, ઇશ્વરની, કે ગુરુની કૃપા ઉપર જ કેવળ અવલંબન રાખીને સ્વર્ગ વૈકુંઠ કે કૈલાસ જેવા પરલોકપ્રાપ્તિ માટે જ સાધના કરે છે ત્યારે વેદાંત કૃપાપ્રવાહનો સ્વીકાર કરવા છતાં દ્વૈતની પામરતાનો પાશ તોડાવીને આત્મભાવના જાગ્રત કરાવી, अहंब्रह्मास्मिની પુરુષાર્થ-પરાયણતાથી ભરેલી સાધના શીખવે છે. માટે સાવધાન રહેવું! કદી પણ પામરતાનો ચિત્તમાં પ્રવેશ થવા દેવો નહિ.

( ૧૨ )

૧૯-૫-૨૯

સ્થિતિ તો હમણાં એવી છે કે ગામડાંનાં ચિત્તો પણ વધારે કલુષિત તથા રાગદ્વેષવાળાં થતાં જાય છે, તો એવી સ્થિતિનો તામસિક વૈરાગ્યથી ત્યાગ કરીને કે કંટાળીને જ શહેરના વાતાવરણનો ઉદરપૂર્તિને માટે જ આશ્રય લીધેલા જીવાત્માઓ શાંતિ ભોગવી શકે, એ પ્રથમ દષ્ટિએ તો તદ્દન અસંભવિત લાગે છે. સાત્ત્વિક આનંદનું કારણ સાત્ત્વિક વૈરાગ્ય છે; સાત્ત્વિક વૈરાગ્યનું કારણ રાજસિક તામસિક વ્યવહારમાંથી ઉત્પન્ન થતી ઉપાધિઓ છે. અને એ ઉપાધિઓ તથા એવા કાર્યોનાં ત્યાગમાંથી જ સત્સંગ, હરિભક્તિ, ઉપાસના તેમ જ દૈવી સંપદ્‌નો આગ્રહ જિજ્ઞાસુના ચિત્તમાં સહજસ્વભાવે ઉદ્‌ભવ પામે છે.

વિષાદ તો એક એવી પ્રારંભિક તથા આવશ્યક સ્થિતિ છે, કે ચિત્તને અંતર્મુખ કરવામાં એ સર્વોચ્ચ અને એકમાત્ર

સાધન નીવડે છે. જગત્ ઉપાધિથી જ ભરપૂર છે. એમાં સુખ નહિ પણ કેવળ સુખાભાસ છે. એમાં વિષયસુખ માટેનાં કર્મ કરવાં એ આપણો પુરુષાર્થ નથી, પણ ઇશ્વરસૃષ્ટિમાં જાણી જોઇને કેવળ દુઃખ વ્હોરવા માટેના અહંકારની વૃદ્ધિ કરનાર છે. આવું ભાન કરાવવા માટે જ પ્રથમ ચિત્તમાં વિષાદ ઉત્પન્ન થાય છે. નિવૃત્તિનું એ મૂળ કારણ છે. ત્યાર પછી ધીરે ધીરે જ જેમ મૃગજલની ખાતરી થયા પછી ત્યાં, એ જ સ્થળે મરુભૂમિનો નિશ્ચય અને પ્રતીતિ થાય છે; સર્પની ભ્રાન્તિ નીકળી ગયા પછી જેમ ત્યાં જ, તે દેશમાં રજ્જુનો નિર્ણય અને ભાન થાય છે; તેમ એ જ જગતનું મિથ્યાત્વ અને આસક્તિને બદલે ઈશ્વરની અખંડ ધારાવાહિની કૃપાપૂર્ણ પ્રારબ્ધ-લીલા સમજાય, ત્યારે સ્વશરીરની સ્વભાવાનુસાર સાત્ત્વિક પ્રવૃત્તિ થવા દેવી, અને પ્રારબ્ધાનુસાર આવી ચડતાં સુખદુઃખમાં દ્રષ્ટા રહીને, સ્વરૂપસ્થ રહેવાનું સદ્‌ભાગ્ય એ વિષાદ ધન્યપળે ઉઘાડે છે. ૐ

આવો નિશ્ચય રાખીને દ્રષ્ટા રહેવું, એટલે જ સ્વરૂપમાં સ્થિતિ થવી. જેમ જેમ એ સ્થિતિનો સમય વધતો જશે, તેમ તેમ એના પરિપાકરૂપે સાત્ત્વિક સંપત્તિની વૃદ્ધિ અને સાધનામાં શ્રદ્ધા વધતાં જશે; પરિણામે જ્ઞાનની અપરોક્ષતા અને દ્રઢતા પણ એનાથી જ વધશે. મોક્ષમાર્ગમાં કર્મની આટલા માટે જ મહત્તા નથી. જપ, તપ, પૂજા, ઉપાસના—એ બધાંની ચિત્તશુદ્ધિ તથા મનોબલ પૂરતી મર્યાદા રાખીને આત્મજ્ઞાન માટે એની કશી કીમત નથી, એનાથી મોક્ષ નથી, એમ કહીને, કેવળ જ્ઞાનથી, સમજણથી, વસ્તુસ્થિતિને સમજવાથી જ મોક્ષ છે, એમ કહ્યું છે. ૐ.

આ જગત જ એટલે એક વિશાલ ભ્રાન્તિચક્ર. લોકસમૂહ એક બીજાને પોતાના કરતાં વિશેષ સુખી કલ્પી સ્પર્ધા કરતાં કરતાં આપત્તિઓ વહોરતાં જાય, અહંકાર વધારી મોહજાળમાં ફસાતાં જાય, અસંતોષ અને દુઃખનાં પોટલાં વધારતાં જાય, એવો આ માયાનો ખેલ છે. પણ જો એમને શાંત કરી, પોતાની જાતની પરીક્ષા કરવાનું કહો, અને પછી પૂછો, તો સૌ એક અવાજે એમ કહેશે કે અમે આ સંસાર વ્યવહારમાં જરાયે સુખી નથી. આવી રીતે સૌ દુઃખી હોવા છતાં પણ સુખની આશામાં, પારકાને સુખી કલ્પીને એના જેવું નકલિયું સુખ મેળવવા બધા દોડધામ કર્યે જાય છે. આપણે એમાંથી બચવા તથા સાવધાન રહેવા સાચી સમજણનું શસ્ત્ર વાપરવું; ને વચમાંથી ગાળિયું કહાડી નાખવું, એમ થાય તો ઇશ્વરની મહાન કૃપા અને આપણાં સદ્‌ભાગ્ય !

(૧૩)

૮–૬–૨૯

મહુવામાં તો અવારનવાર કોઈને કોઇ સાધુસંત હોય છે એમ મેં સાંભળેલું છે, એટલે જો કોઇ હશે તો સત્સંગનો લાભ પણ મળશે. બની શકે એટલો વખત એકાંતમાં અને તત્ત્વચિંતનમાં ગાળજો. જીવનની સમસ્ત દિનચર્યામાં જેટલી બને તેટલી આત્મનિષ્ઠા રહે, ઉત્તરોત્તર એની ભૂમિકા દૃઢ થાય, અને છેવટે આ સમસ્ત જગત્ તથા તેમાં આપણી લાગતી જીવનસૃષ્ટિ ક્રિયા કરતી હોય છતાં જાદુગરનાં પૂતળાં નચાવ્યાં નાચતાં હોય તેમ પ્રતીત થવા માંડે, અને એ જાદુગર, આપણે પોતે જ, સાક્ષાત્ શિવ સ્વયં નાચે, અને આસપાસ કેવલ ભૂત જ નાચે–પંચભૂતનાં પૂતળાં જ, એમ સમજી લેવું. એ બધાં

ખાલી ખોખાં; તદ્દન માળખાં જેવાં છે. કારણ કે સૌના પ્રાણ એક છે. સૌનું અધિષ્ઠાન એ સાક્ષાત્ શિવ છે. આમ એ જાદુગર, શિવ, તમે પોતે છો એવું અભેદભાવે અનુભવ કરતાં શીખો, એ આશીર્વાદ. ૐ.

સમય ઘણો વિપરીત છે, એ વાત સાચી છે. દંભ, દર્પ અને કપટાચારની જાળો જ જ્યાં જુઓ ત્યાં પાથરેલી છે, એવું ભાન સહેજે સત્યાર્થીને ડગલેડગલે થયા કરે એ સ્વાભાવિક છે. છતાં પણ એનાથી કંટાળવું નહિ. એના પ્રતિ તામસિક ઉદાસીનતા નહિ, પણ સાત્ત્વિક ઉપેક્ષા રાખવી. એ કૈં નવીનતા નહિ, પણ કાલના પણ મહાકાલ શિવજીના ખેલ જ છે; એમની મહામાયાના વિકારી તથા પરિણામી ભાવાભાવ છે એવો નિરાદર રાખી, ઉત્તરોઉત્તર આપણાં જીવનમાં વૈરાગ્ય અને અભ્યાસ ભરવો જોઇએ.

( ૧૪ )

તા. ૨૩-૨-૩૦

સમય વિપરીત છે અને વધારે વિપરીત થશે એ ચોક્કસ છે; પણ એથી સાધકે કંટાળવાનું નથી. યુદ્ધ માટે સજ્જ થયેલો વીર શત્રુસેનાને જોઇને ગભરાય તો કૈં પણ સાર્થક ન થાય. એ તો "જીતે તો પૃથ્વી ને મરે તો સ્વર્ગ," એ દૃષ્ટિ રાખે તો જ કામ આવે. વિજયી નીવડે તો પૃથ્વી પર સદેહે જ જીવન્મુક્તિ; અને હારે તો જન્માંતરે પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત થવાની છે એવો એનો હેતુ છે. વિપરીતતાનો અર્થ પણ એટલો જ છે કે જિજ્ઞાસુને વર્તમાન સ્થિતિમાં તૃપ્તિ ન થાય, એટલે એમાં પરિવર્તન ઇચ્છતો ઇષ્ટ પદાર્થના અભાવની ઊંડી

ઇચ્છા અંતરમાં તીવ્ર થયા કરે. બાકી વાસ્તવિકતામાં તો વિપરીત જેવું શું છે? ઇશ્વરકૃત કલ્પના સાથે એકતા નથી અનુભવાતી ત્યાં સુધી વ્યાવહારિક સત્તાના પ્રપંચમય વાતાવરણમાંથી મુકત થવાની જાગ્રતિ ન રહે, તો એને મનુષ્ય નહિ પણ પશુ જ કહેવો જોઈએ.

પશુતા, માનવતા અને દેવતા—આમ ત્રણ શકિતઓનો તમસ્, રજસ્ અને સત્ત્વનો ત્રિગુણાત્મક પ્રવાહ વહ્યા જ કરે છે. સાધકનો પુરુષાર્થ તો કેવળ એમાં જ છે કે અનાત્મામાંથી અહંતાની માન્યતાને ઉપાડી, આત્મામાં એટલે કે ત્રિગુણાતીતમાં એની સ્થાપના કરવી; અહંભાવની સ્થિતિ તો નિત્ય છે. એ અહંબુદ્ધિ કાં તો અનાત્મામાં રહેશે, ને કાં તો આત્મામાં. પણ જયાં સુધી પશુતા—તમસ્ દૂર ન થાય, સંયમદ્વારા એનો પરાજય કરી યથોચિત પ્રવૃત્તિ દ્વારા (રજસ્ દ્વારા) સત્ત્વના દ્વાર સન્મુખ ઉપસ્થિતિ ન થાય, ત્યાં સુધી કશું સાર્થકય થતું નથી. માનવતા એટલે જ પશુતા+દેવતા: ગંગાયમુનાના સંગમમાં જયાં બે જલ ભેગાં થાય છે ત્યાં એ બન્નેનું મિશ્રણ બની વચમાં એક તૃતીય પ્રવાહ જેવું જણાય છે. તેવી જ રીતે, તમસ્ અને સત્ત્વના પ્રવાહમાં મધ્યવર્તી પ્રવાહ એક રજસ્—માનવતાનો છે. એ માનવતામાંથી જેટલો જેટલો તમસ્ ધોવાય તેટલો તેટલો સત્ત્વનો પ્રવાહ વિશુદ્ધ દૃષ્ટિગોચર—અનુભવગોચર થાય છે.

સાધકજીવનમાં એક બીજી મહત્ત્વાકાંક્ષા બાહ્ય સ્થિતિમાં પરિવર્તન કરવાની હોય છે. બાહ્ય પરિવર્તનની આવશ્યકતા છે એ ખરું; પણ મનુષ્યે પ્રથમ આંતરજીવનમાં, અંતઃકરણમાં પરિવર્તન કરવું જોઇએ. આંતરિક પરિવર્તનથી બાહ્ય પરિવર્તન

એના પરિણામરૂપે, એના પરિપકવ અવસ્થા રૂપે સ્વભાવતઃ અનુભવાય છે. બાહ્ય પરિવર્તન એનું નામ જ કર્મકાંડ. આંતર પરિવર્તનનું નામ ઉપાસના. એ બન્નેની. એટલે કે વિદ્યા –અવિદ્યાની એક સાથે સાધના કરવાથી જ જ્ઞાનનિષ્ઠા પમાય છેઃ એ બેમાંથી એક જ પક્ષ પ્રતિ ઝૂકી જનાર અંધકારમાં પ્રવેશ કરે છે, એમ ઇશોપનિષદ્‌ની શ્રુતિ કહે છે.

સાવધાનતા રાખો; કાયરતાને તો કોઇ પણ કાળે, કોઇ પણ સ્થળે, અંતરમાં પ્રવેશ ન કરવા દો. પશુતામાં નહિ, પણ માનવતામાં રજસ્‌ના મલ્લયુદ્ધમાં યુદ્ધવીર તરીકે ઉભા છીએ; શ્રદ્ધા અને શરણ શ્રી પરમપુરુષ પુરુષોત્તમનું છે; તેથી યુદ્ધમાં વિજય થશે, એવી નિષ્ઠાનું સેવન કરતા રહો. બાહ્ય નિવૃત્તિ તો પ્રારબ્ધનું કામ છે. પણ આંતર નિવૃત્તિ પુરુષાર્થનું બલ છે. માટે આંતરિક રીતે નિવૃત્તિપરાયણ રહેવાનું તો ચાલુ જ રાખજો. સ્વરૂપભાવના કરતાં રહેવું. આત્મામાં નથી ગુણ, નથી ક્રિયા; નથી કર્મ, નથી ઉપાસના. દ્વૈતમાત્રનો અપવાદ કરીને કેવળ સચ્ચિદાનંદ ભાવના વધાર્યે જાઓ. નિદિધ્યાસન દેહની પ્રત્યેક ક્રિયાની સાથે સાથે અંતરમાં થવું જોઇએ એવું તો શ્રી ગીતોપનિષદ્‌ પણ કહે છે. એ સર્વમાન્ય ગ્રંથના ઉપદેશની એમાં જ વિશિષ્ટતા છે, કે માનવતા ( રજસ્‌ )ના હૃદયમાં જ્યારે યુદ્ધ ચાલુ હોય ત્યારે પણ એનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરી શકાય છે. એમ ન હોત, તો અર્જુનને જે દેશકાલમાં એનો ઉપદેશ થયો છે તે થાત જ નહિ. ૐ-

શ્રદ્ધા જ શકિત છે; એ શકિત જ નિદિધ્યાસન દ્વારા જ્ઞાનનિષ્ઠાનું સ્વરૂપ પકડે છે. એ ધારણાબલ જ પરા શાંતિનું વાસ્તવિક સ્વરૂપ છે, અને એ જ એક માત્ર અધિષ્ઠાન સત્ય છે; અન્ય સર્વ મિથ્યા, વિવર્તમાત્ર છે. ૐ.

(૧૫)

તા. ૨૨-૪-૩૧

તમને અથવા બીજા કોઇને વિશેષ શું લખું? દેશકાલની જેટલી વિપરીતતા, તેટલા વ્યવહારના ભેદ; અને એ ભેદે ભેદે જેટલી વિપરીતતા જણાય, તેટલી વિચિત્રતાની શાંતિ માટે આત્માનાં લક્ષણોની વિધિમુખદ્વારા સાધના આચરવી જોઇએ. વર્ણ આશ્રમના વ્યવહારનાં અભિમાનો જેટલાં દુઃખ આપે છે તેટલાં એનાં કર્મકાંડો, એના વ્યવહારો દુઃખ નથી આપતાં. જડસૃષ્ટિ તો જરાયે દુઃખદાયી નથી. એમાં એ તામસી સૃષ્ટિ–material worldની સાથે માનસી સૃષ્ટિ-mental creations-ના, impulsesના, જેટલા સંબંધો સ્થાયી અને મજબૂત ગાંઠવાળા હોય તેટલી એ ગાંઠનાં ખેંચાણોથી ત્રિવિધ તાપોનાં બંધન આપણને સતાવ્યા કરે છે. એ બંનેના સંબંધો છૂટા રાખી, માનસી સૃષ્ટિને સ્વતંત્ર રાખીએ અને એનો material world-તામસી જગતની સાથે સંબંધ ન રાખતાં ઉપરની spiritual world-વિજ્ઞાનસૃષ્ટિ સાથે એને જોડી રાખીએ, તો વિજ્ઞાનના સંબંધને લીધે ચિત્તમાં સચ્ચિદાનંદનો જ પ્રવાહ વહ્યા કરે છે. આવા વિજ્ઞાનવિહાર માટે, જીવનમુક્તિના આનંદ માટે મનુષ્યે તામસી સૃષ્ટિના ત્યાગના પ્રયોગ કરવા પડે, એમાં પરિવર્તન કરવું પડે, સંયોગો બદલવા પડે, તો પણ ગમે તે ભોગે બદલવા જ જોઈએ. આપણે ત્યાં આશ્રમપરિવર્તનના નિયમો એટલા જ માટે ગોઠવેલા છે અને એમાં તામસી જગતની કશી કીમત જ નથી ગણી. એ પાર્થિવ જગતથી છૂટવું, એટલે જ જન્મમરણથી મુકિત. અને એને માટે જ સૂર્યનારાયણ અને ગાયત્રીની ઉપાસના છે.

વર્તમાન જીવનમાં એટલે કે આ દેહમાં કદાચ ઇષ્ટ પ્રગતિ ન સાધી શકાય પણ આ પાર્થિવજીવનમાં અલ્પ સ્વલ્પ કંઈક મેળવી ચૂક્યા છીએ એટલી સાત્ત્વિક નિષ્ઠા પ્રાપ્ત થાય, તોયે બસ.

સૂર્ય : સાત્ત્વિક પ્રદેશ<br>
Spiritual World — આનંદમય કોષ-સુષુપ્તિ-ઈશ્વર-અવ્યક્ત (અવિદ્યા)

ચંદ્ર : રાજસી પ્રદેશ<br>
Mental World — વિજ્ઞાનમય કોષ, મનોમય કોષ, પ્રાણમય કોષ — સ્વપ્ન-હિરણ્યગર્ભ (કામ)

પૃથ્વી : તામસી<br>
Material World —અન્નમય કોષ —જાગ્રત-વિરાટ પ્રદેશ (કર્મ)

આ ત્રિલોકસમૂહમાંના પાર્થિવ લોકમાં આપણે અત્યારે બંધાયા છીએ. એમાંથી છૂટવા માટે રાજસીમાં જ ક્રિયા કરવી; તામસી સાથેથી માનસિક બંધ છોડીને સાત્ત્વિકમાં પ્રવેશ કરવો એટલું હમણાં બસ. ૐ.

## ( ૧૬ )

૨૦–૧૧–૩૧

લખવાનું મારે તો શું હોય ? તમે પણ એમ જ કહેશો કે લખશો કે મુંબઇ વગેરે સ્થાનમાં વ્યવહારની એની એ જ પરિસ્થિતિ, અને એની એ જ શારીરિક, માનસિક અવસ્થાઓનું સ્વરૂપ રૂપાંતર, પણ ચિત્તવૃત્તિઓની ત્રિગુણાત્મક પ્રકારે સત્યતા તો ખરી જ. એ બધામાં એક સિદ્ધાંત બહુ વિચારવાનો અને સ્મરણમાં રાખવાનો છે. સંસાર, જગત, એ શબ્દોના અર્થ જ એવા છે કે એમાંનો કોઇ પણ પ્રાણી કે પદાર્થ એક નામ–રૂપમાં રહેતો નથી, નિત્યગતિમાન્ અને પરિવર્તનશીલ હોય છે. પ્રવૃત્તિ એટલે જ ગુણોના ચક્કરોમાં વૃત્તિઓનું પરિભ્રમણ; જીવાત્મા

એ ગુણથી અને એમાં કરેલાં કર્મભોગથી થાકે, ત્યારે એ બધાંને ત્યજીને એનાથી વિશેષ સુખકર અને અલ્પ દુઃખકરનું ગ્રહણ કરે એ ભવચક્રની લીલા છે. અને એ સંસાર એમ જ ચાલ્યા કરે છે. મનુષ્ય જ્યારે ગુણમય ચક્રથી સંપૂર્ણ નિવૃત્તિ ઇચ્છે છે, ત્યારે ગુણાતીતની જિજ્ઞાસા કરે છે.

જીવાત્માની આવી સ્વાભાવિક ક્રમોન્નતિ છે. આપણે સ્થિરતાથી વિચાર કરીએ તો લાગશે કે જગતમાં અનાદિ કાલથી ગુણની દૃષ્ટિએ કશુંયે પરિવર્તન નથી થયું, એમનું એમ એ તો ચાલ્યું જાય છે. આપણે તો દૃષ્ટાનું નિરીક્ષણ કરતા રહેવું અને જોવું કે આપણે ગુણોના ચક્કરમાં ફરીએ છીએ કે એમાંથી વિરામવાની વા વિરામ પામવાની જિજ્ઞાસાથી ગુણાતીત પ્રતિ જવાની અને ગુણાતીતને ઓળખવાની ઝંખના કરીએ છીએ. આટલું ભાન પ્રથમ કેળવવું જોઈએ.

વ્યવહારોને જ્યાં પ્રધાનતા આપવામાં આવે છે, ત્યાં વ્યવહારને અંગે જડચેતનના સંબંધોમાં સંબંધીઓના સ્વભાવને આપણે વશ થવું છે, કે આપણા સ્વભાવને વશ અન્યને કરવા છે એ ખાસ સમજવાનું છે. સાચો જિજ્ઞાસુ બે વાતની કાળજી રાખે છે. એક તો પોતાના સ્વભાવની શુદ્ધિની અને બીજી પોતાના સાત્ત્વિક બળની. ત્યાર પછી એનાં બલાબલ તપાસી એ બન્ને દ્વારા પોતાની શુદ્ધિ વધારી યથાશકિત અન્યના સ્વભાવમાં શુદ્ધિ પૂરે છે: એ માર્ગે જતાં, જે સંબંધીઓને આપણે માર્ગે સાથે ન આવવું હોય, આપણી શુદ્ધિ જેઓને અસ્વીકાર્ય હોય, તો એમનામાં કિંચિત્માત્ર પણ મમતા કે આસકિત રાખ્યા વગર એમનો ત્યાગ કરવા એ ઉત્સુક થાય છે ત્યારે સમજવું કે વ્યવહાર કરતાં પરમાર્થની કિંમત એ વિશેષ આંકે છે, અને

સાત્ત્વિક બલ દ્વારા રાજસિક તામસિક સંબંધોનો ગમે તે ભોગે પરિત્યાગ કરે છે.

તેનાથી ઉલટું, જ્યાં વ્યવહાર મુખ્ય ભાગ ભજવે છે, ત્યાં એવા પશુધર્મમાં રચ્યાપચ્યા રહેનાર જીવાત્માને શુદ્ધિનું ભાન જ હોતું નથી. અશુદ્ધિના સ્વાર્થોમાં એ પોતાનું રાજસિક, તામસિક બલ વધારે છે અને પરમાર્થ તથા શુદ્ધિને ભોગે એ બલ વધારવાના યત્નો હોવાથી એનું જીવન અધોગતિના માર્ગે આસક્તિ અને મોહના ઊંડા ગર્તમાં પડે છે; જેને પરિણામે આવે છે ક્લેશ, દુઃખ અને નિરાશાના વજ્રપ્રહાર.

# ૨

(૧)

૧૬-૮-૩૦

સંસારના પ્રપંચી, સ્વાર્થી અને કપટી વ્યવહારથી જેટલા દૂર તેટલું સારું. એ તો કૂતરાની પૂછડી જેવું છે. પત્થરથી દાબી રાખો ત્યાં સુધી સીધી, પછી વાંકીને વાંકી જ: ઘડીભર સત્સંગ સહવાસ હોય ત્યાં સુધી જ્ઞાન-વૈરાગ્ય ટકે, પણ જ્યાં સંસારવાયુ વાયો કે પાછા પડે વિષયના પ્રવાહમાં. પ્રકૃતિના ક્રમોન્નતિના ધર્મનો વિચાર કરીએ ત્યારે માનવું પડે છે કે એ બધા પોતપોતાના સ્થાનમાં યોગ્ય રીતે ગોઠવાયા છે. ક્રમેક્રમે બધા પરમમાર્ગે ચાલ્યા જાય છે. બધાની મતિગતિકૃતિમાં સત્ ચિત્ અને આનંદ જ પ્રેરણા કર્યા કરે છે. બધા ત્યાં જ પહોંચવાના છે; તે વિના આરો આવવાનો નથી. ત્યાં જ બધા ચાલ્યા જાય છે, કોઈ ધીરે તો કોઇ ઉતાવળા; નથી કોઇ કોઇને સહાયતા કરતું, કે નથી કોઈ કોઈની પાસે સહાયતા માગતું. લેવુંદેવું, માગવું, આપવું એ બધું મિથ્યા અહંકારમાં છે. આપણે

સ્વહિતને માટે એનાથી જેટલા દૂર તેટલું વધારે સારું. જેટલો અને જેવો જેનો અહંકાર એટલો એણે અવશ્ય દંડ ભોગવવો પડશે. જિજ્ઞાસુ એને પુરુષકાર દ્વારા ગાળે છે અને જ્ઞાની પોતાના જ્ઞાનબલ વડે દ્રષ્ટા રહીને સ્વરૂપસ્થિત રહે છે. અને સંસારની પ્રતિકૂળતા માટે બીજા કોઇને દોષ ન દેતાં સમસ્ત દૂષણ પોતાના પ્રારબ્ધમાં જ માની લે છે. અજ્ઞાની પોતાના દોષને ન જોતાં બીજાને દુષિત માનીને પોતાના જન્મ-મરણના ચક્રને બેવડું વધારે છે.

આપણે તો નિજાનંદમાં રહેવું જોઇએ; નથી કોઈ ગુરુ કે નથી કોઈ શિષ્ય; નથી કોઇ પિતાપુત્રાદિ સંસાર કે નથી કોઇ સ્થાવરજંગમ સંપત્તિ; વેદાંતનો જ્ઞાનોત્તર દશાનો આ સર્વોત્તમ સિદ્ધાંત છે. વ્યવહારમાં ઇશ્વર, જીવ અને જગત, ગુરુ અને શિષ્યસંબંધ, કર્મ તથા ઉપાસના એ બધાં ચિત્તશુદ્ધિ અને ચિત્તનિરોધ માટે ઉપયોગી છે. એટલા માટે આનંદપૂર્વક ઇશ્વરની લીલા નિહાળતા રહો–આનંદ આનંદ જ છે.

શોક ન કરવો જોઇએ; શોકનું કારણ મોહ છે, મોહનું કારણ વાસના; વાસનાનું કારણ સ્વરૂપનું અજ્ઞાન. શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપનું નિદિધ્યાસન કરો અને શોક, ઉદાસિનતા એ બધું છોડો. ૐ

આમ તેમ બધી ચિંતાને ત્યાગો; કોઇ સંબંધ સચવાય, તો પણ વાહવાહ! અ બધા સંબંધ છૂટી જાય તો પણ વાહવાહ! બન્ને હાથમાં લાડુ રાખીને આનંદ સ્વરૂપ બનો.

( ૨ )

૧૭-૧૦-૩૧

૧. શ્રી ગુરુદ્વારા પ્રાપ્ત થયેલા મંત્રનું લક્ષ્ય પણ જો પ્રણવ જ હોય, તો એ લક્ષ્ય પર ક્યારે પહોંચાશે એવો પ્રશ્ન ચિત્તમાં થતો નથી? અને આ જીવનમાં જ એ લક્ષ્યે પહોંચવું હોય તો એને માટે પ્રાણત્યાગ જેટલી ઉતાવળ થાય, ત્યારે જ સાચી જિજ્ઞાસાની જ્વાલા અંતરમાં પ્રગટી કહેવાય. માટે એ સંબંધે ત્યાંથી સમાધાન મેળવી લેશો.

૨. વાચનમાં પંચીકરણ, દાસબોધ, જ્ઞાનેશ્વરીગીતા એ ઠીક છે. વિશેષ વખત મળતો હોય તો અવધૂતગીતા અને અષ્ટાવક્રગીતા વાંચી જજો.

૩. ચિત્તની ચંચળતા કેમ ઓછી થાય એ તમારો પ્રશ્ન ઠીક છે. શાસ્ત્રો તો કહે છે કે ભક્તિથી એ ઓછી થાય. ભક્તિ કોની કરવી, કેમ કરવી એ પ્રશ્ન તમારે પોતે ઉકેલવાનો છે. ધ્યાનથી ઓછી થાય એમ કહીએ તો ધ્યાન કોનું કરવું, કેમ કરવું એ પણ તમે જાતે નક્કી કરી લેજો, પછી આપણે એ પ્રશ્ન પર વિશેષ ચર્ચા કરીશું. પહેલાં એનો નિર્ણય કરી લ્યો.

આનો એવો અર્થ ન લેશો કે હું સમાધાન નથી કરતો. જરા વિશેષ સ્પષ્ટતાથી લખું એટલે કૈંક સમજશો એમ ધારું છું. ચિત્તને જે પદાર્થ પર વિશેષ મમતા, આસક્તિ કે પ્રીતિ હોય તેનું એ બહુ જલદી સ્મરણ કરી શકે, એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવનો લાભ લઇને જ શાસ્ત્રકારોએ ભગવદ્ભાવનો ઉદય થાય એવી વિભૂતિસ્વરૂપ ધ્યેયમૂર્તિમાં એકાગ્ર કરવાનાં સાધન વર્ણવ્યાં છે.

જડ પદાર્થો, અથવા ચેતન પ્રાણીઓ (જેમાં સ્નેહી, સંબંધી, દેવ કે માનવ મૂર્તિઓનો સમાવેશ થાય છે) એ બન્નેમાંથી ચિત્ત અહોનિશ વારાફરથી એકાદનું તો સ્મરણ કર્યા કરે છે. આપણો ઉદ્દેશ એને એક જ પદાર્થનું ધ્યાન-સ્મરણ કરાવવાનો છે કે જેથી એની ચંચલતા ઓછી થતાં થતાં એકાગ્રતા વધે.

માનવીય જીવનના સંબંધમાં બે પ્રકારના પદાર્થો અને પ્રાણીઓ હમેશાં આવે છે-(૧) સાત્વિક એટલે દૈવી સંપત્તિવાળા જીવો અને (૨) રાજસિક અથવા તામસિક એટલે આસુરી સંપત્તિવાળાં પદાર્થો અને પ્રાણીઓ. આધ્યાત્મિક ઉન્નતિમાં દૈવી સંપત્તિવાળી વ્યક્તિઓ તથા પદાર્થો સહાયતા કરે છે, માટે જે વખતે આસુરી પ્રદાર્થો તથા વ્યકિતઓનું ચિત્તમાં સ્મરણ થાય ત્યારે એને બદલે એને કોઈ દૈવી સંપત્તિવાળી વ્યકિતઓ અથવા પદાર્થોનું સ્મરણ કરાવવું, એ ભકિતનું પ્રથમ પગથિયું છે.

બીજું પગથિયું-દૈવી સંપત્તિવાળી પણ ઘણી વ્યકિતઓ હોય; દૃષ્ટાંત તરીકે અનેક મિત્રો હોય, સંબંધીઓ હોય, સાધુજનો હોય; તેમ જ પદાર્થમાં દેવમંદિરની મૂર્તિઓ વગેરે હોય, પણ એમાંયે જો આપણે મુકિતના ઇચ્છુક હોઈએ, તો એ બધાંમાંથી દેવ-દેવતા અથવા અવતાર કે કોઇ બ્રહ્મવિત્ સંતનું શરણ અને સ્મરણ કરીને બીજાં બધાંનું વિસ્મરણ કરવું જોઇએ. પરમાત્માના સગુણ સ્વરૂપનું કે પરમાત્માનાં દર્શન પામેલા સંતસાધુનું ગુરુરૂપે સ્મરણ, ધ્યાન, સેવા કે દર્શન કરીને ચિત્તને એ તરફ વાળવું એ ભકિત છે.

પરંતુ આનો અર્થ એવો નથી કે કોઇ એક જ સંત બ્રહ્મનિષ્ઠ છે ને બીજા નથી. આપણો મૂળ ઉદ્દેશ ચિત્તની ચંચલતા

મટાડીને એક બ્રહ્મમૂર્તિને ચિત્તમંદિરમાં સ્થાપીને એમાંથી બ્રહ્માનંદ પ્રાપ્ત કરવાનો છે. જ્યાં સુધી એક જ બ્રહ્મવિદ્‌નું શરણસ્મરણ ન કરાવતાં અનેક મૂર્તિઓમાં ચિત્તને ભટકતું રહેવા દઇએ તો ચિત્તની ચંચલતા અને વિક્ષેપ વધવાનો સંભવ રહે છે.

આટલી ઉપાસનાની દૃષ્ટિથી વાત થઇ. ત્યાર પછી આગળ વધવામાં સમસ્ત દ્વૈતનું ચિત્તને આત્માના અદ્વૈત સ્મરણથી વિસ્મરણ કરાવવાનું હોય છે જેનાં શાસ્ત્રીય નામ સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ છે. આત્મસ્મરણ-આત્મજ્ઞાન રહે અને વ્યવહાર કરવા છતાં પણ આત્મદૃષ્ટિ ન લોપાય, એટલા માટે આત્માનું અનુસંધાન રાખવું જોઇએ. પણ કોઇ પ્રશ્ન કરે કે આત્મા તો નિરંજન, નિરાકાર છે એનું સ્મરણ કેમ થાય ? એ ચર્ચા આપણે હમણાં નહિ છેડીએ. આટલું સમજી શકાય છે કે નહિ તે જોયા પછી તે પરથી વિશેષ વાત આગળ ઉપર જોઈ લેવાશે.

આ વિવેચનમાં એટલું સમજવાનું છે કે કોઇ પણ ઈષ્ટદેવનું પ્રેમપૂર્વક ધ્યાન ભજન કરવું, ગુરુશાસ્ત્રની આજ્ઞાનું પાલન કરવું અને એ પ્રમાણે સાધના કરવી એ છે ભક્તિમાર્ગ; એકાંતમાં બેસીને ભકિતપૂર્વક ધ્યાન ધરવું, એ છે યોગ માર્ગ. બધું બહુ ટૂંકમાં પતાવ્યું છે.

તમને જેમ ઠીક પડે તેમ કરશો, પણ કંઇક ઉલટું ન સમજી બેસશો.

( ૩ )

તા. ૮-૧૨-૩૧

તમારા પત્રમાં એવો પ્રશ્ન છે કે આત્મા નિરાકાર છે તો એ આત્મા ( કે જે મન, બુધ્ધિ અને વાણીથી પર છે )

પોતે પોતાનું સ્મરણ કેવી રીતે કરે? આ વિષયમાં પંચીકરણ ગ્રંથના પાછળના ભાગમાં વૃત્તિજ્ઞાન અને સ્વરૂપજ્ઞાન એવા ભેદ બતાવેલા છે એ સ્પષ્ટીકરણ વાંચી જવા ભલામણ છે.

આત્મા પોતે એક, અદ્વૈત અને જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન, મુક્તિ કે એવું કશું દ્વૈતસૂચક આત્મામાં નથી. એ બધું જીવાત્મામાં -જીવાત્માના અંતઃકરણમાં છે. બંધ જીવાત્માને લાગે છે, માટે મુકિત પણ જીવાત્માને જ છે. અજ્ઞાન પણ જીવાત્મામાં છે એટલે જ્ઞાન એમાં જ છે. તમારા જેવા અનેક સાધકોને આવા પ્રશ્નો ઊઠે છે. ભગવાન શ્રી શંકરાચાર્યના સિદ્ધાંતને અનુસરીને સંતમહાત્માઓ તરફથી અપાતા શાસ્ત્રોકત ઉત્તરો જેઓને સમજાતા નથી એનું કારણ નીચે પ્રમાણે છે.

પ્રાચીન કાલના જિજ્ઞાસુઓ કોઇ વિદ્વાન પાસે પદ્ધતિ પુરઃસર વેદાંતનો કોઈ ગ્રંથ ભણતા, જેનાથી સિદ્ધાંતની સાચી સમજણ બુદ્ધિમાં આવી જતી. અત્યારે તો આમતેમ ભટકવાની ટેવોથી નથી ગ્રંથનો કોઇ અભ્યાસ કરતા, નથી વાતને મુદ્દાસર કોઇ સમજી શકતા. આશાઓ રાખે છે તાત્કાલિક મુક્તિની; વાતો કરે છે આત્મજ્ઞાનની, ત્યારે એને માટે જે આચારવિચાર જોઇએ, એનો તો છાંટો સરખો દેખાતો નથી; તેથી મુશ્કેલી એ પડે છે કે, તમારું લક્ષ્ય હોય છે મુકિતનું, ત્યારે વાતો થતી હોય છે સકામ ઉપાસનાની અને કર્મકાંડ હોય છે વાસના-ભરી સાંસારિક આશાતૃષ્ણાનાં.

આટલું યાદ રાખો. પરમતત્ત્વ, પરબ્રહ્મ કે આત્મા, એવા નામથી ઉપનિષદ વગેરે વેદાંત ગ્રંથોમાં જે કહ્યું છે, તે એક,

નિરંજન, નિરાકાર, અખંડ, નિત્ય અને સર્વવ્યાપક છે. એમાં અજ્ઞાન, અવિદ્યા, પ્રકૃતિ, માયા, એવું કંઈ પણ નથી.

પ્રથમ કક્ષાના જિજ્ઞાસુને અવિદ્યા, એમાંથી ઉત્પન્ન થતું આ કાર્યરૂપી જગત, અને એ બધાંનો ચલાવનાર ઇશ્વર (સગુણ બ્રહ્મ), એ બધાં સત્ય લાગે છે, તેથી એ બધાંના સમાધાનને માટે પ્રશ્ન પૂછે છે. એને જન્મમરણ વગેરે બંધન લાગે છે તેથી એમાંથી મુક્તિ ઇચ્છે છે; એને જીવ, જગત અને ઈશ્વરનું સાચું જ્ઞાન નથી, તેથી મૂંઝાય છે; હું પોતે કોણ છું એ જાણતો નથી, અને પોતાના જ એ અજ્ઞાનમાંથી નીકળ્યા વિના એ પ્રશ્ન પૂછ્યા કરે છે માયા–અવિદ્યાના ક્ષેત્રથી પરાત્પર પરબ્રહ્મ માટેના. પરંતુ એનું સમાધાન તો શાસ્ત્રોનો યથાર્થ અભ્યાસ અને સાધનાને પંથે અગ્રસર થયા વિના ક્યાંથી થાય?

જે અંતઃકરણ બંધ માને છે, તે મુક્તિ ઇચ્છે છે. "હું કોણ છું", "કેવો છું," એવા વિચાર કરવા માંડે છે, ત્યારે શાસ્ત્રો એમ કહે છે કે એ અંતઃકરણ અને ઇન્દ્રિયો દ્વારા ઓળખાતું અને અનુસરાતું જગતરૂપી દ્વૈત કેવળ તારી પોતાની કલ્પના પર્યંત સાચું છે. આમાં ઘણા પ્રશ્નો અને ઉત્તરો છે. આ પ્રશ્નોના સવિસ્તર ઉત્તર રૂપે તો કરોડો ગ્રંથો છે; પણ આચાર્યો કહે છે કે એવા અંતઃકરણને પહેલાં શુદ્ધ કરીને પછી તું સચ્ચિદાનંદ છે, આત્મ-સ્વરૂપ છે, એવો વિચાર કરતાં શીખ; પછી અજ્ઞાન અને એવા કાર્યનું સમાધાન પૂછજે. અંતઃકરણમાં જે જ્ઞાન થાય છે, તે વૃત્તિજ્ઞાન કહેવાય છે.

એ અંતઃકરણ આત્માને સાકાર માને છે માટે એની પાસે આત્મભાવનો પાઠ ગોખાવવાનો છે. એ પોતાને સગુણ, બંધમુક્ત,

દુઃખી, સંસારી, જીવ, પામર, વર્ણાશ્રમી, સ્ત્રીપુરુષલિંગાદિ ભેદે બાલયુવા, અવસ્થાવાન્ ઈત્યાદિ માને છે, અને જ્યાં સુધી એમ માને છે ત્યાં સુધી એ પ્રમાણે કર્મ કરીને જન્મમરણના ચક્રને વધારે છે, તેથી એને એ બધા સંકલ્પોમાંથી છૂટવા માટે શાસ્ત્રો પ્રથમ આત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ બુદ્ધિથી સમજાવે છે, એ પરોક્ષ જ્ઞાન કહેવાય છે. પછી એ અંતઃકરણને હું આત્મા છું એવું ગોખાવે છે, એ નિદિધ્યાસન કહેવાય છે અને ત્યાર પછી અપરોક્ષ જ્ઞાન થાય છે જે આત્માનો અનુભવ કહેવાય છે.

ઉપનિષદ્ સમજાવે કે તારું સાકાર ખરું સ્વરૂપ નાદાનુસંધાનરૂપે ॐ છે, એને તું ગોખવા માંડ. એનો અહોનિશ જપ ચાલુ રાખ. એથી અનેક પ્રકારની મિથ્યા–વિપરીત ભાવના નાશ પામશે. બીજા બધા આકાર ભૂલવા માટે એ સ્વાભાવિક આકાર અને શબ્દ–પ્રાણી માત્રના અંતઃકરણમાં सोहम्–માંથી स અને ह વ્યંજન બાદ કરતાં શ્વાસોચ્છ્વાસના મૂલમાં બોલાયા કરે છે, એનો અર્થ "હું ॐ–શુદ્ધ સચ્ચિદાનંદ, જન્મમરણ આદિ દ્વંદ્વથી રહિત છું" એવો થાય છે. આમ નિરાકારની ભાવના પણ સાકાર અંતઃકરણમાં–કરવાની છે. જ્ઞાન પણ અંતઃકરણમાં હું આત્મા છું એવી નવી વૃત્તિ ઊભી કરીને ઉત્પન્ન કરવાનું છે અને એ દ્વારા અંતઃકરણનું અજ્ઞાન નાશ કરવાનું છે. અજ્ઞાન નાશ થયા પછી વૃત્તિવાળું જ્ઞાન નથી રહેતું, પણ શુદ્ધ સચ્ચિદાનંદ અવશેષ રહે છે. કપુરને બાળી નાખ્યા પછી જેમ કપુર અને અગ્નિ એક સાથે નાશ પામે છે, તેમ "હું બ્રહ્મ છું" એવી વૃત્તિ ઉત્પન્ન થઈને "હું દેહ છું" એ વૃત્તિનો નાશ કરીને પોતે પણ શાંત થઈ જાય છે; ત્યાર પછી જે રહે છે તે અનામી અરૂપ તત્ત્વ જ કહેવાય છે. એનો ઉલ્લેખ નેતિ એવા નિષેધસંકેતથી જ

થઈ શકે છે. માટે હું નિરાકાર, એક, અદ્વૈત, શુદ્ધ આત્મા છું એવું ભાન રાખો; એવી ભાવના કેળવો એ જ નિદિધ્યાસન. ૐ.

( ૪ )

તા. ૧૩-૨-૩૨

પાછળના પત્રમાં કર્મ તથા ઉપાસનામાં સકામ તથા નિષ્કામ ભાવ કેવી રીતે રાખવો એનું થોડું વિવેચન હતું; એ સમજાયું હશે. એનું જો વાસ્તવિક રૂપ સમજાય તો જ્ઞાનસંબંધી અહંગ્રહ ઉપાસના–આત્મજ્ઞાનનું સાધન—નિદિધ્યાસન ઠીક પદ્ધતિપુરઃસર સમજી શકાય અને થાય, એટલા માટે જરા વિસ્તૃત લખ્યું હતું. કારણ કે નિષ્કામ કર્મથી ચિત્ત શુદ્ધ થાય છે, અને ઉપાસનાથી ચિત્ત બલવાન બને છે. વિશુદ્ધ ચિત્તમાં જ આત્મભાવના રહી શકે છે, ને વિક્ષેપ વગરનું બલવાન ચિત્ત જ ગ્રહણ કરેલી अहंब्रह्मास्मिની ભાવના ટકાવી રાખે છે.

માઠું ન લગાડશો. મારા સ્વભાવની થોડી ઓળખાણ આપી દઉં. મારી વાણી તથા વર્તનમાં ઉગ્રતા આવી જાય છે. જે લાગે તે સ્પષ્ટ લખી કે કહી નાંખવાની ટેવને લીધે કટુ વચન કહેવાઇ કે આકરું લખાઈ જવાય છે. પણ એમાં ઉદ્દેશ દ્વેષનો, તિરસ્કારનો, કે ઘૃણાનો નથી એટલું તપાસી જોજો. આવી જ રીતે જગતમાં પણ જેના જેના સંબંધમાં આવીએ ત્યાં સૌના ભાવ જોતાં શીખવું; કેવલ વાણી કે કર્મ ઉપરથી કોઈના ભાવના સર્વમાન્ય પરીક્ષા થઇ શકતી જ નથી. મિષ્ટભાષીના હૃદયમાં દ્વેષ અને કટુભાષીના હૃદયમાં પ્રેમ છલકાતાં હોય એવો અનુભવ પ્રત્યેક વિચારશીલ મનુષ્યને આ જગતમાં થાય છે.

કોઈવાર હું કટાક્ષપૂર્વક પણ એટલા જ માટે કહું છું

કે સાધક અંતર્મુખ થઇ પોતાના દોષ જોઇ શકે, ચિત્તને તપાસીને શુદ્ધ કરે. જન્મમરણ રૂપ રાગદ્વેષનું ઘર, દુ:ખનો ભંડાર, ક્લેશનું મૂળ આ સંસાર છે, તેમાંથી છૂટવાનો પ્રયત્ન કરતાં શીખે. એકંદરે આ માર્ગમાં તેજી લાવે. તમારા પ. પૂ. ગુરુદેવના કરતાં મારો ઉપદેશ ઉલટો ન હોય એની હું ખૂબ કાળજી રાખું છું. મારો તમને આજ્ઞા કરવાનો અધિકાર જ નથી. એ અધિકાર તો સાધક પોતાને ઇષ્ટ શ્રદ્ધા થાય ત્યાં, કેવળ પોતાની આત્મસુધારણા માટે કોઇને સદ્‌ગુરુસ્થાન આપે, એને જ આપે છે: એ અધિકાર પણ બહારનો રીતરિવાજ કે રૂઢિનો નથી; આંતરિક છે; લેતાં લેવાય એવો નથી; સ્વાભાવિક ઉમળકાનો છે. તમને સામાન્ય ભાવે શાસ્ત્રની મર્યાદામાં જે સાધન–વાતો આવતી હોય તે લખું છું; એમાંથી શું ગ્રહણ કરવું ને શું નહિ. એ તમારી ઇચ્છાની વાત છે, અને પ્રત્યેક સાધકે પોતાની સારાસાર વિવેકબુદ્ધિ એમાં વાપરવી જ જોઇએ, એમ હું તો માનું છું, તમે વાપરો એમ ઇચ્છું છું. "સંસ્કૃત એટલું શાસ્ત્ર" અને "વેષધારીએ કહ્યું એટલું બ્રહ્મવાક્ય" એવી બુદ્ધિહીન શ્રદ્ધા જરાયે રાખવી નહિ; આપણા વિવેકને ત્રાજવે બધી વાત તોળી જોવી; આચરણમાં મૂકી જોવી; હૃદયની શુદ્ધિ, ચારિત્રમાં સંયમ અને નિર્વિષયી આનંદની સાથે સત્પથે જ જવાય છે, એવી ખાતરી કરીને જ વિવેક તથા શ્રદ્ધા કેળવવાં. શાસ્ત્ર, ગુરુ કે એમનાં ઉપદેશેલાં સાધન આપણે માટે છે; એમને માટે નથી.

વાચન, ધ્યાન કે એવું કૈં ચાલુ જ રાખજો. પ્રણવનો જપ, અને તેની સાથે એના ધ્યાનમાં પ્રવૃત્તિ થાય તો વાંધો નથી, એમ હું માનું છું. હરતાં ફરતાં પણ આત્મભાવના વધારતાં જજો.

( ૫ )

૧૯–૮–૩૨

તા. ૧૬મીનું કવર મળ્યું, પ્રત્યક્ષ જે સૂચનાઓ આપી હતી તે ધ્યાનમાં હશે જ. અત્યારની ચિત્તદશા માટે આ પ્રમાણે કરવું:

૧. જપ, ધ્યાન, પાઠ, પૂજા–એ કશામાં આગ્રહ કે નિયમપૂર્વક બેસવું નહિ. સહજ સ્વભાવે થાય તે થવા દેવું. આ નિયમ તમારા સ્વભાવનો વિચાર કરીને તમારા માટે જ લખેલો છે, સર્વસામાન્ય માટે નથી.

૨. વાચન હમણાં બંધ કરવું.

૩. બને તેટલું લોકસમુદાયમાં બેસવું. રાત્રે પણ એકલાં ન રહેવાય તો ઠીક. અને તે માટે ઘરમાં બા ન હોય તો કોઇને ત્યાં સુવા જવાનું રાખો તો ઠીક.

૪. અંતઃકરણના તમે લખો છો તેવા ભાવ કોઈ બહેનપણી કે જે આપણા જેવા સદ્‌ભાવવાળી, ભકિત,–જ્ઞાન–વૈરાગ્યમાં સમજતી હોય તેની પાસે પ્રકટ કરવાથી ચિત્તનો ભાર ઓછો થશે.

૫. રડવું આવે તો એકલાં, અથવા કોઇ બહેનપણીના ખોળામાં માથું નાખીને છાતીફાટ રડી લેવું. એથી મગજની ગરમી ને હૃદયનો ભાર ઓછા થશે.

૬. વાચનમાં જગત્ મિથ્યા લાગે એવાં કેવલ નિષેધમુખી વૈરાગ્યનાં પુસ્તકો જ નહિ, પણ પરમાત્મા જ આ સમસ્ત જગત્, સ્નેહી, સંબંધી, નિશાળનાં બાળકો રૂપે આપણી સમક્ષ

લીલા કરી રહ્યો છે, અને એની સાથે રહેવું, એની સેવા કરવી, એમાં જ આપણાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની પરીક્ષા છે, એમાં જ આપણું જ્ઞાન દૃઢ થાય છે, એ દૃઢ થાય એટલા માટે જ પરમાત્માએ આપણને અહીં રાખ્યાં છે, એવાં શ્રદ્ધા અને સદ્ભાવ રાખી જાગ્રત અવસ્થાના વ્યવહારમાં ખેદ, શોક કે અભાવ નહિ પણ સહનશક્તિ કેળવતાં શીખવી.

૭. શાંતિ તો બહેન, અંતરમાંથી પાણીના ઝરાની પેઠે ફૂટવા માંડશે. જ્ઞાનનો પ્રકાશ પણ અંતર્યામીમાંથી જ આવશે. પણ હમણાં જે એકાંતસેવનને લીધે એકલશૂરા રહેવાની ટેવ પડી ગઈ તેને બદલે હવે જનસમાજમાં ભળીને આનંદ અને શાંતિ રાખવાની ટેવ પાડવી પડશે.

૮. કોઇ ગાંડું થાય જ નહિ. મને મારામાં એટલી શ્રદ્ધા છે, પરમકૃપાળુ, પરમાત્માસ્વરૂપ શ્રી ગુરુદેવમાં દૃઢ વિશ્વાસ છે અને અનન્યભાવે પ્રાર્થના કરું છું કે જેની હું અધ્યાત્મસેવા કરું છું એવાં નિકટવર્તી જિજ્ઞાસુઓનું કદી અકલ્યાણ ન થાય. માટે કોઇ પણ જાતનો ભય રાખીશ નહિ. એવું કાંઇ પણ થવાનું જ નથી એવી આત્મશ્રદ્ધા રાખજે.

૯. ખોરાક પુષ્ટિકારક લેજે. ઘી વિશેષ લેવાથી, અથવા રાત્રે દૂધ સાથે ઘી લેવાથી ઉંઘ આવશે. બાકી હવે એવો નિશ્ચય રાખ કે કરવાનું કરી લીધું, શેષ (બાકીનું) જીવન ગાળવું છે અને એમાં જેટલું બને તેટલું પરમાત્માનું ઋણ ચૂકવવું છે. જે થાય છે એ પરમાત્માની સેવા છે. શિવમાનસ-પૂજામાં જે ભાવ છે, એ આપણે સમસ્ત વ્યવહારમાં ગભરાયા વિના તથા નિશ્ચિંતભાવથી અનુભવવો.

૧૦. જગત્ અને જગતના વ્યવહારમાંથી મિથ્યાપણાની ભાવના કહાડી નાખવી. બધે આપણાં સ્વરૂપ જોવાં. બધી શ્રી ગુરુમહારાજની સેવા સમજવી. આપણાં તન–મન–ધન આપણાં નહિ પણ પરમાત્માનાં છે એમ માનીએ, એટલે આપણા શરીરના પ્રારબ્ધમાં જે શુદ્ધ વ્યવહાર હોય, એમાં આનંદ અને સાવધાનતાપૂર્વક કામ કરવું અને હમેશાં સ્વરૂપ-ભાન રાખવું એ જ હવે આપણું કર્તવ્ય. એમાં નાસભાગ કરવાની કે ઘર છોડીને જંગલમાં જવાની ભાવના શા માટે કરવી?

૧૧. * * * *

૧૨. આખું બ્રહ્માંડ જો આપણા મનની કલ્પનાના તરંગો છે એમ નિશ્ચય થયો હોય, તો પછી રડવું શા શાટે?–અને હસવુંયે શા માટે? સહજ અવસ્થામાં જેમ રહેવાય તેમ રહેવું.

૧૩. કંઇ નહિ તો મારી ખાતર શાંતિ રાખજે. નીરાંતે ઊંઘ આવશે. શ્રદ્ધાપૂર્વક આ પત્ર વાંચીશ, ત્યારથી જ શાંતિ મળવા માંડશે, અને બધી ઉપાધિ દૂર થશે. રાત્રે ઊંઘ આવશે. રાત્રે સૂતી વખતે સૂતાં સૂતાં માળા ફેરવજે–એટલે બધું ઠીક થઇ જશે.

૧૪. * * * *

૧૫. યોગવાસિષ્ઠ હમણાં ન વાંચીશ. વાંચે તો પણ ઉત્તરાર્ધ-નિર્વાણ પ્રકરણ વાંચજે–એમાં તો રામચંદ્રજીને જ્ઞાનપૂર્વક, કંટાળ્યા વગર વ્યવહાર કરવાનું શીખવ્યું છે. એમાંથી તને આવા ઊટતા વિચાર, આળસ અને નબળાઇ કયાંથી સૂઝયાં?

(૬)

તા. ૨-૯-૩૨

આ તો તમારો ખોટો વૈરાગ્ય અને અધૂરું જ્ઞાન કહેવાય. પોતાના મન પર પોતાનો કાબૂ નહિ અને કોઈ વડીલ-ગુરુજનોના વાક્યોની પણ અસર ન થાય એવી મનની પામર સ્થિતિ થાય એવી મનોદશા હોય તો આપણે જિજ્ઞાસુ કહેવાવા લાયક ખરાં?

જિજ્ઞાસુ તો સિંહ જેવો હોય છે! વેદાંતનાં પુસ્તકો વાંચ્યાં, જપતપ કર્યાં, કે સત્સંગશ્રવણ કર્યાં, તે શું આમ મ્લાનમુખી ઉદાસીન થવા માટે? જો તમે પરમતત્ત્વ છો એવો નિશ્ચય થયો હોય, તો પછી આ બધું દૃશ્ય જગત્ કેવળ તમારો જ વિલાસ છે. એ બધું બ્રહ્મનું જ સ્વરૂપ છે. એ બધું આનંદમય હોવું-દેખાવું જોઇએ. બ્રહ્મ સર્વમાં વ્યાપક છે. બ્રહ્મ સત્-ચિત્-આનંદ છે. અને તમે બ્રહ્મ સ્વરૂપ જ છો. તો પછી બધે આનંદ, ઉત્સાહ, જાગ્રતિ, સ્ફૂર્તિ અને જીવનમાં ઉલ્લાસ આવવાં જોઇએ. એ બધા ભાવથી રહેતાં આવડે તો જ તમે મારા જેવાનાં બાણ સહન કરવાનાં અધિકારી છો; નહિ તો નહિ. મારે પામર અને નમાલાં ટોળાંનું કામ નથી. માટે ઊઠો, ને ઉત્સાહમાં આવો. તમે નથી સ્ત્રી કે નથી પુરુષ પણ સ્ત્રીનું શરીર મળ્યું છે તેથી કદાચ સ્ત્રીઉચિત પામરતા આવતી હોય, તો પ્રથમ આત્મભાવના મિશ્ર પુરુષ ભાવમાં આવો અને ઉત્સાહભેર બધો વ્યવહાર કરો......વેદાંતનું જ્ઞાન મનુષ્યને નકામા બનાવવા માટે નથી-મૌન શાનું ને વાત શી? કયું બ્રહ્માંડ તૂટી પડ્યું છે કે આમ દુઃખી અને શોકમય સ્થિતિમાં રહો છો?

બહેન, ધીરજ અને ઉત્સાહ–બંને લાવીને ઉમંગભેર બધો વ્યવહાર કરવા માંડ. તન-મન-ધન પરમ કૃપાળુ આનંદસ્વરૂપ પરમાત્માનાં છે. આપણું વ્યવહારનું ક્ષેત્ર, અને જેની સેવા કરવાની હોય તે ત્રિગુણ સ્વભાવવાળાં પાત્રો, એ પણ પરમાત્માનાં સ્વરૂપ છે. અને પરમાત્મા આપણી સમક્ષ, આપણી પરીક્ષા કરવા, આપણા સચ્ચિદાનંદ ભાવની કસોટી કરીને સેવા લેવા તત્પર ઊભો છે. આ પરીક્ષામાં, તારા જેવી ઉત્તમ વર્ણમાં ઉત્પન્ન થયેલી મારી ધર્મપુત્રી પામર બને, એ મારે કેટલું નીચું જોવાનું ?

ઊઠ, ઊભી થા ! આનંદમાં આવ ! બધા સાથે સમભાવ, સાવધાનતા અને વિવેક રાખી વ્યવહાર-જેમ અજ્ઞાન દશામાં કરતી હતી તેમ કરવા માંડ. જે તફાવત છે તે માત્ર મનોવૃત્તિનો છે. હજુ તો આપણે આગળ બહુ બહુ કામ કરવાનાં છે. હજુ તો બીજાને જ્ઞાન આપવું છે. બધી મિથ્યાપણાની ભાવના કહાડી નાખ. એક, અદ્વિતીય પરમ તત્ત્વમાં મિથ્યા વળી કેવું ? આ તો આપણી આત્મ–માયાની રમત. એમાં રમવું, અને બીજાંને રમાડવાં. આવું ઉત્સાહી જીવન ગાળ.

## (૭)

૧૩–૯–૩૨

હવે પાછું નિયમિત ધ્યાન ભજન કરવાનું શરૂ કરવું. પણ એટલું ધ્યાનમાં રાખવું કે બહારના શુભ વ્યવહારમાં ઉત્સાહ વધવો જોઇએ. તત્ત્વસાક્ષાત્કારનું પ્રથમ લક્ષણ આનંદ છે. એટલે આપણે એના પર વિશેષ લક્ષ રાખવાનું છે, અને એ આનંદ રાખતાં રાખતાં, આસપાસની પ્રત્યેક વ્યક્તિમાં તથા જડ પદાર્થમાં એક જ સત્તા ઓતપ્રોત ભરેલી છે એવું, નામરૂપનો

બાધ કરીને, જ્ઞાન રાખવું. આમ કરવાથી જીવનનું, જાગ્રત અવસ્થાનું પ્રત્યેક કાર્ય કરતાં કરતાં પણ સત્તા (સત), જ્ઞાન (ચિત) અને આનંદનો પ્રત્યેક ક્ષણે સાક્ષાત્કાર થતો રહેશે; અને એ જેમ જેમ દૃઢ થતો જશે તેમ તેમ વિક્ષેપનાં કારણ શોક તથા મોહ છે એ ઓછાં થતાં જશે, ને પરિણામે નિર્મૂલ થશે.

યોગવાસિષ્ઠમાંથી મહાન સાર એ લેવાનો છે કે જેવી રીતે રામચંદ્રજી તીર્થયાત્રા કરી આવ્યા પછી મંદ વૈરાગ્યને લીધે સૂમસાન જેવા થઈને મૌનધારી થઇ ગયા હતા તેને વસિષ્ઠ ભગવાને રાજ્ય કરતા કર્યા, અર્થાત્ જીવનનો યથાર્થ વ્યવહાર કરતા બનાવી તત્ત્વાનુભવ કરાવ્યો, તેવી રીતે આપણે વિક્ષેપ વગરનું જીવન અનુભવતાં શીખીએ એટલે બસ. એક બીજી વાત લક્ષ્યમાં રાખવાની કે વ્યવહાર સમયે સમસ્ત વિશ્વ બ્રહ્મનો વિવર્ત છે એમ શાસ્ત્રો કહે છે: અર્થાત્, એક જ પરમ તત્ત્વ આપણી સમક્ષ વિકાસ કરીને ઊભું છે, એમાં ત્રણ ગુણ છે. સત્ત્વગુણી સુખી છે, રજોગુણી વિક્ષેપ વાળું છે, અને તમોગુણી મોહમુગ્ધ છે. આપણે એમાં એક વ્યક્તિ, એટલે કે એનો એક અંશ છીએ. અંશરૂપે આપણે જીવાત્માએ પણ સત્ત્વગુણમાં પ્રવેશ કર્યો. અને એના ફલરૂપે આપણને જ્ઞાન તથા સુખ (અંતઃકરણમાં) મળ્યાં છે. હવે એનો સારામાં સારો ઉપયોગ તથા આપણાં જ્ઞાન તથા સુખની પરીક્ષા થાય છે ત્યારે વ્યવહાર દશામાં દેખાતું, અજ્ઞાનીઓને સાચું લાગતું જગત્ ત્રણ ગુણથી પીડાય છે, તેમાં આપણાથી બને તેટલાં, આપણી પાસે જે જ્ઞાનસુખનાં સાધનો હોય તે સૌને આપવાં. સમસ્ત વિશ્વને ઈશ્વરનું સ્વરૂપ માનીને એની સેવા કરવી, એ આપણાં જીવનનું બાકી રહેલું પ્રારબ્ધ ભોગવવાનું કર્તવ્ય. આપણે ઘણું કામ કરવાનું છે એમ મેં કહેલું, તેનો અર્થ એ જ કે તમે બધાં આવાં અધિકારી બનો, ને તમને

જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે આ ઈશ્વર અથવા પરમાત્મસ્વરૂપ જગતની સેવામાં યથાશકિત આપતાં શીખો. આવાં જ્ઞાન અને જ્ઞાનનાં સાધનો તમારામાં આવે, એવા મારા અંતઃકરણથી તમને બધાંને આશીર્વાદ છે.

## ( ૮ )

૧૬-૧૦-૩૨

રાત્રે ઊંઘ નથી આવતી એમ લખો છો; તેનાં કારણમાં એક તો માથાની ગરમી હોવી જોઈએ એમ મને લાગે છે. એને માટે ઉપાય કરવા જોઈએ.

બીજું કારણ બહુ વિચાર કરવાની ટેવથી એમ થવાનો સંભવ છે. વાત એવી છે કે આપણે તો એક જ પ્રકારનો વ્યવહાર કરવાનો છે.–શાસ્ત્રમાં શ્રદ્ધા રાખી, તથા આત્મનિશ્ચય કરીને દશ્યપ્રપંચની નિઃસારતા તપાસી એને ઈશ્વરનું સ્વરૂપ માની વ્યવહાર કર્યા કરવાનો છે. ભવિષ્યના વિચાર કે ચિંતા કરવાનાં જ નથી. કંઇ પણ વિચાર આવે ને ન સમજાય ત્યારે, જ્યારે સમજાવાનો હશે ત્યારે સમજાશે, જે કાળે જે થવાનું હશે તે થશે એવી નિસ્પૃહતા કેળવીને ચિત્તને શાંત કરતાં શીખવું.

રડવું આવે તો રડવું. સંસારમાં અજ્ઞાનીઓ, સંસારના મિથ્યા પદાર્થને માટે છાતીફાટ રડે છે; ત્યારે આપણે તો ઈશ્વરનિમિત્ત ચિત્તનો ઉભરો કહાડી પ્રાર્થના કરીને શાન્તિ પ્રાપ્ત કરીએ એમાં ખોટું શું ? એથી મનમાં બહુ શાન્તિ અને ટાઢક થશે. માથાની ગરમી પણ ઓછી થશે. એટલું સંભાળવાનું કે આસપાસ અજ્ઞાનીઓની ટીકાના ભોગ ન બની પડાય. કારણ કે લોકો તો સૌ પોતપોતાના સાંસારિક સ્વપ્નમાં જ

રહેતાં હોય છે. આપણે આપણું સાધન શાન્તિ, અને ગંભીરતાથી ગુપ્ત રીતે કર્યાં કરવું.

ખરું જ્ઞાન, ખરી અવસ્થા તો આપણે જગતના દ્વંદ્વભર્યા વ્યવહારમાં શરીર હોવા છતાં સિદ્ધ કરવાની છે. જાગ્રત અવસ્થાના વ્યવહારમાં કે બેઠાં બેઠાં કે વાંચતાં હરતાં ફરતાં, લોકો સાથે પરિચયમાં આવતાં આપણે જેટલી આત્મદષ્ટિ કેળવીએ, તેના દ્વારા આપણા વિજ્ઞાનમય કોષની સ્થિરતા-દઢતા થાય છે. અને જગતમાં સૌને ક્ષમા કરતાં કરતાં આપણે આત્મદષ્ટિ કેળવીએ, તેથી સત્ત્વગુણદ્વારા સુખ મળે છે. એથી સ્વપ્નાવસ્થા ને નિદ્રાવસ્થા ઠીક પસાર થાય છે. માટે એકાન્તમાં ધ્યાન અને વ્યવહારકાલે હરહમેશ આનંદમાં રહેવું, તથા સૌમાં આત્મદર્શન કરી સમતા કેળવવી, એ સાધન ઠીક છે.

ખરી હકીકત એવી છે કે આપણી આત્મભાવના ધ્યાન, વાચન કે કોઈપણ કર્મને અધીન ન રહેવી જોઈએ. આત્મા બધી દેશ-કાલ વસ્તુની પરિસ્થિતિથી કેવલ મુક્ત છે અને આપણું વિજ્ઞાન એવું દઢ હોવું જોઈએ કે અહોનિશ આપણે આત્મ-ભાવનામાં રહીએ, સર્વત્ર આત્મદર્શન કરતાં રહીએ, તથા ત્રિપુટિમાત્ર આત્મવત્ પ્રતીત થાય. એ આપણી સાધના.

(૯)

૮-૧૧-૩૨

ચિત્તમાં સાત્ત્વિક શાન્તિ રાખ્યા કરવી. ઉંઘતી વખતે પણ મનના ભૂતને શું જોઈએ છે એ પૂછીને, જે જોઈએ છે તે એના સ્વરૂપથી ભિન્ન નથી એવો ઉપદેશ આપીને ઊંઘાડી દેવું. તથા જાગ્રત અવસ્થામાં નિરંતર નિશ્ચિંતપણે આનંદમગ્ન રહેવું.

આ સંસારના ચક્રના ખેલ કાંઇ કોઇ એક જ મનુષ્યની ઇચ્છા પ્રમાણે ચાલતા નથી. શું વ્યષ્ટિ કે શું સમષ્ટિ–એટલે કે મનુષ્યને જેમ પોતાના પૂર્વકૃત પ્રમાણે સુખદુઃખના ભોગ આવી મળે છે, તેમ પ્રજાને પણ એવી જ રીતે સુખદુઃખમાં સાધન પ્રાપ્ત થાય છે. આપણે બંનેમાં તટસ્થ રહી શરીરને કર્મપરાયણ રાખવું, પ્રમાદ વિના કામ કર્યે જવું, અને જ્ઞાનીઅજ્ઞાની વગેરે ભેદો ભૂલીને બધાંને આત્મવત્ ચાહવાં. સહનશીલતા એ જ આપણો આચાર; એ જ આપણો ધર્મ, એ જ આપણી તનમનની તિતિક્ષા.

વાંચવાનું મન થાય તે વાંચવું. હવે તમારામાં શું વાંચવું, શું વિચારવું, એ વિવેક જાગેલો છે, તેથી મારે ખાસ સૂચના આપવાની ન હોય.

( ૧૦ )

૧૨–૧૧–૩૨

શરીર જ્યારે માંદું હોય ત્યારે જિજ્ઞાસુને તિતિક્ષા કેળવવાનું બહુ સુગમ થઈ પડે છે. એ વખતે જે આત્મસ્વરૂપની ભાવના રાખે, શરીરને પોતાના સ્વરૂપથી પૃથક્ અનુભવે, અને ભગવદ્‌ગીતાનો मात्रास्पर्शास्तु कौन्तेय એ શ્લોક વાંચે–વિચારે તો બહુ આનંદ આવે છે, સહનશક્તિ વધે છે; પ્રાણના શીત–ઉષ્ણ ધર્મો સતાવે, કે જન્મમૃત્યુની ભાવનાને લીધે ભય ઉત્પન્ન થાય, ત્યારે એ બધાં અનિત્ય છે, જવાઆવવાના સ્વભાવવાળાં છે, એવો ઉત્તમ અભ્યાસ આપત્તિ, મંદવાડ કે ઉપાધિને વખતે સરલતાથી થઈ શકે છે. તમે એ આત્મભાવના કેળવશો એમ ઇચ્છા રાખું છું.

ઉપરાંત ૐકારનું સ્મરણધ્યાન પણ જો ચાલુ રહે તો સાક્ષીભાવે દેહ, જાતિ, ગુણ, ક્રિયા, નામ, રૂપ ઇત્યાદિ લક્ષણો-વાળાં આપણાં સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એમ ત્રણે શરીરો તદ્દન અનિત્ય અને જડવત્ બનીને જાણે આપણી સમક્ષ નકામાં પડેલાં હોય અને આપણે એનાથી જુદા દ્દષ્ટા માત્ર, આનંદરૂપ, કર્તા-ભોક્તાના ભાવ વિનાના છીએ, એનો સુંદર અનુભવ થાય છે. વળી માંદગીમાંથી ઊઠયા પછી પણ એ ભાવના બલવાન બનતી જાય છે.

સામાન્ય વાચનમાં પણ એ જ વાત આડે આવે છે. વેદાન્તનો અભ્યાસ બુદ્ધિ અને હૃદય (ચિત્ત) બંનેને લાભકારક હોવો જોઇએ. બુદ્ધિ એટલે જ્ઞાન અર્થાત્ વિચાર તથા વિવેકશકિત એવાં સૂક્ષ્મ હોવાં જોઇએ, કે વ્યવહારમાં પ્રત્યેક ક્ષણે આત્મભાન રહે; તેની સાથે ચિત્ત એટલું ભકિતવાળું-એટલું પ્રેમી હોવું જોઇએ, કે જે કોઇ સહવાસમાં આવે તેને આત્મસ્વરૂપ સમજી આનંદનો પ્રભાવ પાડે. એમાં બુદ્ધિને કેળવવા માટે શાસ્ત્ર વિચાર અને ચિત્તને કેળવવા માટે ઇષ્ટ ભકિત, એ બંને સાધન સાથે સાથે થવાં જોઇએ.

**(૧૧)**

૧૫-૧૨-૩૨

તારા તા. ૧૭મીના પત્રમાં એક એવો પ્રશ્ન છે કે "વાચનમાં કૈં પણ શંકા ન ઉપજતી હોય તો બુદ્ધિની સમજમાં ખામી ન ગણાય ?"

આનું સમાધાન એક જ રીતે ન થાય. કારણ કે ગણાય અને ન પણ ગણાય, એવા બંને સંભવો હોય છે. પણ તારે આટલું હમણાં સમજી લેવું.

૧. અજ્ઞાનની દશામાં પણ ચિત્ત જ્યારે જડ સુષુપ્તિ જેવું હોય, કેવલ પ્રમાદમાં જ રહેલું હોય, જે કાંઇ કહે, જે કાંઇ વાંચે જે કાંઇ શ્રવણ કરે એ બધામાં હા, હા કર્યા કરે, અને એ પ્રમાણે પોતાના જીવનમાં વારંવાર ફેરફાર કર્યા કરે, એવી દશા ઘણાની હોય છે. કારણ કે એવાઓને સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ નથી હોતી.

૨. બીજા કેટલાએક એવા હોય છે કે દરેક વિષયમાં વિરોધ કરી, નવી નવી શંકાઓ જ શોધ્યા કરે.

આ બન્ને સ્થિતિ ખરાબ છે. પહેલી સ્થિતિ ભયંકર અજ્ઞાનની છે, એમાં ગમે ત્યાં ફસાઇ પડવાનો ભય છે. ત્યારે બીજી સ્થિતિમાં પણ અહંકાર પોષાય છે, કોઇ ઠેકાણે શ્રદ્ધા થઈ શકતી નથી, ને પરિણામે નાસ્તિકતા, દ્વેષદષ્ટિ તથા ચંચલતા વધે છે.

આપણે એમ કરવું, કે શંકાઓ ઉત્પન્ન થાય તો શાસ્ત્રો (વેદાન્ત) અથવા જ્ઞાની પુરુષોની પાસે નમ્રતાપૂર્વક એ મૂકવી, અને આપણી બુદ્ધિપૂર્વક એનો વિચાર કરવો, તથા જેનાથી દૈવી સંપત્તિ, ઇંદ્રિયસંયમ અને આત્મભાવના વધે એવી સમાધાનપદ્ધતિ હોય તેનો સ્વીકાર કરવો. પણ પરાણે શંકા ઊભી કરવાની કે નકામા પ્રશ્નો પૂછવાની કોઇ દહાડો ટેવ પાડવી નહિ. બુદ્ધિ એટલે જ ભેદ વધારનારી શકિત; એ જ બુદ્ધિ શુદ્ધ અને વિવેકી થાય તો ભેદનો નાશ કરી અભેદાનુભવમાં સહાયક નીવડે છે. એને બહિર્મુખ રાખીએ તો અનાદિ કાલથી ભાસમાન થતા દ્વૈતનું ભાન કરાવે. અંતર્મુખ કરીએ તો વિજ્ઞાનમય કોષની સહાયતાથી અભેદનો અનુભવ કરાવે ને શાન્તિ અપાવે.

એક બીજો વિચાર એ પત્રમાં હતો; ભગવાન શંકરની

પ્રતિમામાં સ્વાભાવિક આકર્ષણ થાય છે. એમાં લાંબો વિચાર કરવાનો નથી કારણ કે એમાં હાનિ જરાયે નથી. બ્રહ્માન્ડમાં જ્ઞાનીને મન બ્રહ્મદૃષ્ટિથી બધું સમાન હોય તો પણ સમાન વ્યવહાર કે વર્તન થાય નહિ. ઉપાસના તો એકની જ હોય. અને એ દૃષ્ટિએ [illegible] શંકર પ્રતિ અપ્રતિમ ભક્તિ હોય એ પક્ષપાત નહિ, પણ ઉપાસનાની સિદ્ધિ કહેવાય. એ ઠીક છે, ખોટું નથી. એમાં રાગદ્વેષ નથી.

# ૩

(૧)

૫–૮–૩૦

......ના અવસાન પછી ચિત્તમાં તમને હજુ કલેશ રહેતો હશે, પરંતુ શાંતિ રાખવાનો પ્રયત્ન કરતા રહેશો. પ્રાપ્તવ્યવહાર નિભાવ્યા અને એવા કઠિન પ્રારબ્ધનો અંત આવ્યા વિના શુભ વ્યવહારનો પણ ત્યાગ થઇ શકતો નથી; માટે એવા પ્રારબ્ધનો ક્ષય ભોગદ્વારા જ થવા દેવો. નવાં કર્મ કરવામાં સંભાળ રાખવી; જૂનામાંથી જે ભોગવાતાં હોય, અને જેને લીધે પરમાત્મસ્મરણમાં વિઘ્ન આવે છે એમ આપણો અનુભવ સાક્ષી પૂરતો હોય, તો તેવામાંથી આપણી વિવેકબુદ્ધિદ્વારા ઝીણવટથી બધું જુદું પાડીને એવાં જ બીજાં નવાં શુભ કર્મ કરવાની સાવધાનતાપૂર્વક ટેવ પાડવી કે જેથી સાત્ત્વિક સંપત્તિ (સત્ત્વગુણના સ્વભાવ)નાં લક્ષણો વધે અને પરમાત્મસ્મરણ આપણો સ્વભાવ બની જાય.

ત્યાગ જ્યારે બાહ્ય સ્થિતિનું લક્ષણ વા ચિહ્ન છે, ત્યારે વૈરાગ્ય (અનાસક્તિ) એ આંતરિક સ્થિતિનું સૂચક છે, આટલું સ્મરણમાં રાખજો. વૈરાગ્યની સિદ્ધ અર્થાત્ આંતર ત્યાગની પરિપકવ અવસ્થા વિના જેઓ કેવલ બાહ્ય ત્યાગની ક્રિયા

અને શાસ્ત્રોની યુક્તિ પ્રયુક્તિઓ કે પાંડિત્યપ્રદર્શન વડે જ્ઞાન સંપાદન કરવાની ઇચ્છા રાખે છે, અને એવી રીતે "ઉતાવળે આંબા પકાવવા" ધારે છે, તેમને એ કાચી અવસ્થામાં આ લોક અને પરલોક એટલે આ જન્મ અને બીજા જન્મોમાં પણ યથેષ્ટ ફલ મળતું નથી. પરિણામે ઉભયભ્રષ્ટ અવસ્થામાં એવો પ્રાણી ફસાઇ પડે છે.

અન્નવસ્ત્રનું પ્રારબ્ધ જ્યારે આપને સંતોષ પમાડે એવું છે, ત્યારે અંતરમાં પેસી, આપના હૃદયને નિઃસ્વાર્થ પ્રીતિ અને અધ્યાત્મવિદ્યાને પોષક થાય એવા સંસ્કારો વધારનાર, આપના વ્યવહાર તથા પરમાર્થના માર્ગમાં સહાયતા કરનાર સ્નેહીઓ વા સંબંધીઓ મળ્યાં હશે તો પણ બહુ થોડાં મળ્યાં હશે એવી મારી માન્યતા છે; અને આ યુગમાં આવી સંખ્યા બહુ અલ્પ છે.

પરંતુ તેથી મનુષ્યે અન્યની પાસેથી એવી સહાયતાની આશા રાખવી અથવા એવી સહાયતા કોઇ આપી શકે તેમ ન હોય તો એવા સમૂહનો અનાદર કરવો, એ બંનેમાંથી એક પણ માર્ગ, જો દીર્ઘ દૃષ્ટિથી વિચારી જોઇએ તો, તાત્કાલિક શ્રેય આપનારો નથી. કારણ કે બંનેમાં અજ્ઞાન જ મુખ્ય ભાગ ભજવે છે.

સાત્ત્વિક ત્યાગવૈરાગ્ય દ્વારા શાસ્ત્રો ચતુર્થ આશ્રમની આજ્ઞા આપે છે, પણ તે પહેલાં જો તામસિક અથવા રાજસિક ત્યાગદ્વારા એ આશ્રમનો સ્વીકાર કરવામાં આવે, તો એવા સાધકને ચતુર્થ આશ્રમ બહુ ભારે પડી જાય છે. એ આશ્રમધારી બન્યા પછી પૂર્વપૂણ્યને લીધે સત્ શાસ્ત્ર અને સદ્‌ગુરુની પ્રાપ્તિ વિના એકલા

અસહાય રહીને જેઓ તમસ્ તથા રજસ્ દૂર કરવા માટે સાધના કરે છે, એમને એ માર્ગ કષ્ટ અને કલેશ અપાવનારો નીવડે છે. અને કોઈ પૂર્ણ પુરુષ–શ્રી સદ્‌ગુરુનો આશ્રય ન મળે તો એને વિપથગામી થવાનો ભય –સંભવ રહે છે.

એ તમસ્‌ને શાસ્ત્રો ચિત્તની મલિનતા (મલ) અને રજસ્‌ને ચંચલતા અથવા વિક્ષેપ કહે છે. જગત્ અને જગતના લોકો પાસેથી સુખ અથવા પ્રેમની આશા રાખવી, જગતનાં પ્રાણીઓ અથવા પદાર્થો દ્વારા જ આનંદની પ્રાપ્તિ થશે એવી આશા વા માન્યતા રાખવી, એનું નામ કામ અર્થાત્ વાસના, અને એ જ ચિત્તની મલિનતા. સંસારમાં પ્રારબ્ધવશાત્ અન્યને યથાશક્તિ તન, મન, ધન અર્પણ કરીને સુખ આપવાનો પ્રયત્ન કરવો એ માનવ ધર્મ છે. પણ એના બદલામાં આનંદની આશા રાખવી, એમનાં ચિત્તની પ્રસન્નતાની, વા આભારવૃત્તિની લાલસા બાંધવી, એ પણ એ જ કામ, અને એવી સેવા પણ સકામ સેવા છે. એનું નામ જ ચિત્તનો મલ. ચિત્તને શુદ્ધ કરવાના ઉપાય તરીકે નિષ્કામ કર્મ–નિઃસ્વાર્થ વ્યવહાર એટલા માટે જ કહેલા છે કે જેથી ચિત્તમાં એ પ્રકારનાં સાત્ત્વિક કર્મના બદલામાં કશીયે આશા તૃષ્ણા ન ઊભી થાય, વ્યવહાર થાય, તન, મન, કર્મ કરે પણ એ માટેના બદલાની જરા યે ગંધ સરખી પણ ન હોય.

આમ નિષ્કામ કર્મ–બદલાની આશા વિના કરેલા કર્મથી જગત આપણા દ્વારા સંતોષ પામતું જાય અને આપણે નિષ્કામતા દ્વારા વિશુદ્ધ થતા જઈએ, એ છે સાધકની પ્રથમ ભૂમિકાની તૈયારી. એની ચિત્તશુદ્ધિ થઇ એટલે નિષ્કામ કર્મની ઉપયોગિતા પૂરી થઇ.

આટલું થયા પછી વિક્ષેપ, કે જે રજોગુણનું કાર્ય છે તેનું આપણને ભાન થાય છે, કારણ કે નિષ્કામ કર્મમાં જયારે આપણા સ્વાર્થને માટે કર્મ ન કરતાં અન્યના હિતને માટે, લોકહિતને માટે કર્મ કરીએ છીએ, ત્યારે અનેક સંખ્યાવાળા આ સંસારમાં અસંખ્ય પ્રાણીપદાર્થોના પરિચયમાં આવવાથી ચિત્ત નિરંતર એ બધાંનું જ, અનેકનું જ ચિંતવન કરે છે; આવી ભટકતી સ્થિતિ વિક્ષેપની અવસ્થા છે જેમાં સંસારમાં ત્રિતાપદગ્ધની સેવા કરવા જતાં અનેક પ્રકારના રાગદ્વેષ સહેજે નિભાવવા પડે છે. ધર્મીઓ પ્રતિ પ્રીતિ–સહાનુભૂતિ અને અધર્મીઓ પ્રતિ નિરાદર અથવા અભાવ કે ઉપેક્ષા સ્હેજે થઈ જાય છે. પ્રારબ્ધથી પ્રાપ્ત થતાં રક્તનાં સંબંધીઓ, તેમ જ અન્ય પ્રેમવશાત્ પ્રાપ્ત થતાં મનનાં માનેલાં મિત્રાદિ સ્નેહીઓની સેવા, રક્ષા અને યથોચિત પરિપાલના કરવામાં સંસારનાં રાજસિક તામસિક મનુષ્યોની સાથે પરિચય પડે છે, અને તે વખતે રાગદ્વેષ તથા અહંતામમતાને લીધે ચિત્તમાં ઘડી ઘડી એ વ્યવહારમાંથી પાછા હઠવાની બુદ્ધિ થાય છે; આવો ઉપાધિયુક્ત વ્યવહાર ન હોય તો ઠીક, આના કરતાં તો એકાન્તમાં રહી પરમાત્મચિંતવન કરીએ, સાદુંસૂકું અન્ન ખાઇને પણ નિર્વાહ કરીએ, તથા આ કલુષિત લોકરંજનિયો વ્યવહાર, તેમ જ કલુષિત તથા સંકીર્ણ મનના લોકોનો સહવાસ અને સંબંધ, એ બધું ન હોય તો ઠીક એવી વૃત્તિ થવાનું કારણ વિક્ષેપને લીધે પેદા થતી મંદ વૈરાગ્યની વૃત્તિ હોય છે.

જયારે આવી નિવૃત્તિપરાયણ, એકાન્ત પ્રીતિવાળી વૃત્તિનો ઉદય થાય છે, સંસારનાં કાર્યકારણનો વિચાર કરવાની સ્વાભાવિક ટેવ પડતી જાય છે, આ પ્રત્યક્ષ થતો સંસાર, આપણે પોતે

અને આ બધા પર સત્તા ચલાવનાર સત્તાધીશ ( પરમાત્મા ) એ ત્રણે શું છે? અને એ ત્રણેમાં મુખ્ય, નિત્ય, સત્ય, શુદ્ધ, તત્ત્વ કયું છે? એનો સાર કહાડવાની એટલી તો ઉત્કટ ઉત્કંઠા થાય છે, કે પછી એવો વ્યવહાર ગમતો નથી, બોજારૂપ થઈ પડે છે. એના સમાધાન વિના ચિત્તમાં શાંતિ આવતી નથી. એ સાર શોધીને સમજવા માટે અનેક સંકટો આવે, વનવન ભટકવું પડે, ભિક્ષા માગીને કે જગત્‌ની દયા ઉપર શરીરને છોડી દેવાની વૃત્તિ થાય; પ્રાણ જાય તો ભલે, અરે અનેક જન્મ એની શોધ કરવામાં વીતી જાય તો પણ ભલે, પણ આ નિત્ય રજસ્, તમસ્ અને સત્ત્વનાં કાર્યોની વ્યાવહારિક ( સાંસારિક ) ઘટમાળનો નિર્ણય, સારસત્ત્વ ખેંચી કહાડવો જ જોઈએ, એવા ત્યાગની ભાવનાને સાત્ત્વિક ત્યાગ શાસ્ત્રો કહે છે, અને ચિત્તની આવી આંતરિક અવસ્થાને વૈરાગ્ય કહે છે; મારી તો આવી સમઝણ મેં ગોઠવી રાખી છે.

વૈરાગ્ય વિના બાહ્ય ત્યાગ કરવો નકામો છે; કહો કે દુઃખદાયી છે; અને આવા ત્યાગ વિના મંદ વૈરાગ્ય હોય તો પણ તીવ્ર વૈરાગ્ય થતાં તો કૈં કૈં વર્ષો વીતી જાય છે. પ્રત્યેક જીવાત્માને એકાદ જન્મમાં આવી ચિત્તની અવસ્થા પ્રાપ્ત થાય છે જ. કારણ કે સત્ત્વગુણનો અંતઃકરણમાં પ્રભાવ પડવા માંડયો, એનાં ઝાંખાં સ્વપ્ન આવવા માંડયાં, એટલે એ વ્યકિત તરત જ ઉપરના પ્રશ્નોનું નિરાકરણ કરવા સ્વાભાવિક રીતે પ્રેરાય છે; અનાદિકાલથી પ્રત્યેક જિજ્ઞાસુના મનમાં ઊભા થતા સ્વાભાવિક પ્રશ્નોના સમાધાન માટે બાહ્ય વ્યવહારનો ત્યાગ કરવો પડે છે, નિવૃત્તિ ધારણ કરવી પડે છે, અને કેવળ એકાન્તસેવન દ્વારા પેલા ચિરકાલના ત્રણ પ્રશ્નોના સમાધાન માટે તનતોડ પરિશ્રમ કરવો

પડે છે, જેને વાનપ્રસ્થ વા ચતુર્થ આશ્રમની તૈયારી કહેવામાં આવે છે. કોઇને વહેલું તો કોઇને મોડું, પણ આ સમાધાન કરી લીધા વિના નિત્ય શાંતિ સાંપડતી નથી.

નિવૃત્તિની આવી ઉત્કટ ઇચ્છા અંતઃકરણમાં જાગ્રત થાય, અને એનો આવેશ ઉભરાઈ ઉભરાઇને વારંવાર આપણને વિહ્વલ કરીને વિશાલ માનવસમૂહથી પણ દૂર વનઉપવનમાં ચાલ્યા જવાનો આગ્રહ કર્યા કરે, ત્યારે સાચા વૈરાગ્યની, નિવૃત્તિના સેવનની, અને ત્યાગની ભૂમિકા પર આરોહણ કરવાના આપણે અધિકારી થયા છીએ એમ કહેવાય.

(૨)

૧–૨–૩૨

શરીરના ધર્મ એવા જ હોય છે. વૃદ્ધિક્ષીણતા એ જ એનો સ્વભાવ; એને જોયા કરવા, મિથ્યા માનવા, અને આત્મભાવના દૃઢ રાખવી, એ જ સ્વરૂપ સાક્ષાત્કારનું ઉત્તમ સાધન.

આપને પોતાને આત્મભાન રહે છે, સંસાર સ્વપ્નવત્ મિથ્યા છે એવું લાગ્યા કરે છે. ૐકારનું સ્મરણ રહે છે એમ લખો છો. એ વાત ખરી. પણ એની સાથે દેહાધ્યાસ શિથિલ થવો જોઈએ. અને થોડો વખત સ્થિર, એક આસને બેસીને ધ્યાનપરાયણ થતાં પણ શીખવું જોઇએ. પૂજાપાઠ કે ધ્યાન જો નિયમિત નહિ થાય, તો ઉત્તરાવસ્થામાં ચિત્ત પર જેવો જોઈએ તેવો સંયમ રાખવાનું કામ કઠિન લાગશે. સ્થિર આત્મબુદ્ધિ નહિ રહે, અને સંસારી ઉપાધિઓ તથા પ્રારબ્ધના વિચિત્ર ભોગમાં હર્ષશોક તથા રાગદ્વેષ સતાવ્યા કરશે. રોજ નિયમિત અમુક સંખ્યામાં ૐના જપ થાય તો પણ ઠીક. હું આજ્ઞા કરું નહિ અને તમે એવી નિયમિત ટેવ પાડો નહિ, એટલે આપણે આમ જ

જીવન વ્યતીત કરવાનું રહ્યું; આવું રહેશે તો તમારે માટે મારે હમેશાં અસંતોષ જ રાખવો પડશે. છતાં મને વિશ્વાસ છે કે તમે આત્મકલ્યાણને માર્ગે પ્રગતિ કરો છો અને કરશો. મારા તરફની મમતા નહિ તો કેવળ સહાનુભૂતિને લીધે પણ કોઈ કાળે તમને એ જ્ઞાનનિષ્ઠા થશે, એવી શ્રદ્ધા રાખ્યા વિના બીજો કશો ઉપાય મારી પાસે નથી. પરમાત્મા તમારું આત્મકલ્યાણ કરે. ૐ.

## ( ૩ )

૩–૩–૩૨

આ પત્રમાં લખો છો કે નિયમિત રીતે, જપ, તપ, ધ્યાન, પૂજામાં આમ પ્રવૃત્તિ કરશો તેથી એ પ્રમાણે કરશો જ એવી આશા અને શ્રદ્ધા રાખું છું. જપથી ધ્યાનમાં જે એકાગ્રતા જોઈએ એની શરૂઆત થાય છે. અર્થાત્, જપ ધ્યાનનો પ્રથમ પાઠ છે. જપ કરતાં કરતાં મનની ચંચલતા ઓછી થતી જાય છે, અને પરિણામે, જપના મંત્રનું, અથવા ઇષ્ટદેવનાં પ્રતીકનું ધ્યાન કરવામાં બહુ સરલતા થઇ પડે છે. ધ્યાનમાં જેટલી એકાગ્રતા વધતી જાય છે, તેટલી શાંતિ તથા સ્થિરતા મળે છે, અને એને પરિણામે ચિત્તશકિત પણ વધે છે. એ જપ, ધ્યાન, પૂજા, પાઠ, શ્રવણ, મનન, સત્સંગ વગેરેનું ફળ સામાન્ય વ્યવહારમાં જો કે સ્પષ્ટ જોઈ શકાતું નથી, પણ સંસારમાંથી જ્યારે નિવૃત્તિ ભોગવવાની હોય, દુઃખના પ્રસંગો આવી પડે, આપણી પ્રજાને કેળવણી આપી શુભ સંસ્કાર તરફ વાળવાની ફરજ ( ધર્મ )નો વિચાર કરવાનો હોય, ત્યારે એ ધર્મનું આચરણ આપણી પાસે એક એવો દીપક છે કે જેથી આપણે પોતે સન્માર્ગે રહી બીજાને ( આપણી સંતતિ તેમ જ મિત્રવર્ગને ) એ જ માર્ગે સલામતીથી લઇ જઇ શકીએ છીએ. તમે એ વિષયમાં હવે મક્કમ ( દૃઢ ) રહેશો એવી ખાસ સૂચના છે.

(૪)

૧૩-૧૧-૩૨

પરત્માત્મા જેમ રાખે તેમ સૌએ રહેવાનું છે. જગતમાં જો મનુષ્યનું જ ધાર્યું થાય, અને એની ઇચ્છા પ્રમાણે જ સુખદુઃખ ફર્યાં કરતાં હોય, તો એનો સ્વભાવ તો એટલો અભિમાની ને સ્વચ્છંદી છે, કે સાતમા સ્વર્ગમાં ચડીને એ આખા વિશ્વને ઊંધું વાળવાની પેરવી કરે, ને કેવળ નાસ્તિક બનીને મહાન્ સંહારક બની બેસે.

# ૪

(૧)

૧૬-૮-૩૦

ભક્તિ અને શ્રદ્ધાની પરીક્ષા એના આંતરિક ભાવથી થાય છે; બાહ્ય પદાર્થથી નહિ. અર્પણમાં મન, તન, અને ધન આવો ક્રમ છે; એમાં મુખ્ય પદાર્થ મન છે. એ વિનાનાં અન્ય બન્ને નિરર્થક છે. વળી તન-ધનમાં બધાંનું પ્રારબ્ધ સમાન હોતું નથી. મુખ્ય વસ્તુ જ મન-અંતઃકરણ છે અને પરમાત્માની પ્રાપ્તિનું સાધન પણ એ જ છેઃ શુદ્ધ મન એની પ્રાપ્તિ કરાવે છે, અશુદ્ધ મન સંસારનું ભ્રમણ ચાલુ રાખે છે.

એકાંતનું યથેષ્ટ સેવન કરો છો, તેમાં સ્વાધ્યાય પણ રહેતો હશે; અને તેની સાથે શારીરિક સ્થિતિ પણ સાધક થઈને રહે છે એ જાણી ખૂબ સંતોષ થયો છે. પરબ્રહ્મસ્વરૂપ શ્રી ગુરુદેવ તમને ઉત્તરોત્તર ઉન્નતિ પ્રાપ્ત કરાવે.

વાચન અને વિચાર ચાલુ રાખશો; વેદાન્તદર્શન પ્રમાણે "હું શુદ્ધ સત્-ચિત્-આનંદ છું" અને એનું પ્રતીક-ટૂંકું

ભાવવાચક નામ ૐ છે, એ ૐ હું તેમ જ સર્વ છે, એવું નિદિધ્યાસન પ્રત્યેક ક્ષણે ચાલુ રાખશો. અહોરાત્ર ગમે તેવી સ્થિતિમાં, કોઇ પણ જાતના વિધિનિષેધ વિના એ કરી શકાય છે; જે જે સ્થિતિમાં હું જીવ છું, હું શરીર છું એ ભાવના કરી શકાય, એવી સમસ્ત સ્થિતિમાં આત્મભાવના–બ્રહ્મભાવના સાધી શકાય છે. ૐ

સુખી હો; ૐ આનંદ !

# ૫

## ( ૧ )

૧૭–૮–૩૦

ચિ......ના શરીરની સ્થિતિ નિરાશાવાળી છે એ જાણ્યું. ચિત્તમાં શાંતિ રાખવી: દ્રષ્ટા રહેવું–રહેતાં શીખવું. તથા કર્તા–ભોક્તા જરાયે બનવું નહીં. મન વાચા અને શરીર એ પ્રકૃતિનાં કાર્ય છે તેથી હમેશાં કર્મપરાયણ જ રહેવાનાં. મન ધ્યાન, જપ, નિદિધ્યાસન, આત્મવિચાર કરે, કે સાંસારિક સંબંધોને સત્ય માની અહંતા–મમતાનો પાશ વધારી ભૂત–ભાવિની ચિંતાદ્વારા હર્ષ–શોક ભોગવે, એ બન્ને અવસ્થામાં પણ એ કર્મપરાયણ જ રહ્યું કહેવાય. પ્રથમ પ્રકારનું માનસિક કર્મ મનુષ્યને ભવસંસારના ચક્રમાંથી નિવૃત્ત કરે છે માટે એને નિવૃત્તિધર્મ અને મોક્ષવિષયક કર્મ કહ્યાં અને બીજા પ્રકારનાં કર્મ સંસારને સત્ય માની જન્મ–મરણની ઘટમાળમાં એકાદ દેહરૂપી નવો ઘડો વધારવાની પ્રવૃત્તિ કરાવે છે માટે એને પ્રવૃત્તિધર્મ અને સાંસારિક કર્મ કહ્યાં: બાકી બન્ને કર્મ, અને એ અનાત્મપદાર્થમાં થતી ક્રિયા; આપણે એથી સ્વતંત્ર, નિરાળા, કેવળ દ્રષ્ટામાત્ર.

આપણે તો મમતાને લીધે આપણાં માનેલાં શરીરોની પ્રારબ્ધની

ગતિનો વિચાર કરવો. અત્યારે ભોગવાતાં સુખદુઃખ, શોકમોહ ઈત્યાદિ પૂર્વકર્મનાં ફલ છે; એમાં ભોક્તા ન થવું; શરીર ભોગવે છે; અંતકરણના એ બધા ધર્મ છે, આપણા નથી; આપણે તો એનાથી પૃથક્ શુદ્ધ જ્ઞાન-દૃષ્ટિ માત્ર છીએ; મુક્ત, સ્વતંત્ર, ત્રિગુણાતીત છીએ, એવી ભાવના પ્રત્યેક ક્ષણે રાખવી એનું નામ નિદિધ્યાસન. એને માટે શરીરની પ્રત્યેક સુખમય સ્થિતિ એ આસન અને રાતદિવસની પ્રત્યેક ક્ષણ એને માટે યોગ્ય સમય છે. જે જે સ્થિતિમાં હું જીવ છું, શરીર છું, મનુષ્ય છું, સ્ત્રી વા પુરુષ છું, અમુક વર્ણ અથવા આશ્રમવાળો છું, રોગી કે નીરોગી છું, ભૂખ્યો તરસ્યો છું, સુખીદુઃખી છું, જ્ઞાની કે અજ્ઞાની છું, આ પ્રકારની ભાવના થઇ શકે છે, તે પ્રત્યેક અવસ્થામાં હું શુદ્ધ સત્ ચિત્ આનંદ છું, મારામાં આ ભાસમાન થતો સંસાર એક કલ્પનામાત્ર છે એવી ભાવના થઇ શકે, એમાં બીજા કશા પણ કર્મકાંડના જેવા વિધિનિષેધની જરૂર નથી. વિધિનિષેધનો સંબંધ અમુક ફલની અપેક્ષાએ હોય છે; આમાં તો કશા ફલની આશા નથી. એમાં તો ભૂલી ગયેલાની, વિસ્મૃત સ્વરૂપની સ્મૃતિ જાગ્રત કરવાની છે. એમાં તો જે કલ્પનાથી, જે બુદ્ધિથી આ ભેદાભેદવાળો અનિર્વચનીય સંસાર ઉત્પન્ન કર્યો છે, તેને એ જ બુદ્ધિથી-વિચાર ભાવનાથી ઉડાવી દેવાનો છે; બાધ કરવાનો છે. બાધ એટલે નાશ નહીં, પણ એના મિથ્યાત્વનો નિશ્ચય. જુઓ, પંચદશી; ચિત્રદીપ નામના છઠ્ઠા પ્રકરણનો શ્લોક ૧૩.

અત્યંત દયાથી દ્રવીભૂત થઇને કોઈનું શરીર જલદી લય થઇ જાય એમ ઇચ્છવું એ પણ અજ્ઞાન છે. આપણો સાચો ધર્મ તો આપણી શકિત પ્રમાણે એ જીવાત્માની વર્તમાન સ્થિતિમાં

સારવાર કરવાનો છે, એના ચિત્તને બને એટલું સાંત્વન આપવાનો છે. પણ આપણે એમ કહીએ કે એ બચે એમ નથી તેથી હવે જલદી છૂટે તો સુખી થાય, એ કલ્પના પણ ઠીક નથી. પુનર્જન્મના સિદ્ધાંતને માનવામાં જ્યાં આપણને અટલ શ્રદ્ધા છે, ત્યાં વર્તમાન જન્મમાં સ્થૂલ શરીરનાં દુઃખથી દુઃખી થતો જીવાત્મા આ શરીરનો ત્યાગ કર્યા પછી, અન્ય શરીર ધારણ કરતી વખતે, ગર્ભમાં અથવા જન્મતાં વેંત જ નીરોગી રહે વા રોગી, એની કોઇ ખાત્રી આપી શકે એમ નથી અને આ શરીર છૂટયા પછી એ તરત જ સુખ પામશે એની પણ ખાતરી કોણ આપે છે? વિષપ્રયોગથી દુઃખી શરીરનો પ્રાણત્યાગ કરવો એનો અર્થ કેવળ જડવાદ અને પ્રત્યક્ષ-વાદમાં માન્યતા રાખવી એવો થાય છે, કે જે કેવલ નાસ્તિકતા છે.

શરીરોનાં સુખદુઃખ પ્રત્યેક મનુષ્યને પોતપોતાના કર્માનુસાર આવે છે; આપણો ધર્મ એના નિવારણ માટે તન-મન-ધનપૂર્વક પુરૂષકાર કરવાનો છે અને પરિણામ, એના કર્મભોગ, પ્રારબ્ધ વા ઈશ્વરના હાથમાં છે એમ માનીએ છીએ, અને એવું અનુભવમાં આવે છે, તેથી એવી શ્રધ્ધા રાખવી કે જેવું એ જીવાત્માના ફલભોગનું નિર્માણ હશે તેમ થશે. માટે દુર્બલતા કે નાસ્તિકતા આપણા ચિત્તમાં પ્રવેશ ન કરે એની ખાસ સાવધાનતા રાખવી. આવી અત્યંત અજ્ઞાનભરી અને અયોગ્ય દયાને લીધે જ પશ્ચિમ પ્રદેશોમાં કૃત્રિમ ઉપાયોથી ઘરડાંખુઢ્ઢાં, તેમ જ માંદા પડેલાં અશક્ત જાનવરોના પ્રાણ હરવામાં આવે છે. પરમાત્મા આપણને આવા ન્યાયાધીશ થતાં બચાવે! ૐ

આપણે દ્રષ્ટા રહેવું; એ જીવાત્માને અંતઃકરણથી એવો આશીર્વાદ આપવો અથવા એને એવા પ્રકારનું જ્ઞાન તથા શ્રદ્ધા શીખવવાનો પ્રયત્ન કરવો કે એના પ્રારબ્ધનું દુઃખ સહન કરવાની

પરમાત્મા એને શક્તિ આપે. એની ઉન્નતિ થાય. એને ભાવિ જન્મ પરમાત્મપ્રાપ્તિમાં અનુકૂળતાવાળો પ્રાપ્ત થાય, આવું શુભ-ચિંતવન કરવું. પ્રાણત્યાગનો પ્રસંગ તો એનાં કર્મને અધીન હોય છે; આપણે આવું જ્ઞાનબળ રાખી દૃઢ રહેવું. અત્યાર સુધી જે શ્રવણ મનન કર્યું હોય, વાચનવિચાર થયાં હોય, જપતપાદિ સાધન કર્યાં હોય, સત્સંગ સેવ્યો હોય, એ બધાંમાંથી કેટલું જ્ઞાનફળ પ્રાપ્ત કર્યું એની આ તો પરીક્ષા કહેવાય! માટે પૂર્ણ બલ રાખવું. ચિત્તની આવી કોમલતા એ દયા નથી. પણ અજ્ઞાન અને દુર્બલતા છે. જ્ઞાન પુસ્તકોમાં નથી આપણે સ્વરૂપે જ્ઞાન છીએ. જે જ્ઞાન અર્થાત્ ચિત્, તે જ સત્ અને એ જ આનંદ! હિમ્મત હારવી નહીં.

( ૨ )

૭-૯-૩૦

ચિ......સંબંધી રૂપે, ઇંદ્રિયો અને મનને પ્રત્યક્ષ થતું શરીર પંચત્વ પામ્યું. ભવસાગરના અનંત જલમાં ઉઠેલો એક બુદ્‌બુદ શાન્ત થયો એમાં કયાં વધઘટ થઈ? આ તો દ્વૈતની વ્યવહાર દૃષ્ટિએ એટલે કે આધિભૌતિક દૃષ્ટિએ સમાધાન થયું.

પણ વાસ્તવિક દૃષ્ટિમાં તો ઉત્પત્તિ જ કયાં હતી કે વિનાશ માનવો પડે? મન અને ઇંદ્રિયો દ્વારા તત્ત્વમાં એક અમુક સંબંધી એવો અધ્યારોપ ( કલ્પના-ભ્રમ ) થયો હતો, તેનો અપવાદ ( બાધ ) થયો. વસ્તુ તો જેમની તેમ વિલસી રહી છે. ૐ શાંતિ!

જ્ઞાની શોક ન કરે એ ખરી વાત છે, પણ એનો અર્થ એવો નથી કે સદ્‌ગત જીવાત્માનું કલ્યાણ ન ઈચ્છે.

અન્ય વ્યાવહારિક દશાને સાચી માનીને જીવન ગાળનારા અને સંબંધ સાચવનારા જીવાત્માઓ, જ્યારે એ જીવની સદ્દગતિ, વૈકુંઠવસ, સ્વર્ગવાસ ઇચ્છે છે, ત્યારે જ્ઞાની તો એને સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ માને અને અનુભવે છે. પણ એનામાં સહનશકિત, સમજણ, વિવેક વગેરે સત્ત્વગુણનાં લક્ષણ સ્પષ્ટ હતાં. એ ઉન્નતિને માર્ગે જ છે એમ ચોક્કસ માનજે.

* * *

પ્રારબ્ધ ભોગની લીલા કેટલી વિચિત્ર છે એ તો જો. બધા ખેલ જ અટપટા; અને ક્ષણે ક્ષણે એમાં નવીનતા અને આંટીઘૂટી. આ બધી માયામય દૃષ્ટિ સુધીની કેવલ લીલા. સ્વરૂપ ન ભૂલીશ. સમસ્ત બ્રહ્માંડ માત્ર તારી કલ્પના છે એમ જાણજે. ચિત્તમાં વિક્ષેપ ન આવવા દઈશ. જે થાય તે જોયા કરજે.

( ૩ )

૧૪-૯-૩૦

વ્યવહારની જાળ તમે જે પહેલાં બહુ પાથરી મૂકી છે, એમાંથી સહજ સ્વભાવે જેટલી ઓછી થાય, તેટલી કરવાની કાળજી રાખીને મહેનત અવશ્ય કરવી. ગમે તેવો વ્યવહાર, એટલે કે કાંઇ ધાંધલ આવી પડે, અને તે અનિવાર્ય હોય એમ લાગે તો એમાં સ્વપ્નવત્ માનીને કેવળ દ્રષ્ટા માત્ર સત છે, અને સમસ્ત દૃશ્ય અસત્ છે એમ સમજીને ચિત્તની સમતા રાખવી એ ખરું, તો પણ સ્વરૂપનો આનંદ વિશેષ અનુભવવો હોય તો ધીરે ધીરે પ્રવૃત્તિનું કુંડાળું ટૂંકું કરવું જ જોઇએ. કારણ કે મન અને શરીર જેટલી જેટલી લૌકિક પ્રવૃત્તિ ઓછી કરે, એટલી એટલી આત્મિક અભ્યાસની, સ્વરૂપના વિચારની, નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત કરવા માટે ધ્યાનધારણાની પ્રવૃત્તિ

કરવાનો વિશેષ અવકાશ મળે એ સ્વાભાવિક અને સૌને સમજી શકાય એવું છે. માટે એવો પ્રયત્ન તો કરતાં રહેવું જ જોઇએ. એમાં પ્રમાદ આવે એટલે એનું નામ તમોગુણ, અને એ જ આવરણ. એને પરિણામે સ્વરૂપની વિસ્મૃતિ, વિસ્મૃતિને લીધે જગતને સત્ય માનવાની સમજણ ( અજ્ઞાન ) અને પછી લૌકિક વ્યવહારમાં શોક–હર્ષ, દુઃખ–સુખ વગેરે દ્વંદ્વોથી માંડી બધાં જન્મ–મરણ, અને વાસનારૂપી સંસ્કાર, આવી અનેક પરંપરા (સાંકળ) ચાલે; માટે ગફલત ન થવા દેવી ને પૂરેપૂરી સાવધાનતા રાખવી. પાઠ, પૂજા, જપ, ધ્યાન, તત્ત્વચિંતન, વેદાંતના ગ્રંથોનો અભ્યાસ, ચાલુ જ રાખવાં. બધાં એક સાથે ન થાય તો એમાંથી એક તો અવશ્ય રાખવું જ. અવધૂતગીતા અને અષ્ટાવક્ર ગીતાને ન ભૂલવાં.

સૌ પોતપોતાનાં પ્રારબ્ધ જ ભોગવે છે. જેવાં જે શરીરનાં પ્રારબ્ધ, તેવા જ અંતરમાં સંસ્કાર. આપણે શાંતિ રાખવી ને નિસ્પૃહ તથા અસંગ રહેવું.

**( ૪ )**

૮–૧૨–૩૦

કશી પણ શાસ્ત્રની વાત ન સમજાય ત્યારે ઉદ્વેગ ન થવો જોઈએ. આત્મજ્ઞાનીનો અર્થ એવો નથી કે સમસ્ત જગતનાં શાસ્ત્રોનો એ પંડિત હોય; જેટલું સમજાય તેટલું યાદ રાખવાથી એ અસંતોષ દૂર થશે. તને ઉતાવળથી જ બધાં કાર્ય કરવાની ટેવ છે; વાચનમાં પણ એમ જ થતું હશે એમ લાગે છે. અને તેથી જ વાંચેલું ઘડી ઘડી ભૂલી જવાય છે, ને પરિણામે ઉદ્વેગ થાય છે. ધ્યાનથી ચિત્તની સ્થિરતા થશે; સ્મરણશક્તિ વધશે અને પરિણામે ઉદ્વેગ પણ ઓછો થશે.

શ્રવણ, મનન, અને નિદિધ્યાસન—એના ક્રમમાં જો નિદિધ્યાસન દૃઢ ન થાય તો શંકાઓ રહ્યા કરે છે. એ નિદિધ્યાસન એટલે अहंब्रह्मास्मि નો અર્થ ૐ-માં ભરીભરીને રટણ—રાતદિન રટણ કર્યા કરવું; એ જ મુખ્ય સાધન છે.

કેવળ તર્કના ગ્રંથો વાંચ્યા કરવાથી નિર્જીવ શંકાઓ ઉત્પન્ન થાય છે. પણ જો મનનનો દશમો ભાગ પણ નિદિધ્યાસન થતું હોય તો તર્ક સ્વાભાવિક રીતે જ શાંત થાય છે. જેટલી અંતર્મુખ વૃત્તિ વિશેષ એટલું અપરોક્ષજ્ઞાન દૃઢ કરવામાં સગવડતા વધારે. બીજું કંઇ ન થાય તો પણ ૐનો જપ શરૂ કરો. ૨૦૦ માળા સુધી એકાન્તમાં બેસીને એનું રટણ કરો; એની મેળે બધું ઠીક જઇ જશે.

આવરણ અને વિક્ષેપ; એ બે શકિતઓમાંથી આવરણ દૂર થયા પછી પણ જયાં સુધી દેહ અને દેહના વ્યવહારો હોય ત્યાં સુધી તીવ્ર પ્રારબ્ધવશાત્ કોઇ વાર વિક્ષેપ થાય, પણ એને તત્કાલ દૂર કરવાનું સામર્થ્ય તો હોવું જોઇએ.

મનુષ્યજીવન હાયવોય અને શોક કરવા માટે નથી મળ્યું. આત્મસ્વરૂપનો વિચાર એટલા માટે કરવો કે એ શુદ્ધ સચ્ચિદાનંદ છે, વિષયને અધીન નથી તેથી સ્વતંત્ર છે, અને નિત્ય રહે એવો છે, એથી શાશ્વત છે. એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. વિસ્મૃતિની સ્મૃતિ અને મૂલ સ્વરૂપનું અનુસંધાન છે.

(૫)

૩-૯-૩૧

ગીતામાં જયાં અસંગ શસ્ત્ર (અ. પંદર) વાપરવાનું કહ્યું છે એ અંતરંગ સાધન છે. ત્યાં પણ ચિત્તથી અસંગ થવું,

એ જ જીવનમુકિત છે; એ જ આત્માનંદ છે; એમ અનેક સ્થળે કહ્યું છે. હવે, શરીર હોય ત્યાં સુધી સ્વપ્ન-જાગ્રત અવસ્થા અને સૂક્ષ્મ તથા સ્થૂલ શરીરનો વ્યવહાર રહે છે; જ્યાં સુધી વ્યવહાર હોય ત્યાં સુધી મન અને ઇન્દ્રિયો પ્રવૃત્ત હોય, એને લીધે શરીરની હયાતી સુધી અસંગ ન જ થઇ શકાય એવી શંકા કરીએ તો સંસારમાં અત્યાર સુધી કોઈએ જીવન્મુકિત ભોગવી નથી, કોઈ જ્ઞાની થયું જ નથી, એમ માનવું પડે, કે જે અસંભવિત છે. જીવન્મુકિત માનનારાં ઉપનિષદ્ ખોટાં ઠરે છે. અનુભવીઓનાં વાકયપ્રમાણ મિથ્યા બને છે, અને સાધન નકામાં બની જાય છે.

જરા પંચકોશનું સ્મરણ કરો. આનંદમય કોશ વગેરે પાંચે કોશનો વિચાર કરો. આનંદમય કોશ નીચેના ચારે કોશમાં વ્યાપ્ત છે. વિજ્ઞાનમય કોશ નીચેના ત્રણ કોશમાં વ્યાપ્ત છે. મનોમય કોશ એની નીચેના બન્નેમાં વ્યાપ્ત છે. પ્રાણમય કોશ અન્નમય કોશમાં વ્યાપ્ત છે. અને અન્નમય કોશ તો જડ છે, તેથી એની વ્યાપકતા સંભવતી નથી. આ બધો જાગ્રત તથા સ્વપ્ન અવસ્થાનો વ્યવહાર છે. જાગ્રતિના વ્યહારમાં પાંચ કોશો વડે વ્યવહાર થાય છે; પૂર્વ સંસ્કાર પ્રમાણે કારણ શરીરમાંથી ( આનંદમય કોશમાંથી ) કર્મ કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે, તેમાં વિજ્ઞાનની સહાયતા લીધા વિના, એટકે કે સારાસારનો વિવેક કર્યા વિના મનોમય, પ્રાણમય અને અન્નમય વડે વ્યવહાર થાય જેમાંથી હર્ષશોક વગેરે દ્વંદ્વો ઊભાં થાય છે; હર્ષમાં મનોમય કોશ બાહ્યવ્યાપ્તિ કરે છે. શોકમાં પ્રાણમય તથા આનંદમયનો સંકોચ થાય છે; કોઈ વાર મનોમય કોશ સ્તબ્ધ થાય કે સુષુપ્તિ ભોગવે છે તે વખતે વિજ્ઞાન અને આનંદ-

મય કોશ પણ સ્થિરતા પ્રાપ્ત કરે છે. પણ આ સ્થિતિ ક્ષણિક રહે છે. ઉપરાંત મનોમય કોશમાં મોહમમતા વગેરે દ્વંદ્વના સંસ્કાર રાગદ્વેષરૂપે સ્થાયી રહે છે, અને તેથી પ્રવૃત્તિનું ચક્ર થોડીવાર પછી પાછું ચાલુ થાય છે.

જ્ઞાની અથવા જિજ્ઞાસુ પોતાનો સ્વભાવ જુદી રીતે કેળવે છે. એને પણ જો કે વ્યવહાર કરવામાં બધા કોશોની આવશ્યકતા પડે છે છતાં એના મનોમય કોશની અશુદ્ધિનો નાશ થવાથી (મનોનાશ અને વાસનાક્ષયને માટે પ્રબલ પુરુષાર્થ કરેલો હોવાથી) મલિન વ્યવહારના સ્થાયી સંસ્કાર એના વિજ્ઞાન સુધી પહોંચતા નથી; એનો આનંદમય કોશ અસંત નિર્દોષ હોય છે. વિજ્ઞાનનાં જ્ઞાન (પ્રકાશ) તથા તીવ્રતા એટલાં બધાં બળવાન બને છે, કે કારણશરીરમાં એની કશી છાપ પડતી નથી. વ્યવહારકાલે વ્યવહાર અને પછી અન્ય ક્ષણે જ (રબ્બર જેમ ખેંચીએ ત્યારે લાંબું થાય, ને મૂકી દઇએ એટલે પાછું પોતાના મૂળ આકારમાં આવી જાય, તેમ) પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે.

ગીતામાં પ્રજ્ઞાની સ્થિરતા (સ્થિતપ્રજ્ઞ સ્થિતિ) કહી છે, એ વિજ્ઞાનમય કોશની વિવેકભરી પ્રતિભા શકિત છે; નિર્માની-મોહી બુદ્ધિની પરિપકવ અવસ્થા છે; આત્માના પરમ પાવક જ્ઞાનથી બુદ્ધિ વિશુદ્ધ થવાથી ઋતંભરાનો ઉદય થાય છે. વિવેકવૈરાગ્ય દ્વારા એ કોશ એટલો બધો પ્રકાશિત હોય છે કે, અગ્નિમાં ઇન્ધન ભસ્મ થઇને ઉલટો પ્રકાશમાં વધારો કરે તેમ, જ્ઞાનીનો શુદ્ધ વ્યવહાર ઉલટો પોતાના જ્ઞાનવૈરાગ્યમાં વધારો કરે છે, ઘટાડો નહિ. અજ્ઞાનીને જેમ વ્યવહારમાંથી અજ્ઞાન વધતું જાય છે, તેમ જ્ઞાનીને પોતાના વ્યવહારથી આત્મજ્ઞાન દૃઢ થતું જાય છે. પણ આથી એમ ન સમજવું કે જ્ઞાન દૃઢ કરવા માટે પ્રવૃત્તિ (વ્યવહાર) આવશ્યક છે. સાચા જિજ્ઞાસુ કે જ્ઞાનીને નિવૃત્તિ કે શુદ્ધ પ્રવૃત્તિમાં સમાન લાભ

છે. અને નિવૃત્તિમાં જીવનમુકિતનો વિશેષ આનંદ મળે છે તેથી એ વિશેષ ઉપકારક છે. નિવૃત્તિમાં આંતર, બાહ્ય બન્ને રીતે અસંગ રહી શકાય છે, ત્યારે પ્રવૃત્તિમાં આંતર તો અસંગ છે જ, પણ બાહ્ય સંગ રાખવો પડે છે, તેથી ચિત્તને નિર્મોહી અને અસંગ રાખવાની સાવધાનતા રાખવી પડે છે. એટલા માટે પૂર્વકાળમાં મહાપુરુષોનો નિવૃત્તિ પ્રતિ પક્ષપાત રહેતો હતો અને અત્યારે પણ રહે છે.

( ૬ )

૩૦-૧૦-૩૧

મને કોઈ ગુરુ કહે, અથવા હું કોઈનો ગુરુ છું એવું માનતાં કે કહેતાં ચિત્તમાં વજ્રપ્રહાર થાય છે, હું તો તમને શિષ્ય ન માનતાં મારું આત્મસ્વરૂપ માનું છું: પણ સાચી વસ્તુ એ છે કે આપણને જે સન્તમાં ગુરુત્વ બુદ્ધિ હોય, ત્યાં તો જેમ અંતર્યામી પાસે એકાંતમાં બેસીને આપણા ચિત્તની શુભ કે અશુભ વૃત્તિઓને પાથરીને બેસીએ છીએ, અને એમ કરતી વખતે આપણી વૃત્તિઓને સ્પષ્ટ જોઇ શકીએ છીએ, તેમ ગુરુસમક્ષ જ્યાં વિઘ્નકારક વૃત્તિઓનું નિવેદન કરીને એને નિર્મૂળ ન કરીએ, ત્યાં સુધી આપણું અંતઃકરણ શુદ્ધ થયું ન કહેવાય.

તાત્પર્ય એ છે કે સંતસાધુ પ્રતિ આપણને જો શ્રદ્ધા હોય, તો ચિત્તશુદ્ધિ માટે આપણી દુર્બલતાઓ, આનંતરવ્યથાઓ કે ઉપાધિઓનું સહજ સ્વભાવે વર્ણન થાય તેમાં સંકોચ ન માનવો. એથી આપણી નિરભિમાન વૃત્તિ કેળવાય છે અને અંતઃકરણ શુદ્ધ અને સરલ થાય છે.

હવે સંસારની વાત; સંસારના બધા સંબંધમાં જ્યાં સુધી આત્મદર્શન ન થાય ત્યાં સુધી મલિન, ગુણમયી તથા માયામુગ્ધ દૃષ્ટિ રહેવાની; અને પરિણામે એ સંબંધોમાં શંકા, કુશંકાઓને લીધે દુઃખ જ આવી પડવાનાં; શરીરનાં કે મનનાં સંબંધીઓમાં આત્મદૃષ્ટિ ( સમદૃષ્ટિ ) વધારવી, અને બધા સંબંધો મિથ્યા છે આવો વૈરાગ્ય અંતરમાં દૃઢ રાખીને એમની સંકુચિત મનોદશાનો આપણા ચિત્તને સંગદોષ ન લાગે એ માટે અંતરથી સાવચેતી રાખવી.

( ૭ )

૧૧-૧૧-૩૧

કશી ક્રિયા આત્મામાં-તમે જે શુદ્ધ નિર્વિકારી, નિષ્ક્રિય સ્વરૂપ દેશકાલથી મુક્ત છો તેમાં-નથી. ઉપરાંત પૂર્ણ છો; એટલે કશું કર્યું નહિ, કશું થતું નથી કે કશુંયે નહિ થાય, એ ત્રિકાલની એને ચિંતા શેની ? ૐ

( ૮ )

૩૧-૧૧-૩૧

દૃશ્યમાં જડતાનું, નિષ્ક્રિયતાનું, કશું યે નથી થતું એવી અક્રિયતાનું તને ભાન થાય છે, એ સક્રિયનિષ્ક્રિય સમસ્ત વૃત્તિઓમાં સર્વત્ર અનુસ્યૂત, ઓતપ્રોત, નિત્ય, પરિપૂર્ણ દૃષ્ટિસ્વરૂપ, આત્મા છે. એમાં ક્રિયાના અસંતોષની ભાવના ઊઠે છે, એ જ અજ્ઞાન! પૂર્વાધ્યાસને લીધે અથવા લોકસંગ્રહ નિમિત્ત કર્મઉપાસના અને લોકવ્યવહાર કરવો પડે છે; પણ ચિત્ત એમાં જ આસક્ત રહે, અથવા એમાં જો ક્ષતિ પડે તો અપૂર્ણતા લાગે, એ સ્થિતિ તો આત્મદૃષ્ટિ દ્વારા તત્કાળ દૂર કરવી જોઇએ.

( ૯ )

તા. ૨૭-૧૧-૩૧

જો મનન-નિદિધ્યાસન થાય, તો તમારા પત્રોની અંદર વિક્ષિપ્ત અવસ્થા તથા વ્યાવહારિક અશાંતિનાં કારણો તમે લખો છો. એ બધાં સહેજે દૂર થઈ જાય. પણ તમારા ઉતાવળીઆ સ્વભાવને લીધે કોઇ પણ વાત પર શાંતિથી વિચાર કરી સાધન શોધી શકાતાં નથી, અને તેથી જ અહીં જાઉં, પણે જાઉં, આની પાસે રહું, ફલાણા પાસે રહું, આ વાંચું, પેલું વાંચું, ગુરુ પાસે શ્રવણ કરું, શિષ્યભાવે રહું, આવા હજારો વિકલ્પ તમને સતાવ્યા કરે છે.

હવે જો આ વિકલ્પોને દૂર કરો તો મારા ઉપર મોટી કૃપા કરી કહેવાશે. આવા વિકલ્પો જ્યાં સુધી બંધ નહિ થાય ત્યાં સુધી શાંતિ નહિ ભોગવી શકો. જે કાલે શરીર ક્રિયાઓ કરે, તે કાલે એ પ્રત્યેક ક્રિયામાં સ્વધર્મ તથા શુદ્ધિનું યથેષ્ટ પાલન થાય છે, એટલી જ સાવધાનતા રાખવાની છે. તમારા શુદ્ધ સ્વરૂપમાં વ્યવહારના હાનિલાભથી ક્યાં કશી વધઘટ થવાની હતી? કોઇ સ્ત્રી જિજ્ઞાસુને સ્ત્રીનું શરીર બંધનકારક છે એમ લાગતું હોય, તો પુરુષ જિજ્ઞાસુને પુરુષશરીર પણ બંધનકારક લાગવું જોઇએ; પણ સાચી વાત સ્ત્રીપુરુષના શરીરનું બંધન નથી; બંધનનો હેતુ તો મુખ્યત્વે મન અને ગૌણરૂપે કેવલ શરીર છે; બંધનના પદાર્થો, વસ્તુઓ, વસ્તુસ્થિતિઓ, સંબંધો એ બંધનના હેતુ નથી; બંધનના ભાનમાં મુખ્યત્વે મોહમમત્વ ભરેલું મન મુખ્ય ભાગ ભજવે છે. મન જ બંધનું કારણ છે, એ વાત ક્યારે સમજશો? પોતાની મેળે પ્રત્યેક વાતનું સમાધાન કરી ક્યારે રહેતાં શીખશો? ૐ

જ્યાં સુધી વસ્તુ પ્રાપ્તવ્ય છે અને એ દૂર છે એમ ચિત્તમાં લાગ્યા કરે, ત્યાં સુધી જિજ્ઞાસુનો જ્ઞાનની ભૂમિકામાં પ્રવેશ થતો નથી. આત્મા પ્રાપ્તવ્ય નહિ, પણ જ્ઞાતવ્ય છે એટલું પહેલાં સમજી લેવું. એ માટે આપણે થોડો જ્ઞાનની ભૂમિકાનો વિચાર કરીએ.

શુભેચ્છા—પ્રથમ ભૂમિકામાં પ્રાપ્તવ્ય કે મંતવ્યનો નિશ્ચય થાય છે; કર્મમાર્ગી તથા ભક્તને પોતાનાં ઇષ્ટ, (અનુક્રમે સ્વર્ગાદિ સુખ અને ઇષ્ટનાં દર્શન) બહુ જ દૂર હોવાથી અથવા પરલોકગમનની એમનાં ચિત્તમાં આશા હોવાથી, એમનું ચિત્ત હંમેશાં પ્રાપ્તવ્ય અને ગંતવ્યમાં નિમગ્ન રહે છે. સુખ અથવા ઇષ્ટદર્શન માટે લોકપરલોકમાં ગમનાગમન કરવું છે, એવી એમના ચિત્તમાં ભાવના રહે છે. અમુક કર્મ થશે એટલે અમુક સુખ મળશે; ભગવાનનો વાસ અમુક લોકમાં છે, ત્યાં જવાશે ત્યારે ભગવાન્ મળશે એવી એમની વૃત્તિ હોય છે. પણ જ્યારે પ્રાપ્તવ્ય કે ગંતવ્યથી વૈરાગ્ય આવે, લોકપરલોકનાં સુખ અને આપણાથી અન્ય પ્રદેશમાં વસતા ભગવાનનાં દર્શનની વાસના તૂટે, જ્યારે એને શાસ્ત્ર તથા સંતો ગંતવ્યનો મોહ છોડાવે, અને એ પોતે પણ એ પરમાત્મા પ્રાપ્તવ્ય છે કે ગંતવ્ય એનો વિચાર પૂછે ત્યારે એને કંઈક શુભ વિચાર કરવાની શક્તિ આવે. ભવિષ્યમાં મારે કંઈક મેળવવું છે અને વર્તમાનમાં એ વસ્તુનો અભાવ છે, એવી ઇચ્છામાં જો ઉદ્દેશ શુભ હોય ત્યારે એ શુભેચ્છા કહેવાય છે. વળી ગંતવ્ય તો કે બહુ દૂર હોય છે, ત્યારે પ્રાપ્તવ્ય કોઈવાર પાસે જ પડયું હોય છતાં દૃષ્ટિદોષને લીધે એ પણ અપ્રાપ્તના જેવું લાગે છે. તેથી એ પ્રાપ્ત કરવામાં જરા પરિશ્રમ કરવો પડે છે.

આવા પરિશ્રમની ઇચ્છા, વસ્તુ મેળવવા અને જાણવાની તીવ્ર ઉત્કંઠા, એ જ્ઞાનની પ્રથમ ભૂમિકા છે.

સુવિચારણા—બીજી ભૂમિકામાં એ પ્રાપ્તવ્ય પાસે જ છે, કે આપણે પોતે જ છીએ, એનો વિચાર કરવાનો છે. બ્રહ્મ-વિદ્યાના આચાર્ય સ્પષ્ટ કહે છે કે એ અપ્રાપ્ત નથી તેથી પ્રાપ્તવ્ય પણ નથી, તું પોતે જ તે છે. સમસ્ત દ્વૈત ઉપાધિથી મુક્ત એ આત્મતત્વ નામરૂપથી મુકત છે, નિરાળું છે, શુદ્ધબુદ્ધ છે, માટે એને પ્રાપ્તવ્ય ન માનતાં નિત્ય પ્રાપ્તની વિસ્મૃતિ માની, એનાં દર્શનસાક્ષાત્કાર કરવા માટે બુદ્ધિને શુદ્ધ વિચારવાળી કરવા માટે તત્પર થવું જોઈએ. આને માટે પ્રથમ તો ગંતવ્ય-પ્રાપ્તવ્યનો ત્યાગ, અર્થાત એ વસ્તુ નથી દૂર કે નથી સમીપ, પણ સર્વત્ર અને હું પોતે છું, તેથી એ વિના બીજા જેટલા વિચાર આવે એને વિજાતીય માની, સ્વરૂપ ભાવનાથી ચિત્તને સ્થિર કરવું જોઇએ. આનું જ નામ અદ્વૈત ભકિત અને અહંગ્રહ ઉપાસના છે. આવી અદ્વૈત ભકિતદ્વારા સ્વરૂપ વિચાર કરવાનો હોય ત્યારે વ્યવહારનો બહુ જ સંકોચ થઇ જાય છે. ખૂબ ભટકવું, આમતેમ દોડવું, તીર્થભ્રમણ, મિત્રોસંબંધીઓમાં સત્યત્ત્વ બુદ્ધિ, એ બધું સ્વાભાવિક રીતે જ બહુ ઓછું થઇ જાય છે. એને ગમે છે એકાંત, ઇચ્છા હોય છે પરમ વસ્તુને જાણવાની અને એમાં જ બુદ્ધિ રોકાઇ રહીને એનો જ વિચાર કર્યા કરે છે. કહેવાનો ભાવાર્થ એવો નથી કે સંન્યાસી કે ત્યાગી થવું જોઇએ, પણ આવી સમજણ કે સગવડ જેને ઘેર બેઠે મળતી હોય તો પછી ગૃહસ્થ હોય કે વાનપ્રસ્થ, પણ જ્યાં હોય ત્યાં જ રહી, પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહાર શાંતિથી કંટાળ્યા વિના નિભાવે; પ્રાપ્તવ્ય-ગંતવ્યની ભ્રાંતિ છોડે; અપ્રાપ્તની વિસ્મૃતિ કહાડી નાંખે અને

શાસ્ત્ર તથા સંતોના અનુભવની સહાયતાથી પોતે પ્રાપ્તઅપ્રાપ્તથી પર સદાસર્વથા મુક્ત છું. એવું મનન કર્યા કરે એ સુવિચારણા નામની બીજી ભૂમિકા છે.

તનુમાનસા—પહેલી બે ભૂમિકા પાર કર્યા પછી શ્રવણ-મનન દ્વારા મન સૂક્ષ્મ પાતળું થવા માંડે છે. બુદ્ધિ ઝીણામાં ઝીણા વ્યવહારમાં શુદ્ધિ રાખી શકે છે. અને વ્યવહારની સૂક્ષ્મ બુદ્ધિ કરતાં પણ પરમતત્ત્વ ખૂબ જ સૂક્ષ્મ છે તેથી હું અહમ્-ઉપાધિ-મુક્ત છું એવા નિદિધ્યાસનવડે સહજ પ્રાપ્ત થતું સૂક્ષ્મ ભાન રાખવા સમર્થ બને છે. એને ત્રિગુણાત્મક વિકારોથી મનને અસંગ રાખવાનું અને વ્યવહારની ઉપયોગિતા પૂરતું કર્મક્ષેત્ર રાખવાનું ભાન રહે છે. ભૂલો કરવાની જૂની ટેવો એને છોડી જાય છે. અસંતોષ એટલા માટે થતો નથી કે સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મતત્ત્વનું ભાન એને રહે છે. વિક્ષેપને ટાળવા એને આચાર્યની પ્રત્યક્ષ જરૂર પડતી નથી, પણ પોતે પોતાના સાધનાને બળે વિક્ષેપને દૂર કરી શાંતિ પ્રાપ્ત કરે છે. આમ મન અત્યંત વિશુદ્ધ અને બુદ્ધિ સૂક્ષ્મ વસ્તુને ધારણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે એ તનુમાનસા નામની ત્રીજી ભૂમિકા છે.

આટલું ટૂંકું આ ત્રણ ભૂમિકાનું સ્વરૂપ સમજાવ્યું. શાસ્ત્રોનો આટલો અભ્યાસ અને આટઆટલો પ્રહાર છતાં પણ તમે વિક્ષેપ દૂર ન કરી શકો, ત્યારે મારે અહીં ઋષિકેશમાં બેઠાં બેઠાં જેમ એક બાજુ ગંગાજી વહે છે તેમ બીજી બાજુ આંખોમાંથી રડીરડીને આંસુ વહેવરાવવાં પડે, અને મારા ચિત્તને ધિક્કારવું પડે કે હે ચિત્ત! તારામાં હજી પૂરતી આત્મશાંતિ નથી કે તારી સાથે સંબંધ રાખનારાને શાંતિ નથી મળતી.

પરમાત્મા મારા ચિત્તને શાંત કરે અને એ દ્વારા તમે સૌ શાંતિ પ્રાપ્ત કરો, એવી પ્રાર્થના. ૐ.

આત્મા કર્મ કે કર્તવ્યતાથી પર છે, આવાગમનથી પર છે; આપણે પોતે જ છીએ; એમાં નથી ગતિ, નથી કૃતિ, નથી રૂપ, નથી રંગ, નથી ૐ, કે નથી બિન્દુ. મંત્ર પણ શબ્દબ્રહ્મ છે, વિશુદ્ધ બ્રહ્મ નથી, એવા જ્ઞાનપૂર્વક તું એની સંભાળ રાખજે.

વિચાર (આત્મ) અને આચાર (વિક્ષેપ વગરનો સદાચાર) એ બન્નેમાં સ્થિર થાઓ. ક્યાંથી સુધી પરાધીન રહેશો? ૐ.

(૧૦)

૧-૧૨-૩૦

"હવે ધ્યાનમાં થોડો સમય વધારવો જોઇએ. ૐના ઉપરના કેવલ બિન્દુને શાંત, સ્થિર, શુદ્ધ સુવર્ણના વર્ણનું, શીતલ કલ્પીને એના પર બંધ નેત્રે ધ્યાન કરવાનું ફાવે તો કરી જોજે. એમ કરતાં કરતાં શ્વાસ ધીમો ચાલવા માંડશે; એ તરફથી ચિત્ત જ ઊઠી જશે અને એની વિસ્મૃતિ થશે એ તો સ્વાભાવિક ક્રમ છે. વચમાં જેટલા જેટલા રંગ દેખાય તે બધામાં ઉપરના રંગની ભાવના ભરવાથી ધીરે ધીરે બધા હઠી જશે; અને તે ઉપરાંત બીજાં પણ કોઇ રૂપો આવે તો સંકલ્પબળથી હઠાવતાં હઠાવતાં એક જ સુવર્ણરંગી બિન્દુનું પ્રતીક ધ્યેય રૂપે રહે એવો પ્રત્યાહાર સિદ્ધ કરવો જોઇએ. આથી ચિત્ત બલવાન બનશે; સ્થિરતાપૂર્વક વિચાર કરવાની ટેવ પડશે. આથી કાંઈ વેદાન્તના અદ્વૈત સિદ્ધાન્તમાં કે અધિષ્ઠાન વસ્તુમાં વધઘટ થવાની નથી; એ તો છે એમની એમ છે ને રહેશે. એમાં તો નથી ધ્યાતા કે

નથી ધ્યેય; એ તો ત્રિપુટિરહિત કેવળ તત્ત્વ છે. પણ આ ધ્યાનથી ધારણાબલ વધશે અને તેથી વિજ્ઞાન બલવત્તર બનીને अहंब्रह्मास्मि વૃત્તિનું અનુસંધાન વિશેષ કાલપર્યન્ત કરી શકશે. મૂલ વસ્તુ તો ધ્યાતા અને ધ્યેય બન્નેનું અધિષ્ઠાન એક અદ્વિતીય અને નિરંજન છે અને તમે પોતે સ્વરૂપે છો.

આનંદની સાથે ગંભીરતા જેટલી વધારશો એટલા વિક્ષેપ ઓછા થશે. આનો અર્થ એવો નથી કે નિર્દોષ બાલભાવ રાખવાથી વિક્ષેપ થાય. પણ અત્યાર સુધીના બાલભાવની સરલતાથી જે જે સંબંધો બંધાયા છે, એમની સાથેના વ્યવહારમાં પૂર્વસ્વભાવને લીધે એમનાં રજોતમોગુણને લીધે જે વિક્ષેપ કોઇવાર થઇ આવે છે, તે આવી રીતે ગંભીરતા કેળવવાથી ઓછો થવા સંભવ છે.

ભક્તિમાં સાહસિકતાનો ગુણ હોય છે; અને એ સાહસિક-વૃત્તિ વિના તો કાર્યસિદ્ધિ જ નથી. છતાં પણ વિજ્ઞાનની ગંભીર શાંતિમાં વૃત્તિની દઢતા વડે પ્રાપ્ત કરેલું સ્વરૂપનું નિશ્ચિંત વિજ્ઞાન સ્ફૂરે છે. જ્ઞાન જેમ જેમ આરુઢ થાય તેમ તેમ વિજ્ઞાન બલવાન બને ને વિજ્ઞાનનું બલ વધે તેમ તેમ આનંદની માત્રા પણ અવશ્ય વધે છે. કારણ કે સ્વરૂપે તો ચિત્ અને જ્ઞાન એ બન્નેનો અભેદ છે.

કેવળ આવેશવાળી ક્ષણિક ભક્તિમાં તો આનંદ આગમા-પાયી રહે છે. સાહસિકવૃત્તિના પરિણામે ભક્તિના આવેશમાં આનંદની માત્રા બહુ બલવતી દેખાય છે ખરી, પણ જ્યારે એ આવેશ ( ઊભરો ) ઊતરી જાય છે ત્યારે એટલી જ વિષાદની છાયા ચિત્તને ઘેરી લે છે. તેથી ઉલટું વિજ્ઞાનની સ્થિરતામાં આનંદની માત્રા ભલે કોઇવાર થોડી લાગે, પણ એની ધારા

સતત્ વહેતી રહે તો પરિણામે વધતાં વધતાં એ નાના ઝરણુમાંથી નદી બને તેમ, સ્થિરતા પ્રાપ્ત કરતાં કરતાં એનું સ્વરૂપ સ્થાયી, બલવાન, ગંભીર અને ધારાવાહી બને છે. અને તેથી હર્ષવિષાદનાં દ્વંદ્વોથી મુક્તિ અનુભવાય છે.

ખાવાપીવામાં તેમ જ શરીરને નીરોગી રાખવામાં ઔષધ વગેરેનો ઉપયોગ કરવામાં જરાયે પ્રમાદ ન કરવો જોઇએ. એમાં પ્રમાદ થાય એ વૈરાગ્ય નહીં પણ તમોગુણ કહેવાય, અને આ શરીર તો, આત્મનિવેદન ભક્તિ જો આપણે અનુભવતાં હોઈએ, તો પરમાત્માનું છે; આપણું, મારું, તારું કે કોઇનું નથી. પરમાત્માનું સુંદર મંદિર છે, જ્યાં એના પ્રતીકરૂપે આત્મદેવ વિરાજે છે. એને માટે બેદરકાર રહેવું એ એક મહાન અપરાધ કહેવાય. એને વિલાસમાં ન ઘસડીએ, મોજશોખ કે વૈભવ ન ભોગવાવીએ, પણ એની કાળજી તો રાખવી જોઇએ. યુક્તાહારવિહારના નિયમો સંભાળવા જોઈએ.

( ૧૧ )

તું લખે છે કે જ્ઞાનીને પણ પ્રારબ્ધ કેમ નહિ? સાંભળ; જ્ઞાનીની દૃષ્ટિ દ્વૈતની કે અદ્વૈતની?

ઉત્તર:—ब्रह्मविद् ब्रह्मैव भवति—બ્રહ્મને જાણનાર બ્રહ્મરૂપ જ છે. એટલે એની દૃષ્ટિ બ્રહ્મદૃષ્ટિ કહેવાય. એની દૃષ્ટિમાં દ્વૈત જ નથી, તો પછી શરીર, અહમ્, મમત્વ, કર્મ, સુખદુઃખ, ઈત્યાદિ જો હોય, તો જ કર્મના ભેદ પડે, અને સંચિત્ ક્રિયમાણ તથા પ્રારબ્ધ છે, એમ એમની દૃષ્ટિથી કહી શકાય.

પ્રશ્ન:—જ્યારે શાસ્ત્રોમાં જ્ઞાનીનાં ક્રિયમાણનાં પુણ્ય એના

શિષ્ય તથા પ્રશંસકને જાય, સંચિત જ્ઞાનથી નાશ પામે, અને પ્રારબ્ધ દેહભોગથી ક્ષીણ થાય એનો શું અર્થ?

ઉત્તર:—વાસ્તવિક રીતે જ્ઞાની તો કેવળ બ્રહ્મ સ્વરૂપ છે. બ્રહ્મવિદ્ બ્રહ્મસ્વરૂપ જ છે; એની દૃષ્ટિમાં તો વ્યવહારકાલે પણ દ્વૈત કેવલ મિથ્યા છે, તુચ્છ છે. એના મનાતા શરીરને જોનારા અને પોતાની સાંસારિક દૃષ્ટિથી એના જીવનું અવલોકન કરનારા સંસારીઓની દૃષ્ટિથી એ કર્તા છતાં, એની પોતાની દૃષ્ટિથી અકર્તા છે. એની દૃષ્ટિથી દ્વૈત જ નથી તો પ્રારબ્ધ ક્યાં છે? જ્યાં જ્યાં જ્ઞાનીનાં સંચિત-ક્રિયમાણ-પ્રારબ્ધનું સમાધાન છે, એ બધું અજ્ઞાનીની દૃષ્ટિનું સમાધાન કરવા માટે લખ્યું છે. વાસ્તવિક તો નથી કર્મ કે નથી માયા. કેવળ એક તત્ત્વ વિલસી રહ્યું છે ત્યાં ક્યાં દ્વૈતની વાત કરવી? માટે શાસ્ત્રોનાં એવાં સમાધાન પણ અજ્ઞાની માટે છે, જ્ઞાની માટે નથી.

ઉપરના ખુલાસાને જરા વિચારપૂર્વક વાંચી જોજે. તને જે પ્રશ્નો થાય છે, પ્રારબ્ધ દેખાય છે, તે તારા સ્વરૂપની બહાર છે કે અંદર? સ્વરૂપને અંદર બહાર, એક, બે, કર્મ, અકર્મ એવા ભેદ છે ખરા? તું સ્વરૂપદર્શન થવા દે. કેવળ એ સ્વરૂપનો જ વિચાર કર, ને પછી જો કે સમસ્ત નામરૂપમાં કેવળ એ જ સ્વરૂપનો વિલાસ છે કે બીજા કશાનો?! તારા સ્વરૂપમાં જો ઉત્પત્તિ હોય તો વૃદ્ધિક્ષય હોય. અને જ્યાં ઉત્પત્તિ, સ્થિતિ, લય નથી, તો પછી કોણ કોને જુએ ને કોણ કોનો વિચાર કરે? આ મિથ્યા-તુચ્છ દ્વૈતનો ભાસ ક્યાં સુધી થયા કરશે? બોલવા માત્ર પણ માયા છે ક્યાં? કેવળ તત્ત્વનિષ્ઠ થઇને રહેવા માંડ. આવી નકામી દ્વૈતની શંકાઓ ક્યાં સુધી ઉઠાવ્યા કરવી છે?

દ્વૈત જગતનાં દ્રષ્ટા, દ્રશ્ય, દર્શન,—કર્તા, કર્મ, કરણ રૂપી ત્રિપુટિનું સુષુપ્તિકાલમાં ભાન રહેતું નથી, કેવળ સ્વપ્ન-જાગ્રત કાલમાં ભાસિત થાય છે, સુષુપ્તિકાલમાં માત્ર અવિદ્યા બીજ રૂપે રહે છે અને સ્વપ્ન-જાગ્રત કાલમાં કર્મરૂપે એનો વિકાસ -વિલાસ થાય છે. પણ એ બધું-તું પોતે, જે શુદ્ધ, નિરંજન, આનંદઘન, પ્રજ્ઞાનસ્વરૂપ સાક્ષાત્, સ્વયંપ્રકાશ છે, એમાં ક્યાં છે? જરા સ્થિર થા, શાંત થઇને શરીરને આસનારુઢ કર, અંતઃકરણ, ઇંદ્રિયોને બંધ કરીને, સ્વરૂપ શબ્દ ૐકારનો આશ્રય બુદ્ધિને આપીને ઊંડી ઉતર, એટલે સ્પષ્ટ અનુભવ થશે કે એમાં કાંઇ અન્ય છે જ નહિ. એવી અભેદ દૃષ્ટિ તે જ્ઞાનની દૃષ્ટિ. જ્ઞાનીના વ્યવહારની વિવેચના શાસ્ત્રો કેવલ અજ્ઞાનીનાં ચિત્તના સમાધાન માટે કરે છે, જ્ઞાની માટે નહિ.

......નામનું શરીર, એની કેવલ મધ્યકાલમાં સ્થિતિ હતી; અવ્યક્તમાંથી આવ્યું, અવ્યક્તમાં ગયું; મધ્યમાં એનો દ્વૈતવિહાર એ કેવલ માયાવિલાસ, તારી પોતાની જ લીલા. તારા પોતાના મનનું જાદુ-ૐ

વ્યવહાર અને વ્યવહારની દૃષ્ટિ અજ્ઞાનીને માટે છે; જગતની સાથે દેહ છે માટે ત્યાં સુધી મિથ્યાત્વદૃષ્ટિ પાળવાની છે—અને સ્વાભાવિક રીતે પળાય છે, એમાં જે શોક, મોહ, હર્ષ વગેરે થાય, એ બધાં તુચ્છ છે.

( ૧૨ )

૨૫-૧૨-૩૧

આપણા અમુક પ્રશ્નોનું અમુક ઠેકાણેથી સમાધાન થાય, અને અમુક ઠેકાણેથી શાસ્ત્રોક્ત ઉત્તર હોય તો પણ સમાધાન ન

થાય. એમાં વ્યકિત તરફનો આપણો પક્ષપાત હોય તો એવો વ્યકિતનો મોહ ન રાખવો. વ્યકિતઓના ગુણદોષમાં ન ઉતરતાં, તે વખતે આપણા ચિત્તની સ્થિતિ જ સમાધાનને યોગ્ય નહિ હોય એમ માનવું આપણે માટે હિતકર છે. એમ માનવાથી શ્રદ્ધા, ભકિત તથા સમાધાન ત્રણે વધતાં જશે.

તારો પ્રશ્ન એવો છે કે “ બ્રહ્મ ચેતન સ્વરૂપે છે, તો તેમાંથી ચેતનની જ ઉત્પત્તિ થવી જોઇએ. ત્યારે આ બધું જડ શું ? ને જણાય છે તે કયાંથી આવ્યું ?”

આના ઉત્તરમાં સંક્ષેપમાં લખવાનું કેઃ—

(૧) બ્રહ્મ નથી જડ કે નથી ચેતન. એને સત્-ચિત્ આનંદ એટલા માટે કહીએ છીએ કે દશ્યમાન થતું વિશ્વ અસત,જડ અને દુઃખમય જણાય છે, તેની અપેક્ષાએ એ એમ કહેવું પડે છે. મૂલ વસ્તુ અદ્વૈત અને મનવાણીનો વિષય ન હોવાથી એને જડ કે ચેતન કોણ કહે ? અને કોણ સાંભળે ? જયાં દ્વૈત જ નથી, ત્યાં આ બધી કલ્પના કયાંથી હોય ?

(૨) હવે બ્રહ્મ ચેતન છે, પણ અનિર્વચનીય માયાનો આશ્રય લઇને આ બ્રહ્માંડની રચના કરે છે જેથી નથી સંપૂર્ણ જડ કે નથી સંપૂર્ણ ચેતન, એવી સૃષ્ટિનો આભાસ થાય છે.

(૩) બ્રહ્મ સૌનું આત્મસ્વરૂપ, કેવલ નિર્ગુણ અને એક છે. અદ્વૈત, એક કે નિર્ગુણ એવા શબ્દભેદ આ પ્રત્યક્ષ થતા દ્વૈતની અપેક્ષાએ બોલાય છે. બાકી એમાં તો નથી દ્વૈત કે નથી અદ્વૈત; અજાતિવાદ કે પ્રૌઢીવાદનો વિચાર કરો, એટલે સમજાશે.

(૪) "આ બધું જડ શું છે?" એમ પૂછનાર બુદ્ધિની ઉત્પત્તિ જ માયામાંથી થયેલી છે; માયા અનાદિ છે; એટલે બુદ્ધિ પણ અનાદિ છે. પોતે પોતાનું મૂળ જોવા બુદ્ધિ જાય છે, તો સ્વપ્ન તથા જાગ્રતના દ્વૈતપ્રપંચનો ત્યાગ કરી સુષુપ્તિકાલે અવિદ્યામાં અને જો આત્મભાન હોય તો નિદ્રાનો ત્યાગ કરી સ્વરૂપમાં તુરીય અવસ્થા ભોગવે છે. પ્રશ્ન પૂછનાર નિર્વિકલ્પ અવસ્થામાં પોતાનું વ્યકિતત્વ ગુમાવી બેસે છે. એટલે એ સાચી અવસ્થામાં પ્રશ્નનો ઉત્તર કહેનાર તથા સાંભળનાર કોઈ રહેતું નથી; જાગ્રત કે સભાન અવસ્થામાં તે પોતે પોતાનું સમાધાન બને છે-પોતે જ પોતાનું પ્રમાણ બનીને મૌન સેવે છે. આ પ્રશ્ન તો સ્વપ્નજાગ્રતના છે. સમાધિકાલના આત્માનુભવના નથી.

દૂરથી સર્પ દેખાતો હોય ત્યારે કોઈ દૂર રહીને એમ જ પૂછયા કરે કે એ સર્પ કયાંથી આવ્યો? કેવડો છે? કેવો છે? એનાં માબાપ કોણ છે, તો સર્પનો, એના ભયનો અને સર્પ વિષેની શંકાઓનો ખુલાસો થતો નથી. પણ પાસે જઇને પ્રકાશ-વડે અંધકાર દૂર કરી, ઈંદ્રિયોને ઠીક કરી એ સર્પ છે કે બીજું કાંઈ એમ તપાસવા જાય છે, ત્યારે એની ભ્રાંતિ દૂર થાય છે, કે એ સર્પ નહિ પણ રજજુ છે. આમ વેદાન્તશાસ્ત્ર સમજવામાં માયાનાં કાર્ય કારણનો પ્રશ્ન પડતો મૂકી કેવલ સ્વરૂપવિચાર દ્વારા સમાધાન પ્રાપ્ત કરવાનું છે.

નથી ઉત્પત્તિ કે નથી લય. નથી જડ કે નથી ચેતન. જે છે તે વાણીથી પર, મનથી પર, ઈંદ્રિયોથી અગોચર છે.

( ૧૩ )

તા. ૨૬-૧-૩૨

હંમેશાં આપણે આશાવાદી રહેવું જોઇએ. આ દેહમાં જ

આત્મતૃપ્તિ થવાની છે એવા નિશ્ચયવાળી એ આશા જોઇએ, અને સાથે એવું ધૈર્ય પણ રાખવું જોઈએ કે જે આપણી શ્રદ્ધા વધારતું જાય. નિશ્ચિંતપણું અને શ્રદ્ધા, એ બેનું એકત્વ એટલે આત્મનિવેદન.

અનુકૂળ માતાપિતા, સગાંસંબંધી બ્રહ્મચર્યપાલનની અનુકૂળતા, ખાનપાનની સગવડ, વાચનવિચાર, સત્સંગમાં સહાયતા, ઘરમાં કશી વિશેષ ભાંજગડ નહિ એવું એકાંત, વિશુદ્ધ ચિત્ત, પવિત્ર જીવન, યથેચ્છ સાધુસંગત વગેરે બધું મળ્યું, છતાં કોઈની સૂચના પ્રમાણે ન રહી શકો, તો મારે નીચું જોવાનું છે, (પણ તમારે નહિ) એમ મને લાગે છે. અત્યારસુધી તમને લખેલા બધા પત્રો વાંચી જાઓ. તમને ઘણીવાર સ્પષ્ટ સૂચના-અરે!–આજ્ઞા પણ કરી છે કે ઘરમાંથી ખાસ આવશ્યકતાના, કોઈ મરણના, માંદગીના કે એવા વ્યવહારના અનિવાર્ય કારણના, તેમ જ કોઈ ખાસ ગણ્યાગાંઠ્યા મહાત્માનાં દર્શન નિમિત્ત સિવાય કદી પણ બહાર જવું નહિ. ઘર જ તમારી એકાંત સેવન કરવાની ગુફા છે એમ સમજીને શ્રવણ, મનન, નિદિધ્યાસનમાં ચિત્તને પ્રવૃત્ત રાખવું.

તમારા એક પત્રમાં અભિમાન ત્યાગવા વિશે પ્રશ્ન છે. ચુડાલાનું દૃષ્ટાંત તમે આપો છો; પણ રહસ્ય સમજતાં નથી. ચુડાલાનો પતિ ઘરબાર છોડીને જંગલમાં ગયો તો પણ અભિમાન ન છૂટયું, ચુડાલા ઘરમાં રહેતી હતી છતાં પણ અભિમાન નીકળી ગયું હતું, આમ તમે પણ ચુડાલાનો ઉપદેશ ગ્રહણ કરો, કે ત્યાગવાના બાહ્ય પદાર્થ નહિ પણ અશુભ અને સ્વાર્થી વ્યવહાર છે; તેથી શુભ કર્મને તો એમને એમ રહેવા દો. કેવળ

અહંતા ત્યાગો. એ અહંતા–દેહાધ્યાસ ત્યાગવાનું ઉત્તમ સાધન આત્મબુદ્ધિ–આત્મભાવના છે.

આપણે જંગલમાં કે તીર્થમાં કોઇની પાસે જવાની જરૂર નથી. સ્વરૂપ કાંઇ દશ્યપદાર્થ નથી, તમારાથી ભિન્ન નથી, કોઇ અન્ય દેશકાળમાં નથી; તમે પોતે છો. પછી એને ભૂલી જઈ અન્ય દેહ પાસેથી એની આશા રાખવી એ ક્યાંની વાત? સંતો કેવલ નિઃસ્વાર્થભાવે અને પોતાના આત્મજ્ઞાનના પ્રભાવે ઉપદેશ આપશે પણ જે પુરુષાર્થ કરવાનો છે તે તો જાતે જ કરી લેવાનો છે.

ચિત્તમાં શાંતિ રાખો. નિરાંત રાખીને રહેતાં શીખો. કશું યે પ્રાપ્ત કરવાનું નથી એવો નિશ્ચય કેળવો, જો તમે શુદ્ધ સત્‌ ચિત્–આનંદ છો, તો એને અન્ય શું કરવાનું–મેળવવાનું બાકી હોય?

(૧૪)

૧૮–૨–૩૨

પિતાજીની સંપૂર્ણ આજ્ઞામાં રહેવું. કથાસત્સંગમાં જવા આવવામાં, વ્યવહારનાં કામકાજ કરવામાં, સાધુસંતો સાથે સંબંધ રાખવામાં કે એમાં કેટલી છૂટ લેવી એ બધામાં એમની પ્રસન્નતા હોવી જોઈએ.

સર્વત્ર આત્મદર્શન કરવું; જ્યાં જ્યાં મમતા હોય, ભકિત હોય, તે બધાં તમારા મનનાં જ સરજેલાં, તમારાં પોતાનાં સ્વપ્નસૃષ્ટિનાં જેવાં પાત્રો છે. એ બધાંનાં ગમે તેવાં સ્વભાવ –પ્રકૃતિ હોય, જેના વિના વ્યવહાર ન ચાલે એવાં હોય, એ

બધાંમાં આત્મભાવના કરવી; એમ કરવામાં જરા પણ વિક્ષેપ ન થાય, એવો મનોયત્ન ચાલુ રાખવો.

શ્રી......જો કે ઉત્તમ મનુષ્ય છે, જૂના સત્સંગી છે, છતાં પણ એમની સાથે કે બીજા કોઇ સાથે અંગત વાતો કે બીજા જિજ્ઞાસુઓ કે પરિચિત સંતસાધુઓના વ્યવહારની ચર્ચા ન કરશો. એમાં તમને જ હાનિ છે; વિક્ષેપ વધવાનો ભય છે.

મારાં વખાણ તમારે કોઈની પાસે કરવાં જ નહિ; આપણા પરિચિત સંતસાધુની પ્રશંસા સહજ સ્વભાવે, એમના ગુણ હૈયે વસ્યા હોય તેટલા પૂરતી થઇ જાય એ સ્વાભાવિક છે, પણ એમાં અતિશયોકિત આવી જવાથી બહુ ખરાબ પરિણામ આવે છે; તમારે સાચો સંબંધ સાધન પરત્વે છે; મારી સાથેનો સંબંધ ગૌણ છે. વસ્તુને ભૂલીને વસ્તુ આપનાર પર ભકિત કરીએ એમાં વિવેક નથી એટલું જ નહિ, પણ ગુણમોહ હોય છે જે ભયંકર પરિણામ લાવે છે. દેહાધ્યાસ દૃઢ થાય છે અને રજો–તમોગુણના ખાડામાં ફેંકાઈ જવાનો ભય ઊભો થાય છે.

દરરોજ ૧ થી ૩ કલાક સાધનમાં ગાળવા. એકાંતમાં ગમે તે સુખાસને બેસી ચિત્તને એવી રીતે સમજાવવું કે શરીરને શાન્ત–ગંભીર રાખવાની ટેવ પાડે, ચંચલતા કહાડી નાખે, અને સ્થિર બનીને નિશ્ચિલ વસ્તુને સમજવાનો પ્રયત્ન કર્યા કરે.

( ૧૫ )

૪–૩–૩૨

પત્રો પરસ્પર ન વાંચવામાં તો એક બીજાને અસંતોષ ન થાય, ખોટી ચર્ચાઓ ન થાય, આને આમ કેમ લખ્યું ને મને

આમ કેમ—એવી કુશંકાઓ ન થાય, પોતે પોતાનું સંભાળીને બેસી રહેવાનું છે એ વાત ભૂલી ન જવાય, જેને માટે જે થાય છે તે ઠીક જ છે એવી ભાવના ન કેળવાય—એવું એવું બને, તેથી જ બંધ કરાવ્યા છે. ભ્રાન્તિ વધારશો નહિ. હમેશાં ચિત્તમાં પ્રસન્નતા રાખશો.

(૧૬)

૧૬–૮–૩૨

તમે શાંત રહેજો. માનસિક ઉદ્વેગ વ્યવહારમાંથી કોઇવાર આવે, તો પણ એને આપણા મનની કલ્પના માનીને તરત જ નિર્ભયતાપૂર્વક અદ્વૈત જ્ઞાનગુહામાં પ્રવેશ કરવો. તત્ત્વજ્ઞાન વિના શાન્તિ નથી-નથી ને નથી જ; બાકી બીજાં બધાં સાધન ક્ષણિક છે.

(૧૭)

૨૭–૮–૩૨

શ્રી...કે...એ બન્ને માટે જેમ તમને તમારો અંતર્યામી કહે એવો નિર્લેપભાવે સંબંધ રાખવો......ની વિદ્વત્તા અને સરલતા, તેમ જ......ની સાધુતા, સેવાવૃત્તિ અને વ્યવહારકુશલતા, એ ગુણો આપણે ભૂલવા જેવા નથી. આમ સદ્‌ભાવ અંતરમાં કેળવવો, અને સાથે સાથે એમનામાં નબળાઇઓ લાગતી હોય, એ આપણા પર અસર ન કરે, એ પણ ખૂબ સંભાળવું જોઈએ. મનુષ્યનું શરીર એટલે એનું અંતઃકરણ; બ્રહ્મવિદ્ હોય તો પણ માનવ સ્વભાવની નબળાઇઓ અને અસરો તો એમાં હોય જ. શું રામ કે શું કૃષ્ણ, અને એ બન્નેના કુળગુરુઓ શું વસિષ્ઠ કે શું દુર્વાસા, બધા બ્રહ્મવિદ્ ભાવે પરિપૂર્ણ, પણ માનવ શરીરની લીલામાં તો બધે, જ્યાં જ્યાં વ્યવહાર હોય ત્યાં ત્રણે ગુણ

હોય જ, માટે આપણે વિવેક અને ઉદારતા, એ બંને સાથે રાખવાનાં છે.

મને, કોણ જાણે શા કારણથી......બહુ ઠીક લાગે છે...... એમણે પંડિતાઇને ન વધારતાં જીવનમાં જ્ઞાન ઉતાર્યું છે, અને તેથી નિવૃત્તિના ભોગી થઇ શક્યા છે. તમને એમના સત્સંગનો લાભ મળે છે એ જ બહુ છે. પછી બીજે ફાંફાં શા માટે મારવાં?

ઉપરાંત, જે કોઇ પ્રસિદ્ધ, સાધુસંત આવે એમનાં દર્શન અવશ્ય કરવાં. ઇચ્છા થાય તો કથાશ્રવણ કરવું, પણ એમાં બંધન ન રાખવું. અને પૂરી શાન્તિ તો ઉદારતાપૂર્વક નિવૃત્તિ સેવશો ત્યારે જ થશે. નિવૃત્તિને પંથે જતાં પ્રવૃત્તિના જીવો શરૂઆતમાં આપણને ન સમજે એ બનવાજોગ છે. પણ જો તેઓ ખરા જિજ્ઞાસુ હશે તો પરિણામે તમારા પ્રશંસકો બનશે, અને તમારા સદ્‌ભાવની અસર એમના ઉપર પણ થશે. માટે તમને આજ્ઞા કરવા જેવું કશુંયે હવે ન હોય. અંતર્યામી શ્રી ગુરુદેવ ઘટઘટ વ્યાપી છે. અંતરમાં એ જ પ્રેરણા કર્યા કરે છે. એની પ્રેરણા તમે ઓળખી શકો છો, એવો મને તમારે માટે સંતોષ થયો છે.

(૧૮)

૧૧–૯–૩૨

...હંસબુદ્ધિથી બધેથી તત્ત્વ ગ્રહણ કરવું, અને યોગ્ય વૃત્તિને યોગ્ય અવકાશ આપવામાં ગફલત ન કરવી પણ આનો અર્થ એવો નથી કે જગત બધું આપણને અનુકૂળ થાય, અથવા હંમેશાં આપણાં કાર્યો બીજાને ગમતાં જ હોય એવું બને. એટલા જ

માટે વાસના રાખ્યા વિના નિસ્પૃહ અને નિર્ભયપણે શુદ્ધ વ્યવહાર કર્યે જવો, ને હંમેશાં સ્વરૂપસ્થિત રહેવું.

...નિશ્ચિંત થઈને અદ્વૈતભાવને અંતરમાં રાખીને બધો વ્યવહાર અજ્ઞાનીઓની સાથે અજ્ઞાનીની પેઠે કરવો પડે છે. વ્યવહાર આપણને બાધક નહિ પણ સાધક થવો જોઇએ માત્ર માનસિક -અહંતા મમતારૂપી ઉપાધિ જ બાધક છે, એને મનમાંથી બાધ કરી નાખવી, અને સુખપૂર્વક રહેતાં શીખવું.

( ૧૯ )

૨૬-૯-૩૨

ચિત્તમાં પ્રત્યેક જડ પદાર્થનાં પૂતળાં છે. પછી તેમાં પ્રાણ ચાલતો હોય તોયે શું થઇ ગયું ? એ પણ વાયુતત્ત્વનું કાર્ય; અને ચૈતન્ય તો સર્વત્ર અધિષ્ઠાન રૂપે ભર્યું છે. આવી અદ્વૈતની દૃષ્ટિ કેળવાય ત્યાં સુધી શું ઇશ્વર કે શું ગુરુ, શું સ્નેહી કે શું સંબંધી, બધામાં અપૂર્ણતા લાગે જ. અને એવું આપણને કોઈ કોઇ વાર થાય એમાં ખોટું શું ? જ્યાં જ્યાં શરીર, ત્યાં ત્યાં ત્રણ ગુણ. જ્યાં જ્યાં ત્રણ ગુણ ત્યાં ત્યાં દોષ. અને જ્યાં જ્યાં ગુણ ત્યાં ત્યાં કર્મ, અને પ્રત્યેક કર્મમાં તો દોષ છે જ. (જુઓ ગીતા અ. ૧૮, શ્લોક ૪૮મો.) અને નિર્દોષ તો કેવલ સમસ્વરૂપ, એકાકાર, દ્વંદ્વરહિત બ્રહ્મ-અધિષ્ઠાન -આપણું સ્વરૂપ જ છે. (જુઓ ગીતા અ. ૫. શ્લોક ૧૯.) એટલા માટે આપણી કોઈ શરીરમાં દોષદૃષ્ટિ થાય. તો એમાં ખોટું શું ? દેહ તો દોષથી જ ભરેલો છે. આપણે જ્યાં સુધી દેહને સત્ય વા બ્રહ્મ સ્વરૂપ માનીશું, ત્યાં સુધી આવી સ્થિતિ રહેવાની. માટે દેહનો સર્વત્ર બાધ કરતાં શીખવું ને અધિષ્ઠાન

તો નિર્મલ છે, એ આપણે પોતે છીએ, એમાં નથી ગુરુ કે નથી શિષ્ય !

આનંદપૂર્વક જીવન વીતાવવું. પ્રારબ્ધવશાત્ વ્યવહારમાં વિક્ષેપ થાય તેવા પ્રસંગો તો સૌને ઉપસ્થિત થાય જ. એમાં આપણે શાંતિ અને સંસારમાં મિથ્યાત્વનો વૈરાગ્ય સાચવી રાખવો. પરમાત્મા તો બહુ કૃપાલુ છે. આપણા જેવાં નિર્બલ પણ નિર્મલ થવા મથનારાંને શાંતિ નહિ આપે, તો પછી વિષયલાલસામાં સડનારાંને આપશે? નહિ. એ તો ન્યાયી છે, ને પ્રત્યેક પરિસ્થિતિમાં આપણું કલ્યાણ જ કરે છે, એવી અચલ શ્રદ્ધા રાખજે.

( ૨૦ )

૨૮-૯-૩૨

......હવે રહી આપણા મન-મહાદેવની વાત. એ બાપજી ખૂબ વિચાર કર્યા કરે છે, એમ તું લખે છે એ વાત સાચી છે. શા વિચાર કરે છે એ પણ પાછળથી યાદ નથી રહેતું. એ પણ સ્વાભાવિક સ્થિતિ છે. આપણે એમ વિચારતાં શીખવું, કે મનનો સ્વભાવ જ હમેશાં તરંગી, વિચારવાળો રહેવાનો જ. હવે એ વિચાર કરે છે તે નકામા કરે છે, એમ લાગે છે. તે વખતે એને રોકીને એની દિશા બદલી નાખવી, અને કેવલ પરમત્માની સત્તા, નિત્યતા અને આનંદસ્વરૂપનો વિચાર કરવો. અને મનને તરત જ એવો ઠપકો આપવો કે તેં ચોરાશી લાખ જન્મોમાં શરીર, જીવ, સંસાર અને વિષયોના વિચાર કર્યા; હવે તો સ્વરૂપમાં ઠરીને બેસ. એ વખતે જે સંકલ્પ થશે તે ધીરે ધીરે એવું પરિણામ લાવશે કે પછી દિવસનો ઘણો ભાગ

સહેજે ઇશ્વરસ્મરણમાં, નામસ્મરણમાં-જશે. ભૂતકાલની ભૂલો સુધારવાનો એક જ માર્ગ કે વર્તમાનમાં એનો એવો સંકલ્પ કરવો કે ભવિષ્યમાં એવું ન થાય. ભવિષ્ય સુધારવાનો પાયો વર્તમાનમાં જ નખાય. માટે જે કાળે એ ભૂલ પકડાય, તેજ વખતે રામનામ, કે કોઈ પણ મંત્રજપ મનમાં ચાલુ રાખવો. ધીરે ધીરે પરમાત્મા બધું ઠીક કરશે. ખાસ સૂતી વખતે રાત્રે જપ કરવાથી સ્વપ્ન દૂર કરવામાં એ સાધન બહુ ઉપયોગી થઈ પડશે.

( ૨૧ )

૩૦-૯- ૩૨

મારા સમજાવ્યાથી જલદી સમજાય છે, પણ એ ટેવ ન પડી જવી જોઈએ. કોઈ પણ સારા સંત અથવા સદ્‌ગ્રંથના વાચનમાંથી પણ આપણા ચિત્તનું સમાધાન થઈ જવું જોઈએ. એવી આપણા ચિત્તની સમતા અને સમદર્શિતા હોવાં જોઇએ.

વ્યવહાર એટલે ગુણમાં વિચરવાનું. શંકરાચાર્યના વેદાન્તનો એમની પછીના વેદાન્તીઓએ એવો ઊંધો અર્થ કર્યો, કે વ્યવહારમાં વિક્ષેપ થાય જ, અને તેથી વ્યવહાર ઓછો કરી નાખવો જગતનો ત્યાગ કરવો અને સૌથી તદ્દન નિરાળા પડચા રહેવું. પણ ભગવાન શંકરનું જીવન જોઇએ તો એવું નથી લાગતું. કોઇ પણ આચાર્ય, અવતાર કે મહાપુરુષનું જીવન જોતાં સ્પષ્ટ જણાય છે કે સૌએ શુભ, દૈવી વ્યવહાર કર્યા કર્યો છે, અને એમાં જ પોતાના જ્ઞાનની, પરોક્ષ જ્ઞાનની દ્રઢતા સિદ્ધ કરીને અપરોક્ષ જ્ઞાન કેળવ્યું છે. વ્યવહારથી ડરી ડરીને કે ગુણથી ક્યાંક એકાન્ત શોધીને એકલાં પડચાં રહેવાની ઇચ્છા કરવી એ જ્ઞાન નથી.

વ્યવહારમાં ગુણ તથા કર્મ તો રહેવાનાં જ. એ ગુણના વ્યવહારમાં જ ધીરે ધીરે આપણા જ્ઞાનની દઢતા થશે અને ગુણનું ભાન ન જ થાય તે તો જ્ઞાનયોગ પ્રમાણે સમાધિમાં બાધ બને જ નહિ. યોગ પ્રમાણે નિરોધસમાધિ અને જ્ઞાન પ્રમાણે બાધસમાધિ, એ બંનેમાં જ્યારે નિપુણતા થાય, ત્યારે પરિપકવતા થાય. નિરોધ એટલે, એકાન્તમાં એકલા હોઇએ, વ્યવહાર કૈં ન હોય, વ્યાધિ કશી ન હોય, બધું અનુકૂલ હોય, ત્યારે શાન્તિ રહે તે. અથવા તો હઠયોગદ્વારા પ્રાણનો નિરોધ કરીને નિશ્ચેષ્ટ શરીર થાય એ. પણ આ તો અર્ધું જ્ઞાન થયું.

હવે રહી બાધ સમાધિ. નિરોધ વખતે જે આત્મજ્ઞાન મળ્યું છે તેની દઢતા વ્યવહારમાં રહે, નામરૂપનો બાધ થાય, ગુણનાં મોજાં ઊછળે છતાં એમાં મનને મારી મારીને સીધું રાખીએ, અને કેવલ વિચાર દ્વારા દ્વંદ્વોની અનિત્યતા સમજી શાન્ત રહીએ, ત્યારે આપણું જ્ઞાન દઢ થયું કહેવાય. તું આવો તડફડાટ કરે છે, કાગળમાં લખે છે કે સ્થિરતા રહેતી નથી, એ સમજણ જ કોઇ કાળે તને ઠેકાણે પાડશે.

સ્પર્શાસ્પર્શ હિંદુધર્મમાં, કર્મકાંડની પવિત્રતા લાવવા જતાં આવી ગયો છે. અધ્યાત્મવિકાસ માટેની યોગસાધના કરવામાં શરીરનાં પરમાણુ બહુ પવિત્ર રાખવાં પડે છે, એવી પવિત્રતા રાખવા જતાં આવું થઈ ગયું હોય. થોડાં ઐતિહાસિક કારણો પણ નાતજાતના ભેદો અને ખાનપાનની વાડાબંધીમાં હશે એમ મનાય છે. એમાં અધ્યાત્મરહસ્ય બહુ થોડું છે. આપણો જૂનો અધ્યાસ જ આપણને દુઃખ દે છે.

( ૨૨ )

૧૫-૧૦-૩૨

...દવા વગેરે પણ યોગ્ય લાગે તો વૈદની કરવી અને એમ છતાં પણ પ્રારબ્ધવશાત સુખદુઃખ આવ્યા કરે, તો પણ ઈશ્વર-સ્મરણ રાખીને વ્યવહાર નિભાવ્યા કરવો, એમાં જ આપણા જ્ઞાનની, ધૈર્યની અને સહનશક્તિની પરીક્ષા થાય છે.

સૌથી મોટી વાત તો એ છે કે આપણે આપણા વ્યવહારના ધર્મો બજાવતાં, ચિત્તમાં સંતોષ અને શાન્તિ કેળવતાં શીખવું જોઇએ. જીવનની કીમત એમાં છે કે આપણે સંપ અને સદ્‌ભાવ કેળવીને સુખ મેળવી શકીએ, અને બીજાને પણ આપણી શકિત પ્રમાણે સુખી કરી શકીએ. આવી રીતનું જીવનનું લક્ષ્ય નક્કી કર્યું હોય, તો તે પ્રમાણે શક્તિ, જ્ઞાન, ભકિત વગેરે પ્રાપ્ત કરવા માટે સાધન શોધી શકાય...છોકરાંને સુધારવાં હોય તો આપણે પહેલાં સુધરવું જોઇએ.

( ૨૩ )

૧૬-૧૦-૩૨

...જગત તને નિરાકારવાદી માને કે સાકારવાદી, ગમે તેમ કોઇ કહે, એમાં તારું શું બગડી જાય છે? તારા સ્વરૂપમાં કયાં આથી વિકાર થવાનો છે?

ખૂબ હિંમત લાવવી. અંતર્યામી પરમાત્મા જે પંથે જવામાં જે જે શુદ્ધ માર્ગ અને સાધન બતાવે, એમાં આપણે નિર્ભયપણે પ્રગતિ કરતાં કોઇ સાહસ કરવું પડે તો પણ કરવું જોઇએ. દુનિયાદારીનાં ડાહ્યાં કહેવાતાં માયાવી માણસોની પેઠે મનમાં જુદું જ હોય છતાં બહારથી ખોટા સંબંધો નીભાવ્યા

કરે એવું આપણને-જિજ્ઞાસુઓ તથા તત્ત્વશોધકોને કેમ પાલવે? મારું કહેવાનું એમ નથી કે ઉદ્ધત બનીને અવિવેકી વિરોધ કરવો, પણ સ્પષ્ટવકતાપણું અને ધૈર્ય તથા શૌર્ય આવવાં જોઇએ; અથવા એટલી બધી ઉદારતા રહેવી જોઈએ કે બધો વ્યવહાર કરવા છતાં પણ જગતનાં દ્વંદ્વોથી તદ્દન મુકત રહી શકાય, માટે અંતરથી આનંદમાં રહીને માનસિક તિતિક્ષા વધારવી જોઈએ.

હવે તમારી પેલા પરોક્ષ જ્ઞાનીની વાત રહી. પરોક્ષ જ્ઞાનીની શાન્તિ કે આત્મનિષ્ઠા અદૃઢ કહેવાય. સાઈકલ પર ચડતાં શીખનારો જેમ પડે ને ચડે, એવી પરોક્ષ જ્ઞાનીની શીખાઉ સ્થિતિ હોય છે. પણ સાયકલવાળો એવું શીખવું ચાલુ રાખે, તો એક દહાડો જેમ ચડતાં શીખે, તેમ આ પરોક્ષજ્ઞાની જો મહેનત કર્યા કરે, તો જ્ઞાન દૃઢ થાય, છોડી દે તો ભૂલી જાય, અને કરેલી મહેનત પણ નકામી જાય.

પણ સાચો મુદ્દો એવો છે કે આત્મતૃપ્તિ ન રહેવામાં મુખ્ય કારણ વૈરાગ્યનો અભાવ હોય છે. વૈરાગ્ય વિના અભ્યાસ થાય જ નહિ; અને અભ્યાસ વિના વૈરાગ્ય પરિપકવ બને નહિ. વૈરાગ્યમાં કારણ વિવેક અને વિવેકનું કારણ અંતઃકરણની શુદ્ધિ; આટલું બસ છે.

( ૨૪ )

૧૭-૧૦-૩૨

કર્તાહર્તા પરમાત્મા છે. એણે જેમ ધાર્યું હશે તેમ થયા કરશે. એવું સમજીને સ્વધર્મ પ્રમાણે વ્યવહાર કરવો જોઇએ. ઈશ્વરે આપણને બુદ્ધિ આપી છે તે દ્વારા વિચારપૂર્વક વ્યવહાર

ન કરીએ તો એમાં દોષ આપણો કહેવાય. માટે હમેશાં સંજોગો જોઇ તપાસીને વ્યવહાર કરવો.

તને પોતાને તો વાચનનો ઘણો થોડો સમય મળે એ હું જાણું છું પણ વાંચવું જ જોઇએ એવો મારો બધાંને આગ્રહ પણ નથી. જેઓ બહુ તર્કવાદી હોય, ચર્ચા કરવાની વૃત્તિવાળા હોય, ઉપરાઉપરી શંકાઓ કર્યા કરીને કોઇ પણ જાતનું શાસ્ત્રોક્ત સાધન-કર્મ, ભકિત વગેરે-ન કરતાં હોય, અહંકારનાં માર્યાં આડમ્બર ભોગવતાં હોય, કોઈનું કહ્યું ન માનતાં હોય, પોતાની અજ્ઞાની માન્યતા પ્રમાણે સ્વેચ્છાપૂર્વક સાધન ભજન કરતાં હોય, તેઓને સાચો માર્ગ શું છે એ ખબર પડે એટલા માટે, ખાસ કરીને પુસ્તકો વાંચવાનો આગ્રહ કરવો પડે છે. અથવા તો જેને વ્યવહારમાંથી પુષ્કળ સમય મળતો હોય તેને માટે એ જરૂરનું છે. પણ જેઓ વ્યવહારમાં કાળજીપૂર્વક જીવનગાળીને જગતને પરમાત્માનું જ મંદિર માનીને ગૃહકાર્ય કર્યાં કરતાં હોય, ચિત્તમાં સરલતા અને સદ્‌ભાવ હોય, વાતા-વરણમાં ગળી જાય એવું સરલ હૃદય હોય, કુટુંબપ્રેમ દ્વારા ઇશ્વરી પ્રેમનાં દર્શન અને અનુભવ જેને થતાં હોય, અને સહજ સ્વભાવે પરમાત્માનું સ્મરણ થયા કરતું હોય, તેણે તો અવકાશ મળે ત્યારે સાધન પૂરતુ વાંચી લેવું. છતાં વાંચવું જ નહિ એવો દુરાગ્રહ કે આળસ પણ રાખવાં નહિ. પુસ્તકો એટલે અનુભવી પુરુષોના અનુભવના ઉદ્‌ગારનો સંગ્રહ. એ તો જાણે સમાધિમાં પડેલા મહાત્માઓ આપણી સાથે વાતો કરતા હોય એવું છે. માટે વખત મળે જરૂર વાંચવાનું રાખવું.

આપણે આપણામાં ચોક્કસ રહેવું અને પરમાત્મા જ સત્ય છે તથા આ આખું નાટક આતશબાજીના ખેલ જેવું બળીઝળીને

પાછળ કંઈ પણ ન રહે એવા કપૂર જેવું છે, એ ખુબ સમજી રાખજે અને એમ માનીને, સમજીને અને અનુભવીને જ આનંદ સ્વરૂપે રહેજે. એ બધુંયે સ્વપ્નવત્ છે, પણ તું પોતે નિત્ય, અવિનાશી, જ્ઞાનસ્વરૂપ અને સાક્ષાત્ આનંદ છે, એ માન્યતામાં જરાયે ઊણપ આવવા દઇશ નહિ. વળી આ બધાં દશ્યમાં માત્ર નામરૂપ જ મિથ્યા છે. બધાંનું સ્વરૂપ તો સચ્ચિદાનંદ જ છે, એમ માની સૌની સાથે આત્મવત્ વ્યવહાર કરવો. ગુણદોષ ભૂલવા અને આનંદપૂર્વક રહે છે તેમ રહેવું.

( ૨૫ )

૮-૧૧-૩૨

શાન્તિપૂર્વક ઘરને જ ગુફા અને એકાંતવન માનીને શરીર-રૂપી મંદિરમાં મનરૂપી શિષ્યની સાથે બેઠાં બેઠાં શ્રવણ-મનન-નિદિધ્યાસન કર્યા કરવું, અને યથાપ્રારબ્ધ ભોગ ભોગવી નાંખવા. સાંસારિક સુખ અને દુઃખ, બન્ને ભોગ જ કહેવાય. બન્ને ઉપાધિ છે, એ લક્ષમાં રાખવું.

( ૨૬ )

૩૧-૧૧-૩૨

જ્ઞાન ( આત્મજ્ઞાન ) એ કંઈ આનંદ કરતાં જુદી વસ્તુ નથી. દેહ હોય ત્યાં સુધી કર્મ અને વ્યવહાર; વ્યવહાર હોય ત્યાં સુધી ત્રણે ગુણ વર્તવાના. ત્રણે ગુણનો વ્યવહાર એટલે આ જગતના રાગદ્વેષવાળાં પ્રાણીપદાર્થની વચમાં રહેવાનું અને તેથી સાધારણ વિક્ષેપ પણ રહે જ. એ વિક્ષેપ આત્મદૃષ્ટિ દ્વારા દૂર કરીએ, એટલે જ્ઞાનનિષ્ઠાની રક્ષા થાય, જગતના ડાહ્યા પુરુષો વ્યવહારદૃષ્ટિથી મનનું સમાધાન કરે, પણ એમાં જગતની

સત્યત્વ બુદ્ધિ રહે, તેથી એ જ્ઞાનનિષ્ઠા ન કહેવાય. કારણ કે જગતના સત્યત્વના સંસ્કાર ચિત્તમાં ઢંકાઇ રહે તેથી પુનઃ એ ઊઠીને નવો સંસાર ઉત્પન્ન કરે. મનના કલ્પનાભર્યાં તરંગોવાળાં સંસાર, ગુણ, કર્મ, સંબંધ, દેહ, પ્રાણ, અંતઃકરણ–એ બધાં માત્ર આપણા સ્વરૂપ–સાગરનાં નાનાં મોટાં, જુદી જુદી જાતનાં મોજાં અને એનો ખળભળાટ છે. એ ખળભળાટ આપણાથી જુદો નહિ; અને તેથી, ખળભળાટ ખોટો; આપણે સ્વરૂપે સાચા–નિત્ય; એ દૃષ્ટિથી એની અનિત્યતા સમજીને સ્વરૂપસ્મરણ દ્વારા દ્વૈતનું વિસ્મરણ કરીએ એટલે ચિત્તની સમતા સ્થિર થતી જાય.

( ૨૭ )

૧૮–૧૧–૩૨

તારા મામાના પુત્રના અકસ્માત્ અવસાનના સમાચાર જાણ્યા. એનું નામ જ જગત્, પરંતુ તેમ છતાંય અધિષ્ઠાન–પરમ, એકરસ, પરિપૂર્ણ તત્ત્વમાં એક રતિમાત્ર, કલ્પનામાત્ર પણ પરિવર્તન નથી થયું એ તેં યાદ રાખ્યું હશે, એવી મને શ્રદ્ધા છે.

* * *

પ્રારબ્ધવશાત્ મારા ચિત્ત સાથે અનુસંધાન રાખનારાં, જે જે પાત્રો છે, અને એમાં વ્યવહાર અને પરમાર્થના સંબંધ-વાળાં એવા ભેદ પણ છે, એ બન્ને પ્રકારનામાં જ્યારે જ્યારે કિંચિત અશાન્તિ જોઉં છું, ત્યારે મને અશાન્તિ થાય છે. પણ પરમ કૃપાળુ શ્રી ગુરુદેવની કૈંક એવી અસીમ કૃપા અનુભવું છું કે તરત જ એ વિક્ષેપ દૂર થાય છે અને નિત્ય શાન્તિ પ્રાપ્ત થાય એવા સંકલ્પોનો ચિત્તમાં વધારો થાય છે.

તમે કોઈ મને બોજારૂપ છો એમ ન માનશો. મારી

સાધન સાધના, આત્મજ્ઞાનની દૃઢતા રાખવાની વિવેકબુદ્ધિ અને અંતર્મુખી જીવનમાં તમારો સહવાસ મને સારો સત્સંગ, આત્મસ્મૃતિ અને સાધનામાં ઉત્સાહ પૂરે એવો ઉપકારક છે. હું તમને બોજારૂપ હોઉં એમ મને લાગશે અને મારા દ્વારા તમને જ્ઞાન, શાન્તિ કે કંઈ પણ આત્મલાભ ન થતો હોય, તો તમને કોઇ અન્યસ્થાને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થશે એમ લાગે ત્યાં જવાની પૂરેપૂરી છૂટ છે; જેવો તમારો ત્યાગ કરવાનો મને અધિકાર છે તેવો જ તમને પણ છે. જો મારા સંબંધથી તમારી ઉન્નતિ સિદ્ધ થતી નથી એમ તમને લાગે તો ત્યાગ કરવાની સ્વતંત્રતા છે: એમાં પરસ્પર હિત જ છે એવી ખાતરી રાખજો. હું તેથી ઊલટો પ્રસન્ન થઇશ.

મારી હાર્દિક ઇચ્છા તમને ઇષ્ટ સુખ મળે, તમે યથેષ્ટ શાન્તિ, આત્યન્તિક સુખ મેળવો એ જોવાની છે. આત્મોન્નતિના માર્ગે ક્યારે, ક્યાં, અને કોના સત્સંગસહકારથી લાભ થાય એ આ માયાના અનિર્વચનીય પ્રદેશમાં નિશ્ચય પ્રમાણે કહી શકાય એવું છે જ નહિ. તમને મારા શરીર દ્વારા જ લાભ મળે એવો દુરાગ્રહ હું રાખું તો મહામૂર્ખ! આવો ભય ન રાખશો. શિષ્યત્વ સ્વીકારવું એટલે દાસત્વ સ્વીકારવું એમ નહિ. એનો અર્થ મુક્તિ સ્વીકારવી અને મુક્તિનાં સાધન પ્રાપ્ત કરવાં એ છે. ઉપરાંત, જેમ દોરડાના સાતઆઠ વળથી આપણને કોઇએ બાંધ્યાં હોય, તેમાંથી એકાદ વળ છોડનાર કોઇ મળે તો પણ આપણે એને છોડનાર માનીએ. પણ પાસે ઊભો ઊભો મહેનતમજૂરી પૂરેપૂરી માગે ને બંધ છોડવાનું જાણે નહિ, મોટી મોટી વાતો કરે, દોરડાની જાતભાત છોડવાની મુશ્કેલી વગેરે જ જણાવ્યા કરે, તો એનો ત્યાગ કરવાનો આપણને હક છે; તેવી જ સ્થિતિ અધ્યાત્મસાધકની છે.

કોઇ મુમુક્ષુને શિષ્યત્વ સ્વીકારતી વખતે ને પછી જો એમ લાગે કે મારા બંધસમૂહમાંથી થોડે થોડે બંધ છૂટતા જાય છે તો જ એ સંબંધ ચાલુ રાખવો; નહિ તો એનો ત્યાગ કરવાની શાસ્ત્ર છૂટ આપે છે. આત્માર્થે જ આ શાસ્ત્ર, ગુરુ, માતાપિતા, બધું છે. જેમાં આત્મદર્શન ન થાય અથવા જેના દ્વારા આત્મદર્શન ન થાય એનો જે ત્યાગ ન કરે એને મુમુક્ષુ જ કેમ કહેવાય?

આ તો એક સામાન્ય ચર્ચા થઇ. આનો અર્થ એવો નથી કે હું તારાથી કે કોઇનાથી વિરક્ત થયો છું, કંટાળ્યો કે થાકયો છું. હું તો તમારામાં આત્મદર્શન કરું છું. મને જ્યારે એ આત્મદર્શન નહિ થાય ત્યારે ત્યાગ કરીશ. ૐ

અજ્ઞાની અને જ્ઞાની બાહ્યદૃષ્ટિએ અમુક વ્યવહારકાળે સરખા જણાય. તું નિર્ભય થઇ જા. કોઈ સાથે મળવામાં ભય શાનો? ઉપાધિ માનવી જ શા માટે? કોઇ આપણે માટે ગમે તેમ માની બેસે તેનું આપણને શું?

વ્યવહાર આપણા સ્વરૂપનો બાધ કેવી રીતે કરે? સ્વરૂપજ્ઞાન વ્યવહારનો બાધ કરે એ વાત તો ખરી; માટે વ્યવહાર તો નિર્ભયતાપૂર્વક જેમ થતો હોય તેમ થવા દેવાનો. કોની સાથે સંબંધ વધારવો કે ન રાખવો એવી વાતોનો શા માટે વિચાર કરવો? "સહેજે જે થાય તે થવા દે"—એ ખૂબ યાદ કરવું. પ્રવૃત્તિ કે નિવૃત્તિ એકેયનો આગ્રહ નહિ. સહજ સ્વભાવે પ્રારબ્ધલીલાના દૃષ્ટા બનીને રહેવું છે.

ખૂબ શાન્તિપૂર્વક રહે. કંટાળો જરાય ન રાખીશ. પ્રસન્ન રહેવું, ને કોઇને મળવાનો પ્રસંગ આવે તો નિર્ભયતાપૂર્વક મળવું. હિમ્મત રાખવી અને પરિણામનો કશો પણ હર્ષશોક ન કરવો.

હું તો આનંદમાં જ છું. આનંદ જ છું અને તું પણ તે જ છે. આપણે ચિન્તા, ખેદ, શોક, નાસ્તિકતા વળી કેવાં? જ્ઞાનીઅજ્ઞાની જેવા ભેદ પણ શા માટે પાડવા? આનંદ, આનંદ અને આનંદ! સ્વરૂપમાં આ વ્યવહાર કઈ રીતે વિઘ્ન કરે? ન જ કરે. પ્રકાશમાં અંધકાર આવે જ ક્યાંથી? ન જ આવે.

માટે આવી પામરતા કાઢી નાખ. વેદાન્તનો અભ્યાસી તો કેસરી (સિંહ) કહેવાય. બકરો મટીને સિંહ થઈ જવાનું. સિંહ છીએ એમ ભાન રાખવાનું. મને પરિશ્રમ પડે એનો વિચાર ન કરીશ. હું તો ખૂબ નિશ્ચિંત, આનંદમય રીતે, જરાયે પરિશ્રમ વિના તમારાં બધાં માટે અકર્તાભાવે કર્તવ્યપરાયણ રહું છું ને અજન્મા છતાં, તમારા માટે, જ્યાં સુધી તમને મુક્તિ નહિ મળે ત્યાં સુધી જન્મ લેવા તૈયાર છું. મને ચિંતા નથી. તમે ચિન્તા શાની ને શા માટે કરો છો? ૐ

મારો તો તું પુત્ર છે એમ તું માનતી હો, તો આવી ભાવનામાં તરત આવી જા. બધી પામરતા વિસારી નાખ; અને સિંહગર્જના કરી લે, કે शिवोऽहम् ॐ अहं ब्रह्मास्मि! ઊઠ, બેટા, જાગ્રત થઇ જા. મૂક બધી દૂર્બલતા! કાયરતા ન જોઇએ.

(૭૮)

૭-૧૨-૩૨

ચિતમાં શાન્તિ રાખજે. શા માટે ચિન્તા વેંઢારવી? જે દશા શરીરની હોય તેમાં આનંદ માની લે અને કેટલાએક એવા તો પ્રતિબંધક હોય છે કે એને બ્રહ્મા પણ ન ફેરવી શકે. તુકારામનો ગૃહસંસાર કલેશવાળો હતો. રામદાસ સ્વામીની આસપાસ તો અતૂટ પ્રવૃત્તિ હતી. જ્ઞાનેશ્વર મહારાજ તો નાત-

પરનાતના ભાઈઓના કલેશમાં જ જીવન વ્યતીત કરતા હતા. શંકરાચાર્યને પણ એમના ન્યાતવાળાઓએ ઓછું દુઃખ દીધું નથી. એમના શિષ્ય પદ્મપાદાચાર્ય દક્ષિણની યાત્રાએ ગયા ત્યારે સગા મામાએ એમને ત્યાં મૂકેલો ગ્રંથ દ્વેષથી બાળી નાખેલો. મીરાબાઈ તો પુષ્કળ હડધૂત થયેલી. આપણા જીવનમાં તો કશું એમાંનું નથી. ખાનપાનની સગવડ છે, સત્સંગલાભ મળે છે. નિવૃત્તિપરાયણ જીવન છે. એ સિવાય આપણને ઊણપ લાગતી હોય તો તે આપણે જીવનની અમુક ભાવના બાંધી રાખી હોય તો ફળીભૂત ન થાય એટલા માટે...બધું પરમાત્મા ઠીક કરશે.

(૨૯)

૨૮-૧૨-૩૨

સૂત્રાત્માના ગર્ભમાં પાણી માત્રના ભોગસંસ્કારની દોરી અને જ્ઞાન છે. જ્યોતિષી, યોગી, ચમત્કારી કે ઉપાસક એવા લોકો ઘણી વાતની આગાહી કરી દે છે, પણ કાંઈ ભોગમાં પરિવર્તન કરી શકતા નથી. વળી એનું એક જ રીતે તો સમાધાન થાય જ નહિ. એટલા માટે અમુક દેશકાલમાં અમુક પ્રસંગે કેમ બને છે, એ કહી શકાય નહિ. એ અનિર્વચનીય છે અને એ જ માયા છે.

જ્ઞાનમાર્ગ એમ કહે છે કે એનું જ્ઞાન પ્રાપ્ત કરવું; વિવેક કરીને આત્મા અને અનાત્મા (માયા) એ બન્નેને જુદાં પાડતાં શીખવું, અને આત્માને ઓળખવા માટે પ્રથમ અનાત્મા જે ઈંદ્રિય ઇદમ્ પદાર્થ છે, નિત્યના વ્યવહારની વસ્તુ છે, એનું જ્ઞાન પ્રાપ્ત કરવું. એ વિવેકજ્ઞાન એટલે આ માયાની બધી લીલા ઓળખી લેવી કે જેથી એનાથી પછી ઠગાવાય નહિ.

આવી રીતે વિચાર કરીએ છીએ ત્યારે સમજાય છે કે જે થાય તે થવા દો. એમાં ફેરફાર કરવાની ઈચ્છા કરવી એ જ અજ્ઞાન. છતાં પણ પ્રબળ ભોગસંસ્કારને લીધે ફેરફાર કરવાની બુદ્ધિ અને કર્મ સૂઝે તો કરતાં અચકાવું નહિ. અરે, જો ફેરફાર કરવાના યોગભોગ હશે તો અવશ્ય ફેરફાર કરવાની બુદ્ધિ સૂઝશે.

હું તો આવો ચોખ્ખો પ્રારબ્ધવાદી કહે કે પછી ઈશ્વરની લીલામાં શ્રદ્ધાવાળો કહે—એવો બનીને બેઠો છું. જે કાળે જે થાય છે એ આનંદપૂર્વક જોયા કરું છું. એ બધાં દશ્ય આગમાપાયી ( આવીને જનારાં ) છે, તેથી એની ચિન્તા શી? એનું નામ જ મિથ્યા; મધ્યવર્તી કાલમાં હોય ને પૂર્વોત્તર કાલમાં ન હોય, એ મિથ્યા, સ્વપ્નવત્.

અહીં ન અવાયું કે બીજે કોઇ ઠેકાણે ન જવાયું, એનો હર્ષશોક હોય તો કહાડી નાખજો. ઈશ્વર જે કરે છે એ સારા માટે, એમ માનીને સંતોષ તથા શાન્તિ વધારતાં જાઓ.

# ૬

(૧)

૧૯-૮-૩૦

વ્યવહારનું આ પ્રપંચી કામકાજ કરતાં તમે બધાં ચિત્તમાં શાંતિ રાખજો. આંતરિક અનાસક્ત-વિરક્ત ભાવથી જ બધો વ્યવહાર કર્યા કરવો કે જેથી ગમે તેવું પરિણામ આવે તો પણ હૃદયમાં કશોયે આઘાત ન પહોંચે, અને શોક, મોહ તથા ખેદના ભોકતા ન થવું પડે.

પ્રથમ તો સંસારનું અસ્તિત્વ માનવું એ જ અજ્ઞાન. માનવું તો પણ અધ્યારોપ;-કલ્પના માત્ર; અને એ અધ્યારોપ માત્રમાંયે કેટકેટલી વિચિત્રતા છે એ તો જુઓ! કેવા કેવા ખેલ ભજવાય છે! એ બધા કોણ કરે છે? જે કરે છે તે જ ભોગવે છે, કર્ત્તાભોક્તા જુદા જુદા નથી.

કર્ત્તાભોકતાપણામાંથી મુકત થવાની ઇચ્છા રાખનાર, પ્રથમ બુદ્ધિ સ્થિર કરીને તટસ્થવૃત્તિ ધારણ કરે; અર્થાત્ બ્રહ્મના તટસ્થ સ્વરૂપ ઇશ્વરભાવમાં પ્રવિષ્ટ થઈને માયા-નટીના ખેલ અલિપ્ત રહીને જુએ; અને પછી તો તટસ્થ ભાવનો પણ લોપ-અપવાદ કરી

સાક્ષાત્ સ્વરૂપે વિરાજે. એ દશામાં નથી રહેતું જગત નથી રહેતો જીવ કે નથી રહેતો તટસ્થ રહેનારો ઇશ્વરભાવ. આ બધાંનો કેવળ અપવાદ; એ જ કૈવલ્યપ્રાપ્તિ; એ જ આત્મસાક્ષાત્કાર !

આપણે આપણું લક્ષ્યસ્વરૂપ ન ભૂલવું; સદેહે વિદેહી છીએ એમ રહેવું; શરીર વ્યવહાર કરે તો પણ મિથ્યાત્વનિશ્ચય વિસારવો નહિં, બાકી જ્યાં સુધી દેહપ્રતીતિ છે; ત્યાં સુધી દ્વૈતપ્રતીતિ છે; અને ત્યાં સુધી સમસ્ત વ્યવહારના પ્રતીતિ છે. એમાં દેહવિલય સુધી પ્રતીતિ તો રહેવાની જ છે. માત્ર એમાં મિથ્યાત્વની ભાવનાથી બાધદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિથી અભેદદૃષ્ટિ રહેવી જોઈએ.

તત્ત્વનિષ્ઠા અત્યંત દૃઢ રહેવી જોઇએ; અનેક જન્મનાં પૂર્વપુણ્ય કહો, પુરુષાર્થ કહો, ઇશ્વરકૃપા કહો, ગુરુકૃપા કહો, એ એ બધાના ફલરૂપે તત્ત્વનિષ્ઠા રહેવી જ જોઇએ. જેટલી જેનામાં દૃઢતા વિશેષ એટલો એને જીવન્મુકિતનો આનંદ વિશેષ.

(૨)

૬-૧૨-૩૦

પ્રારબ્ધના ઘાટ જે કાલે જેવા ઘડાય અને આપણે એ બધા જોવા પડે (ભોગવવા પડે એમ નહીં—કારણ કે દ્રષ્ટાપણામાં ભોક્તાપણાનો ભાવ હોતો નથી. તટસ્થભાવે ઉદાસિનતા કેળવેલી હોય છે, તેથી જ્ઞાનનિષ્ઠ રહી શકાય છે.) તેમાં કંટાળો શા માટે લાવવો ? એમ થવાનું કારણ એવું હોય કે આપણને આપણી સમક્ષ જીવનની ઘટનાઓમાં અમુક જ ગુણાત્મક દૃશ્ય પ્રતિ જ આસક્તિ હોય છે, અને તેથી એમાં જ આનંદ ભોગવવાની ટેવ પડેલી હોવાથી પ્રારબ્ધભોગવશાત્ અન્ય પ્રસંગો ઉપસ્થિત થાય

છે ત્યારે એકના પ્રતિ રાગ હોવાથી અન્ય પ્રતિ દ્વેષબુદ્ધિ સહેજે થઇને કંટાળો આવે છે. પણ આપણે રાગદ્વેષથી મુક્ત રહેવાનું લક્ષ્ય ગોઠવ્યું છે, તેથી ખૂબ સાવચેતી રાખવાની છે.

બ્રહ્મસાગરના આ એક અંશમાં અમુક દેશકાલમાં જે દેહરૂપી બુદ્‌બુદ્‌નો આવિર્ભાવ થયો છે એમ ભાસે છે, તેના જેવા અને જેટલા ઘાટ જે જે દેશકાલમાં થવાના હતા તે થયા, થાય છે અને જ્યારે એનો તિરોભાવ થવાનો હશે ત્યાં સુધી થશે. એમાં કર્તાભોકતાપણાનું અભિમાન રાખીએ, એની સાથે અભેદ અનુભવીએ. દેહાધ્યાસ વધારીએ અથવા એને વશ વરતીને દ્વંદ્વ ભોગવીએ એ જ અજ્ઞાન. એનાથી ઊલટું એમાં કેવલ દ્રષ્ટિસ્વરૂપ રહેવું એ વિજ્ઞાન. એવી રીતે જીવીએ એટલે સંતોષ; તૃપ્તિ. ૐ.

( ૩ )

૭-૯-૩૧

પ્રકૃતિની આ જાળ પાસે જીવમાત્ર અસહાય! પરતંત્ર! પરાધીન! પૂર્વકૃત પરિણામો કોઈ કોઈવાર કેવાં દશ્યો ઉત્પન્ન કરે છે અને આપણા મનને મૂંઝવી મારે છે, એનો આ પ્રત્યક્ષ પુરાવો! પણ એ પરાધીનતા તો અજ્ઞાનીને સાલે છે, જ્ઞાનીને નહિ.

...ના જીવનમાં શરૂઆતથી જ આવા વિષમ પ્રસંગો આવ્યા એ ભાવિની વિચિત્રતા નહિ તો બીજું શું ?-પણ આ શરીર આ પૃથ્વી પર જેને આપણે નાની વયનાં, કાચાં અનુભવી, સમજીએ છીએ તે પ્રકૃતિના અનંત જીવનમાં તો અનુભવીની દૃષ્ટિએ કેટલાં વૃદ્ધ હશે એનો કોણ હિસાબ કહાડે? એમની માનસિક સ્થિતિ પરથી જણાય છે, કે એ બહુ જૂનાં છે. પરમાત્મા એમને એ બધા પ્રસંગોમાંથી નિર્વિઘ્ને અને શાંતિ, નીતિ તથા ધર્મ-

પૂર્વક પાર નીકળી જતાં શીખવે એ પ્રાર્થના, તથા એ બન્નેને આશીર્વાદ.

ઉપનિષદો વાંચ્યાં એ ઠીક થયું. મને તો એ વાચન એવું લાગે કે ગમે તેટલી વાર વાંચો વિચારો પણ કંટાળો જ ન આવે. જેમ જેમ વાંચો તેમ તેમ વિશેષ આનંદ. રાઇને જેમ વાટો તેમ વિશેષ તેજ થાય, પીંપરને જેમ ૬૪ પહોર વાટો એટલે રસાયન બને; અભ્રકને ૧૦૦૦ વાર અગ્નિમાં નાખો તેમ ગુણમાં વૃદ્ધિ થાય, તેવું આ શ્રુતિધન છે. એનું પુનઃપુનઃ વાચન જ આત્મજ્ઞાનની દઢતા કરાવે છે; અને આનંદની દિનપ્રતિદિન વૃદ્ધિ કરતું સંસારની આત્યન્તિક નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે.

કઠ અને મુણ્ડકના કેટલાએક શ્લોક તો બહુ ઉત્તમ છે. પેલું મહાવાક્ય-રત્નાવલિનું નાનું એવું સંસ્કૃત પુસ્તક તો તમારી પાસે હશે. એમાં વિષયવાર પ્રકરણો ગોઠવ્યાં છે. નિત્ય પાઠ માટે એ બહુ ઉપયોગી છે.

(૪)

૮-૧૧-૩૧

શારીરિક સ્થિતિના વિષયમાં માનસિક કારણ જ મુખ્ય ભાગ ભજવતાં હોય તો એને દૂર કરવાં જોઈએ. ...માં વિચારશકિત છે, સમજણ છે, માત્ર સમય પરત્વે એટલે કે ઉપાધિઓનું ભાન થાય તે કાળે એનો ઉપયોગ એનાથી થઇ શકતો નથી. અને ચિત્તને ગમે તેવા કટોકટીના પ્રસંગમાં પણ શાન્ત, પ્રસન્ન, ગંભીર તથા નિશ્ચિંત રાખવું જોઈએ એ એનાથી બનતું નથી; તેથી એની અસર શરીર ઉપર થતી હશે, એનો ઉપાય માન-

-સિક બલ પ્રાપ્ત કરવાનો છે. બેઠાં બેઠાં, કે સૂતાં સૂતાં, રોજ નિયમિત સમયે જપપરાયણ રહેવાથી બલ પ્રાપ્ત થશે અને તે કાલે જપનો મંત્ર અથવા કોઇ પરમ પ્રેમાસ્પદ લાગતું હોય, એવા કોઇ સગુણ પરમાત્માનું સ્વરૂપ ચિત્તચક્ષુની સમીપ રાખી એની પાસે બળ માટે પ્રાર્થના કરવી જોઇએ.

વાચનમાં તો એટલું જ કહેવાનું કે કૈંક નિયમિત રહેવું જોઇએ કે જેથી સ્વરૂપભાન સુરક્ષિત રહે. આત્મસ્વરૂપની વિસ્મૃતિ થાય એ જ ઇશ ઉપનિષદ્‌ની આત્મહત્યા. એના જેવું કોઇ મહાન્ પાપ સંસારમાં નથી, અને મહાન્ ક્લેશરૂપી આ સંસારના જન્મ-મરણથી આવાગમન જેવી આકરી સજા એને માટે ભોગવવાની છે. એ તો જન્મોજન્મની ચામડાની કોટડી, સખ્ત મજૂરી, રડવા-કૂટવાની ને નરકવાસની સજા છે. એમાંથી બચવા માટે અને એવી આત્મહત્યાનું પાપ હવે ન થાય એની પૂરતી કાળજી રાખવી જોઇએ.

## (૫)

૯-૧૧-૩૨

ઇશ્વરની ધારણા હશે એમ જ થવાનું છે, એ તો નક્કી છે. અને જે થશે તે આપણા સારા માટે જ હશે એવી શ્રદ્ધા કેળવવી, એ ભૂલવાનું નથી. અમુક જ આશા બાંધીને જો શ્રી... બેસે અને ધાર્યું પરિણામ કદાચ ન આવે તો નિરાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય તે માટે મનમાં અત્યારથી જ સમતા રાખવી જોઇએ.

# ૭

( ૧ )

૨૨-૮-૩૦

પરમાર્થની દૃષ્ટિએ આ શારીરિક વ્યાધિથી જણાતાં દુઃખોની કશી કીમત નથી. શરીરના પ્રારબ્ધ ( સુખ અને દુઃખ બન્નેના ) ભોગ અનિવાર્ય છે. જેવા આગામી ભોગ હોય છે, તેવો પુરુષકાર કરવાની બુદ્ધિવૃત્તિ થાય એ અટલ નિયમ છે. આ ચક્ર એ નિયમને અનુસરીને જ ચાલ્યા કરે છે.

( ૨ )

૨-૧૧-૩૦

ચિત્તમાં શાંતિ રાખજો. વર્તમાનમાં જ સંતોષ, તૃપ્તિ, નિજાનંદમાં રહી કર્મ કર્યે જવાં. એ એકડો ઘૂંટવા માટે મલિન મનને મારી નાખવું પડશે પણ એના મરેલા તત્ત્વમાં જ—એની ભસ્મમાં જ, એટલે કે એ મનની ભસ્મ જ આત્મપ્રસાદની માત્રા છે. એ જ વિભૂતિ છે. એ જ જીવન્મુક્તિનું મહાઔષધ છે.

( ૩ )

૯-૧૧-૩૦

અંતરમાં કશી ચિન્તા વેંઢારશો નહિ. બધું પ્રારબ્ધવશાત

ઠીક જ થયા કરે છે એવી શ્રદ્ધા વધારશો. કશો હર્ષશોક ન રાખવો. એનો હુમલો થાય તો તરત જ, મેલાં કપડાં ધોઇ નાંખીએ એમ જ્ઞાનનિષ્ઠાથી ધોઇ નાંખતાં શીખવું. વાવાઝોડા વખતે આપણે જેમ ઝટ ઘર, ઝાડ કે પહાડની ઓથ લઈએ છીએ તેમ દ્વંદ્વોનો હુમલો થાય ત્યારે એકદમ આપણે સ્વરૂપ-સાગરમાં ડૂબકી મારી સંસારનાં દ્વંદ્વોનો મેલ ધોઇ નાંખવો. એની વિસ્મૃતિ કરવી; ભૂતભાવી ભૂલી જવાં અને કાલાતીત થવું. વર્તમાન કાલમાંથી અતીત થતાં ગુણાતીત થવાય છે. એ એકમાંથી અતીત ( પર-મુકત ) તે બધામાં જ અતીત.

પણ જીવનમાં નિયમિતતા આવવી જોઇએ. અથવા તો એને ગમે તે દેશકાલમાં આપણે લાવી શકીએ એવી પ્રબલ ધારણા થવી જોઇએ. પણ નિયમિતતા, નિયત કાર્ય કરવાની બુદ્ધિ પ્રકટ ન થાય ત્યાં સુધી ધારણા પ્રબલ ન બને. ધારણા પ્રબલ ન બને ત્યાં સુધી સમત્વ ન આવે, સમત્વ આવે ત્યારે યોગસિદ્ધિ થાય; યોગસિદ્ધિ થાય ત્યારે કર્મમાં કુશલતા આવે; કર્મમાં કુશલતા આવે એટલે જ્ઞાનયોગમાં વ્યવસ્થિત થવાનો ચિત્તને સુયોગ પ્રાપ્ત થાય.

એટલા માટે ક્રમપૂર્વક કર્મકૌશલ્ય સુધી પહોંચવાનું લક્ષ્ય રાખી, વ્યવસ્થિત કર્મપરાયણતા કેળવવા માંડો.

( ૪ )

૪-૧૨-૩૦

દેહના ભોગનાં જે કાળે જેવાં નિર્માણ હશે તે કાળે તેવા ભોગ-સુખ કે દુઃખ પ્રાપ્ત કે નિવારણ કરવાની અવશ્ય બુદ્ધિ સૂઝશે. એ ભોગના સંસ્કારનો યથાક્રમ યથાકાલે ઉદય

થયા જ કરે છે. અને તદનુસાર જ્ઞાની કે અજ્ઞાની, અરે પ્રત્યેક પ્રાણી કર્મપરાયણ રહીને દેહવ્યવહાર ચલાવે છે. માત્ર બન્નેની દષ્ટિમાં ભેદ એ છે કે અજ્ઞાની એમાં તટસ્થ તથા નિર્લેપ ન રહી શકે, અહંકારને આગળ રાખીને, એને જ અધિષ્ઠાન માનીને કર્તૃત્વભોક્તૃત્વ બુદ્ધિ વડે કર્તા ભોક્તા બને અને અવિદ્યાના પાશ વધારે: ત્યારે જ્ઞાની એમાં સાક્ષીભાવ કેળવેલો હોવાથી ઉદાસીન રહે, કર્તૃત્વભોકતૃત્વથી નિર્લેપ રહે, આન્તરિક કેવળ સુખ ભોગવે, અને અવિદ્યાનો લવલેશ પોતાના સ્વરૂપમાં નથી, પણ અંતઃકરણના ધર્મો આ વ્યવહાર ચલાવ્યા કરે છે એમ અનુભવે એ એની જીવન્મુક્તિનો આનંદ. જિજ્ઞાસુનું એ ધ્યેય; જ્ઞાનીની એ સ્વભાવસિદ્ધિ.

કર્મનાં પોટલાં નાનાંમોટાં હોય, ત્રિગુણાત્મકની જુદી જુદી ભાતનાં હોય, હળવાં ભારે હોય, રમણીય કે દુઃખદ હોય, પણ એ બધાંયનો ભાર તો ખરો જ. એ બધાં જીવાત્મા-ઓનાં અંતઃકરણોમાંથી ઉત્પન્ન થતા ભોગના સંસ્કાર કયે ક્રમે ઊઠે છે, શા માટે ઊઠે છે, એ તો એ બધાનો સૂત્રધાર હિરણ્ય-ગર્ભ ( સુત્રાત્મા ) જાણે. આપણે તો કેવલ એ કર્મભાર, વાસના-સમૂહ, અને અવિદ્યાપાશ, એ બધાયને પુષ્પવત્ માનવાની શક્તિ આવે, અને સ્વભાવસિદ્ધિ જેવી સાત્ત્વિકતા કેળવાય એની સાધના કરવી એ આપણું લક્ષ્ય.

એને પુષ્પવત્ માને, સમજે, અને એ ભારને નહિવત્ માને તેણે જગત જીત્યું; મન જીત્યું; સર્વ જીત્યું. ૐ

અને આ એ એક જ આનંદમયની લીલા તો જુઓ! આનંદમય એટલા માટે કે એ અવિદ્યાવાળો છે; સુષુપ્તિના

ભોગવાળો છે; સુષુપ્તિના કાલની માયાનું આવરણ—ચાદર ઓઢીને અવનવા ખેલ ખેલે છે. જાણતાં છતાં પણ ન જાણે એવી એની આ સર્વહિતકારી લીલા ! ॐ

( ૫ )

૧૧-૬-૩૧

વ્યવહારનો સ્થૂલ ભાર જેટલો વસમો છે, તેના કરતાં એનો કંટાળો ( સૂક્ષ્મ ) વિશેષ દુઃખદાયી છે. હું એ કંટાળો નાબૂદ થાય તે જોવા તલસી રહ્યો છું. કારણ કે કંટાળો એ કેવલ માનસિક અશક્તિ છે; મિથ્યા ઉપાધિ છે. અને એ ઉપાધિ તો વસ્તુસ્થિતિ ગમે તેટલી પરિણામ પામે તો પણ મન સુધર્યું ન હોય તો ચાલુ જ રહે છે.

પ્રત્યેક અવસ્થામાં આનંદ માણતાં શીખો; નિર્ધનતા એ શરમાવા જેવી પામરતાની સ્થિતિ નથી, પણ ત્યાગની સર્વોત્કૃષ્ટ સ્વીકૃત સ્થિતિ છે એવું સમજો. તમે સન્માર્ગે પ્રયત્ન કર્યે જાઓ; અને યથાસમયે પરમાત્મા શુભ પરિણામ લાવશે એવી શ્રદ્ધા રાખો.

( ૬ )

૧૧-૯-૩૧

જીવાત્માને જયારે બંધનું ભાન થવા માંડે છે, ત્યારથી જ એને પોતાની પ્રકૃતિ ભારે પડે છે. ત્યાં સુધી તો એને ગમે તેટલી વાર ત્રિતાપ આવી મળે છતાં સીધી ( ન્યાય-નીતિ ) કે આડકતરી ( અન્યાય-અનીતિ ) રીતે એ પોતાને માર્ગે આગળ ચાલ્યો જ જાય છે. અને વિષયસુખની પ્રાપ્તિની ગડમથલમાં

અસહ્ય મનાતા ત્રિતાપો સહન કરવામાં સુખાશા ગુમાવતો નથી. આત્મઘાત ( દેહ-ત્યાગ ) સુધીની ક્રિયાઓ પણ થઇ જાય છે, પણ એ બધું ભાવી ભોગની આશાએ. આટલી અજ્ઞાનની પરંપરાની સમજણ પછી જ્ઞાનની ઝાંખી માટેના પુરુષાર્થની વાત કરીએ.

અધ્યાત્મજ્ઞાનના પ્રદેશમાં, એટલે કે સ્વતંત્ર નિજાનંદની પ્રાપ્તિ કરવાની જ્યારથી જીવાત્માને પ્રેરણા થાય છે, ત્યારથી બાહ્ય નિર્વાહ માટે એને એમ લાગવા માંડે છે કે થોડામાં થોડા પરિશ્રમથી નિર્વાહનાં સાધનો પ્રાપ્ત થાય તો સારું કે જેથી મન ઉપાધિમાંથી નિવૃત્ત રહે અને ઇશ્વરચિંત્વન માટે સમય મળે. ઉપરાંત જેનાં ફલ કેવલ દુઃખ જ છે, તેવા અધર્મથી પણ બચી શકાય. વળી એ સાધન પ્રાપ્ત કરવામાં રાજસ તામસ્ વ્યવહાર-પ્રતિ એને સ્વાભાવિક અરુચિ ઉત્પન્ન થયેલી હોવાથી જ્યાં જ્યાં એવો વ્યવહાર હોય, અથવા એમ કહો કે જે વ્યક્તિઓના સહવાસ દ્વારા એવો વ્યવહાર થવાનો સંભવ હોય અને એમાં પોતાની દુર્બલતાને લીધે કદાચિત્ અધર્મમાં નિમિત્ત બની જવાનો ભય હોય, તેમાંથી એ મુકત થવા ઇચ્છે છે. એનો અર્થ નિવૃત્તિમાર્ગની કે ત્રીજા ચોથા આશ્રમની તૈયારી સમજી લઇએ તો શું ખોટું ?

અંગત વ્યવહારના પ્રશ્નોનો જો એકવાર છેવટનો નીવેડો કરી નાંખીએ, તો ભવિષ્યમાં કેવળ અધ્યાત્મજીવન ગાળવામાં બહુ જ અનુકૂળતા અને ચિત્તની પ્રસન્નતા રહે એમ હું માનું છું. એમાં પ્રકૃતિમાંથી કેમ વિશેષ લાભ પ્રાપ્ત થાય એ જ જોવાનું છે, ખોટની વાત જ નથી. પ્રકૃતિમાંથી રાજસિક, તામસિક વ્યવહાર હમણાં જ દૂર કરી શકાતો હોય તો કરી નાખો, એમ ચોખ્ખી આજ્ઞા હું આપું છું. તમે રજસ્તમસ્માં ડૂબકાં ખાઓ, ડૂબતા જાઓ એ જોવા તો હું ક્ષણ પણ રાજી નથી.

( ૭ )

૨૭-૯-૩૧

તમારી વિવેકબુદ્ધિ માટે મને માન છે, તેથી એટલું લખી નાખું છું કે તમે યથેચ્છ કરવા અધિકારી છો; અને પ્રકૃતિ પણ કયાં સુધી રોકી રોકાય એમ હતી ? એટલે આપણે પત્રમાં હવે એ ચર્ચા બંધ કરીએ.

૧. ગુરુત્વબુધ્ધિ માટે સ્પષ્ટતા કરું. એમાં ગુરુત્વ-લઘુત્વનો પ્રશ્ન નથી. ગુરુશિષ્યના સંબંધમાં આજ્ઞાધીનતાનો સંબંધ હોય છે. ત્યારે મૈત્રીના સંબંધમાં સૂચનાનો જ પ્રશ્ન રહે છે. હું આજ્ઞા નહિ પણ સૂચના કરવા તૈયાર છું; એ આથી સ્પષ્ટ થાય છે.

૨. પણ મારામાં જે તમને ઈષ્ટ લાગતું હોય તે તમને આપવા યથાશકિત હમેશાં તત્પર રહીશ, એમ બંધાવાને મને જરાયે હરકત નથી.

અંતર્યામી જેવો આદેશ કરે તે પ્રમાણે કાર્યતત્પર થાઓ, એમાં હું પ્રસન્ન છું. મારી સૂચનાઓ કરી ચૂકયો. તમે તમારી પ્રેરણા, ભાવના અને બુધ્ધિ પ્રમાણે વર્તો તેથી હું તમને સહાય સૂચના કરતો બંધ થાઉં કે અપ્રસન્ન હોઉં એ પ્રશ્ન અસ્થાને છે.

( ૮ )

તા. ૧૭-૧૧-૩૧

ત્યાગ ( બાહ્ય ), સંન્યાસ કે વૈરાગ્ય ( આંતરસંન્યાસ એટલે આન્તર અને બાહ્ય એવો અર્થ હું કરું છું-) એમાંથી

શું શ્રેય હશે કે થશે, એવા કશા પણ વિચારવમળમાં અત્યારે શા માટે પડવું જોઇએ ? બધી બાહ્ય રહેણી કરણી જો આંતરિક સમજણ વગરની હોય તો કેવલ વાડો જ છે; પોતાને સ્વતંત્ર વિચારક Free thinker માનનારા પણ વાડાની બહાર નથી એ ખાસ જોવાનું છે. બધા વાડામાંથી કયો વાડો વિશેષ ઉદાર છે, એટલું જ જોવાનું છે. તે વખત આવ્યે જોઇ લઇશું. હમણાં નિશ્ચિંત રહેવામાં જ આપણું બળ અજમાવવાનું છે.

( ૯ )

તા. ૨–૧૧–૩૨

બંધનથી મુક્તિ કે મુક્તિની ભાવનાથી બંધનનું ભાન એ તો તમે ખૂબ સમજો તેવો વિષય છે. વ્યવહાર એટલે જ વિક્ષેપનું ઘર અને તે તો ગમે તે સ્થિતિમાં ( દિગમ્બર વન-વાસીને પણ ) રહેવાનો જ. જ્યાં સુધી વ્યવહાર ત્યાં સુધી વિક્ષેપ. એ તો મેલાં કપડાં રોજ સાબુથી ધોઇએ, તેમ ક્ષણે ક્ષણે એનો જ્ઞાનથી બાધ કર્યા કરવાનો ને શાંતિ વધારવાની.

( ૧૦ )

૨૮–૮–૩૦

સંધ્યાવંદનાદિ કર્મકાંડ અવકાશના અભાવે કદાચિત્ ન થઇ શકે, તો પણ ચિત્તમાં શાંતિ રાખવી; સર્વ પ્રતિ સમભાવ વધારવો, કામક્રોધાદિના આવેશોમાંથી મુક્ત રહેવાની જાગ્રતિ તથા સ્મૃતિ રાખવાં, વ્યવહારમાં સાદાઇ અને નિરભિમાન વૃત્તિ કેળવવાં, ઉપરાંત એવાં જ બીજાં ભગવદ્ગીતાના પાછળના અધ્યાયોમાં દૈવીસંપત્, સત્ત્વગુણ વગેરેનાં જે લક્ષણો વર્ણવ્યાં છે તે આપણા જીવનમાં ધીરે ધીરે વિકાસ પામે એની ખાસ

સંભાળ રાખવાનો પુરુષાર્થ તો થવો જ જોઈએ. વળી આ સદ્‌ગુણો એવા છે કે જે એકાંતમાં નહીં, પણ વ્યવહારમાં જ કેળવી શકાય એવા છે. તરવાનું જેમ પાણીમાં જ શીખાય છે, પાણીની બહાર કે કાંઠે બેસીને નહિ, તેવી રીતે અધ્યાત્મ-જ્ઞાનના સાધન માટે સાત્વિક સંપત્તિ વ્યવહારમાં જ કેળવાય છે, માટે મુખ્ય લક્ષ્ય એ જ રાખશો, અને દૈવી સંપદ્ કેળવશો.

સંયોગો કઠિન આવી પડે તો પણ ધૈર્ય રાખવું. આવકના પ્રમાણમાં ભાવી માટે સંચયનો વિચાર રાખી નિત્યનું ખર્ચ કરવું કે જેથી આપત્તિના પ્રસંગે અણધાર્યું દુઃખ ન માનવું પડે. સંયોગોને વશ તો સમસ્ત જગત છે; એ સંયોગોમાં ચિત્તની સમતા કેમ રાખવી, અધર્મ પ્રતિ કેમ ન ઘસડાઇ જવું, હમેશાં ધર્મના પ્રસંગોમાં જ નિમિત્ત બનીને શુભ નિષ્ઠા અને પદ્ધતિથી શરૂ થયેલા વ્યવહારને ઈષ્ટ માનવો એ જ આપણો પુરુષાર્થ છે; સંયોગોમાં આપણે શુભમાં નિમિત્ત થઇએ, એવું બળ કેળવવું: અને દિનપ્રતિદિન એ બળ વધે છે કે નહિ, એ તપાસતા રહેવું. આવો પરિશ્રમ કરવો, એ જ અત્યારે તમારો પુરુષાર્થ, અને ધાર્મિક જીવન. ૐ

કદી કંટાળવું નહિ; નિરુત્સાહી થવું નહીં; અનેક જન્મોમાં અનુભવ મેળવતો જીવાત્મા નિરંતર આગળ ઉન્નતિ જ કરતો જાય છે. એનું મૃત્યુ–નાશ તો કદી છે જ નહીં; નથી એનો પોતાનો નાશ કે નથી એના શુભ પુરુષાર્થના સંસ્કારનો નાશ. એની ખરી કમાણી જ એ છે. પ્રત્યેક જીવન (જન્મ)ની અનુભવમાળામાં, હમેશાં આશાવંતો રહી, જીવનમાં વાસ્તવિક સત્, ચિત્ત, આનંદની ઝાંખી ધીમે ધીમે અનુભવવા સમર્થ થતો જાય છે: આ વર્તમાન જીવનમાં આવા ભાવી નિત્ય સુખની

આશા રહે છે. એ જ એની નિત્યતા અને આનંદ સ્વરૂપની સાક્ષી પૂરે છે. આખું બ્રહ્માંડ બદલાયા કરશે, આજના પ્રસંગો આવતી કાલે નહીં રહે, આજનાં અને આ જીવનમાં સંબંધીઓ આવતા જીવનમાં કદાચ ન આવી મળે, એ બધું બલદાય, પણ એ સંઘર્ષણ, સંબંધ અને વ્યવહારમાંથી જે જ્ઞાન, સહનશકિત, ધૈર્ય, વિશુદ્ધિ, અને વિવેકબુદ્ધિ પ્રાપ્ત થયાં છે, એ નિત્ય સાથે રહેવાનાં છે; બદલાશે કે નાશ નહીં પામે, પણ ઉત્તરોત્તર વધતાં જશે. એ વિનાનાં બાકી બધાં સંબંધમાં આવનારાં પ્રાણી, પદાર્થો અને પ્રસંગો બદલાવાના.

તમે પોતે નિત્ય છો, જગત તમારે માટે કેળવણીની નિશાળ છે; એમાં તમે કેળવણી લેવા આવ્યા છો. એ નિશાળ તમારે માટે છે, તમે એ નિશાળને માટે નથી. જગત આપણે માટે ઉપર કહેલાં સાધનો પ્રાપ્ત કરવાનું ક્ષેત્ર છે, એમ પ્રત્યેક જીવાત્માએ સમજવાનું છે અને પરસ્પર સાત્ત્વિક સંપત્તિ પ્રાપ્ત કરાવવી, એવા જ સ્નેહી તથા સંબંધીઓ રાખવા વધારવાને સાચવી રાખવાનું તાત્પર્ય; એ વિનાનું બધું અનિત્ય ઝાંઝવાના જળ જેવું. ૐ

(૧૧)

૨૪-૮-૩૦

આસપાસની પરિસ્થિતિમાં સંભાળ રાખીને રહેવું. ચિત્તમાં સમતા, (સમબુદ્ધિ) રાખવી; નહિ હર્ષ કે નહિ શોક. નહિ મોહ કે નહિ ઉદાસિનતા એવી સમાહિત અર્થાત્ સમાધિસ્થ વૃતિ રાખીને વ્યવહાર જોયા કરજો. મન અને કર્મેન્દ્રિયો એટલે કે મનોમય, પ્રાણમય, અને અન્નમય કોશ કર્મશીલ રહે,

વ્યવહાર નિભાવે, પણ વિજ્ઞાનમય કોષમાં જરાયે કર્ત્તા-ભોક્તા ભાવ લાવવા દેશો નહિ. એમાં તો હમેશાં અકર્ત્તા-અભોક્તા રહેજો અને આવી રીતે સ્વરૂપમાં નિષ્ઠા રાખજો. આમ રહેશો તો સુખસ્વરૂપ છો, એનો અનુભવ પ્રત્યેક ક્ષણે થશે; અને કર્મઠો કર્મ કરતાં સુખની આશા રાખ્યા કરે છે; દુઃખમાં સુખી રહેવાની, અશાંતિમાં શાંત રહેવાની અને એને જ આત્મલાભની વાતો કહે છે, એ કેવી ભ્રાંતિ છે, ધૂમાડાના બાચકા છે, એમ સમજાશે. મુક્તિ માટેના ચિન્તારૂપી બંધની આત્મસ્મૃતિદ્વારા વિસ્મૃતિ થાય છે. આમ મૂલાવિદ્યાનો નાશ થાય છે. બંધ માનવો નહિ અને સ્વરૂપનું ભાન રાખવાથી મુક્તિની કલ્પના સહજ સ્વભાવે નિર્મૂલ થશે.

( ૧૨ )

૨૬-૮-૩૦

શનિવારનું લખેલું કવર મળ્યું, તારીખ તો પત્રમાં હોતી નથી, એટલે નિરાંત છે. એકાંતમાં રહેનારાં એમ કરતાં કરતાં દેશકાલનું અસ્તિત્વ ભૂલીને એનાથી અતીત (પર) તત્ત્વમાં નિષ્ઠાવાન થાય, એના જેવું બીજું શું રૂડું? આશિર્વાદ!

મૌનથી લાભ તો અવશ્ય થાય છે, વિચાર કરવાનો સમય વિશેષ મળે છે; સ્વાભાવિક રીતે જ જનસમૂહનો પરિચય ઘટે છે.

# ૮

( ૧ )

તા. ૬-૧૨-૩૦

...એને માટે દયા નહિ, પણ ન્યાય જ હોવો જોઈએ એમ મને લાગે છે. શુભાશુભ કે સારાસારના ભાન વગરની બુદ્ધિમાંથી સ્વેચ્છાચારી જીવન ગાળ્યું હોય એવા અવિવેકનાં પરિણામ દુઃખમાં ન આવે, એ કેમ બને? સૌએ પોતપોતાના કર્મભોગ ભોગવવાના છે. મિત્ર તો એટલું જ કરી શકે કે એને ભાવી જીવનમાં સત્પથ દેખાડે; એ સત્પથ પ્રતિ વાળનાર તો સૌનો પોતાનો અંતર્યામી છે. એ જેટલો શુદ્ધ હોય તેટલો સત્પથગામી થાય.

શકિત વગરની ભોગની ઊંડી વાસનાઓની જાળ એની અજ્ઞાનમય ચિત્તની જડતામાં એવી ગૂંથાઇ ગયેલી છે, કે એ પોતે અજાણતાં તમોમય વાતાવરણમાં પડી રહી છે એને સર્વત્ર અંધકાર છે; આશાનું કિરણ એની આસપાસ છે, પણ એને પકડી પાડવાની પણ શકિત રહી નથી. પરમાત્મા એનું કલ્યાણ કરે!

( ૨ )

તા. ૨૬-૫-૩૧

કોઈ પણ જાતના બીજ વિના વૃક્ષ નથી હોતું, તેમ કોઈ પણ કારણ વિના કશુંએ કાર્ય ( પરિણામ-ફલ ) બનતું નથી. અત્યારનાં અનિવાર્ય અને અજેય ઉદાસીનતા તથા ગ્લાનિ જો કાર્ય (effect) હોય, તો એનું કારણ (cause) આપણાં પૂર્વ કર્મમાં જ હોવું જોઇએ, અને માનસિક અશાંતિનું કારણ માનસિક હોય છે. તેથી મનમાં જ એનું મૂળ શોધી ઉપાય કરવો જોઈએ.

બળતા ઘરમાં સપડાઈ પડેલાં માણસોને બચાવવા જનારને એટલું ભાન અવશ્ય હોવું જોઇએ, કે એ પોતે આગથી બચી શકે એમ છે કે નહિ. આપત્તિ આવે તો એ ઘરમાંથી અચાનક ગમે ત્યાં કૂદી પડીને બચી શકે એમ છે, એવું ભાન કે શકિત એનામાં ન હોય તો, એનું એ બળતા ઘરમાં જવું એ મૂર્ખતા ભર્યું સાહસ છે. એમાં બીજાને એ બચાવી શકતો નથી એટલું જ નહિ પણ પોતે જ બળી મરે છે. આ વિષયમાં મેં તમને છેલ્લા ત્રણ વર્ષમાં અનેકવાર કહેલું છે કે તમે તમારું સંભાળો અધ્યાત્મબળ પ્રાપ્ત કરો; જીવનમાં તમે પ્રથમ વિશુદ્ધિ અને અનાસકિત ( નિર્મોહ ) કેળવો, અને ત્યાર પછી સહવાસમાં આવનારાંને સુધારવાનું-પોતે જાતે વિકૃત બન્યા સિવાય સુધારી શકાય તેમ છે, એવું લાગે તો યથાશકિત પ્રયત્ન કરો. નહિ તો એનો ત્યાગ કરો. એ વ્યકિતને એકલી મૂકો: એને પૂરો પશ્ચાત્તાપ થવા દો. જ્યારે સર્વ દિશામાંથી અવલંબન છોડી કેવલ તમારું જ અવલંબન લેવા આવે, તમારી સૂચના વા આજ્ઞા માગવા આવે, તમારી સલાહ સૂચનામાં જ શ્રદ્ધા દર્શાવે ત્યારે પ્રથમ એવી આજ્ઞા કરો કે જેથી એના પાલનદ્વારા એની શકિતની

પરીક્ષા થાય. તમારે એનાં કર્મનાં પરિણામમાં ભાગ ભોગવવાનો વખત આવ્યો ત્યાં સુધી તમે એ પ્રવાહમાં તણાતા રહ્યા, અને હવે એ બળતાં ઘરોની, એ વ્યક્તિઓના ઝેરની તમારા પર અસર થાય છે, અને તમને એ દહન કરે છે ત્યારે સંતાપ કરો છો એનો શું અર્થ ?

કશી આપત્તિ આવવાની નથી; એવી કુશંકાઓને સ્થાન ન આપો. ગીતાના છેલ્લા છ અધ્યાયોનો અભ્યાસ રાખો. સ્વા. રામતીર્થના ચારે ગ્રંથોનું વાચન શરૂ કરી દો.

જગતના બધા મહાપુરુષો દુઃખની ભઠ્ઠીમાંથી પસાર થઈને શુદ્ધ થયા છે, ત્યારે તેઓ મહાન કહેવાયા છે; એ તો તપશ્ચર્યા છે, એમાં આત્મકુંદનની પરીક્ષા છે. માટે ઉત્સાહ રાખો. ક્ષણે ક્ષણે બદલાતા ભાવો, ઈંદ્રિયોના વિષયો, શરીરની અવસ્થાઓ એ આપણે નથી, આપણે બધાનો અનુભવ કરનારા, એને જાણનારા, એનાથી પૃથક્-નિત્ય છીએ, આટલું જ હમણાં જરા સમજતાં શીખો એટલે બસ.

( ૩ )

તા. ૧૦-૬-૩૧

તમે માનસિક સ્થિરતા જાળવતા હશો. મન જ્યારે વિશેષ અસ્વસ્થ હોય ત્યારે એને બીજા કોઈ પણ કાર્યમાં ખૂબ રોકી રાખવું. બહાર ફરવા ચાલ્યા જવું; સારા મિત્રોના સહવાસ માટે ઊપડી જવું; નિર્દોષ આનંદ મળે એવાં કામ કરવાં; પણ એને એકલું પડવા દેવું નહિ. જીવન નકામું વેડફી નાખવા માટે નહિ, પણ સુન્દર અને સંસ્કારી કરવા માટે છે. એની ઉન્નતિ

કરવી, એટલે એમાં પવિત્રતા તથા વિશુદ્ધ આનંદ પ્રાપ્ત થાય; લોકસેવા પણ જીવનનું એક અંગ હોવું જોઈએ. પણ એ પહેલાં આપણામાં સંપૂર્ણ સંયમ આવવો જોઈએ; નહિ તો બધું ધૂળ ઉપર લીંપણ જેવું થાય છે.

# ૯

(૧)

૨૩-૮-૩૦

શુભ નિષ્ઠાથી અને શુભ પદ્ધતિથી શરૂ થયેલો પ્રયત્ન ઇષ્ટ ફલ તો લાવે જ; પણ એ પ્રયત્નમાં સતત જાગ્રતિ રહેવી જોઇએ. એની ફલીભૂત સ્થિતિ થવાની હશે, ત્યારે પ્રકૃતિનાં સમસ્ત તત્ત્વો એમાં સક્રિય સહાયતા કરશે. આપણે દેશની ઉન્નતિ સાથે વ્યક્તિગત ઉન્નતિનો વિચાર કરીએ તો, જે જે વ્યક્તિઓ આ ધર્મયુદ્ધમાં ક્રિયાશીલ બનીને તપશ્ચર્યા કરે છે, તે બધી વિશુદ્ધ અને બલવાન બનશે, એ તો નિર્વિવાદ છે.

(૨)

૨૯-૮-૩૦

અત્યારે તો આર્ય પ્રજા માટે આત્મજ્ઞાન માત્ર વાચિક જ રહ્યું છે. સમસ્ત ગીતાનો નિત્યપ્રતિ પાઠ કરી જનારાંઓ પણ શારીરિક કષ્ટથી ડરે, ત્યારે આપણી અધોગતિ પરાકાષ્ટાએ પહોંચી છે એમ જ માનવું. સાહસિક વૃત્તિ તો આપણું જીવન-સૂત્ર હતું. એ સાહસિક વૃત્તિના પ્રમાણ તરીકે આપણી પાસે

અનેક શાસ્ત્રોના ભંડાર વારસારૂપે પડયો છે. એ પૂર્વજોના ત્યાગમય, અને એકાન્તમય જીવનનો વિચાર કરીએ તો એવી પ્રાણાર્પણ કરવાની વૃત્તિ વિના, ધ્યેયને જીવનમરણનો પ્રશ્ન બનાવ્યા વિના આવી કશીય શોધ કરી શકાય ખરી ?

એ જીવનમૃત્યુનો ભય સંકટો સહન કરવાની શારીરિક તિતિક્ષાથી સ્હેજે જીતાય છે, ઉપરાંત એક મહાન લાભ એ છે કે આત્મભોગની સમર્પણની કસોટી દ્વારા એની કિંમત સુઝે છે. સમષ્ટિગત અનેક લાભો પરોક્ષ રહે છે, છતાં એમાં અપરોક્ષ અને તાત્કાલિક લાભો તરીકે એકાન્તમાં રહેવાની ટેવ, તિતિક્ષા, ઇંદ્રિયસંયમ, સાહસિક વૃત્તિ, નિર્ભયતા, અને દેશભકિત દ્વારા જે આત્મવિચારણા કરવાની ટેવ પડે છે તથા આપણી નબળાઇઓ વીણી વીણીને દૂર કરવાનું સૂઝે છે, એ અમૂલ્ય છે. એનો લાભ સામાન્ય રીતે અન્ય દિશામાં કોઈને થતો હોય તો તેમને માટે પણ એ જ માર્ગ છે, પરંતુ એ એક જ માર્ગ બધાને માટે લાભદાયક કે આવશ્યક છે એમ હું માનતો નથી.

છતાં એમાં કોઇને યુગધર્મ લાગતો હોય, એથી પ્રજાના સંગઠન બલમાં વૃદ્ધિ થાય છે એમ લાગતું હોય તો એ સ્થિતિ નોતરી લેવામાં પણ પાછી પાની ન કરવી જોઇએ.

( 3 )

૨૬-૮-૩૦

આર્યાવર્તનાં યુવાન યુવતી, તેમ જ સમસ્ત પ્રજાજનોનો ધર્મ તો વીરત્વભર્યો છે. બ્રાહ્મણધર્મ એટલે ત્યાગને જ પ્રાધાન્ય આપી નિવૃત્તિપરાયણ બનીને બેસી રહેવું એમ નહિ. મહાભારતના યુદ્ધ વખતે અર્જુનને પરમાત્મવિષયના અજ્ઞાનથી શોક-મોહ થયાં,

ધર્મયુદ્ધ છોડી અધર્મના પામર વૈરાગ્ય ભણી જવાનું મન થયું અને જાતે રડવા લાગ્યો, ત્યારે એ જ પરબ્રહ્મ, પરમાત્મા, પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણચંદ્રે એના હાથમાં માળા મૂકીને નામસ્મરણ કરવાનું કે મંજીરાં આપીને નામધૂન લેવાનું નહોતું કહ્યું. શ્રી કૃષ્ણે પોતે પણ ભાગ્યે જ મંજીરાં હાથમાં લીધાં હોય; હા, બાળક અવસ્થામાં રાસની રમત રમ્યા હતા, પણ એ તો એમની બ્રહ્મચર્યાવસ્થાના ખેલ.

ધ્યાનપરાયણતા વધે, એવી ગંભીરતા તમારે કેળવવાની છે.

ચંચલતા અને વેવલાપણું તો હવે નિર્મૂલ થવું જોઈએ. બહુ સ્પષ્ટ લખ્યું છે; કોઈને કદાચ કડવું પણ લાગે, પણ જેના પ્રતિ મને મમતા છે, તેને આટલું કહેવાનો મારે ચોખ્ખો અધિકાર હોવો જોઇએ એમ માનીને લખ્યું છે; વિચાર કરજો.

અને ભાઇ! જગત આખું પ્રેમથી ભર્યું છે; બ્રહ્માંડનાં હાસ્ય, રુદન, કરુણ, શૃંગાર, રૌદ્ર આદિ સત્ત્વ. રજસ્ ને તમસ્ ના બધા વ્યવહારો પ્રેમથી, સચ્ચિદાનંદની સત્તાથી જ થાય છે. એમાં બિચારા......નો જ શો દોષ? પણ એ પ્રેમલા -પ્રેમલીના ખેલમાં જો વિષયાન્ધ બનીને ઠઠ્ઠામશ્કરી અને ગાંડ-પણના નાચવાકૂદવાના ભાવોનો જ સમાવેશ થતો હોય, એને ઈશ્વરી આવેશને નામે ઓળખાવીએ, તો મને કહેવા દો કે એવી દ્વૈતવાદીઓની ઉપાસનાઓનો ભારતવર્ષમાંથી જેટલો વહેલો અને સમૂળો ઉચ્છેદ થાય, એટલો એના વાસ્તવિક વૈદિક અંશનો, ભગવાન્ શ્રી રામચંદ્રજી અને પરબ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણચંદ્રજીનાં વાસ્તવિક શ્રદ્ધાભક્તિથી ભરપૂર, પ્રેમસાગરથી તરબોળ ઉપાસનાનો, અને નિષ્કામ કર્મનો અરુણોદય થશે, પણ આવું ગંભીર સત્ય

બુદ્ધિમાં સ્થિરતા અને વિવેક વિના ક્યાં કોઇને જલ્દી સમજાય એવું છે? ૐ મૌનમ્!

(૪)

૨૯-૮-૩૦

તમારા પત્રમાં તમે વ્યષ્ટિમાં સત્ત્વગુણ સર્વાંશે રહી શકે એવો પ્રશ્ન ઉઠાવો છો: મારા પ્રથમના પત્રમાં સત્ત્વગુણની જે સ્થિરતા પરત્વે ઉલ્લેખ હતો, તે સમષ્ટિની દૃષ્ટિથી હતો. અત્યારે દેશભરમાં જે અશાંતિ, રજોગુણ તેમ જ તમોગુણનું યુદ્ધ ચાલે છે, એના નિવારણ માટે ભારતવર્ષ સત્ત્વગુણની પ્રધાનતા ઇચ્છે છે, સમસ્ત પ્રજા એને માટે તડફડાટ કરી રહી છે, રામ-રાજ્ય સ્થાપવાની બધા ઝંખના કરે છે, એમાં પણ રામ એટલે વિષ્ણુના અવતાર, વિષ્ણુ એટલે સત્ત્વગુણના અધિષ્ઠાતા, એના રાજ્યની સ્થાપના કરવી કે એની આશા રાખીને તે પ્રમાણે પુરુષાર્થ, પ્રયત્ન કરવા, એટલે જ સત્ત્વગુણને સ્થાપવાની ઇચ્છા. એનું આગમન કદાચ થાય, પણ નિત્ય, સ્થાયી થઇને રહે એવું ન માની શકાય.

હવે વ્યષ્ટિભાવે સત્ત્વગુણની સ્થાયી સ્થિતિ સંબંધે બોલતા હો તો પણ શાસ્ત્રો તો સ્પષ્ટ કહે છે, અને આપણા અનુભવમાં પણ એવું આવે છે કે બે ગુણનો અભિભવ થઇને ત્રીજો ગુણ સત્તાધીશ થાય છે; અર્થાત્ ત્રીજાની પ્રધાનતા પ્રતીત થાય છે. સર્વાંશે એક જ ગુણની સત્તા વ્યષ્ટિ અથવા સમષ્ટિમાં નિત્ય રહે, એવું તો કોઇ પણ કાલે સંભવિત બને એમ જ નથી.

ગીતાના સત્ત્વસ્થ શબ્દનો અર્થ જ જરા દીર્ઘદૃષ્ટિથી અને સ્વતંત્ર મનનશક્તિથી વિચારવા જેવો છે. જ્યાં જ્યાં સત્ત્વ

શબ્દનો પ્રયોગ કરેલો છે, ત્યાં ચિત્તની મૂલ અવસ્થા, સમાહિત સ્થિતિ જ સમજવાની છે. આપણી પંચીકરણની દૃષ્ટિનો વિચાર કરો. અંતઃકરણની ઉત્પત્તિ એટલે જે દેખાય તે ઉત્પતિ-સ્થિતિ-વિનાશ અધ્યારોપ માત્ર જ છતાં પણ જ્યાં સુધી એનો સંપૂર્ણ અપવાદ ન થાય, ત્યાં સુધી સાધકે એની ગુણાત્મક રચનાનો વિચાર કરી સમદૃષ્ટિ કેળવવાની છે. અંતઃકરણ જાતે જ સત્ત્વગુણનું કાર્ય છે; એટલે કે એ પોતે જ સત્ત્વગુણ છે. એમાં મળ અને વિક્ષેપ એ બન્ને તમસ્ અને રજસની જ્યારે જ્યારે એના પર છાયા પડે, એના પર એ બેમાંથી જેનો પ્રભાવ થાય, તે વખતે તે તેવો ભાવ ભજવે છે. પંચીકરણમાં કહ્યું છે કે અંતઃકરણ સત્ત્વગુણનો અંશ છે, રજોગુણનું કાર્ય પ્રાણપંચક અને કર્મેન્દ્રિયો છે; અને તમોગુણનાં સ્થૂલ તત્ત્વોમાં એની ક્રિયા થાય છે, તેથી એ તો માત્ર સ્થૂલ શરીરો સુધી જ વ્યવહાર કરે છે.

અંતઃકરણમાં રજસ્તમસ્નો મલવિક્ષેપ જ્યારે ન થાય, અર્થાત્ વ્યવહારકાલે અંતકરણ પોતાના ઉપર રજોગુણ અને તમોગુણની અસર ન થવા દેતાં પોતાના મૂલસ્વરૂપે વ્યવહાર કરે, ત્યારે એને જ્ઞાન પ્રાપ્ત કરવાની સરલતા થાય છે. એ કાલે એને વ્યવહારમાં સાવધાનતા, યથાર્થ સ્થિતિનું જ્ઞાનભાન, અને પરમાર્થપ્રતિ સહજવૃત્તિ વધે છે. કારણ કે સત્ત્વગુણનું પરિણામ જ જ્ઞાન અને સુખ છે.

એ રજોગુણ તથા તમોગુણ કેવળ પ્રાણ અને કર્મેન્દ્રિયો વડે સ્થૂલ વ્યવહારમાં જ રહે, અને અંતઃકરણ પર એનો પ્રભાવ ન પડતાં, પોતાના મૂલ સ્વરૂપમાં નિરોધરૂપે રહે, ત્યારે એ સત્ત્વગુણપ્રધાન કહેવાય છે. જાગ્રતિના વ્યવહારમાં

ઇંદ્રિયોનો વ્યાપાર રજસ્ વિના અસંભવિત છે અને પ્રાણની ક્રિયા તો નિત્યનિરંતર ચાલ્યા કરે છે, એ ક્રિયાના વ્યાપારમાં પણ સત્ત્વગુણસ્વરૂપ અંતઃકરણમાં વિક્ષેપ ન થાય, ત્યારે આપણે સત્ત્વરૂપે છીએ અને સત્ત્વનો જ આનંદ લઇએ છીએ એમ કહેવાય. તે ઉપરાંત જાગ્રતનો વ્યાપાર જેમાં થાય છે, એ સ્થૂલ કરણો અર્થાત્ ઇંદ્રિયોના ગોલકો તો તમોગુણનું જ કાર્ય કરે છે એ સ્પષ્ટ છે. એ ગોલકોના વિકારથી પણ અંતઃકરણમાં કશો વિકાર ન થવો જોઇએ. સામાન્ય મનુષ્ય તો સ્થૂલ દેહના વિકારોથી જ સુખીદુઃખી બને છે અને પ્રાણની ચંચલતા તો પ્રત્યેકમાં હોય છે જ તેથી મલવિક્ષેપના આઘાતો આવી રીતે મનુષ્યમાત્રને હરહમેશ સંસાર અને સંસારના કારણ સ્વરૂપ અજ્ઞાનમાં ગોથાં ખવડાવ્યાં કરે છે.

વિચારવાન, જ્ઞાની, અને વિવેકી પુરુષ જાગ્રતિના વ્યાપાર અને વ્યવહારની અવસ્થામાં અંતઃકરણના મૂલસ્વરૂપે સત્ત્વસ્થ રહે, એટલે કે એની દૃષ્ટિ (વિજ્ઞાનમય કોષ) કેવળ આત્મસ્થ રહે; સાક્ષી અથવા તટસ્થ ભાવે, તમસ્‌ના શરીર દ્વારા, રજસ્‌ના વ્યાપાર વડે, ક્રિયાકર્મ કરતો છતો, પણ સ્વરૂપસાક્ષાત્કાર કરતો રહે, એવો એ સત્ત્વસ્થ શબ્દનો અર્થ હું મારી અલ્પ મતિશકિત પ્રમાણે સમજું છું. અને એમ ન રહેતાં જાગ્રતિના વ્યવહારમાં રજસ્, તમસ્‌નાં કાર્યો રૂપી રાગદ્વેષ, સુખદુઃખ, લાભહાનિ આદિ વિકારોને વશ થઇ, સ્વરૂપની વિસ્મૃતિ પામે અને કેવળ વિષયાકાર વૃત્તિદ્વારા વ્યવહાર કરે ત્યારે સત્ત્વની ન્યૂનતા કે અભિભવ થવાથી, સત્ત્વ પર રજસ્ તમસ્‌ની છાયા અને પ્રભાવ પડવાથી અંતઃકરણ દૂષિત થાય છે.

કેવળ નિદ્રાવસ્થામાં જ તમસ્ હોય છે, પ્રતીત થાય છે કે

કાર્ય કરે છે, એવો કાંઇ નિયમ નથી. જ્ઞાનીએ એને સ્વરૂપ-સાક્ષાત્કાર દ્વારા બાધ કરેલો હોય છે અને અજ્ઞાની એને વાસ્તવિક માનીને વ્યવહાર કરે એટલો મહાન ભેદ છે. બાકી જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે અને વ્યવહાર ચાલ્યા કરે છે, ત્યાં સુધી તો ત્રણે ગુણની ત્રણે અવસ્થામાં પણ આવશ્યકતા રહે છે જ. જ્યાં એક જ ગુણ વર્તે છે એમ શાસ્ત્રમાં ઉલ્લેખ છે, ત્યાં તે ગુણની પ્રધાનતા માત્ર સમજવી જોઈએ. એક જ ગુણની (સત્તા) –અસ્તિત્વ માનવું જ સંભવિત નથી. આ પ્રકૃતિ જ ત્રિગુણાત્મક છે. એના ખેલ જ ત્રણે ગુણથી ભરેલા. એની લીલા એ જ માયા; અથવા તો માયાનાં કાર્ય એ જ એની લીલા; અને માયા અવિદ્યા તમસ્, પ્રધાન, પ્રકૃતિ, એ બધા મૂલમાં તો એક જ અર્થ સૂચવ-નારા શબ્દો છે. પ્રકૃતિને પણ કોઇ કોઇ ઠેકાણે તમસ્નું નામ આપેલું છે. અર્થાત્ પ્રકૃતિ (તમસ્)ના ત્રણ વિભાગ, સત્વ. રજસ્ અને તમસ્ બને છે, એ ત્રણરૂપે વિસ્તાર પામે છે, અને પંચીકરણદ્વારા સમસ્ત બ્રહ્માંડની રચના થાય છે.

પરંતુ ચેતતા રહેજો; આ બધો અધ્યારોપ માત્ર છે. મૂલમાં કશુંયે નથી; જે છે તે તમે, તત્ ત્વમ્ ના અભેદરૂપે સચ્ચિદાનંદ છો. માટે મૂલ પાયામાં કાચા ન રહેશો. પાયામાં માયા નથી, અરે એ માયાને પાયો નથી, એટલે વસ્તુત: નથી માયા કે નથી પ્રકૃતિ; નથી તમસ્ કે નથી સત્ત્વ, નથી ગુણ કે નથી નામ, રૂપ તથા કર્મ, આવી સાવધાનતા રાખી, સ્વરૂપનિષ્ઠા વધારજો.

વ્યાવહારિક સત્તામાં દૈવી સંપદ્, સત્ત્વગુણનો વ્યવહાર થાય એની પૂરી કાળજી રાખજો, એમાં ચૂકયા તો જ્ઞાન નાશ પામશે, જગત્ સત્ય ઠરશે અને અજ્ઞાનનો પાશઅંશ હજી છે

એમ મનાશે, માટે કશી ગરબડ વ્યવહારમાં ન થવા દેવી. નિદિધ્યાસન આંતરિક રાખવું. અંતઃકરણમાં અદ્વૈત; વ્યવહારમાં વાચાકર્મણા દ્વૈત; અને એ દ્વૈતમાં સત્ત્વગુણની પ્રધાનતા, એટલે જ દૈવીસંપદ્નું જોર—ખૂબ જ જોર.

( ૫ )

તા. ૧૬-૧૦-૩૦

હમણાં તો સર્વત્ર યજ્ઞની જવાલા ખૂબ વધતી જાય છે. જ્યાં સુધી ભગવાન રુદ્રનું પ્રચંડદર્શન પ્રજા ન કરી લે, ત્યાં સુધી ભગવાન વિષ્ણુનું સૌમ્ય દર્શન ક્યાંથી થાય?! એકાદશ અધ્યાય (ગીતા)માં એ કાલ ભગવાનનું દર્શન થયા પછી જ અર્જુનને શૂરાતન આવ્યું હતું. અહીં પણ તેમ જ છે. જેમ જેમ યજ્ઞક્ષેત્રમાં ઉગ્રતાનાં દર્શન થશે, તેમ તેમ અર્જુન—પ્રજામાં શૌર્યનાં જોમ ઊછળશે.

( ૬ )

તા. ૨૬-૧૦-૩૦

પોતાનું જે નિર્ગુણ, નિરંજન, નિરાકાર, સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ છે એવી ભાવના કર્યા કરે, એમ એમને કહેજો. એમ જ બને તો પરમપવિત્ર પરમાત્માનું નામ—પોતાનું જ જે વાસ્તવિક નામ ૐ—પ્રણવ છે એનો વાણીથી ઉચ્ચાર અને ચિત્તમાં ધ્યાન કરે. સર્વત્ર એનું જ દર્શન કરવાની ટેવ પાડે. એનો જ સતત અભ્યાસ કર્યા કરે. એ વાતની એમને કદાપિ વિસ્મૃતિ થાય તો તમે એમને યાદ કરાવતાં રહેજો.

કોઇ દેશને જેમ પરાધીનતા રૂપી બંધનમાંથી મુકિત

અપાવવા માટે દેશસેવકોને અનેક શારીરિક દુઃખ, સ્વજનવિયોગ, અને પ્રાણત્યાગ સુધીનાં કષ્ટ સહન કરવાં પડે છે, તેવી જ રીતે શરીરની અંદર, માયાના બંધનમાં પડેલા આ જીવને જો મુક્તિ અપાવવી હોય તો એને આ જ જીવનમાં જે જે દુઃખ ભોગવવાનો પ્રસંગ આવે, ત્યારે એણે પોતાને ભાગ્યશાળી માનીને ધન્યવાદ આપવો જોઇએ. એવા દુઃખના પ્રસંગોનો આપણી મુક્તિ માટે સહર્ષ સ્વીકાર કરવો જોઇએ, જરાયે ગભરાવું નહિ. પરમાત્મા પ્રત્યેક પ્રસંગમાં આપણી પાસેથી એનું સ્મરણ જ ઇચ્છે છે અને આપત્તિના પ્રસંગો જ આપણી તિતિક્ષા સિદ્ધ કરવાનાં સાધન છે. જગતની વિસ્મૃતિ અને પરમાત્માના સ્મરણ વિના દુઃખને દૂર કરવા માટે બીજું કોઇ સરલ સાધન નથી.

આજકાલનો આ સંસાર, તથા સ્વાર્થજાલનાં બંધનો વધારે એવી મમતા વગેરેનો ત્યાગ કરવો અત્યંત કઠિન છે. કેવલ આંતરિક જ્ઞાનવૈરાગ્ય દ્વારા ચિત્તને શાંત રાખીને સ્વરૂપનું ચિંતવન કર્યા કરવું જોઇએ.

# ૧૦

(૧)

તા. ૨૩-૮-૩૧

જ્યાં પોતાના દોષ ન જોતાં પારકાના દોષ જોવાની ટેવ અને હઠ રાખીને પોતાનો સ્વભાવ સારો છે, હું જ સાચો છું, એવું ચાલુ રાખવાની વૃત્તિ હોય, ત્યાં એવું જ થાય. પરમાત્મા જે કરે છે તે ઠીક જ કરે છે. આપણે તો નિસ્પૃહ હતા અને છીએ. લોકોને સંબંધ રાખવો હોય તો અમારે સંન્યાસીને સંબંધ, નહિ તો જેવું ચિત્ત નિઃસંબંધ છે, તેવી જ રીતે વાચા અને શરીરથી પણ નિઃસંબંધ થવાય, એમાં હર્ષશોક શાના? આપણે તો સદા અંતરમાં નિઃસ્પૃહ અને અસંગ રહેવું; બહાર પણ એવા થઈ જવાય તો દૂધમાં સાકર ભળી; ઊલટો વિશેષ આનંદ; અને ઉપાધિ ઓછી.

એવી બાબતોની જલદી વિસ્મૃતિ કરવી અને ચિત્તમાં કશી ગ્લાનિ ન આવવા દેવી. સૌ પોતપોતાના પૂર્વસંસ્કારો પ્રમાણે આ પ્રકૃતિના પ્રદેશમાં પ્રગતિ કરે છે અને પરસ્પર ઉન્નતિ કે અવનતિના ક્ષેત્રમાં નિમિત્ત બને છે. આપણે કોઈની ઉન્નતિમાં નિમિત્ત બનીએ તો અહંકાર ન કરવો પણ અવનતિ

થતી હોય, એવાને આપણે સહવાસી રહીને સીધે માર્ગે લાવી શકતા નથી એવું લાગે, તો તરત જ દૂર ખસી જવું. કારણ કે આપણે આપણી ઉન્નતિ સાધવી છે અને એ જ જીવનનું પરમ લક્ષ્ય છે. આપણી ઉન્નતિ એ આપણું મુખ્ય લક્ષ્ય અને મુખ્ય સાધન; અને એની સાથે અન્યની ઉન્નતિ સધાતી હોય તો સધાય એ ગૌણ; જો કે એ બન્ને પરસ્પર સહાયક છે એ વાત સાચી છે પણ આત્મોન્નતિમાંથી આડમાર્ગે જઇને બીજાની ઉન્નતિમાં સહાયક થવું એ ઇષ્ટ નથી; એમાં બીજાની પણ ઉન્નતિ થઇ શકતી નથી. ઉપરાંત બીજાની ઉન્નતિ આપણે જ કરવાના છીએ એવો ખોટો દેહાધ્યાસ વધારનારો મિથ્યા અહંકાર શા માટે રાખવો ? જગત્‌ની વિસ્મૃતિ અને ઉન્નતિ કરવાની સેવાનું અભિમાન એ બે જ્યારે નિર્મૂળ થાય, ત્યારે જ અભેદ, અખંડ આત્મજ્ઞાનને પગથિયે ચડાય છે.

( ૨)

તા. ૫–૯–૩૧

જ્યારે તમને સાચી સમજણ ( જ્ઞાન ) અને શાન્તિ મળશે, ત્યારે જ હું નિશ્ચિંત થઈશ એમ સમજજો. કારણ કે તમારો વિચાર કરું છું ત્યારે તમને અશાન્ત જ જોઉં છું, માટે હમેશાં આનંદમાં રહેશો. ભૂતકાળના શોકમોહના પ્રસંગો યાદ કરવા નહિ. યાદ આવે તો પણ મિથ્યા સ્વપ્નવત્ માનીને, કેવળ આત્મ-સ્વરૂપ ૐ જ નિત્ય સત્ય છે એવું સમજી એના સ્મરણ દ્વારા એને વિસરી જવાનો પ્રયત્ન કરજો. ભાવિ માટે કશી ચિન્તા કરશો નહિ; એ મિથ્યા સ્વપ્ન સેવશો નહિ. બધી મૂઝવણ એમાંથી જ ઊભી થાય છે. જે કાળે જે બનવાનું હશે તે પૂર્વકર્મસંયોગે બનશે, અને જે બનશે તે તમારા આત્મકલ્યાણ

માટે જ હશે, એવી માન્યતા રાખવી એ જ ઈશ્વર ઉપરની સચોટ શ્રદ્ધા કહેવાય.

( ૩ )

તા. ૨૪-૯-૩૧

આર્થિક સ્થિતિ નિર્વાહ પૂરતી છે, એટલો પણ આ કલિકાલમાં સંતોષ છે. તે માટે ધૈર્ય રાખીને સાક્ષી ભાવે પ્રારબ્ધભોગમાં સંતુષ્ટ રહો.

ગાયત્રીનો જપ ચાલે છે તે ઠીક છે. બ્રાહ્મણનું તો એ જ ઓજસ્ છે અને એની પરમ શકિત છે. પૂર્વકૃત પાપસંસ્કારોને બહુ અદ્ભુત અને અદષ્ટ રીતે એ ભસ્મીભૂત કરે છે.

"વેદાનુવચન" ગ્રંથ તો, જે કોઇ એકાગ્રતા અને ઋજુતા પૂર્વક વાંચે છે એને યથેષ્ટ ફલ આપે છે. એનું ફલ એટલે આત્મતૃપ્તિ. તમે એ આનંદમાં રહેવા માંડો એટલે નિશ્ચિંત થવાય.

# ૧૧

(૧)

તા. ૧૯-૧૦-૩૧

ત્યાં તમને પ્રવૃત્તિ ખૂબ રહેતી હશે એવી કલ્પના કરું છું, ત્યારે તમારા શરીર કરતાં મનનો વિચાર બહુ આવે છે. શરીર તો સુંદર હોય કે કદ્રુપ, રોગી હોય કે નીરોગી, નાનું હોય કે મોટું, સ્ત્રીનું હોય કે પુરુષનું, મનુષ્યનું હોય કે પશુનું, બાલકનું હોય કે વૃદ્ધનું, એ બધા ભેદો છતાં પણ એના પ્રાણત્યાગ પછી એ પંચીકૃત હતું તેથી પંચતત્ત્વોમાં જ શમી જશે. પણ શાસ્ત્ર કહે છે કે પંચીકૃતના સૂક્ષ્મમાંથી બનેલું મન (અંતઃકરણ) જેને લિંગશરીર અથવા સૂક્ષ્મશરીર કહે છે, આ દેહમાં જે સ્વપ્નાવસ્થાના ભોગ ભોગવે છે, એ તો સુખી હોય કે દુઃખી, કોમલ હોય કે કઠોર, નિર્મલ હોય કે અશુદ્ધ, પ્રેમી હોય કે દ્વેષી, ક્રોધી હોય કે શાંત, નિરભિમાની હોય કે અહંકારી, જે જે ભાવવાળું હોય, તે તેવું ને તેવું જ પ્રાણરૂપી વાહન પર બેસી પોતાનાં વાસના અને કર્મફલ પ્રમાણે અન્ય જન્મ (શરીર) ધારણ કરે છે. અને એવા જ (પૂર્વજન્મના) સંસ્કારવાળું બાલ્યાવસ્થામાં જ ધીરે ધીરે એ સંસ્કારો પ્રમાણે વિકાસ કરતું ઉન્નતિ વા અધોગતિને માર્ગે પ્રયાણ કરે છે.

પણ તમારી સાથે મારે શાસ્ત્રચર્ચા કે વિદ્વત્તાની વાતો નથી કરવી; તમે પણ જો વ્યાખ્યાન આપવા બેસો તો ઘણું બોલી શકો એમ છો. આ તો માત્ર સ્મૃતિને તાજી કરવા જેવી વાત છે. આપણું એ સૂક્ષ્મશરીર પ્રત્યેક ક્ષણે કેટલીક ઉન્નતિ કરી રહ્યું છે, એનું સતત્ ભાન આપણને રહેવું જોઈએ. લોકસેવાનાં મહાન કાર્યો આપણા હાથથી થાય કે પરમાત્માના કોઈ સ્વરૂપનું એકાંતમાં બેસી સ્વરૂપચિંતન કરી આનંદ પ્રાપ્ત થતો હોય, એ બન્નેમાં પણ એનાં શુભ કે અશુભ બધા સંસ્કારો નિર્મૂળ થવા જોઈએ, ત્યારે જ અદ્વૈતના સિદ્ધાંત પ્રમાણે મુક્તિ અને દ્વૈત મત પ્રમાણે ભગવત્‌શરણ પ્રાપ્ત કરવાના અધિકારી થઇ શકાય. શુભ ( દૈવી સંપત્તિ ) દ્વારા અશુભમાંથી મુક્ત થયા પછી આત્મચિંતન કે પરમાત્મસ્મરણ દ્વારા અંતે શુભમાંથી પણ મુક્તિ મેળવવી જોઇએ. એ ન મેળવી શકાય ત્યાં સુધી આ શુભાશુભનો સંસાર જીવાત્માનું વિહારક્ષેત્ર બની રહે છે અને કૈં ને કૈં ત્રિવિધતાપ એને સતાવ્યા કરે છે.

ચિત્તમાં શાંતિ જ હશે એમ માનું છું. પરમાત્માએ જે બુદ્ધિ તથા શકિત આપ્યાં છે, એનો સંપૂર્ણ સદ્દુપયોગ થાય, અને કરી શકો, એવી ભાવના કરીને વિરમું છું. ૐ

( ૨ )

૨૦–૧૧–૩૧

પ્રવૃત્તિ ખુબ રહેતી હશે. અને એ પ્રવૃત્તિ શુભ હોવાથી, ધર્મપ્રાપ્તિ દ્વારા આનંદ પણ આપશે એ નિર્વિવાદ છે. નિઃસ્વાર્થ લોકસેવાનો બદલો લોકપ્રીતિ અને એ લોકપ્રીતિ એટલે જ સર્વત્ર આનંદદર્શનનું સબલનિમિત્ત. જગતને જેટલું સત્ય માનીએ

તેટલું એમાં દુઃખદર્શન; એ દુઃખના દર્શનને લીધે એના નિવારણ માટે પુરુષપ્રયત્ન. (એમાં સ્વપર બન્નેનો સમાવેશ થાય છે;) એમાં સ્વસુખના ત્યાગપૂર્વક પરસુખ-પરહિત નિમિત્ત જેટલી પ્રવૃત્તિ થાય, તેમાં તમને બીજો અવકાશ ન મળે એ સ્વાભાવિક છે; કારણ કે જગત અનંત છે, એમાં દુઃખીઓની સંખ્યા અનંત છે, અને એ દુઃખી જીવ પોતાનું દુઃખ પોતે નીવારી શકતાં નથી, માટે બીજાના સામર્થ્ય પર અવલંબન રાખી, અન્યદ્વારા પોતાના દુઃખનું નિવારણ ઈચ્છે છે; તમારા જેવા જગતદુઃખીઆ પરદુઃખભંજનનો એ બધાં છેડો કેમ છોડે? તમને એ તથાસ્તુ! ઇષ્ટ હોય કે નહિ એ જુદો પ્રશ્ન છે.

પહેલીવાત: અમારો તો માર્ગ જ ભિન્ન છે. જગતમાં દુઃખ છે એમ તો અમેય માનીએ છીએ, પણ દુઃખનાં કારણો અને એના નિવારણના ઉપાયો શોધવા અને યોજવામાં જરા મતભેદ છે. જગતમાં દુઃખ છે, અને જગત્ દુઃખી છે, એવો શબ્દાર્થ લઇએ એટલે જ્યાં સુધી જગત છે ત્યાં સુધી દુઃખ છે: હવે આ જગતમાં અંદરનું માનસિક જગત સાચું કે બાહ્ય?–અંતરના અભાવે બાહ્ય જગતની પ્રતીતિ થતી નથી એ વાત સ્પષ્ટ છે જેનું દૃષ્ટાન્ત સુષુપ્તિ.

બીજીવાત: ઉપરાંત સ્વપ્નનું જગત સાચું કે જાગ્રતનું એ બીજો મહાન પ્રશ્ન.

ત્રીજી વાત: સ્વપ્નના સ્વભાવ જેવું જ આ જાગ્રતનું જગત છે કે એના કરતાં જુદા સ્વભાવવાળું?

ચોથી વાત: આ જગતની ઉત્પત્તિ આપણા ચિત્તમાં

—આપણા અંતરના ઊંડાણમાં છે કે બાહ્ય કોઇ અન્ય સ્થળે બ્રહ્માંડમાં.

પાંચમી વાત: એનું મૂલ બાહ્ય હોય તો આપણે દૂર નથી કરી શકવાના; અંદર હોય તો કાંઇક આપણા વશની વાત ખરી.

આમ ઘણાય પ્રશ્નો શાસ્ત્રો પૂછે છે અને એના એવા સુંદર શાંતિપૂર્વક ઉત્તર આપે છે કે ન પૂછો વાત: યુરોપ એશીઆના જીવનવ્યવહારમાં, બન્નેનાં જીવનસુખની શોધમાં અને અંતિમ લક્ષ્યમાં અંધકાર-પ્રકાશ જેટલો વિરોધી ભેદ છે. જ્યાં સુધી પશ્ચિમની દૃષ્ટિએ જગતને જોઈએ, ત્યાં સુધી એ પ્રશ્નોનો, એ દુ:ખનો અને આ જગતનો અંત જ નથી.

પણ આપણે શું કરવું? જેમ જેને ફાવે તેમ વર્તે છે. બ્રહ્માંડ તો જીવાત્મા માટે સ્વતંત્ર વિહાર કરીને સંપૂર્ણ સુખ શોધવાનું ક્ષેત્ર છે. એમાંથી એ સુખ પ્રાપ્ત કરશે વા વૈરાગ્ય મેળવશે એટલે થાકીને બેસશે. અને થાકીને બેસશે એટલે જ પરમસુખ-નિત્યસુખ મળશે. ૐ

## ( ૩ )

તા. ૯-૧૧-૩૨

આ જગતના ઝગડારગડા અને દોડધામ, પછી તે જગતને સુધારવાના બહાને હોય કે ઉન્નતિ કરવાને બહાને હોય, પણ એ તો એમના એમ ચાલ્યા કરવાના. એ કૂતરાની પૂછડી વાંકી તે વાંકી જોઈને જ સૌને ચાલ્યા જવાનું. તમે એમાંથી આ જ શરીરમાં શાશ્વત શાંતિ મેળવો એવી હાર્દિક શુભેચ્છા રહે છે અને મેળવશો જ એવી શ્રદ્ધા પણ છે.

( ૪ )

તા. ૧૫-૧૨-૩૨

સહાયતા કે લાગણી તો પ્રારબ્ધ પ્રમાણે મળ્યા જ કરશે. સાંસારિક જીવનના આટલા અનુભવો જ એવા છે કે સુખદુઃખ આદિ દ્વંદ્વ અનિવાર્ય છે. માણસ તો બિચારું સર્વશકિતમાનના હાથમાં નિર્માલ્ય પૂતળું છે. એ સર્વજ્ઞ પરમાત્માના હાથમાં નચવ્યો નાચે અને એમાં "મેં કર્યું" એમ અભિમાન કરી કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે વધારે એ જ એના અજ્ઞાનની પરાકાષ્ટા, છતાં વ્યવહારપક્ષે એટલું કહેવું જોઇએ કે આપણે માટે લાગણી ધરાવનારા કોઇ તો અહીં પણ નીકળશે કે થશે.

તા. ૧૧-૧૧-૩૧

આપ લખો છો કે "હવે મનને બધી વિષયવાસનાઓમાંથી ખેંચી સ્થિર કરવાનું છે" એ યથાર્થ છે. એનો સરલ અને શાસ્ત્રોક્ત ઉપાય તો એ જ કે આંતરશોધ કરીને આત્મભાવના વધારવી: આત્મભાવના વધાર્યા વિના જો કેવળ ચિત્તની સાથે યુધ્ધ કર્યા કરીએ તો ભગવાન શ્રીકૃષ્ણના વિના જેમ પાંડવો મહાભારતનું યુધ્ધ ન જીતી શકયા હોત, તેમ આત્મભાવના જે ભગવાનનું સ્વરૂપ છે, એ વિના ચિત્ત કદી વશ થતું નથી. બીજા અનાત્મ ઉપાયથી થોડા કાલ માટે સ્થિર થાય, તો પણ એનામાં આત્મભાવનાનો વિશુધ્ધ આનંદ ન હોવાથી પરિણામે શોક, મોહ કે કલેશને વશ થવાનો ભય રહે છે.

બહારના પ્રાણી પદાર્થોની પ્રકૃતિથી દુઃખ થતું હોય, એમાં રાગદ્વેષ રહેતા હોય, આપણી ઇચ્છાનુસાર આપણો સંસાર ન

ચાલતો હોય, તો એમાં જે મમતા અને આસક્તિ વગેરે દુઃખનાં કારણો હોય તે દૂર કરવાં જોઈએ. એનો એક ઉપાય એ છે કે એ બધાને સ્વપ્નવત્, મિથ્યા, તુચ્છ, ક્ષણભંગુર માનીને ચિત્તમાંથી સત્વર ભૂલી જતાં શીખવું, અને એની વિસ્મૃતિ કરવા માટે જ આત્મભાવના અથવા આત્મસ્મૃતિ છે. આત્મ-સ્મૃતિ વિના જગતની વિસ્મૃતિ થતી નથી. અંધકારનો નાશ જેમ પ્રકાશ વિના થતો નથી, તેમ જ જેટલો પ્રકાશ વધે તેટલો અંધકાર કોઈપણ જાતના બીજા પરિશ્રમ વગર સ્વાભાવિક રીતે જ નાશ પામવા માંડે છે; તેવી રીતે આ સંસાર, એમાં થતાં વ્યાવહારિક કર્મો અને એ મૂલ અવિદ્યા અથવા અજ્ઞાન એ બધાંની વિસ્મૃતિ આત્મસ્મૃતિથી સહજ સ્વભાવે થાય છે. એ વિસ્મૃતિને શાસ્ત્રમાં મનોનાશ કહે છે. એ મનોનાશ કરવામાં આત્મસ્મૃતિ એટલે તત્ત્વજ્ઞાન મુખ્ય ભાગ ભજવે છે. એ આત્મ-સ્મૃતિરૂપી પ્રકાશ ઉત્પન્ન કરીને જેમ જેમ વધારતા જઈએ તેમ તેમ અજ્ઞાનરૂપી અંધકાર સ્વાભાવિક રીતે જ નાશ પામે છે. જેમ અંધકાર કહાડવાનું સાધન જુદું, અને પ્રકાશ પ્રાપ્ત કરવાનું સાધન જુદું નથી, તેમ અવિદ્યાના નાશનું સાધન જુદું અને આત્મસાક્ષાત્કારનું સાધન જુદું છે, એમ નથી.

નિત્યપાઠમાં અષ્ટાવક્ર ગીતા અને અવધૂત ગીતા રાખશો, તો બહુ ઠીક પડશે. હમેશાં આનંદીવૃત્તિ રાખવી: આપણા દેહ, મન, બુદ્ધિ, એ જ પોતે અનાત્મ અને મિથ્યા છે, તો સમસ્ત બ્રહ્માંડમાં એમના દ્વારા ભાસમાન થતાં પ્રાણીપદાર્થોનાં નામરૂપ ક્યાંથી સત્ય હોય ? માટે એ દૃષ્ટિથી સર્વત્ર આનંદ, આનંદ અને આનંદનું જ દર્શન અનુભવ કરતા રહો. ॐ

# ૧૨

(૧)

તા. ૧૭-૧૧-૩૧

વ્યવહારમાં સાક્ષીભાવ રાખીને પૂરેપૂરી સાવધાનતા રાખવી એ પણ આત્મજ્ઞાનનું એક સાધન છે. એમાંથી તિતિક્ષા, શાંત સ્વભાવ, નમ્રતા અને નિરભિમાન કેળવાય છે. ૐ

શાકભાત વગેરે ખાઇને રહેવાથી કાંઇ તકલીફ થાય તેમ નથી, એથી તો ઊલટી સગવડો વધે છે; શરીર તથા મન બન્ને હલકાં અને શુદ્ધ રહે છે. છતાં પોતાના શરીરની પ્રકૃતિનો વિચાર કરી લેવો. બધાંને એક જ અન્નપાન અનુકૂળ આવતાં નથી.

આપણે બીજાનાં પ્રારબ્ધભોગમાં કર્તા-ભોક્તા ન થતાં, દ્દષ્ટા રહેતાં શીખવાનું છે. એ વસ્તુ તમે ન ભૂલશો.

વેદાન્ત શાસ્ત્રોમાં આત્માનું જેવું શુધ્ધ સ્વરૂપ સમજાવ્યું છે, અને એને સ્પષ્ટ ઓળખવા માટે પંચીકરણની સહાયતાદ્વારા પિંડબ્રહ્માંડના તત્ત્વોનો વિવેક કરી દસ ઈંદ્રિયો, પાંચ પ્રાણ, પાંચ કોષ, ચાર અવસ્થા, ચાર શરીર, ચાર અંતકરણ, એ બધાંથી

એ પરમ તત્ત્વરૂપ આત્મા તદ્દન પૃથક્-ભિન્ન છે. એટલું જે ગ્રંથોદ્વારા આપણને સ્પષ્ટતાથી સમજાય, આપણી આત્મભાવના દૃઢ થાય, અને એ દ્વારા દેહબુધ્ધિ-હું શરીર છું એવું ભાન ઓછું થતું જાય, વિષયો પ્રતિ વૈરાગ્ય વધતો જાય, આત્મા સર્વવ્યાપક છે, સર્વનું સ્વરૂપ છે, એવો આંતર અનુભવ દૃઢ થવા માંડે, એવાં જે જે પુસ્તકો મળે તે વાંચ્યા કરવાં. આટલી ટૂંકી સમજણ રાખશો તો પણ બહુ છે. આટલા લાંબા વખતના તમારા સાધુસંતોના સત્સંગ પછી હવે તો કાંઇ વેદાન્તના અભ્યાસમાં તમે બાળક નથી: તમારી પોતાની બુદ્ધિ વિજ્ઞાન અને વિવેકદ્વારા વિશુધ્ધ બનાવી, એ દ્વારા તમે શાસ્ત્રોનો અભ્યાસ અને સંતોનો વિવેકપુરઃસર સમાગમ કરી શકો એમ હું ઇચ્છું છું; કારણ કે તમે સત્વર સ્વતંત્ર થાઓ એવી મારી શુભેચ્છા છે.

ખરો લાભ તો કોઈ વેદાન્તના અનુભવી પુરુષ પાસે વાંચવાનું મળે તો થાય, પણ એમ તમે જ્યાં છો ત્યાં થવું મુશ્કેલ છે. રાજકીય ક્ષેત્રની ધમાલ, તેમ જ લોકોને પેટ ભરવાને માટે હદ્દ બહાર ગાળવો પડતો સમય, એ બે અગવડો એટલી બધી છે કે વેદાન્તી ગ્રંથોનો થોડો પણ ઉત્તમ અભ્યાસ કરાવે એવા સંતો ગુજરાતમાં બહુ થોડા વિચરે છે, એટલે પ્રતિકૂળતા ઘણી છે. છતાં પણ એવી અનુકૂળતા ન થાય ત્યાં સુધી જાતે પુસ્તકો વાંચ્યાં કરવાં.

૧. પંચદશી; ગુજરાતી પ્રિ. પ્રેસ; મુંબઇમાં છપાયેલું;

૨. યોગવાસિષ્ઠ મહારામાયણ—સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય; અમદાવાદ

૩ તત્ત્વાનુસંધાન—હિન્દી અથવા ગુજરાતી ભાષા.

૪ પક્ષપાતરહિત અનુભવ પ્રકાશ—ગુજરાતી ભાષા.

આ બધાં પુસ્તકો મોટાં તથા સમજવામાં અઘરાં છે: જલદી સમજાય કે પૂરાં થાય તેવાં નથી. એટલાં પૂરાં કરતાં પણ સહજે ત્રણેક વર્ષ વીતી જાય; પણ જો વંચાય અને સમજાય તો ધારી શાન્તિ મળે એમાં શંકા નથી, પણ જો નવલકથા, વાર્તા કે વર્તમાનપત્રોની પેઠે ઉપલકિયા વાચન થાય, તો જરાયે લાભ થવાની શકયતા નથી.

ૐકાર માટે તો પત્રમાં સમજાવી શકાય એમ નથી, ૐકારને મૂર્તિમાન બ્રહ્મ માનો; આત્માનું એ સગુણ સ્વરૂપ છે. એ શબ્દથી થતો ધ્વનિ, અને એ ધ્વનિથી થતાં અંતરમાં ઉત્સાહ, જાગ્રતિ, આનંદ વગેરે એની ઉપાસનાનાં ફલ છે. એનો દીર્ઘ અથવા હ્રસ્વ ઉચ્ચાર ચિત્તમાં શાન્તિ પ્રાપ્ત કરાવે છે; ઈન્દ્રિયોમાં પણ સંયમ વધારે છે ને એ દ્વારા વિષયો પ્રતિ વૈરાગ્ય દૃઢ થાય છે. માટે એમાં તો શ્રદ્ધાભક્તિ દિનપ્રતિદિન વધારતા જશો, ને હરતાંફરતાં, સૂતાંઊઠતાં, ખાતાંપીતાં, પ્રત્યેક પવિત્ર એટલે શરીરની નિર્દોષ ક્રિયામાં એનું માનસિક સ્મરણ ચાલુ રાખશો. પરમાત્મા તમને ૐ દ્વારા વિશુદ્ધ આનંદ અપાવશે.

(૨)

૨૧–૯–૩૨

મનુષ્ય પોતાની ઇચ્છા પ્રમાણે કર્મ કરવા અને ફલભોગ પ્રાપ્ત કરવા માટે ગમે એટલાં ફાંફાં મારે પણ કોઇ એક એવી અદૃષ્ટ શક્તિ છે કે એની પાસે એનું કશું પણ ચાલતું કે પોતાની ઇચ્છા પ્રમાણે જ હમેશાં બધું બનતું નથી. અજ્ઞાની

એમાં દુઃખનો હિમાલય તૂટી પડ્યો માની મરણોન્મુખ થાય; ત્યારે જ્ઞાની કે વિવેકી એમાં પણ મારું કલ્યાણ હશે એમ માની, ઇશ્વરમાં શ્રદ્ધા વધારતાં શીખે. આ ઉપરથી એમ ફલિત થતું નથી કે મનુષ્યે પ્રમાદી અથવા આળસુ બનીને નિષ્ક્રિય જડ થઇ જવું. એણે ઉત્સાહપરાયણ તથા કર્તૃત્વગ્રસ્ત રહેવું જોઇએ અને ફલ પ્રાપ્તિમાં આશાનિરાશાથી મુકત રહીને ઇશ્વરની ઇચ્છાને અધીન થતાં શીખવું જોઈએ.

માનવજીવન નકામું ગુમાવવા માટે નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુન-એ વ્યવહાર તો મનુષ્યને પશુ વચ્ચે સમાન છે. એટલા જ ભોગ માટેનાં થતાં કર્મો માનવજીવન અને માનવ-ધર્મને સિદ્ધ નથી કરી શકતાં. ચકલી-ચકલો પણ પ્રજોત્પત્તિ કરે, પેટ પાળે, ને બચ્ચાંને પાળવા-પોષવા માળો બાંધે છે. આ દેહપોષણ વૃત્તિ કરતાં આપણામાં વિશેષત્વ હોવું જોઈએ. દૃશ્યમાન થતા આ વિશ્વના મૂલમાં-આપણા અંતર્યામી સ્વરૂપમાં, ઘેરા ઊંડાણમાં એવું આનંદમય તત્વ ભર્યું છે કે જેમાંથી આપણી બાહ્યક્રિયામાં આપણને રસ લાગે છે. આપણે આપણા મૂલપ્રતિ સહેજે જઈએ અને આપણા પ્રારબ્ધ સાથે જોડાયેલાં પાંચ-પંદરને પણ એ માર્ગે લઇ જઈએ, તો જ આપણને પશુના કરતાં વધારેના તત્વ તરીકે જે બુદ્ધિવિવેક મળ્યો છે, એ ઇશ્વર-દત્ત સાધનનો ઉપયોગ કર્યો કહેવાય. માટે આ દિશામાં કંઇક તો થવું જ જોઈએ, પોતાની જાતને, કુટુમ્બને, પ્રાન્તને, દેશને, વિશ્વને-એમ ગમે તેને સારી રીતે ધર્મ અને મોક્ષમાં આપણાં તન-મન-ધનનો ઉપયોગ ન થાય, તો એ માનવજીવનની કિંમત શી છે?

( ૩ )

૧૦–૧૧–૩૨

જગતમાં શરીર હોય ત્યાં સુધી મનનાં, શરીરનાં અને અકસ્માત્ આવી પડતાં દૈવી–એમ ત્રણ પ્રકારનાં દુઃખ તો આવવાનાં જ છે. સર્વ રીતે સુખી તો આ બ્રહ્માંડમાં કોઈ હોય જ નહિ. જિજ્ઞાસુ તથા જ્ઞાની એની પોતાના મન પર અસર ન થવા દે, અને એ બધાં નિત્ય નથી, પણ આજ છે કે કાલ નથી એમ એને પોતાના સ્વરૂપથી ભિન્ન માની એનો હર્ષશોક ન કરે, એટલી જ એના જ્ઞાનની કસોટી.

# ૧૩

(૧)

તા. ૨૮-૧૧-૩૧

મનુષ્ય અધોગતિ પ્રતિ જાય એ તો એની નબળાઇ છે. જલનો પ્રવાહ નીચે જાય એ એની નબળાઇ છે. કારણ એમાં એને જરાયે પરિશ્રમ પડતો નથી. જળના પ્રવાહને ઊંચે લઇ જવામાં હજારો યુકિતઓ, અને વિરોધી બળની આવશ્યકતા પડે છે. તેવી જ રીતે મનુષ્ય પશુસ્વભાવ પ્રતિ અધોગતિ કરે એ એનું બલ નથી, એ તો એ સ્હેજે કરી શકે છે. પણ એમાંથી અટકીને સંયમદ્વારા ઉન્નતિ પ્રતિ જવા માંડે, ત્યારે એને જે બળ વાપરવું પડે છે, સારા મિત્રો, સ્નેહીઓ, સજજનો, સત્પુરુષો, સંતો એ બધાંની સહાયતા પણ એમાં લેવી પડે તેટલી મનુષ્ય લે છે, ત્યારે જે ઉન્નતિ કરી શકે એમાં એની શક્તિની કસોટી થાય છે.

સંસારની ઘટમાળ જેવી પ્રવૃત્તિની માળા હાથમાં લીધી છે એમાં જ જન્મ વીતાવવો છે? સંસાર જેટલો મીઠો લાગતો હશે એટલું એમાં સત્યપણું લાગતું હોવું જોઇએ. જેટલો એ

સત્ય લાગતો હશે, એટલા પ્રમાણમાં જન્મમરણવગેરેનું દ્વંદ્વ ચક્ર પણ સ્વીકારવું પડશે. માટે જ્યાંથી સમજ્યા ત્યાંથી સવાર શરૂ કરી દેવી.

( ૨ )

તા. ૧૧-૧૨-૩૦

મનુષ્યજીવનનું લક્ષ્ય ન ચૂકશો. યોગવાસિષ્ઠમાં એક સ્થળે કહેલું છે કે, કેવળ શાસ્ત્ર અથવા ગુરુદ્વારા પરમેશ્વરનું દર્શન થતું નથી. પોતાની સત્ત્વગુણવાળી બુદ્ધિ ( અંતઃકરણ ) વડે જ આત્મદર્શન કરી શકાય છે. એનું તાત્પર્ય એવું છે કે શાસ્ત્ર અને ગુરુ સહાયક અવશ્ય છે, પણ એની સાથે સ્વપ્રયત્ન વિના આત્મ-દર્શન અસંભવિત છે. રસોઇનો બધો સામાન તૈયાર હોય, અને કદાચ કોઇએ રસોઈ કરી રાખી હોય, તો પણ ભોજન કરનારનો ખાવાની ક્રિયારૂપી સ્વપ્રયત્ન ન થાય ત્યાં સુધી ભોજનનો આનંદ અને એમાંથી પ્રાપ્ત થતું દેહપોષણ મેળવી શકાતું નથી. આવી જ સ્થિતિ ઉપર વર્ણવી છે.

ધીરે ધીરે પણ એટલી શાંતિ તો જરૂર આ જીવનમાં પ્રાપ્ત કરી લેવી જોઇએ, કે દેહત્યાગવેળા અથવા ગમે ત્યારે અણ-ધારી ઉપાધિ આવીને ઊભી રહે, તો પણ પ્રસન્ન ચિત્ત અને આત્મતૃપ્તિથી એનો ત્યાગ થઈ શકે. દેહત્યાગની અંતિમ વેળા જ્ઞાનીઅજ્ઞાની સૌને આવવાની છે, એ નિઃસંદેહ છે. પણ અજ્ઞાની જેમ ક્યાંથી આવ્યો ને મર્યા પછી ક્યાં જઈશ તે જાણતો નથી, તેથી અજ્ઞાનમાંથી આવ્યો અને અજ્ઞાનમાં જ જશે એ નિશ્ચય છે; જ્ઞાની એવા આવાગમનમાં માનતો નથી. એ પોતાનો આત્મનિશ્ચય આ દેહ છતાં જ કરી લે છે. પ્રત્યેક સાધકનો મનુષ્ય-

પ્રાણી તરીકે પણ એટલો સ્વધર્મ છે કે એણે કર્મયોગ, ભક્તિ-યોગ, જ્ઞાનયોગ, કે ગમે તે માર્ગદ્વારા પોતાની પ્રકૃતિને ઠીક પડે એવું સાધન શોધીને કરી લેવું અને આપણે સત્પંથે —મોક્ષમાર્ગે જ છીએ, એવી ધર્મશ્રદ્ધા પ્રાપ્ત કરી લેવી.

અત્યારના કલિયુગમાં–પ્રવૃત્તિયુગમાં એક વાત બહુ સહેલી છે. મનુષ્યની બુદ્ધિ બહુ સતેજ હોય છે. વાચન માટે કે જપતપ માટે એકાંત ન મળે પણ વ્યવહારમાં બધાં કાર્ય કરતાં કરતાં, પોતાને અજર, અમર, નિત્ય. શુદ્ધ, બુદ્ધ, આત્મા માનીને સર્વને એ સ્વરૂપે જોવાની ટેવ પાડવાનું તો હરતાંફરતાં પણ થઈ શકે એવી સહેલી એકડા ઘૂંટવા જેવી વાત છે. ચિત્તના રાગદ્વેષ ઓછા કરવા હોય, દ્વંદ્વોની પીડાથી છૂટવું હોય, નિત્યશાંતિ અને તૃપ્તિ પ્રાપ્ત કરવાની જો સાચી ભૂખ અંતકરણમાં ઊઘડી હોય, તો આ વિષયમાં જરાયે પ્રમાદ કરવા જેવું નથી. પરમાત્મા તમને એ વિષયમાં બળ આપે!

યથાશક્તિ જપ કર્યા કરજો; દાસબોધ ફરી ફરીને વાંચજો.

( ૩ )

તા. ૧૦–૧૨–૩૨

આ જગત એવું છે કે એમાં આધિ, વ્યાધિ અને ઉપાધિઓમાંથી ચિત્તદાહરૂપી એક અગ્નિદૂત પરમાત્માનું સ્મરણ કરાવવા માટે એના પોલીસ જેવો આપણી સમક્ષ ઊભો જ હોય છે. અને એવું ન હોય, તો આપણે ઇશ્વરને ક્ષણવાર પણ માનીએ એવા ક્યાં છીએ ? આપણું જ ધાર્યું થાય, એટલે તો સાતમા સ્વર્ગમાં વગર પ્રયત્ને ઊડવાનું મન કરીએ એવાં આપણે સ્વચ્છંદી છીએ.

# ૧૪

( ૧ )

તા. ૧૩-૧૨-૩૦

મુખ્ય લક્ષ્ય એ રાખવાનું છે કે બુદ્ધિની વિવેકશક્તિ હંમેશાં "હું કોણ છું" એવા પ્રશ્નનો ઉત્તર શાસ્ત્ર, સંત અને શ્રી. સદ્‌ગુરુની સહાયતા તથા કૃપાથી પ્રાપ્ત કરીને મેળવી લે. પછી હું શરીર નથી, જાગ્રત, સ્વપ્ન, તથા સુષુપ્તિઅવસ્થા નથી; હું અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય કોશ નથી; હું સ્થૂલ, સૂક્ષ્મ, તથા કારણ કે મહાકારણ શરીર નથી; હું પાંચ કર્મેન્દ્રિયો તેમ જ પાંચ જ્ઞાનેન્દ્રિયો નથી. હું મન, બુદ્ધિ, અહંકાર તથા ચિત્ત અને અંતઃકરણ ચતુષ્ટય નથી; કારણ કે આ બધાં અનિત્ય છે. બુદ્ધિથી જાણી શકાય તેવાં દૃશ્ય સ્વરૂપ-જોવાના પદાર્થ છે; અને હું તો એ બધાનો દૃષ્ટા, સાક્ષી, નિત્ય જ્ઞાનસ્વરૂપ છું. એ અનાત્મ હોવાથી અનિત્ય છે તેથી અસત્ છે; હું નિત્ય છું તેથી સત્ છું. એ દૃશ્ય છે તેથી જડ છે. હું દૃષ્ટા જોનાર છું તેથી પ્રકાશ-સ્વરૂપ-ચિત્ (જ્ઞાન) છું. એ બધાં વિકારી, ઘડી ઘડીમાં બદલાય તેવાં છે, તેથી શોક, મોહ ઉત્પન્ન કરે તેવાં છે; હું એનાથી સ્વતંત્ર; અને પર તથા

પરમપ્રિય છું, તેથી આનંદ છું. આવી રીતે બધાથી હું વિપરીત -સત્-ચિત્-આનંદ-સ્વરૂપ-આત્મા છું. અને એ જ આત્મા પ્રત્યેક પ્રાણી પદાર્થનું મૂલ સ્વરૂપ, એમાંથી નામરૂપનો બાધ કરતાં જે શેષ રહે તે હું છું, એવો અનુભવ જિજ્ઞાસુએ કરવો જોઈએ.

આવું જયારે યુકિત અને વિચાર વડે સમજાય ત્યારે પરોક્ષ જ્ઞાન કહેવાય અને જયારે એવો અનુભવ થવા માંડે ત્યારે એ અપરોક્ષ જ્ઞાન કહેવાય છે. જે શાસ્ત્રોમાંથી આવું જ્ઞાન મળ્યા કરે છે એ શાસ્ત્રો વાંચવાં અને એવો ઉપદેશ આપે એવા સંતોનો સત્સંગ કરવો, કે જેથી હું આત્મા છું, દેહ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, એવી ભાવના દૃઢ થતી જાય.

ધ્યાન કરવામાં કે જપ કરવામાં ૐ એટલે જ બ્રહ્મ, આત્મા, આપણું સ્વરૂપ; અને આપણું સ્વરૂપ તે જ ૐ; એવી રીતે એના અર્થનો વિચાર કરવાનો છે. જેમ પાણી તે જ બરફ, અને બરફ એજ પાણી, એમાં કશોયે તફાવત નહિ, તેમ આત્મા એ જ ૐ અને ૐ એ જ આત્મા એવો વિચાર કરી કરીને ધ્યાન તથા જપ કરવાં. અને તે સિવાયના વખતમાં વ્યવહારનાં કામકાજ કરતાં હોઇએ, ત્યારે પણ બધાં ૐનાં સ્વરૂપ છે, એવું યાદ રાખીને કામ કરવું. માત્ર આપણે એકલા જ બ્રહ્મસ્વરૂપ છીએ એમ નહિ; પણ બધું બ્રહ્મસ્વરૂપ જ છે એવી ભાવના વધારવી.

વિશુદ્ધ વ્યવહારના પ્રારબ્ધપ્રાપ્ત કામકાજથી કંટાળવું નહિ, માતપિતા, ભાઇભાંડુંનો જે સહવાસ આપણને પ્રારબ્ધના યોગે પરમાત્માએ આપ્યો હોય, તેની નિષ્કામ ( બદલાની આશા રાખ્યા વિના ) સેવા કરવી. અને હંમેશાં આનંદમાં રહેવું કારણ કે આત્મા આનંદસ્વરૂપ છે.

હવે જે આ આત્મા જ સત્ય છે, અને બીજું બધું દશ્યપ્રપંચ મિથ્યા–કલ્પના માત્ર છે, એમ શાસ્ત્ર કહે છે, ત્યારે આ બધું દશ્ય શું છે? કેમ દેખાય છે? એની શંકા થશે. એનો ટૂંકો ખુલાસો હમણાં એટલો જ યાદ રાખવાનો છે કે ત્રણ ગુણવાળી ( સત્વ, રજસ્ અને તમસ્ ) એક પરમાત્માની માયા નામની શક્તિ છે જેની બધી આ ભ્રાન્તિ ઊભી કરનારી અનિર્વચનીય તથા મિથ્યાભાસ રૂપ રચના છે. એ માયાને શાસ્ત્રમાં પ્રકૃતિ, અવિદ્યા, અજ્ઞાન વગેરે નામો આપ્યાં છે. એ માયાનું કામ આત્મસ્વરૂપને વિસરાવી, એના ગુણમાં ફસાવાનું છે જેમાંથી આપણે બચવું છે. માટે માયાના ક્ષેત્રમાં વ્યવહારમાં રહ્યાં છતાં પણ સર્વત્ર માયાનું દર્શન ન કરતાં આત્મદર્શન કરવું. જેમ સુવર્ણના આકારમાં કેવલ સોનું જોઈએ તેમ. આ સમસ્ત નામરૂપ તે માયા, અને એ નામરૂપમાં અધિષ્ઠાન રૂપે બધે આત્મા જ વિલસી રહ્યો છે, એમ માનજો.

( ૨ )

૧૧–૬–૩૧

હું દેહ નથી પણ આત્મા છું એવો નિશ્ચય અનુભવવાનો છે. એટલું અને એવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ સત્સંગ, વાચન, ભજન, ધ્યાન, જપ, પાઠપૂજા, ગુરુસેવા કે ભક્તિ—એ બધાં છે. માટે લક્ષ્ય ન ભૂલશો. એ લક્ષ્ય જે ગ્રંથમાંથી કે જે સંત પાસેથી મેળવી શકાય, ત્યાંથી મેળવીને તેનું જ મનન કર્યા કરવાનું ભૂલશો નહિ.

બીજી એક વાત એ કે હમેશાં આનંદમાં રહેવું, ને સૌનું સહન કરતાં શીખવું. હરતાંફરતાં, કામકાજ વખતે પણ ૐનો જપ ( માનસિક ) ચાલુ રહેવો જોઈએ.

( ૩ )

૨૪-૧૧-૩૧

ૐકારનો જપ કરવામાં, ૐકાર કોઈ આપણાથી જુદું બ્રહ્મ છે એમ નથી સમજવાનું કે ધારવાનું. આપણું આત્મસ્વરૂપ જો કે તદ્દન નિરાકાર નિરંજન, શુદ્ધ, શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ એ પાંચે વિષય તથા ગુણથી રહિત છે, પરંતુ એનો વાણી કે અંતઃકરણ દ્વારા વિચાર કરીએ તો કેવળ એના નામ કે રૂપ વડે જ વિચાર થઇ શકે છે. એવા વિચારનું પણ શબ્દ કે અર્થરૂપી રૂપ હોય છે. सोऽहम् એવો શ્વાસના ઉચ્ચારમાંથી सः અને अहम् એ બન્નેમાંથી વ્યંજન કહાડી નાખીએ, એટલે ૐ, ઓમ્ એવો શુદ્ધ શબ્દ-સ્વર રહે છે. એ આપણું પ્રત્યેક પ્રાણીમાત્રનું પવિત્ર સાકાર નામ છે, એમ સમજીને એનો અભેદ અને અહંભાવે જપ કરવાનો છે.

જપદ્વારા સાધારણ એકાગ્રતા થશે. ચિત્ત અંતર્મુખ થવાથી આનંદ પણ વધશે. પણ સંપૂર્ણ શાન્તિ તો વેદાન્ત ગ્રંથનો વિચાર અને તે પ્રમાણે આત્મભાવના દૃઢ કરીને અનુભવ કરવાથી થાય છે. ધીરે ધીરે શાન્તિપૂર્વક ઉન્નતિ કર્યે જાઓ. ૐ.

( ૪ )

૨૧-૧૨-૩૧

શરીરમાં અંતઃકરણ ચતુષ્ટય ( મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ), પંચ પ્રાણ, પંચ જ્ઞાનેન્દ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, પંચ વિષય, પંચમહાભૂત, ચાર શરીર ( સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ ) ચાર અવસ્થા ( જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા ) પંચકોશ, ચાર અવસ્થાના અભિમાનીઓ એવાં બધાં બ્રહ્માંડની રચનામાં ઈશ્વરનાં સમસ્ત અંગ ઓળખીને જીવ તથા ઇશ્વરની એ નાનીમોટી ઉપાધિઓ

બાદ કરતાં જે એકમાત્ર વિશુદ્ધ, નિરુપાધિક, નિરંજન, નિરાકાર, અદ્વૈત તત્ત્વ રહે, તે તમારું શુદ્ધ સ્વરૂપ છે. એ જ તમે પોતે છો; તમે શરીર વગેરે કાંઇ પણ નથી. એ જ સમસ્ત વેદાન્તના ગ્રંથોમાંથી શીખવાનું છે, એ ભૂલશો નહિ.

એક બીજી વાત એ શીખવાની છે કે આ બધા દ્વૈત-પ્રપંચ એટલે કે શરીર તથા સમસ્ત બ્રહ્માંડની ઉત્પત્તિ એ પરમતત્ત્વ પોતાની અનિર્વચનીય એવી માયા શક્તિ દ્વારા કરે છે. એ માયા નથી સત કે અસત. એથી એની રચનાનું રચેલાં મન બુદ્ધિદ્વારા, વાણીદ્વારા, કે અન્ય ઈન્દ્રિયોદ્વારા અમુક જ રીતે સમાધાન થતું નથી તેથી એનું અનિર્વચનીયપણું જ સિદ્ધ થાય છે. વસ્તુનું જ્ઞાન થયા પછી એ માયા તુચ્છ સમજાય છે. જેમ સોનાનું જ્ઞાન થયા પછી વીંટી કોઈ જુદી વસ્તુ રહેતી નથી, ઉપરાંત વીંટીમાંથી સોનું કાઢી લઇએ તો વીંટી એવો કોઈ ભિન્ન પદાર્થ જ રહેતો નથી; તેમ આત્મ-સ્વરૂપની ભાવના દૃઢ થાય; ત્યારે આ માયા અને માયામાંથી ઉત્પન્ન થયેલું બ્રહ્માંડ કશુંયે ન રહેતાં કેવળ સચ્ચિદાનંદ પરબ્રહ્મ જ રહે છે. આત્મદૃષ્ટિ વધારતા જવી એટલે ધીરે ધીરે એ બધું સ્પષ્ટ સમજાશે.

# ૧૫

(૧)

૨૫-૫-૩૧

તમને જે પ્રત્યક્ષ કહ્યું છે, તે જ પત્રમાં લખવાનું છે. સદ્દગત પરબ્રહ્મસ્વરૂપ તમારા પતિ જ તમારા પરમેશ્વર અને ગુરુ કે ઇષ્ટ પણ એ જ. પહેલાં એ સગુણ-સાકાર હતા, હવે નિર્ગુણનિરાકાર સર્વત્ર સભર ભર્યા છે. તેથી ધ્યાનમૂર્તિ પણ એ જ; એ જ તમને સંતોદ્વારા બ્રહ્મોપદેશ આપે છે, એમ માની તમારે દૃઢ આત્મભાવના કરવી. એમાં પરિવર્તન કરો એ મને નથી ગમતું, ને નહિ ગમે. આટલી સ્થિરતા કરી બતાવો, અને બીજી ઘેલછા તથા બાલિશતા છોડી ગૃહકાર્યમાં વ્યવસ્થા, ઉતાવળીઆપણાનો ત્યાગ, કેવળ ૐકારનો જપ, (જેનો વિધવાને સંપૂર્ણ અધિકાર છે-અને ૐકાર જ નિર્ગુણબ્રહ્મની ઉપાસનાનું એક માત્ર સાધનદ્વાર છે), દાસબોધ, અને યોગ-વાસિષ્ઠનું રોજ પંદરથી વીસ પાનાનું વાંચન એ પ્રમાણે કરી જુઓ; પછી જો એનાથી શાંતિ ન મળે તો, બીજાં તમારાં વેવલાં સાધન ને આળપંપાળ તમે અત્યારે જે હઠથી પકડી બેઠાં છો, તે પાછાં કરવા માંડજો.

મારી પાસે તો એક જ વાત છે. જેને વાંચતાં લખતાં આવડે છે, અને જેને અવકાશ મળે છે, તેણે આમતેમ ભટક્યાં કરતાં ઘરમાં બેસી, બધો સમય વેદાંતના ગ્રંથોનું ખૂબ વાચન અને મનન કરવું. એનાથી બુદ્ધિ શુદ્ધ અને સચેત થાય છે; ભ્રાંતિ દૂર થાય છે; સાચા સાધનની ખબર પડે છે. માટે મારી વિનંતી છે કે એ પ્રમાણે કરો, કે જેથી વાસ્તવિક અને નિત્ય શાંતિ મળે. એ વિના હાલ તરતજ તમને કોઈ પણ છબી કે પ્રાણી પદાર્થ શાંતિ નહિ આપે. નિજબોધ, આત્મજ્ઞાન જ તમને શાંતિરૂપ નીવડશે, અને જન્મોજન્મની ભ્રમણામાંથી છોડાવશે.

સ્વા. રામતીર્થ, વિવેકાનંદ, અને રામકૃષ્ણ પરમહંસના ગ્રંથોનું પણ વાચન કરતાં રહો. ત્યાર પછી જેમ જેમ સમજણ પડતી જાય, તેમ તેમ પંચદશી વાંચો, ત્યાર પછી આત્મપુરાણ વાંચો. પક્ષપાતરહિત અનુભવપ્રકાશ વાંચો, આમ ક્યાં સુધી ભટક્યા કરશો? માટે કોઈનું વચન માનીને સાધન કર્યા કરો. મનોમુખી વૃત્તિ છોડી દો; અને ચિત્ત સાથે શરીરની પણ સ્થિરતા પ્રાપ્ત કરો. વખાણ બધા કરશે. કડવું કોઇ નહિ કહે. કાં તો પોતાના અંતઃકરણના દોષ પોતાની મેળે જોતાં શીખો, નહિ તો કોઇ કહે તે પ્રમાણે દૂર કરતાં શીખો.

બ્રહ્માંડભરનાં શરીર, પંચભૂતનાં માળખાં હોઇ નાશવાન છે એમ માની, કોઇ પણ શરીર પરથી આસક્તિ કાઢી નાખો. સંતોના શરીર પર મુગ્ધ ન થાઓ. એમનાં વાક્ય યાદ રાખો. એમની વાણી પર ભક્તિ રાખો; એમના શબ્દનું પાલન કરો; કારણ કે એમનો શબ્દ એ જ ૐ. એ જ બ્રહ્મવાચક મંત્ર.

એનો જપ, ધ્યાન, અર્થવિચાર તથા સ્મરણ કરો એટલે બેડો પાર. વિચાર કરતાં શીખો અને ગંભીર બનો.

( ૨ )

૧૦-૬-૩૧

જેમ જેમ વાચન વધારશો અને નિરભિમાની સંતોનાં દર્શન-સત્સંગ કરતાં રહેશો, તેમ તેમ આત્મજ્ઞાન અને આત્મ-જ્ઞાનનાં સાચાં સાધનો, આત્મસ્વરૂપનું ભાન વગેરે પ્રાપ્ત થતાં જશે. એમાં દીર્ઘસૂત્રીપણું નહિ પણ જેમ ઉત્સાહ જોઈએ છીએ તેમ ઉતાવળીયાણું નહિ પણ ધૈર્ય અને શ્રદ્ધા રાખવાં જોઈએ, એ ખાસ સંભાળવાનું છે. એનું જ નામ સાધના.

રાત્રે સૂતી વખતે રોજની દિનચર્યા તપાસી જવી; એમાં થયેલી ભૂલો માટે ભવિષ્યમાં એ દોષ ન આવે માટે પરમાત્માની પ્રાર્થના કરીને પાછો શુદ્ધ સંકલ્પ કરવો જોઇએ. પ્રાતઃકાલમાં, સમસ્ત દિનચર્યા શુદ્ધ નીવડે એવી ભાવના થવી જોઈએ. આનંદમાં રહો.

( ૩ )

૧૭-૧૦-૩૨

જો મારા એકલાના જ હાથની વાત હોત તો અત્યારે જ મુક્તિ અપાવી દેત ! પણ એમાં તો તારા પોતાના જ પૂર્વ સંસ્કાર તથા પુરુષાર્થની પણ આવશ્યકતા છે, એટલે શું થાય ? પરમાત્મા દયાળુ છે, તે તારા જેવા શુદ્ધ, સરલ અને તપસ્વી જીવન પર દયા અવશ્ય કરશે જ; એવી શ્રદ્ધા છે તેને દઢ રાખજે.

વાંચવાનું, જે હોય તે, વંચાય તો ધીરે ધીરે વાંચવું. સમજણ પણ પડશે, જપ-પૂજા-પાઠમાં આગ્રહ છે એવો જ આગ્રહ આત્મભાવના કેળવવામાં રાખવો; અને સમસ્ત દશ્યપ્રપંચ સ્વપ્નવત્ છે એવું માન્ય કરીને વ્યવહારમાં તેમ જ પરમાર્થમાં સાવધાનતા રાખવી. આ જન્મમાં આપણને ઉત્તમ વર્ણ અને ઉત્તમ સંસ્કાર પ્રાપ્ત થયા છે એટલે આપણું આત્મકલ્યાણ થવાનું જ છે એવી દૃઢ શ્રદ્ધા રાખજે અને એકનિષ્ઠાપૂર્વક પરમાત્માની ભક્તિ કરવાથી એનું જ અનન્ય શરણ ગ્રહણ કરવાથી જે જોઇતું હશે તે મળશે. હમેશાં આનંદમાં રહેવું, ને ધર્મકર્મ સંભાળવાં.

(૪)

૨૨-૧૦-૩૨

...બાકી માયા તો આપણી બુદ્ધિ કરતાં પણ એવી ઝીણી છે કે ક્યારે એ બુદ્ધિપ્રદેશમાં પહોંચીને વિજ્ઞાનમય કોશની દીવાલમાં કાણું પાડે એ કાંઇ નક્કી કહેવાય નહિ. પરમાત્મામાં બાલભાવે શ્રદ્ધા અને નિત્યપ્રતિ એના ખોળામાં જ બેઠા છીએ એવો ભક્તિભાવ આપણે માટે બહુ સચોટ કિલ્લો સર્વકાલે બને છે, એવો મારો પ્રત્યક્ષ અનુભવ છે. અને પરિણામે તો બધું એક જ અધિષ્ઠાનમાં અધ્યસ્ત! એટલે શુ કહેવું, ને શું કરવું? ૐ. મૌન જ મોટામાં મોટું જ્ઞાન; અને એ જ મહાનમાં મહાન ઉપદેશ.

# ૧૬

## (૧)

૫-૯-૩૧

નોકરીમાં પગાર ભણી દૃષ્ટિ ન રાખતાં, શરીરને પ્રવૃત્તિ મળી એ જ પરમાત્માનો મહાન ઉપકાર થયો એમ માનીને ચિત્તને પ્રસન્ન રાખશો. બાકી નિર્વાહનાં સાધનોમાં તો પૂર્વ કર્મફલ જ પ્રધાનભાગ ભજવે છે. સંસારનો પૂર્વ ઇતિહાસ, શું પુરાણોમાં કે શું સાંસારિક પ્રાકૃત વૃત્તાંતોમાં, સ્પષ્ટતાથી જણાવે છે કે ખાનપાન આદિ દેહભોગ અને સગાંસંબંધી તથા સ્નેહીજન આદિ માનસભોગ, બધાં આપણા પૂર્વજન્મના કર્મપાકનાં પરિણામ છે. એમાં સંતોષ રાખવો એ ઉન્નતિનું સાધન. એની સામે બડબડાટ કરી ભવિષ્યના નવીન ભોગોની વાસના અંતરમાં વધાર્યા કરવી એ અધોગતિ. જિજ્ઞાસુઓ પ્રથમ માર્ગનો સ્વીકાર કરે છે, ત્યારે વિષયી અને પામર બીજો માર્ગ ગ્રહણ કરી જન્મમરણનું ચક્ર વધાર્યા કરે છે.

જગના મહાન પુરુષો પોતાના સર્વશ્રેષ્ઠ વૈભવનો ત્યાગ કરી, જીવનમાં સાદાઇ (જેને સાધારણ મનુષ્ય નિર્ધનતાને ખોટે નામે ઓળખે છે તે) એટલા માટે ઉતારે છે કે એ દ્વારા બાહ્ય પદાર્થો

તથા વ્યવહારમાં ચિત્ત ઓછું પ્રવૃત્ત થાય, અને એને લીધે સમયનો જે બચાવ થાય એનો ઉપયોગ એવી સાધનામાં કરે કે જેથી તત્ત્વચિંતન વધે અને ચિત્તમાં શાંતિ પ્રાપ્ત કરી શકાય. બાહ્ય દૃષ્ટિએ તો વિષયી અને પામરની નિર્ધનતા, એ જ જિજ્ઞાસુ અને જ્ઞાનીનો બાહ્યત્યાગ અને સાદાઈ છે. એકમાં આંતરિક વાસનાની દુર્ગંધ હોય છે, હમેશાં ચિત્તમાં ધુંધવાટ રહે છે, સદા ક્લેશમાં જીવન વ્યતીત થાય છે, ત્યારે અન્યને બાહ્ય સાધનોમાં જેટલી અલ્પતા, તેટલી આંતરિક જીવનમાં શુભેચ્છા, ઇશ્વરચિંતન, જ્ઞાનની વિશેષતા, ચિત્તમાં નિર્મલ પ્રસન્નતા, અને આંતરબાહ્ય જીવન આનંદપૂર્વક વ્યતીત થતું હોય છે.

આપણે જિજ્ઞાસુની કોટિમાં રહેવું છે, એ ખાસ લક્ષ્યમાં રાખવું. આપણું ધ્યેય જ બાહ્ય નિવૃત્તિ અને આંતર શાંતિ છે. જગતની ઉથલપાથલ, માનઅપમાન, રાગદ્વેષ, હર્ષ શોક, સ્નેહી-સંબંધીઓનો મૃત્યુદ્વારા થતો અભાવ એ કશું યે આપણા ચિત્તને ચલાયમાન કરે નહિ એ જ આપણો પરમ પુરુષાર્થ, અને સર્વશ્રેષ્ઠ સાધન તે આત્મચિંતન. હું આત્મા સત્ (નિત્ય, અજર, અમર, એક, અદ્વિતીય) ચિત્ (જ્ઞાન, પ્રકાશ, બલ, નિર્વિકાર, સર્વનો પોષક, સર્વસત્તાધારી) અને આનંદ (ન હર્ષ કે શોક, પણ રસરૂપ નિસ્પૃહ, તટસ્થ) છું એનું અહોનિશ સ્મરણ, અને એનું નામ જ નિદિધ્યાસન. એને માટે કોઇ પણ જાતની બાહ્ય ક્રિયાની આવશ્યકતા નથી. હરતાંફરતાં, સૂતાં-ઊઠતાં, ચાલતાંબેસતાં, ખાતાંપીતાં, ઇંદ્રિયોથી સ્થૂલ વ્યવહાર કરતાં છતાં પણ એ નિદિધ્યાસન સૌ કરી શકે છે, અને શોકનાશ, મુક્તિ, કે આનંદપ્રાપ્તિનું એ એક માત્ર સર્વોત્તમ સાધન છે.

આ જ્ઞાનયોગ એ મુખ્ય સાધન અને એમાં સહાયક થાય એવાં કર્મ તથા ઉપાસના એ ગૌણ સાધન.

એ ભાવ પ્રારંભની અવસ્થામાં સતત્ ન રહે, માટે ઋષિઓએ એને માટે અહંગ્રહ ઉપાસના બતાવી છે. :એવી સમસ્ત અર્થ–ભાવનાનો રંગ એક માત્ર પરમ દિવ્ય, અલૌકિક, સગુણનિર્ગુણ, બંનેની સહજ એક વાક્યતા સાધી આપનાર "ૐ"—ઓમ્–માં ભર્યો છે. એટલા માટે આપણે "ૐ" ઓમ્ જપ્યા કરવું, માનસિક જપ ચાલુ રાખવો, અને એની અર્થભાવના ઉપર પ્રમાણે કરવી.

આત્મભાવના કરવી એ અન્વય અને હું દેહ, પ્રાણ, ઈંદ્રિયો તેમ જ એનાં અવસ્થા, કોષ, કર્મ ઇત્યાદિ નથી, એવી ભાવના કરવી એ વ્યતિરેક; આમ એક વિધિમુખ સાધન છે ત્યારે બીજું નિષેધાત્મક સાધન છે. એ બંને દ્વારા આત્માનુભવ જાગ્રત થાય છે.

ચિત્તમાં નિરંતર શાંતિ અને આનંદ રાખશો ને સૌને રખાવશો. જપમાં સમય (તમારાં ધર્મપત્ની) વ્યતીત કરે તો ઠીક. પણ મુખ્ય સાધન તો જાગ્રત અવસ્થાની પ્રત્યેક શુભ પ્રવૃત્તિમાં, ૐકારને આત્મભાવના આપીને માનસિક સ્મૃતિપટ પર ચાલુ રાખવાનો પુરુષાર્થ કરવો એ છે.

(૨)

તા. ૨૨–૯–૩૧

પત્રમાં લખો છો એ પ્રમાણે જ ચિત્તની અવસ્થા નિત્ય નિરંતર રહેતી હોય, તો પ્રસન્ન થવા જેવું છે. વ્યવહાર અને

પરમાર્થ એ બન્નેમાંથી એકે તરફ દુર્લક્ષ્ય ન થવું જોઇએ. છતાં પણ પરમાર્થને મુખ્ય અને વ્યવહારને સાધના પૂરતો ગૌણરૂપે સત્ય માનવાની સાવધાનતા રાખવી જોઇએ. વ્યવહારમાંથી અશુદ્ધિ નીકળે એના ખાસ કાળજી રાખવી જોઈએ. શુધ્ધ વ્યવહાર હોય તો પરમાર્થવૃત્તિ કેળવવામાં સરળતા પડે છે એમ મારું માનવું છે. પરંતુ વ્યવહારનો વિસ્તાર આપણી શકિત પ્રમાણે કરવો જોઇએ. એમાં જો પરમાર્થની સ્વતંત્રતા ભૂલી જઇને મોહવશાત્ વિસ્તાર કરતા જઈએ તો દુર્બલતાને પરિણામે પ્રપંચી વાતાવરણ વધવાનો સંભવ રહે છે. માટે એમાં "શકિત પ્રમાણે વિસ્તાર" એ સૂત્ર રાખવું જોઇએ. સમસ્ત બ્રહ્માંડમાં પ્રત્યેક વ્યકિત જો આવી સાવધાનતા રાખે, તો વિશ્વ કલ્પના ન કરી શકાય તેવું સ્વર્ગ બને. પણ સમષ્ટિ માટે એ અસંભવિત છે, કારણ કે વિશ્વપ્રકૃતિ ત્રિગુણાત્મક છે; એટલી સાવધાનતા રાખવા જેટલી સાત્ત્વિક સ્થિતિ વ્યકિતગત રીતે સાધકના ચિત્તની હોય, તો એવું સુંદર ફલ દેખાય.

વાચન તથા વિચારમાં પ્રમાદ ન રહેવો જોઈએ. શરીરની અશકિતને બહાને તામસિક પરિણામરૂપી પ્રમાદ ન આવવો જોઇએ. જીવનની દિનચર્યા વ્યવસ્થિત રહેવી જોઇએ. જો કે જૂની ટેવો છોડીને નવી ટેવો કેળવવામાં બહુ મહેનત પડે છે, એ સૌનો તેમ જ મારો પણ જાત અનુભવ છે, પરંતુ એમ કર્યા વિના પાર આવે એમ નથી. વળી એમ કરવામાં છેલ્લે પાટલે જઇને બેસવાની પણ જરૂર નથી, એટલે કે કઠોર તપશ્ચર્યા ઉપર પણ એકદમ ચડી જવાનું નથી. ધીરે ધીરે જે કામ થાય છે તે પાકું અને સ્થિરતાવાળું થાય છે. માટે મનીરામની સામે સત્યાગ્રહ કરો તો સંભાળીને કરશો, ઉતાવળથી નહિ.

વાચનમાં વેદાન્તના એટલે ભગવાનશ્રી શંકરાચાર્યના સિદ્ધાંતો સારી રીતે બુધ્ધિગ્રાહ્ય થઇ જાય એવા વાચનની પ્રત્યેક જિજ્ઞાસુને જરૂર છે. અંતર્મુખવૃત્તિ, વૈરાગ્ય અને ચિત્તની એકાગ્રતા એ એનાં મુખ્ય સાધન છે. પછી તો વાચન અથવા શ્રવણ એ બેમાંથી જેની સગવડ હોય તે દ્વારા એ પ્રાપ્ત થાય છે. એમાં સ્ત્રીપુરુષ એવો બાહ્યભેદ નહિ, કેવળ આંતરિક -ચિત્ત કે જે બધાને સમાન હોય છે, તેમાં અધિકાર કેળ-વવાનો ભેદ છે અને આ વાત પ્રત્યેક સાધકને માટે એક સરખી આવશ્યક છે, પછી તે દ્વૈત કે અદ્વૈત, કર્મ કે ઉપાસના, જ્ઞાન કે ભકિત ગમે તેને પોતાની ઇષ્ટપ્રાપ્તિના સાધન તરીકે માનતો હોય.

બીજી ગૌણ વાતોમાં હું નથી પડતો; હું સત્સંગ, કથાશ્રવણનો પક્ષપાતી છું, પણ નિરર્થક કુતૂહલવૃત્તિથી ભટકવાનો નહિ; મારે શાંત વિચારશકિતદ્વારા કેળવાય એવાં સાધનનાં પક્ષપાતી સાધકો જોઇએ છીએ. દોડધામ કરી ધમાલ કરનારાં, કશા પણ ઇષ્ટના નિશ્ચય વગરનાં, નમાલાં પામરનું મારે કામ નથી, કારણ કે એમનામાં વિવેક હોતો જ નથી. જ્ઞાની અજ્ઞાની સંતો કે ગ્રંથોની એમને તારવણી કરતાં જ નથી આવડતી, તેથી બીજું તો કાંઇ નહિ પણ એમનો સમય, અરે, જીવન વ્યર્થ જાય છે. પરમાત્મા તમને સૌને સદ્‌બુદ્ધિ આપે, અને આ શરીરમાં જ શાંતિ પ્રાપ્ત કરાવે.

( ૩ )

તા. ૧૨-૧૧-૩૧

તમે બધાં આનંદમાં રહો છો, લક્ષ્યનું ભાન રહ્યા કરે છે, પ્રારબ્ધભોગમાં ચિત્ત નિર્વિકાર રહે છે, અને ધીરે પણ

સ્થિરતાવાળે પગલે પ્રગતિ કર્યે જાઓ છો, એમ તમારા પત્રો પરથી જણાય છે. જીવાત્માની જન્મપરંપરા, અર્થાત્ દેહપરંપરા ક્રમોન્નતિદ્વારા મુક્તિલાભ માટે જ છે. એમાં પુરુષાર્થબલ જો એ ન વાપરે, તો અજ્ઞાનનું ચક્ર એ વિષયોન્નતિની ભોગવાસનાને લીધે અનંતકાળ પર્યંત ચાલ્યા કરે છે, એનો કદી અંત આવતો નથી.

સાધકે વિષયોમાં વિતૃષ્ણ-વિરક્ત થવા માટે જે અહોનિશ સાવધાનતા રાખીને વિવેકી થવાનું છે, વળી આ માર્ગે પોતાની શક્તિ ઉપરાંત બળ કરીને ફાવી શકાય એવું પણ નથી. ખરું પૂછો તો, જાદુગર ગોટલી વાવીને તરત જ આંબો તથા કેરી દેખાડે છે, એવું તાત્કાલિક કશું પ્રાપ્ત થાય એમ નથી, એવી કશી ચમત્કારી વિદ્યા અથવા સાધનગતિ નથી. ધીરજ રાખવી જોઇએ. એક તરફ અખૂટ શ્રદ્ધા, ઉત્સાહ, ભક્તિ, વગેરે માટે પરિશ્રમ કરવાનો છે, ત્યારે બીજી બાજુએ પરમકૃપાળુ પરમાત્માની કૃપા પર પૂર્ણ રીતે નિર્ભર રહીને, હમેશાં એની દયા યાચતાં યાચતાં ધૈર્ય પણ રાખવું જોઇએ.

આમ ધૈર્ય અને ઉત્સાહ, ધૃતિ અને બુદ્ધિ, એ બન્નેનો સમન્વય કરવાનો છે. જગત્નાં બંધનોની વિષમતા જયારે સતાવતી હોય, ત્યારે ખૂબ ઉત્સાહ અને વેગભર્યું આત્મસ્મરણ કરવું જોઈએ. એ આત્મસ્મરણ માટે દેવદેવતા, અવતાર, આચાર્યો કે સંતસાધુઓની પ્રાર્થના કરવી જોઇએ, અને એવી આર્તતાની આગ અંદર ભભૂકવી જોઇએ કે સમસ્ત વિષયાસક્તિ એ જ કાલે એમાં સમિધ બનીને ભસ્મીભૂત થઇ જાય.

પરંતુ આત્મચિંતન કરતાં, દૈવી સંપદ્ જલદી ન આવતાં ધીરે ધીરે જાગ્રત થતી હોય એમ લાગે, ત્યારે બુદ્ધિ ઉતાવળી

થઇને અત્યારે જ-હમણાં જ-બ્રહ્માનંદ ભોગવવાનું ધારતી હોય, ત્યારે પરમાત્મામાં શ્રધ્ધા, અને ચિત્તમાં ધૈર્ય રાખીને ઉતાવળીઆ-પણાના ગેરલાભનું પણ ભાન કરાવવું જોઇએ; વ્યવહાર-પરમાર્થ બન્નેમાં સંતોષ આપણું સુકાન રહેવું જોઇએ. સાવધાન એટલું રહેવું કે સંતોષ રાખતાં વચમાં પ્રમાદ કે આળસ ન આવવાં જોઈએ અને ઉત્સાહ રાખવા જતાં ઉતાવળીઆ થઈને આત્મ-હાનિ પણ ન થવી જોઇએ.

આવી સ્થિતિ સાધકની થવા માંડે ત્યારે એનામાં સમત્વ આવ્યું કહેવાય. આ જ વેદાંતનું સમાધાન નામનું સાધન: આની પહેલાં શમદમ પ્રાપ્ત થઇ જાય છે. ૐ

(૪)

૨૫-૫-૩૧

વેદાંતનો સિધ્ધાન્ત અને તેનું સાધન વિચાર દ્વારા સમજી લેવું, અને એ પ્રમાણે નિશ્ચય કરવો એ બુદ્ધિનું કાર્ય છે, અને ત્યાર પછી સમસ્ત અંતઃકરણ ( મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ) દ્વારા હું-આત્મા (બ્રહ્મ) છું, અને હું જ સર્વવ્યાપક છું, જાગ્રત તેમ જ સ્વપ્ન અવસ્થાનાં સમસ્ત નામ રૂપો, દ્રષ્ટા અને દશ્ય બધાં મારી જ માયા છે, મારો જ અધ્યારોપ છે. મારાં જ સ્વરૂપો છે, એવો ભાવ રાખી સર્વત્રસમદર્શીપણું કેળવી, એના ફલરૂપે આનંદમય જીવન ગાળવા પુરુષાર્થ કરવો, એ જ ઇશ્વરના આનંદનો અનુભવ છે. એ જો કે અઘરું છે, પણ જીવન એમાં જ વીતવું જોઇએ. કથાના કે સત્સંગના ઉપદેશ કરવા, બુદ્ધિપૂર્વકના નિશ્ચય કરવા, તે બધાના કરતાં નિદિધ્યાસન એટલે આત્મભાવ દસગણો સમય વિશેષ કર્યો હોય તો જ યથેષ્ટ

આનંદપ્રાપ્તિ થાય. જે કાલે આપણા ચિત્તની જેવી સ્થિતિ હોય, તે પ્રમાણે વ્યવહારમાં સાવધાનતા રાખી આત્મભાવના વધારતા જવી.

વ્યવહારની પ્રવૃત્તિ માટે પણ જે કોઈ દિશામાં આત્માનુભવની ભાવના બંધાય તે દિશામાં પ્રયત્ન અવશ્ય કરવો. પ્રમાદ તમોગુણ છે. અને એ અંધકારનું સ્વરૂપ હોવાથી, એમાં કરેલી આત્મભાવના આનંદ નહિ પણ પરિણામે કલેશ, ક્રોધ અને અશાંતિ લાવે છે. માટે તમોગુણના પ્રવાહ કરતાં રજોગુણની ચંચલતાવાળી પ્રવૃત્તિ ઠીક કહેવાય. ઇંદ્રિયોને કર્મપરાયણ રાખવી, ચિત્તને ઇશ્વરપરાયણ ભક્તિમાં રાખવું, અને અંદર સાક્ષીભાવે રહેલો આત્મભાવ જાગ્રત રાખી વ્યવહાર કરવો, એ જિજ્ઞાસુને પ્રયત્નસાધ્ય અને જ્ઞાનીને સ્વભાવસિદ્ધ હોય છે, આપણે જિજ્ઞાસુભાવે રહેવું ને એમાં તનતોડ મહેનત કરવી.

(૫)

૧૦-૧૦-૩૧

તમે તમારા ચિત્તની અવસ્થાનું જે રીતે નિરીક્ષણ કરો છો એ જ ગતિથી જો આગળ વધ્યા જાઓ, તો શાશ્વત્ શાંતિ બહુ દૂર નથી.

પણ એવી સાવધાનતા એટલે–સાક્ષીભાવને નિભાવવો બહુ કઠિન છે. પૂર્વાધ્યાસ ( પહેલાંની ટેવો ) આપણને વ્યવહારકાલે એવી આશ્ચર્યકારક રીતે ભૂલવી નાંખે છે કે કાર્યનું પરિણામ ભોગવ્યા પછી જ એનું આપણને ભાન થાય છે અને જો પુણ્યકર્મ પ્રબલ હોય તો અજ્ઞાન માટે પશ્ચાત્તાપ થાય છે.

વાચન માટે અવકાશ નહિ મળતો હોય એ સ્વાભાવિક છે. ઉપર જણાવ્યા પ્રમાણેની આત્મભાવના રહેતી હોય, વ્યવહારમાં

આત્મદૃષ્ટિથી ચિત્તની શાંતિ સાચવી શકાતી હોય, સંસારના સાગરમાં જીવનનિર્વાહ કરતાં રાગદ્વેષનાં ભયંકર વમળ ઘૂઘવતાં હોય, તે કાલે પણ ચિત્તમાં સમતા (समत्वं योग उच्यते) સચવાઈ રહેતી હોય, તો વાચન એનું કાર્ય કરી ચૂકયું છે એમ સમજવું; અને બુદ્ધિની આવી વિચારમગ્ન અવસ્થાને મનન કહીએ તો જરાયે ખોટું નથી. એમાં જેટલી આત્મભાવના દૃઢ થતી જાય એ જ નિદિધ્યાસન.

જોવા જઇએ તો આ જ્ઞાન, આ સમજણ તદ્દન સહેલી વસ્તુ છે, બુદ્ધિમાં ઉતરવું અને પછી એનો અનુભવ કરવો એ જાણે તદ્દન સહેલું હોય, એવું જો બુદ્ધિ શુદ્ધ હોય તો તરત જ જણાય છે, પણ એમાં વિઘ્નરૂપ મલ તથા વિક્ષેપ છે. ચિત્તની જડચેતન પદાર્થોના ભોગોની આસકિત અને એને લીધે આત્મભાવના દૃઢ ન થવારૂપ એ વિષયોમાંથી ઉત્પન્ન થતા રાગદ્વેષોનો વિક્ષેપ, એ બે મહાન દોષોને જીતવાનું કામ બહુ કઠિન છે. એને માટે જ વ્યવહારમાં જેટલી સાત્ત્વિકતા અને નિષ્કામતા કેળવાય એટલાં એ જલદી દૂર થાય. ઇંદ્રિયસંયમ આદિ યમનિયમ કે વિવેકવૈરાગ્ય આદિ સાધનોનો એમાં સમાવેશ થાય છે.

સમય બહુ વિપરીત છે એમ સૌ કોઇ જાણે છે. દેહનિર્વાહને માટે જ દિવસનો ઘણોખરો ભાગ વીતાવવો પડે, એવું પ્રારબ્ધ સેંકડે પંચોતેરનું કે તેથીયે વધારે મનુષ્યોનું હોય છે, તેમાં નિવૃત્તિમાર્ગનાં શાસ્ત્રો અને તેમાં જણાવેલાં આ સાધનોનો ઉપયોગ કરવો, અને એમાં એના ફલરૂપે શાસ્ત્રોકત શાંતિ ભોગવવી અથવા ભોગવવાની ઉત્સુકતા રાખવી, એ બધા પ્રશ્નોનું નિરાકરણ સામાન્ય રીતે થઇ શકે એમ નથી. કોઇ પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ માનીને મિથ્યા સાંત્વન લે છે; કોઇને એમાં જ પોતાનું ધ્યેય

પ્રતીત થાય છે, કોઇ નિષ્કામ લોકસેવાને જ ઇષ્ટ પ્રાપ્તિ માને છે; આ બધી બહિર્મુખ વૃત્તિઓવાળા જીવનમાં તાત્ત્વિક શાંતિ મળતી હશે કે કેમ એવી શંકા કરવામાં ગણુ એ જીવનની આપણે નિવૃત્તિપરાયણતા સ્વીકારીએ છીએ કે નહિ એવો ભય રહે છે.

લક્ષ્ય ઠીક સમજી લેવું; એ પ્રમાણે જીવન ગાળવું; અને એવી રીતે જીવવા તત્પર થાય તેને યથાશક્તિ સહાય કરવી, એટલી ભાવના સાચવી રાખવી.

( ૬ )

૧૧-૧૨-૩૧

જીવાત્માની જન્મપરમ્પરા એને ક્રમોન્નતિદ્વારા મુક્તિલાભ પ્રાપ્ત કરાવવા માટે છે, એ તો વેદાન્તશાસ્ત્રનું સર્વોત્તમ સત્ય છે. જગતમાં પ્રત્યેક અણુપરમાણુ, જડચેતન, પ્રાણીપ્રદાર્થ, સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે જ બહિર્મુખ બનીને પ્રવૃત્તિ કર્યા કરે છે, એ તો સ્પષ્ટ દીવા જેવી વાત છે. દુષ્ટની દુષ્ટ-કર્મમાં પ્રવૃત્તિ પણ છે તો સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે જઃ માત્ર અજ્ઞાનને લીધે એ સચ્ચિદાનંદને નામરૂપથી વિશિષ્ટ માને છે, અને તેથી નામરૂપને સત્ય તથા પ્રિય માની એની પ્રાપ્તિ માટે જીવેમરે છે. અંતઃકરણ અને ઈંદ્રિયોદ્વારા પદાર્થોનો ભોગ થાય છે એમાં એ આનંદ માને છે, એ બધું અજ્ઞાનને લીધે છે, જ્યારે એમાંથી અનેક જન્મમાં દુઃખ જ ભોગવવાં પડે છે એવું સમજશે ત્યારે પાછો પડી અન્તર્મુખ થશે, એ વખતે એ જિજ્ઞાસુ કહેવાશે, ને ત્યાર પછી સંયમ દ્વારા બાહ્ય પદાર્થો અને એમાં આનંદ પ્રાપ્ત કરવાના અજ્ઞાનમાં મિથ્યાત્વ-બુદ્ધિ કરશે, એટલે સહેજે આત્મલાભ કરશે.

આપણે તો જગત્‌નાં સમસ્ત પ્રાણી પ્રતિ ઉદારતા કેળવવાની છે, અને લોકસંગ્રહ જેવી કર્મભાવના પણ શાંત કરીને અદ્વૈત, શાંત, શિવસ્વરૂપ, આત્મભાવના જાગ્રત રાખવાની છે. વળી એક અદ્વૈતદષ્ટિથી જોતાં જ્યાં કેવળ આત્મતત્ત્વ જ વિલસી રહ્યું છે, ત્યાં જગત્‌, જીવ, ઉન્નતિ, અધોગતિ, એવા વ્યવહારો પણ ક્યાં છે ? ૐ ! વિશેષ વિસ્તાર પત્રદ્વારા થઇ શકે તેમ નથી.

બીજી વાત સંબંધે પણ એવી જ ગેરસમજણ ઉભી થઇ હોય એમ લાગે છે. કહેવાનો સાર એવો છે કે ગજા પ્રમાણે ભાર લાદવો. પોતાની શક્તિ જોઇને જ સંકલ્પો કરવા અને એ પ્રમાણે જ ધીરે ધીરે પુરુષાર્થ કરવો. એમાં પુરુષાર્થમાં ન્યૂનતા રાખવા વિષેની વાત જ નહોતી. મલિન મનને શુદ્ધ કરવામાં, અજ્ઞાનને જીતવામાં, અને અંતે એનો નાશ કરવામાં પૂરતું બળ વાપરવામાં પ્રમાદ ન કરવો જોઇએ, પરંતુ એમ કરવા જતાં આપણી શક્તિ ઉપરાંત મોટા મોટા તરંગો ગોઠવી હંમેશાં અસંતોષમાં રહેવું, એ પણ અજ્ઞાન છે, અશ્રદ્ધા છે. એમાં આત્મસમર્પણની ભાવના નથી, એમ કહેવાનો ભાવાર્થ હતો. ટૂંકમાં, ધૈર્ય અને સંતોષ રાખવો. ૐ

## ( ૭ )

૧૯-૨-૩૨

તમે તમારા વ્યવહારની કશી પણ નિર્ણયાત્મક વાત લખી શકતા નથી, એથી અનુમાન થાય છે કે હજુ કશું ઠેકાણું નહિ પડ્યું હોય. સમય દિવસે દિવસે વિપરીત થતો જશે એમ ચોક્કસ માનજો. આંતર શાન્તિ ન હોય તો આ ઘોર કલિ-(કલહ)કાલમાં, જ્યાં સર્વત્ર રજોતમોગુણના પ્રમાદનાં પ્રચંડ

પડ પથરાયાં હોય, ત્યાં કોઇપણ તામસ નિદ્રામાંથી આંખ ઉઘાડવા જેટલો પણ રજોગુણની ચંચલતાનો ઉદ્યોગ ન કરે —એક ડગલું પણ આગળ ન વધે—એવી પામરદશા વર્તે છે. એ તમસ્ પણ એમના જીવનમાં ઉપયોગી છે—કારણભૂત છે. અશાંતિ વિના શાંતિની શોધ કોણ કરશે? આના કરતાં પણ ભાવિમાં વિષમ સ્થિતિ આવશે. આપણે પથ્થર નીચે પગ દબાયો હોય તો સંભાળીને કાઢી લેવાનો છે—બચી જવાનું છે.

( ૮ )

૧૯-૨-૩૨

જરા એક વાત સ્પષ્ટ લખી નાખું. પ્રાચીન પ્રથા એવી હતી કે ઉપદેશ બધાને અધિકાર પ્રમાણે પ્રાપ્ત થતો. દાક્તરનાં હજારો દર્દીને જેમ જેવો વ્યાધિ તેવો ઉપાય બતાવાય છે, તેમ શાસ્ત્રમાં પણ જેનું જેવું ચિત્ત, તેને માટે તેવું સાધન યોજ્યું છે. કબજિયાત અને ઝાડાના વ્યાધિવાળાઓને માટે જેમ તદ્દન વિરોધી ઉપાય હોય છે, તેમ આમાં પણ કોઇને કટુ વચનદ્વારા ચાનક, તો કોઇને પ્રેમાળ શબ્દોદ્વારા ઉત્સાહ, કોઇને કર્મઉપાસનામાં પ્રીતિ તો કોઇને એમાંથી હઠાવીને શુદ્ધ આત્મજ્ઞાનના વિચારમાં રુચિ કરાવવા માટે એ બંનેનું ખંડન અને દોષદર્શન; આમ વિરુદ્ધ વાતોને લીધે હું પણ પત્રમાં સૌને ભિન્ન ભિન્ન પ્રકારનું લખું છું. એ દ્વારા મારી સ્તુતિ થાય કે નિંદા, એની મને સ્પૃહા નથી. મને જે અધિકારી માટે સત્ય લાગે છે એ મારા સ્વભાવ પ્રમાણે લખું છું. હવે પરિણામ એવું આવતું હોય એમ લાગે છે કે—

બધાંને એકબીજાના પત્રો વાંચવાની ટેવ છે, તેથી સૌ પોતાનો

પત્ર પોતાને માટે છે, બીજાનો બીજા માટે છે એમ ન માનતાં અને એ વાતનો અમલ ન કરતાં, એક બીજાના પત્ર ઉપર પરસ્પર ચર્ચા કરીને, એ પત્રની યોગ્યતા--અયોગ્યતાનો ન્યાય કરવા જતાં ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે. જો એક જ પત્ર બધાને માટે ઉપયોગી હોય, તો પછી સૌએ જુદા પત્ર લખીને ખર્ચ કરવાની આવશ્યકતા શી ? તમે મને એક વાર પત્ર બીજાને વંચાવવા માટે પૂછેલું, મેં સંકોચપૂર્વક કદાચ હા પણ પાડી હશે. પણ મને હમણાં હમણાં લાગે છે કે પરિણામ ઊલટું આવ્યું છે. તેથી મારી તમને નમ્ર ભાવે સૂચના છે કે પત્રો પરસ્પર વાંચવા વંચાવવા નહિ.

પોતપોતાના પત્રમાં જેને સારુંમાઠું લાગે, તે મને જાતે લખીને સમાધાન મેળવી શકે છે...માટે મારી સૌને ભલામણ છે કે કોઈએ એક બીજાના પત્ર વંચાવવા નહિ. વંચાવવા જેવા હશે તો હું જાતે લખીશ.

(૯)

૧૭-૧૦-૩૨

જ્ઞાન અને શાન્તિ આપણાં સ્વરૂપ છે. અંતઃકરણનાં આવરણમાં એ પડયાં છે ત્યાં એની મેળે સમય આવતાં પ્રકટ થશે. કોઇ પણ રીતે નિરાશ થશો નહિ. સ્વરૂપવિસ્મૃતિ કોઇ પણ કાળે નહિ જ થાય એટલું મારું ગરીબનું કહેવું માની રાખજો અને શ્રદ્ધા રાખજો. ૐ : જે અંતર્યામી રૂપ પરમાત્માએ આટલે સુધી લાવી મૂકયાં છે તે છેવટ સુધી નીભાવશે એવી સંપૂર્ણ ખાતરી રાખજો.

પ્રારબ્ધ કઠિન જ હોય તો પછી એમાં સરલતાની આશા-

તૃષ્ણા કરવી એ પણ એક પ્રકારનું અજ્ઞાન અને આપણી તિતિક્ષાનો અભાવ કહેવાય. જે થવાનું હશે તે જ થશે એવી ભાવના કેળવી હોય તો ચાલુ અવસ્થામાં સંતોષ અને તિતિક્ષા કેળવવાં... એ પણ શીખવું જોઇએ.

ચિત્તમાં ઊંડી શાન્તિ રાખવી, સમય ન ગુમાવવો, અને અકળાવું શા માટે? સંસારનું અનિત્યત્વ તો સમજીને જ બેઠા છીએ, બધાં દ્વંદ્વો નાટક જેવાં છે, એમ માનીને જે થાય તે વેઠવા તૈયાર છીએ, અને દૃશ્યનો આનંદ ન લેતાં કેવળ સ્વરૂપના નિત્યત્વનો જ વિચાર કરીએ છીએ; એમાં પછી અકળામણ કે ગભરાટ શાનો? આ અખંડ સ્વરૂપમાંથી તલમાત્ર પણ કોઈ ઓછું કરાવી શકે એમ નથી. જગતનાં માનઅપમાન, સુખદુઃખ, તથા સ્તુતિનિન્દાની આપણને ક્યાં જરૂર છે? પણ એની સાથે જગતના વૈભવ પણ આપણને નથી જોઈતા, તદ્દન સાદાઇથી જ દેહનિર્વાહ કરવો છે, એ પણ સંભાળવું જોઈએ.

ઉત્સાહ ગુમાવશો નહિ, આનંદપૂર્વક સંભાળીને વ્યવહાર ચલાવશો.

( ૧૦ )

૫-૧૧-૩૨

ભક્તિ અને યોગની પ્રક્રિયા ( સાધન )માં ધ્યાનનું મહત્ત્વ છે, ત્યારે જ્ઞાનયોગમાં વિચાર મુખ્ય સાધન મનાય છે. વિજ્ઞાનમય કોશના આત્મનિશ્ચય અને આત્મસાક્ષાત્કારની ભાવના–બ્રહ્મ સત્ય અને જગત્ મિથ્યાત્વ–એ નિશ્ચયના અભ્યાસ ઉપર આગ્રહ રાખે છે. આવી નિશ્ચયની દૃઢતા જાગ્રત કાળના વ્યવહારમાં રહે, તો મારા અનુભવ પ્રમાણે તો, ઉત્તરોત્તર શાન્તિ વધતી જ જશે.

( ૧૧ )

૧૩-૧૧-૩૨

ચિત્તમાં શાન્તિ રાખશો, ને ચોવીસે કલાક નોકરી કરવાની છે એ પરમાત્માની જ કરવાની છે, અને પરમાત્માનું દેવું ચૂકવીને મુક્ત થવાય છે; તેથી મુક્તિને માટે થતા પ્રત્યેક વિશુદ્ધ દેહકર્મમાં જરાયે પ્રમાદ (ચિત્તમાં) ન રહે, એટલે બસ. ઈશ્વર જ્યાં સુધી અહંકારનો લેશ હશે ત્યાં સુધી લેશે, પછી કશુંયે નહિ રહે ત્યારે શું લેવાનો હતો? આત્મભાવે અકર્તા છીએ, એવી અકર્તૃત્વ નિષ્ઠા થાય ત્યારે તો ઈશ્વર પણ હાથ ઘસતો ઊભો રહે. પણ એ આપણું જ સ્વરૂપ હોવાથી એમાં કશોયે અસંતોષ ન લાગે, કેવળ આનંદ!

...પ્રત્યેક દિશામાં, એટલે કે પ્રારબ્ધ કે ઇશ્વર આપણા કર્મભોગ માટે જે દિશા ઉઘાડી આપે એમાં, આગળ વધવામાં આપણા તરફથી કશી ઊણપ ન રહેવી જોઈએ. એ જ પ્રમાણે સ્વધર્મ અને એનું પાલન એ જ ઉન્નતિનું સાધન છે.

( ૧૨ )

૮-૧૨-૩૨

તમારી નોકરી ગઈ. એ પણ આગમાપાયી, आगमापायिनोऽनित्यांस्तां तितिक्षस्व भारत। એ ગીતાનો શ્લોક ખૂબ યાદ રાખવો. જે દ્વંદ્વો આવીને જનારાં હોય-સ્વપ્ન અર્થાત્ મધ્યવર્તી કાલમાં દૃશ્યમાન થતાં હોય તે સહન કરવાં. એ દૃશ્યની ઘટમાળ જેટલી, જેવી રીતે ફરવાની હશે તેટલી આપણી સમક્ષ ભૂત-ભવિષ્ય-વર્તમાનરૂપે ફર્યા કરશે. तांस्तितिक्षस्व भारत, એ સિવાય બીજો કશો ઉપાય નથી. એને રોકાય નહિ. સ્થિર કરાય નહિ.

એ દ્વંદ્વમાંથી એકેયનો રંગ, એકેયનો પાશ, એકેયનો મલ આપણા પર ચડાવીએ, તો એ દરિયાકાંઠાના કાંપ કાદવ જેવું છે. જેમ જેમ આગળ ધસીએ, જેમ જેમ નીકળવાની મહેનત કરીએ, તેમ તેમ ઊંડા ઊતરાય, પણ નીકળાય નહિ.

સમુદ્રને કાંઠે જ્યાં કાદવ હોય છે; તેમાં જો અંદર ઉતરવાનો પ્રસંગ આવે તો એમાંથી બચવાનો ઉપાય એ છે કે લાંબા થઈને તરતા હોઈએ એમ સૂઈ જવું; તો ડૂબાય નહિ. તેવી જ રીતે આ સંસારના દ્વંદ્વમાં પણ ચિત્તને શાંત રાખીને સૂવાડી રાખવું તો જ બચાય. એમાં પડીને કાદવ ખૂંદવો, એ તો ઉંડા ઉતરીને મરણ નોતરવા જેવું છે.

પિતાજીની......સેવામાં પણ પિતૃઋણ ચૂકવાય છે. એમાં આપણે આપણી ઋણમુક્ત થવાની ભાવના રાખવી, અને એ ઋણનો સંબંધ પણ કાંઇ એક જ જન્મનો નથી હોતો. આપણે પાછલા બધા જન્મનું ચૂકવી દેવું છે એવી શ્રદ્ધા અને સદ્‌ભાવ રાખીને કામ કરી છૂટવું. પરિણામે પરમાત્મા શાંતિ આપશે.

# ૧૭

(૧)

૧૨-૯-૩૧

સામા પક્ષના દોષ જોવાની બુદ્ધિ હજી તમારામાંથી ગઇ નથી. એ તમને પોતાને જ હાનિકારક છે. મારો તમારી સાથેનો સંબંધ હું જે તટસ્થ ભાવે રાખું છું તેમાં મારે જાણી જોઈને, તમારી સુધારણા માટે સાવધાનતાપૂર્વક તમારા દોષ જોવાના છે. કારણ કે એવો અધિકાર તમે મને તમારી સ્વેચ્છાથી આપ્યો છે. મારા દોષ માટે મારા ગુરુજનોનાં વાકચો ઉપર હું નિર્ભર છું. અને એ રીતે હું આત્મસુધારણા કરી લઈશ. પણ તમને કાંઇ પણ લખવા કહેવાનો પ્રસંગ આવે છે, ત્યારે તમે તમારો બચાવ કરો છો, દોષને ગુણ જુઓ છે. એવી ઊલટી બુદ્ધિ તમે રાખો ત્યાં મારે શું કરવું ? ઉપરાંત હું ખોટું કરું છું, કોઇના કહેવાથી શીખવ્યાથી કરું છું, એવો મારા ઉપર આરોપ મૂકો છો. એ આપણો સંબંધ કેવો ? આ બાબત અભિમાનથી નથી લખતો પણ તમે જો મારી સાથે સંબંધ રાખવા માગતા જ હો તો જ મારે લખવાનું છે, નહિ તો નહિ. આમાં ફરજિયાત નહિ, પણ મરજિયાત સંબંધની વાત છે.

(૨)

તા. ૧૯-૯-૩૧

...મ્હેને વેદાન્તની કેવળ પ્રક્રિયા જાણી લીધી તેથી કશો દહાડો વળવાનો નથી. એ સંબંધી નિત્યકર્મમાં પણ કંઈક થવું જોઇએ. યુવાવસ્થાનો ઉત્તમ લાભ લેવો જોઇએ. આ અવસ્થામાં પરમાર્થ અને વ્યવહાર એ બન્નેમાં જો સમાન પુરુષાર્થ ન થાય તો ઉત્તરાવસ્થામાં જયારે પરમાર્થ લગભગ પંદર આના કરવાનો વખત આવે, તે વખતે મન અને ઈંદ્રિયોની દુર્બલતાને લીધે પાંચ આના પણ અસંભવિત થઇ પડે છે. માટે અત્યારથી એ વિષયમાં કટિબદ્ધ થવું જોઈએ. મન ક્ષણમાત્રમાં કરોડો માઇલનું અંતર કાપી સમસ્ત બ્રહ્માંડના વિચારો કરે, એવું એ વેગવાન છતાં ક્ષણભંગુર છે. માટે શુદ્ધ દષ્ટિ રાખી વિવેક વધારવો, અને નિત્યપ્રતિ વેદાન્તનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કંં ને કંં તો થવું જ જોઈએ. અમારે તો માત્ર કહેવાનું જ છે, કરવાનું બધું તમારા હાથની વાત છે. દાન કરવું, સાધુ-સંતની સેવા કરવી, અન્ય લોકસેવાનાં કાર્ય કરવાં, કોઇના જીવનની ઉન્નતિમાં નિમિત્ત બનવું, એ બધું બહુ બહુ તો ચિત્તને કોમલ અને શુદ્ધ બનાવશે, પણ એમાંથી કાંઈ પરમાનંદની પ્રાપ્તિ નહિ થાય; એથી નિત્યને માટે વિક્ષેપ દૂર નહિ થાય. એ આનંદ માણવો હોય, આ દુઃખ, દ્વેષ, કલેશ, અને ક્ષણભંગુરતાના મહાસાગરરૂપી જન્મમરણમાંથી છૂટવાનું મન હોય તો એક માત્ર સાધન આત્મવિચાર છે અને એ શ્રવણ, મનન, નિદિધ્યાસન સિવાય થવાનું નથી. ગુરુકૃપા, ઇશ્વરકૃપા એ બધી વાત ખરી, પણ એ કૃપાનો લાભ લેવા જેટલી આપણા ચિત્તની સ્થિરતા અને શુદ્ધિપૂર્વકની આત્મકૃપા પ્રથમ જોઈએ.

શ્રવણ મનનથી એ બધી પ્રાપ્ત થાય છે, અને નિદિધ્યાસનથી જ એનો લાભ સમજાય છે.

શ્રવણ મનનની સાથે થોડુ થોડું નિત્ય વાચન પણ થવું જોઇએ. મનને તો ભટકવાની ટેવ પડી છે, સુખનાં ઐહિક સાધનોની જ ચિંતા કરવાની એની દુષ્ટ ટેવ પ્રયત્ન કરીને છોડાવવી જોઇએ. શાસ્ત્રવિધિ અનુસાર વ્યવહાર ચલાવવાની કોઇ ના કહેતું નથી, પણ એ વ્યવહારનું ફળ તો પરમાર્થ માર્ગમાં પ્રગતિ કરાવે એવું હોવું જોઇએ, એમ ન થાય, તો પશુના કરતાં આપણું જીવન જરાયે ઉન્નત ન કહેવાય.

( ૩ )

૨૪-૯-૩૧

પંડિતોની વિદ્યા વાદવિવાદ માટે જ છે એવું ન માની લેવું. વિશ્વના ચક્રમાં જીવાત્માને એક એવી સ્થિતિ આવે છે કે એની બુદ્ધિ સૂક્ષ્મ અને પારદર્શિણી થવા માંડે, ત્યારે પ્રત્યેક વિષયને એ ચારે તરફથી ઝીણવટથી તપાસી જુએ છે. પંડિત એટલે એ કક્ષાનો જીવાત્મા; એની શંકાઓ જ્યાં સુધી પૂરેપૂરી નિરસન ન પામે, ત્યાં સુધી એ તર્ક અને યુક્તિવડે ચર્ચા કર્યા કરે. એમાં તામસિક બુદ્ધિ અહંકાર દ્વારા પરમતખંડન પ્રતિ પ્રવૃત્ત થાય. રાજસિક જરા વિશેષ ગૌણ રીતે અને સાત્વિક જિજ્ઞાસાપૂર્વક અધ્યયન કરે-કરાવે.

પ્રકૃતિના પ્રદેશમાં જે કાલે જે થાય છે તે ઠીક જ થાય છે, એવી શ્રદ્ધા પ્રકૃતિના સંચાલક પરમાત્મામાં રાખવી જોઇએ. વાદવિવાદમાંયે બુદ્ધિનો ઉદ્દેશ તો સત્ય શોધવાનો જ હોય છે. પણ ઘણીવાર એવું બને છે કે સત્ય તો બુદ્ધિના પ્રદેશની પાસે જ

પડચું હોવા છતાં જયાં સુધી માન્યતામાં એનો અભાવ અને દૂરત્વ હોય છે, ત્યાંસુધી એ દૂર જ રહે છે. બુદ્ધિ જયારે શાંત-નિરુદ્ધ અને વિશુદ્ધ થાય, ત્યારે એનાં એ નિરોધ અને વિશુદ્ધિમાં સર્વાધાર અને સર્વગત સત્-ચિત્-આનંદ જે છે, એનો સ્વ-ભાવિક પ્રકાશ પડે છે; અને સત્યની ક્ષણિક ઝાંખી થાય છે. શાસ્ત્ર તથા અનુભવીના ઉપદેશમાં શ્રદ્ધા બેસવા માંડે છે. ન્યાય અને વૈશિષિકના કરતાં સાંખ્ય અને યોગનો અભ્યાસી સત્વર નિર્વિકલ્પ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, કારણ એનો માર્ગ નિરોધ અને વિશુદ્ધિનો છે.

જગતની પંચાત કર્યા વિના, તમે તમારે પોતાને માટે સત્યશોધનમાં સહાયક થાય એવો અભ્યાસ કરો અને ભાવના રાખો કે જગત્ ગૌણ વસ્તુ છે. તમારા અંતઃકરણની શાંતિ અને સારપ્રાપ્તિ મુખ્ય વાત છે.

(૪)

૨૫-૧૦-૩૧

ઈશ્વર છે એવું હૃદયથી માનો; પંડિતોની તમારે શી પડી છે? પંડિતો વિના બીજા કરોડો ભક્તો, જિજ્ઞાસુઓ અને જ્ઞાનીઓ આ વિશ્વમાં છે કે જેઓએ એને માની, જાણી અને અનુભવીને જગતને એ માર્ગે દોર્યું છે. મિથ્યાવાદી પંડિતોએ હમેશાં ચર્ચા જ કર્યા કરી છે; માટે એ વિષયમાં બુદ્ધિને સમજાવવાનો વ્યર્થ પ્રયત્ન ન કરતાં હૃદયના ભાવપૂર્વક ઈશ્વરનું અસ્તિત્વ માનો, એ સત્-ચિત્-આનંદ સૌનું અધિષ્ઠાન છે, એટલી ટૂંકી વ્યાખ્યા કરી નિત્યપ્રતિ એની પ્રાર્થના કરો.

ભણતર કે વિદ્યા તો જ્ઞાનપ્રાપ્તિ અને ચારિત્ર્યગઠન માટે હોય

છે; તેને બદલે કુપરિણામ લાવે, એમાં ચિત્તનો જ દોષ સમજવાનો છે. માટે શાસ્ત્રો કે પંડિતોને દોષ ન દેતાં, ઠેકાણે પડવા માંડો.

( ૫ )

તા. ૧૧-૧૧-૩૧

તમને એક નમ્ર પ્રાર્થના-સૂચના-આજ્ઞા, જે તમે માનો તે રૂપે કહું છું કે વાણીમાં વિવેક લાવો; ઉગ્રતાને દાબતાં શીખો; ભક્તિદ્વારા ચિત્તમાં નિરભિમાનપણું લાવીને શાંતિનો અનુભવ કરતાં શીખો: સાહસવૃત્તિ સાથે વિવેક, નમ્રતા આદિ ગુણો હોય તો બહુ સુંદર ફલ આપે છે. તમે આત્મલાભ કરો, એ જ તમને સહાય કરવા-કરાવવામાં મારો ઉદ્દેશ છે અન્ય કશોયે સ્વાર્થ નથી, એ ચોક્કસ માનજો.

# ૧૮

(૧)

તા. ૪-૧૦-૩૧

દવા ચાલુ રાખવી; અને તેમ છતાં પણ પૂર્વકૃત પરિણામને લીધે શારીરિક અસ્વાસ્થ્યજ ભોગવવાનું છે, એવો દાકતરો કે વૈદ્યો છેવટનો નિર્ણય કરી આપે તો એમાં આત્મભાવે દ્રષ્ટા રહી શાંત ચિત્તથી સહનશીલતા વધારવી. સુખ અને દુઃખ બન્નેમાં આત્મભાવે સાક્ષી રહીએ, યથાશક્તિ ઉપાય કરીએ, અને સચ્ચિદાનંદની ભાવનામાં નિમગ્ન રહેતાં શીખીએ, તો એ આત્મજ્ઞાન નિત્ય શાંતિ આપે છે અને આપણા નિત્યના ઉપકારી સદ્ગુરુ-અંતર્યામીનું કામ કરે છે.

નિત્ય નિયમમાં જપ, ધ્યાન, પરમાત્માને માનસિક નમસ્કાર, ચિત્તશુદ્ધિ માટે વિકારો ભસ્મીભૂત થાય તેવી આર્તભાવે પ્રાર્થના અને તેની સાથે હું આનંદસ્વરૂપ છું, મારે માયિક પદાર્થોની આનંદ માટે શા માટે આવશ્યકતા છે? અંતઃકરણમાં વિષયોના વૈરાગ્યપૂર્વક એવા વિવેકવિચાર વધારવા જોઇએ.

જીવનમાં સમસ્ત કાર્યો એટલે સૂક્ષ્મ, સ્થૂલ શરીરમાં ઇન્દ્રિયો દ્વારા થતાં કાર્યો વિષયાનંદ માટે નહિ, પણ જગતને ઈશ્વરનું અનેક શરીરો અને અવયવોવાળું સ્વરૂપ કલ્પી, આ છેલ્લા જન્મમાં ઋણ ચૂકવી મુક્ત થવા આવ્યા છીએ, એ દૃષ્ટિએ કરવાં જોઇએ.

પ્રત્યેક કાર્યમાં આપણે બે વિભાગ જોઈ શકીએ છીએ; એક આપણાં દેહનિર્વાહનાં કાર્યો; અને બીજાં જેમાં આપણો સ્વાર્થાંશ અત્યન્ત ન્યૂન અથવા ગૌણ અને બીજાંના હિતને માટે થતાં કાર્યો મુખ્ય ભાગ ભજવતાં હોય તે. એ બન્ને સ્વધર્મ સમજીને ઋણ ચૂકવવા માટે, પરમાત્માના સ્વરૂપની સેવા નિમિત્તે કરીએ છીએ એવી દૃષ્ટિ કેળવવી. એમ કરવાથી સહવાસમાં આવતા સમાજના રાગદ્વેષ આપણને સતાવે ત્યારે એ દ્વંદ્વોને મિથ્યા, અસત્ અથવા ક્ષણિક માનીને ચિત્તની સમાનતા રાખવી, એ જ ચિત્તશુદ્ધિનું પ્રથમ લક્ષણ.

( ૨ )

૧૬–૧૦–૩૧

ચિત્તમાં શાંતિ રાખીને રહેજો. જપ તથા ધ્યાનમાં જેમ બને તેમ વધારે વખત ગાળજો; કાંઈ ને કાંઇ વાંચવાનું પણ ભૂલશો નહિ.

તમારે હવે ધીરે ધીરે સ્વતંત્ર થવું જોઇએ. આત્મભાવના ખૂબ વધારવી, અને એ દૃષ્ટિ સર્વત્ર આસપાસ બધામાં કેળવવી. ગભરાવું નહિ. જન્મમૃત્યુ, સુખદુઃખ, હર્ષશોક, એ બધાં આપણા આત્માના ધર્મો નથી. માટે એની અસર જ્ઞાનપૂર્વક મન પર ન થાય એની ખૂબ સાવધાનતા રાખવી.

( ૩ )

તા. ૧૭-૧૦-૩૧

તું તારા અંતઃકરણની સારીમાઠી વૃત્તિઓનું અવલોકન કરતાં શીખીને એમાંની આસુરી વૃત્તિઓને મારી, દૈવી વૃત્તિઓને વધારતી જાય, એમ હું ઇચ્છું છું. જેમ જેમ દૈવીવૃત્તિઓ વધતી જશે, એટલે કે જેટલાં સત્વગુણનાં લક્ષણ વધશે, તેટલી ચિત્તમાં સ્વાભાવિક શાંતિ રહેશે, અને પરિણામે આત્મજ્ઞાન દૃઢ થશે. એ બધું ઉદય થવાનો માર્ગ વિવેક, વૈરાગ્ય વગેરે સાધનસંપત્તિ છે ૐ

ચિત્ત ચંચળ હોય તો એને જેટલું બને તેટલું પરમાત્માના સગુણ સ્વરૂપનું ધ્યાન કરાવવું. શરીર રોગગ્રસ્ત હોય, આસન મારી બેસી ન શકાય, માલા પણ નિયમિત ફેરવતાં હાથ થાકે, એવી સ્થિતિમાં શરીરને આરામ લાગે તેમ બેસવામાં જરાયે હરકત નહિ. જેમ ઠીક પડે તેમ બેસવું અથવા પડચા રહેવું, આંખો ઉઘાડી રહે કે બંધ તેનો પણ વિચાર ન કરવો. મનમાં જે ઇષ્ટમૂર્તિના ગુણાનુવાદ આત્મવિચાર કરવામાં સહાયભૂત થતા હોય, તેના પ્રતિ પ્રેમપૂર્વક મનનો વેગ વધારવો. દૃષ્ટાંત તરીકે શ્રીકૃષ્ણના પ્રતિ ભક્તિ હોય તો એમના સગુણ સ્વરૂપનું ધ્યાન અને એમના વાત્સલ્યભર્યા લીલાવિગ્રહનું સ્મરણ કરવાથી એમની મૂર્તિનું ધ્યાન થઇ શકે. એવી રીતે રામચંદ્રજીના ભકતો માટે પણ સમજી લેવું; આપણે ત્યાં અઢાર પુરાણો લખાયાં તે એટલા જ માટે કે જિજ્ઞાસુઓ ભિન્ન ભિન્ન કોટિના હોય છે, જેને જેવા ઇષ્ટદેવ અનુકૂલ હોય, તેના ગુણાનુવાદ ગાવા માટે એમનાં ચરિત્ર લખાયાં કારણ કે ગુણ વિના પ્રીતિ નથી, પ્રીતિ વિના ભક્તિ

નથી; મનની ચંચળતા ભક્તિથી જ દૂર થાય છે. માટે આ ઉપાય અજમાવજે: મન દોડે છે, તથા ધ્યાનની મૂર્તિ અથવા જપનો મંત્ર છોડી અન્ય સ્થળે જાય છે એમ ખબર પડે, ત્યારે રખડુ બાળકને ધમકાવતાં હોઇએ એમ એ મનને ધમકાવવું અને ઉપદેશ આપવો કે હે મન! અસંખ્ય જન્મમાં ભિન્ન ભિન્ન વિષયોમાં ભટકીને તો આ દુઃખમય સંસારમાં ડૂબી રહ્યું છે; હજી તને એમાંથી બહાર નીકળવાનું સૂઝતું જ નથી; ઇત્યાદિ વચનો કહેવાં. હું ધારું છું કે આથી થોડી સરળતા થશે. ૐ

શરીરના વ્યાધિથી કે સંસારની ઉપાધિઓથી કદી ગભરાવું નહિ. એ તો બધાં આવીને જતાં રહેનારાં અનિત્ય, અને સ્વપ્ન જેવાં છે. એનો દ્દષ્ટા નિત્ય, શાન્ત, જ્ઞાનસ્વરૂપ, આનંદઘન તું પોતે જ છે. એમાં ક્યાં સુખદુઃખ છે? માટે શાન્તિથી આનન્દસ્વરૂપ બનીને રહેતાં શીખજે. પરમાત્મા આપણું કલ્યાણ જ કરે છે. આ શરીરમાં જ આપણે આત્મજ્ઞાન દ્વારા તૃપ્તિ પ્રાપ્ત કરવાની છે, એવી શ્રદ્ધા વધારજે.

(૪)

૧૦-૧૧-૩૧

તું પૂછે છે કે હું શુધ્ધ સચ્ચિદાનન્દ બ્રહ્મ છું, તો આ માયામાં ચિત્ત શા માટે જાય છે? એનો ખુલાસો શાસ્ત્રો એમ જ કરે છે કે પૂર્વ અધ્યાસ, અવિદ્યા કે સ્વરૂપના અજ્ઞાનનો એ પ્રભાવ છે. આ અજ્ઞાનનો સ્વરૂપના વિચારથી નાશ થાય, અને જેમ જેમ સ્વરૂપભાવના નિદિધ્યાસનદ્વારા દઢ થતી જાય, અપરોક્ષ જ્ઞાન દઢ થતું જાય, તેમ તેમ એ અજ્ઞાન નિર્મૂળ થાય છે. એ જ એનો ઉત્તર છે. એમ કેમ થાય છે એવો પ્રશ્ન પણ

અજ્ઞાનના પ્રદેશમાં રહીને બુદ્ધિ કરે છે. એથી એનો અંત એવી રીતે પ્રશ્ન કરવાથી ન આવે. સ્વરૂપનું અજ્ઞાન એ અવિદ્યા, માયા, પ્રકૃતિ, તમોગુણ, સમજવાનું છે. એ કેમ થાય છે એ ન પૂછતાં એના નાશનો સ્વરૂપભાવના રૂપે ઉપાય કરવો, એ જ શાસ્ત્રની આજ્ઞા છે.

સઃ-તે; अहम्-હું એવો સોऽहम्નો અર્થ થાય છે. સોऽहम्માં હું અને તે, એ બંનેનો દ્વૈત વિચાર રહે છે, ત્યારે ૐમાં હું એક જ નિરંજન, નિરાકાર, સર્વવ્યાપક, અદ્વૈત સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એવી સ્વતંત્રમુક્ત ભાવના રહે છે. સોऽहम्માંથી સ અને હ એ બે વ્યંજનો કહાડી નાખીએ એટલે શુધ્ધ સ્વરવાળો ઓમ્ ૐ રહે છે.

વ્યવહારથી કંટાળવું એનો અર્થ એમ થાય છે કે આ શરીર આપણને મુક્તિના સાધનરૂપ મળ્યું છે એનો નિરાદર કરવો. કંટાળો એ પણ એક જાતની મનની દુર્બલતા છે માટે જેથી જીવનનિર્વાહ થતો હોય એવો શુધ્ધ વ્યવહાર અને સંસારમાં કોઇની તન-મન-ધનથી સેવા થતી હોય તેવો પરોપકાર કરવામાં હમેશાં આનંદમય બનીને રહેવું.

ચિત્તમાં શાંતિ રાખતાં શીખજે. તારા ચિત્તમાં અને જીવનમાં પરમાત્માની કૃપાથી જન્મથી જ જે પવિત્રતા પ્રાપ્ત થઇ છે, તેનો ઉત્તમ લાભ એ જ કહેવાય કે સ્વરૂપનિષ્ઠા તને પ્રાપ્ત થાય. કંટાળો, ધૂંધવાટ, અણગમો, એવાં એવાં આત્મહત્યા જેવાં પાપને છોડીને હમેશાં સચ્ચિદાનંદઘન સ્વરૂપ હું છું, એવું નિદિધ્યાસન કરવું. એનું ફળ તો આપોઆપ ધીરે ધીરે મળતું રહેશે, અને શાસ્ત્રોનું વાચન રાખીશ ત્યારે એ અનુભવ સાચો છે એવી શ્રધ્ધા વધતી જશે.

( ૫ )

તા. ૨૧-૧૧-૩૧

પંચદશી ધીરે ધીરે સમજીને વાંચવાથી બધી શંકાઓ દૂર થશે, અને ખરી વાત તો એ છે કે એ બધું યાદ રાખવું જોઈએ. ધીરે ધીરે વેદાન્તશાસ્ત્રોની દૃષ્ટિએ સમસ્ત જગત્નું સ્વરૂપ, આપણો તથા અન્યનો વહેવાર, તેમ જ બીજી બધી ગુંચવણો આપણને સરળતાથી સમજાય એટલા માટે બુદ્ધિ સૂક્ષ્મ થવી જોઇએ.

જપમાં નિયમિતતા રહે, વાચન પણ પદ્ધતિપુરઃસર થયા કરે, અન્ય આજીવિકાના વ્યવહારમાં કોઇપણ જાતની ત્રુટિ ન પડે, તેમ આવશ્યક કામકાજ કરવામાં કંટાળો ન આવે અને પ્રત્યેક વ્યવહારમાં શાંતિપૂર્વક સાવધાનતા રહે, એવી ટેવ પાડવી જોઇએ.

ધ્યાન કરતી વખતે જે રંગ દેખાયા કરે તે તટસ્થ રહીને જોયા કરવા; ધીરે ધીરે એ રંગ બદલાતા જશે. પણ એમ કરતાં શરીર નબળું પડે, કે માથામાં દર્દ થવા માંડે તો મૂકી દેજે, કારણ કે શરીર શકિતમાન હોય તો જ એ ક્રિયાઓ ઠીક થઇ શકે છે; એના કરતાં આત્મવિચાર કરવામાં બુદ્ધિ કેળવાય છે, અને આત્મભાવના દ્વારા પણ એકાગ્રતાનું બલ આવે છે.

( ૬ )

૨૬-૧૧-૩૧

વેદાંન્ત સંબંધી કોઈપણ જાતના મિથ્યા વિચાર, શંકાઓ

કે ભવિષ્યમાં બંધન વગેરેનો ભય રાખવો નહિ. જે કાળે જે અવસ્થા આવે એમાં આનંદ માનતાં શીખી જાઓ. હું આત્મ-સ્વરૂપ છું, અને સમસ્ત નામરૂપની પીઠમાં રહેલું તત્ત્વપણ સચ્ચિદાનંદરૂપ છે, એવું દર્શન થતું હોય તો પછી ધ્યાન અને જપમાં ૐનું એક બિન્દુ જ બ્રહ્મ છે, એવી ભાવના હવે કહાડી નાંખવી, દૃષ્ટા અને દૃશ્ય બન્નેના અધિષ્ઠાનમાં બ્રહ્મદર્શન કરવું જોઇએ.

પ્રથમ જ્યારે જપ અને ધ્યાનનો માર્ગ બતાવ્યો હતો, ત્યારે એ દ્વારા ચિત્તમાં એકાગ્રતા થાય, વેદાન્તના વાચન અને સિધ્ધાંતમાં રસ પડે એ ઉદ્દેશ હતો. હવે એનું કામ પૂરું થયું હોય એમ લાગે છે. માટે જ્યારે જ્યારે એ બિન્દુ દેખાય, ત્યારે એને બદલે બીજાં બધાં નામરૂપ પણ એનાં જ છે, એવી સર્વવ્યાપી આત્મભાવના કરવી જોઈએ.

આપણે તો આત્માનુભવ કરવો છે. ઘરબાર, સગાંસંબંધી, દેહનિર્વાહ અને વ્યવહાર, કે શરીરનું ભાન છોડી વનવાસી થવાની વાસના કેળવવી નથી. નિવૃત્તિ કે પ્રવૃત્તિના ભેદ તોડી નાખવા છે અને બધા ભેદભાવવાળા દ્વૈતથી છૂટવું છે. આત્મા જે આપણું સ્વરૂપ છે, એ તો સર્વત્ર અને આપણી પાસે તો શું આપણે પોતે જ છીએ, એનો કયાં નાશ થવાનો છે? આત્મસ્વરૂપે આપણે પોતે પણ ત્રણે કાળમાં છીએ, તેથી એને માટે હવે પ્રાપ્ત કરવાની ઝંખના મૂકી દે જે. એનો અનુભવ તો પ્રાપ્તની પ્રાપ્તિ છે, અપ્રાપ્તની નહિ.

તું તો મુકત જ છે. મુકિત પણ આપણે મેળવવાની નથી. બંધ મોક્ષ તો સ્વરૂપમાં કલ્પના છે, વાસ્તવિક નથી. કશું ગાંડ-

પણ આવવાનું નથી. એવી ભ્રાન્તિ રાખીશ નહિ. શરીર પણ થોડા દહાડામાં ઠીક થઇ જશે. આ તો શરીરની નબળાઇને લીધે માથાની નબળાઈ છે અને તેને લીધે ચક્કર આવે છે. થોડી પૌષ્ટિક દવા અને ખોરાક લેવા માંડજે, એટલે પાંચદસ દિવસમાં જ બધું ઠીક થઇ જશે. કશી ચિંતા કરીશ નહિ. કશુંયે થવાનું નથી. કોઇપણ જાતનો ભય રાખીશ નહિ. ધ્યાન, જપ, વાચન હાલમાં ન થાય, તો કશી ચિંતા કરીશ નહિ. અત્યાર સુધી જે શ્રવણ-મનન થયું હોય એનું નિદિધ્યાસન તો સહજ ભાવે ચાલુ રહેશે જ; તેથી શરીર સ્વસ્થ થાય એ રીતે નિર્દોષ વાતચીત કરવામાં વખત ગાળવો; સુખનિદ્રા લેવી; અને શરીર સુધરે એવું જીવન હમણાં શરૂ કરી દેજે. એકલી પડીશ નહિ. અભય સ્વરૂપ આત્માને વળી ભય કેવો અને કોનો?

વ્યવહારનાં કામકાજ કંટાળ્યા વિના ગંભીરતાથી કરજે. શ્રદ્ધા રાખ કે કશુંયે અશુભ થવાનું નથી.

(૭)

તા. ૨૪-૧-૩૨

વાચનમાં તારે રામતીર્થના બધા ભાગો, પંચદશી, યોગવાસિષ્ઠ રામાયણ, વિવેકાનંદ તથા રામકૃષ્ણ પરમહંસના ગ્રંથો, સિદ્ધાન્ત-દર્શન, સિદ્ધાન્તસાર, પક્ષપાતરહિત અનુભવપ્રકાશ, આત્મપુરાણ, વેદાનુવચન, અષ્ટાવક્રગીતા, અવધૂતગીતા, નથુરામ શર્માનાં પુસ્તકો, શંકરાચાર્યનાં અષ્ટાદશ રત્નો, જ્ઞાનેશ્વરી ગીતા, શાંકરભાષ્ય ગીતા, દાસબોધ, ભાગવત-રહસ્ય (આ ગ્રંથ હમણાં છપાયો છે અને આદિત્ય પ્રેસમાં મળે છે) વિચાર ચંદ્રોદય વગેરે વેદાન્તના કેવલ અદ્વૈતવાદના ગ્રંથો વાંચવામાં કશી હરકત નથી; એમાં જે કાલે

જેવી વૃત્તિ થાય તેવો કોઇ પણ ગ્રંથ વાંચવો અને જેટલું સમજાય એ યાદ રાખતાં શીખવું. અઘરું લાગે ત્યારે...વગેરે કોઇને પૂછી લેવું. વાચન પંડિતાઇ માટે નહિ, પણ આપણા ચિત્તમાં શંકાઓ ઊઠે, આત્મવિચાર વિના મિથ્યા વ્યવહારના પ્રશ્નો ઊઠે, મિથ્યા પ્રવૃત્તિમાં ચિત્ત જાય, તેને રોકવા અને સમાધાન કરવા માટે છે, એ ખાસ ધ્યાનમાં રાખવું. કોઇ ને કોઇ આપણને તર્ક-વિતર્કવાળા પ્રશ્નો પૂછે એને ઉત્તર ન આપી શકીએ એની કશી હરકત નહિ. આપણા ચિત્તમાં શંકા ન રહેવી જોઇએ. આપણને કોઇ પૂછે અને આપણે એને સમજાવી શકીએ, એમાં સામા માણસમાં આટલી વાત હોવી જોઇએ. એક તો શાસ્ત્રમાં શ્રદ્ધા, આપણા તરફ એના ચિત્તની એકાગ્રતા, વિષય સમજવા જેટલી બુદ્ધિની સૂક્ષ્મતા અને વૈરાગ્ય દ્વારા તત્પરતા: બધા પ્રશ્ન પૂછનારા આવા નથી હોતા: એથી આપણું કહેવું કોઇ ન સમજે, તેથી આપણે પણ ઠીક નહિ સમજ્યા હોઈએ, એવી શંકા ન કરવી. જેની જેવી બુદ્ધિ તેવી તેની સમજણ અને તેવા તેના સીધા કે આડાઅવળા તર્ક.

પાઠ તથા જપમાં તો પહેલાંના કરતાં હવે થોડું કરી નાંખજે. ધ્યાનમાં હવે ૐના બિન્દુનો વિચાર કરતાં શીખજે. એ બિન્દુ જો આપણે પોતે જ હોઈએ, એ જ હું છું એમ કહીએ, ત્યારે બિન્દુ દશ્ય મટીને દ્રષ્ટા થઈ જવું જોઇએ. અર્થાત્ બિન્દુ ન રહેવું જોઇએ. વળી બિન્દુ જયાં સુધી બિન્દુ તરીકે રહે, ત્યાં સુધી દેશ-કાલ વસ્તુથી પરિચ્છિન્ન, મર્યાદિત રહે છે તેથી એ સર્વવ્યાપક નથી થઈ શકતું, અને આપણે તો આત્મસ્વરૂપે સર્વવ્યાપક અને અપરિચ્છિન્ન છીએ; આમ બિન્દુના સર્વવ્યાપક, નામરૂપરહિત સ્વરૂપનો આનંદ અનુભવવાનો છે એ ધ્યાનમાં રાખજે.

મૂળ વસ્તુમાં નથી બિન્દુ કે નથી ૐ, નથી અક્ષર કે નથી વર્ણ; નથી નામ કે નથી રૂપ, નથી ધ્વનિ કે નથી ગુણ. મૂળ સ્વરૂપ તો નિર્ગુણ, નિરંજન છે. ત્યારે આ દશ્ય શું, એમ કોઇ પૂછે તો શાસ્ત્ર (વાંચો માંડૂક્ય ઉપનિષદ્ અને એનું ભાષ્ય) ચોખ્ખું કહે છે કે એ સમસ્ત દશ્યપ્રપંચ, જાગ્રત વગેરે અવસ્થાઓ કલ્પનામાત્ર છે. સંક્ષેપથી શાસ્ત્ર એવો ઉકેલ કરે છે. માટે તારાથી ભિન્ન સમસ્ત જગત્ (તેમાં બધું આવી ગયું) તારી આનંદ સ્વરૂપની કલ્પના માત્ર છે. આવો નિશ્ચય રાખીને શાન્તિ રાખવી, પ્રાપ્તવ્યવહાર કંટાળ્યા વિના ચલાવવો, આળસુ બનવું નહિ, શુદ્ધ વ્યવહાર ચલાવવો છતાં પણ સ્વરૂપનું ભાન રહે અને સંસારનું મિથ્યાત્વ ન ભુલાય એની સંભાળ રાખવી. આવું ધીરે ધીરે દઢ થશે એમ શ્રદ્ધા રાખજે. ૐ.

(૮)

તા. ૧૦-૨-૩૨

ચિત્તમાં ધૈર્ય અને શાન્તિપૂર્વક વિચાર કરીને પોતાની રહેણીકરણી સાધનામાં અનુકૂળ આવે તેવી રીતે ગોઠવવી. વિશેષ એકાન્તસેવનથી મન ગભરાતું હોય, તો કથાશ્રવણ, દેવદર્શન સમકક્ષી જિજ્ઞાસુઓનો સહવાસ વગેરે દ્વારા જનસમૂહમાં ભળતા રહેવાથી પણ ચિત્તમાં પ્રસન્નતા રહેશે. એકાન્તસેવનની વધારે પડતી જો ટેવ પડી જાય તો ત્યાર પછી કોઇ વાર સત્સંગનિમિત્તે મળવા-હળવાના પ્રસંગોમાં પણ વિક્ષેપ થવા માંડે છે; માટે જેમ વિના ઉદ્દેશનું ભ્રમણ ખરાબ છે, તેમ વિચાર વિનાનું એકાન્ત-સેવન પણ ખોટું છે. આપણે તો બન્નેમાં વિવેક કેળવવો છે.

શાસ્ત્ર તથા ગુરુજનો હમેશાં તટસ્થ રહીને જ ઉપદેશ

આપે છે. અનુભવ તો સૌના પોતપોતાના પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. શ્રી શંકરાચાર્યના 'વિવેકચૂડામણિ' નામના ગ્રંથમાં એક શ્લોક છે કે :

तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा
प्रज्ञयैव तरेद् विद्वान् ईश्वरानुगृहीतया ॥ ४७६ ॥

શબ્દાર્થ : શ્રુતિની પેઠે ગુરુજનો પણ તટસ્થ રહીને જ (આત્મ-) બોધ (નો ઉપદેશ) કરે છે. જિજ્ઞાસુ (વિદ્વાન્) ઈશ્વરના અનુગ્રહ (કૃપા) વાળી (પોતાની) પ્રજ્ઞા (વિવેકજ્ઞાન) થી જ (સંસારસમુદ્ર) તરે છે.

આમાં ભાવાર્થ એવો છે કે શ્રુતિઓનાં જેમ तत्त्वमसि વગેરે ઉપદેશવાક્યો અનુભવગ્રહણમાં સાક્ષીરૂપ છે, તેવી રીતે ગુરુદેવ પણ સાક્ષીરૂપે અદ્વૈતજ્ઞાનનો ઉપદેશ કરે છે. ઘટ વગેરે સ્થૂલ પદાર્થની પેઠે તેઓ બ્રહ્મપ્રજ્ઞાનું દર્શન કરાવી શકતા નથી. પરંતુ તત્ત્વવિદ્ પુરુષ ઈશ્વરકૃપાથી પ્રાપ્ત થયેલી બ્રહ્માત્માની એકતારૂપ વૃત્તિવડે અવિદ્યારૂપ સાગરથી પાર પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે એવો ઉપદેશ કરે છે.

પુરુષાર્થ તો જિજ્ઞાસુએ પોતે જ કરવાનો છે. શ્રુતિઓ અને સદ્‌ગુરુ અનાસક્ત અને નિર્મોહી હોઇ કેવલ નિષ્કામ-ભાવનાથી જિજ્ઞાસુની કરેલી ભક્તિથી પ્રસન્ન થઇ અભેદજ્ઞાનનો ઉપદેશ આપે છે. આપણે ઈશ્વરકૃપા, શાસ્ત્રકૃપા, ગુરુકૃપાનો વિચાર કરીએ તે પહેલાં આત્મકૃપા (આપણી તીવ્ર જિજ્ઞાસા અને પ્રખર પરિશ્રમરૂપ તપ) જાગ્રત કરવી જોઇએ. ત્યાર પછી એમની શબ્દ-શકિતના પ્રભાવથી એમના જેવાં જ અનુભવી થઇ શકીએ છીએ.

એમાં જે ઇશ્વરનો અનુગ્રહ કહ્યો છે એનો અર્થ એટલો જ કરવાનો છે કે ઇશ્વરની કૃપા-પ્રસન્નતા પ્રાપ્ત થાય, ત્યારે એમના પ્રતિ આપણા ચિત્તમાં ભક્તિ થાય; ઇશ્વર આપણી પાસેથી મારું' માનેલું તન-મન-ધન સર્વસ્વ ભાવે લઇ ચૂકયા હોય ત્યારે અંતરમાં કેવળ ઇશ્વરની સ્મૃતિ ભરપૂર રહેવી જોઇએ. ચિત્ત અનન્ય, શુદ્ધ અને એકાગ્ર ભાવે ઇશ્વરદર્શનનો જ પોકાર કરતું હોય, ચિત્તમાં આત્મનિષ્ઠ થવાની ઉત્કટ જિજ્ઞાસા, અનાત્મ-પદાર્થોમાં વૈરાગ્ય, એકમાત્ર પરમાત્માની જ ભકિત, અને એવાં બધાં સાધનોની સાથે ઈષ્ટપ્રાપ્તિના સંકલ્પની દઢતા એ બધાં ઈશ્વરકૃપાનાં ફલ છે. આપણી ઉન્નતિમાં એ હમેશાં પ્રસન્ન જ હોય છે, અને એની એવી પ્રસન્નતામાં આપણી પ્રસન્નતા હોય છે-કહો કે હોવી જ જોઇએ.

આ શ્લોક એટલા માટે લખ્યો છે કે તમે બધાં સ્વાવલંબી બનો. વિવેક વગેરે સાધનસંપત્તિ કેળવી-મેળવી હોય, અને વેદાન્ત-શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા એકમાત્ર પરમ તત્ત્વ બ્રહ્મ કે જે આપણે આત્મસ્વરૂપે છીએ એવો શાસ્ત્ર તથા ગુરુદ્વારા ઉપદેશ પ્રાપ્ત થયો હોય તો એમાં જ પરમ શ્રધ્ધાપૂર્વક નિદિધ્યાસનની સતત વૃત્તિ રાખવી જોઇએ. સ્થાન બદલાવાની, એકાન્તમાં રહેવાની, બીજો બધો વ્યવહાર બંધ રાખીને કેવળ શ્રવણ-મનન-નિદિધ્યાસનમાં જ જીવન વીતાવવાની વૃત્તિ થાય એ સ્વાભાવિક છે, અને અનુ-ભવમાં એની સહાયતા પણ બહુ મોટી ગણાય, પણ એ પ્રમાણે પોતાના પ્રારબ્ધ અને પુરુષાર્થ, પોતાનો વર્તમાન વ્યવહાર અને પરિવર્તન કરવાની શકિત, એ બન્નેનો બહુ વિચાર કરવો પડે છે.

ખરી વાત તો એ છે કે શુધ્ધ વ્યવહારમાં આપણે સમતા કેળવવી જોઇએ. નિત્યના સામાન્ય સધ્ધર્મના કામકાજથી કંટાળો

આવે એ કાંઈ વૈરાગ્ય નથી, કંટાળાનાં કારણો શોધી કાઢવાં જોઈએ. કંટાળો એ તામસિક છે અને એનું કારણ સત્ત્વગુણનો અભાવ છે. સત્ત્વગુણના ક્ષમા, દયા, મૈત્રી ગુણોના અભાવને લીધે વ્યવહારમાં સામે આવતા રજોગુણ તમોગુણને વીંધીને તેનાથી પાર જઇ શકાતું નથી, તેથી એવા કંટાળાને વૈરાગ્ય કહી શકાય નહીં. માટે ક્ષમા–સહનશક્તિ વધારતાં શીખવું કે જેથી મનમાં પ્રસન્નતા રહે.

આ બધાનો મુખ્ય ઉપાય આન્તરબાહ્ય આત્મદર્શન અથવા ઇશ્વરદર્શન છે; ઈશ્વરનું સતત્ સ્મરણ કરતાં કરતાં ઇશ્વરદર્શનની યોગ્યતા આવે છે, સત્ત્વગુણ વધે છે અને કંટાળો દૂર થતાં શુદ્ધ વ્યવહાર નિભાવીને સાત્ત્વિક વૈરાગ્ય સુધી પહોંચવાનું સામર્થ્ય કેળવાય છે.

હવે તો ઘણીવાર એમ લાગે છે કે તમને કોઈને કાંઈ પણ લખવાનું બાકી રહ્યું નથી. પરમાત્મા સંબંધી તમને ઘણુંયે કહ્યું છે ને લખ્યું છે. વળી સ્પષ્ટ વાતો કરનારા, સચોટ બાણ જેવાં ઉપદેશવચનો કહેનારા, વર્તમાન સંતો તથા આપણા જ અખો, પ્રીતમ, છોટમ, ધીરો વગેરે જૂના સંતોની વાણી તમારી પાસે છે, એટલે એકની એક વાત મારે વારંવાર કહેવી એનો કશો અર્થ નથી. વળી હું કહું એ જ તમને ઠીક લાગે એવી એકદેશી, માનસિક દાસત્વની ભાવના તમારામાં આવે કે હોય તો વધતી જાય એ પણ ઠીક નથી. વ્યવહારમાં જ્યાં જ્યાં દ્વંદ્વ આવે ત્યાં એનું વિચાર વડે સમાધાન કરીને, નામરૂપનો બાધ કરીને શાંતિ રાખતાં શીખવું. યથાસમય આત્મજ્ઞાન વધે અને દૃઢ થાય એવા ગ્રંથોનું વાચન કરવું સંતોનો સમાગમ, તથા કથાવાર્તા વગેરેનો લાભ લેતા રહેવું.

ચિત્તમાં શાંતિ રાખો; એવી શ્રદ્ધા રાખો કે શ્રવણ, મનન તથા નિદિધ્યાસનમાં અનુકૂળતા જ થાય એવો બાહ્યવ્યવહાર પરમાત્મા ગોઠવે અને એવી અનુકૂળતા પ્રાપ્ત થાય ત્યાં સુધી ધૈર્ય રાખીને પ્રાપ્તવ્યવહારમાં સંતોષ માનો, 'ધૈર્ય કેળવો' એ જ તમારી તપશ્ચર્યા છે.

સૂચના :—એકબીજાના પત્રો પરસ્પર વાંચવા-વંચાવવા નહિ એમ જે લખ્યું છે, તેનું કારણ એ છે કે પ્રત્યેકને એના અંતઃકરણના અધિકાર પ્રમાણે પત્રોમાં લખ્યું હોય છે. કોઇને કટુ વચન તો કોઇને મિષ્ટ વચન, કોઇને કર્મકાંડ તથા ઉપાસનામાં પ્રીતિ તો કોઇને એમાંથી વિરક્તિ, કોઇને વ્યવહારમાંથી નિવૃત્તિ તો કોઇને શુભવ્યવહારમાં પ્રવૃત્તિ રાખી અભ્યાસ કરવાની સૂચના, આવી રીતે ભિન્નભિન્ન પ્રકારનો, એકબીજાનાથી વિરુદ્ધ લાગે એવો ઉપદેશ પત્રોમાં હોય છે. કાચા મનના સાધકોને તેથી રાગદ્વેષમાં અટવાઈ પડવાનો અને શંકાકુશંકામાં ફસાઇ પડવાનો સંભવ રહે છે. પરસ્પરના પત્રો વાંચવાથી કોઈવાર વ્યર્થ વિક્ષેપ થઇ જાય છે. "મને આમ લખ્યું ને બીજાને આમ કેમ?" આવી શ્રદ્ધાને બાધક વૃત્તિઓ ઊભી થાય ત્યારે બહુ ભાંજગડ ઊભી થાય છે. દરેકે મારું પોતાનું સાધન, મારી અત્યારની મનોવૃત્તિનાં શોધનપોષણ માટે યોગ્ય જ છે અને પારકાનું સાધન ગમે તેટલું રોચક-મોહક લાગતું હોય, પણ અત્યારે મારે માટે હિતકર નથી, એમ સમજીને નમ્રતા કેળવવી, નિરભિમાનભાવે પોતાને ઉપદેશેલાં શાસ્ત્રસન્તવાક્યમાં શ્રદ્ધા રાખીને, એ સાધન કર્યે જવું એવી શાસ્ત્રમર્યાદા બહુ ઉત્તમ છે. એથી ધીરજ કેળવાય છે, શ્રદ્ધા વધે છે, વિવેક ખીલે છે, ઉદારતા અને સમતા આવીને મત્સર તથા અસૂયાનો નાશ થાય છે એ સ્પષ્ટ છે.

એટલા માટે મેં બીજાના પત્રો વાંચવાની ખાસ ના લખી લખી હતી, જ્યાં વાંચવા જેવું હશે ત્યાં એમ પણ લખ્યું હશે. મૂળ મુદ્દો એ છે કે એકાન્તભાવે, આત્મસુધારણાની દૃષ્ટિ રાખી, બીજામાં દખલ ન કરવી, અને પોતાના સાધનમાં વેગ વધારવો એ જ હિતકર છે.

( ૯ )

તા. ૩-૩-૩૨

પ્રારબ્ધને લીધે આવી પડતો વ્યવહાર તો, શું સંન્યાસી કે શું ગૃહસ્થાશ્રમી, બંનેને, ગમે તેટલા જ્ઞાની હોય તો પણ, આનંદપૂર્વક નીભાવવો પડે છે. માટે નોકરીના કામકાજથી, સગાંસંબંધી તથા સ્નેહીવર્ગને મળવા કરવાથી, તેમ જ અન્ય પ્રકારના પોતાના શરીરના વ્યવહારથી કંટાળવું નહિ, પણ શાન્તિ-પૂર્વક નિર્વાહ કરવો.

આપણે પોતે આનંદસ્વરૂપ છીએ, તેથી કોઇ પણ ક્ષણે શોકની છાયા ચિત્તમાં આવવા દેવી નહિ. આસપાસ આપણું જ બધું સ્વરૂપ છે એટલે એ પણ સૌ આનંદ-આનંદ જ છે, એવા વિચારપૂર્વક શાન્તિ તથા આનંદપૂર્વક વ્યવહાર કરતા રહેવું જોઇએ.

શરીરથી કંટાળવું નહિ. જેમ જૂનાં-નવાં કપડાં પ્રારબ્ધ પ્રમાણે પહેરીએ છીએ, જૂનાથી કંટાળતા નથી, નવાંથી રાજી થતા નથી પણ શરીરની રક્ષા માટે પહેરીએ છીએ, તેમ શરીર સાજું હોય કે માંદું, નાનું હોય કે મોટું, વૃદ્ધ હોય કે યુવાન, આપણે બધી અવસ્થાઓમાં એની રક્ષા કરવી; કંટાળવું નહિ; હર્ષશોક માનવા નહિ; રક્ષા એટલા માટે કરવી કે એના

દ્વારા આત્મજ્ઞાનની સાધના થાય છે. એ શરીરમાં તો પુણ્ય-પ્રતાપે પવિત્ર માતાપિતા, તથા શુદ્ધ કુલમાં જન્મ મળ્યો, અને શાસ્ત્ર તથા સત્સંગનો લાભ થયો; એના દ્વારા આપણને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે, તેથી કંટાળ્યા વિના એની રક્ષા કરવી.

ધ્યાન, જપ, વાચન, આત્મવિચાર, વગેરે બધામાં જે ઓછામાં ઓછા કષ્ટથી થાય તે કરવું. ન થાય તેને માટે ચિન્તા કે ખેદ ન કરીશ. જ્યાં સુધી શરીર નીરોગી ન થાય, ત્યાં સુધી કોઇ પણ જાતનાં કર્મકાંડરૂપી પૂજાપાઠ ન થાય તો હરકત નહિ. પરમાત્મા દયાળુ છે, તું નિર્દોષ અને પવિત્ર છે, એટલે બધું ક્ષમા કરશે.

છતાં ચિત્તમાં આત્મભાવના રાખવી. એમાં ભૂલવું નહિ. એ તો મનનું કામ છે; એમાં વિઘ્ન ન આવવું જોઇએ.

( ૧૦ )

તા. ૨૧-૮-૩૨

તને જે રીતે આ વખતે આનંદપૂર્વક આત્મનિષ્ઠા ભોગવતી જોઇ છે, એવી જ રીતે રહેજે. જ્ઞાનનું ફળ એ છે કે શાંતિપૂર્વક જીવન વ્યતીત કરતાં આવડે. વ્યવહાર આપણા જેવાને દુઃખ ત્યારે જ આપી શકે કે એ વ્યવહારમાં આપણે અમુક પ્રકારનું સુખ જ કલ્પી રાખ્યું હોય. પણ જો એમાં તટસ્થ વૃત્તિ કેળવી રાખી હોય, અને ગમે તેવાં દ્વંદ્વ આવે તો પણ ઉદાસીન રહેવાની ટેવ પાડી હોય, તો પછી તદ્દન નિર્ભયતાપૂર્વક રહી શકાય...આનંદમાં રહેવું, પણ આનંદમાં શાંતિ અને ગંભીરતા આવવાં જોઈએ; એ ખાસ સંભાળવું.

( ૧૧ )

તા. ૨૨-૮-૩૨

જે ઉપદેશનાં વચનો તને ત્યાં પ્રત્યક્ષ કહ્યાં છે એ સિવાય હમણાં પુનઃ અન્ય શું કહેવાનું હોય? જીવનમાં નિરાશાને સ્થાન આપીએ, એટલે ગમે તેટલું સુખ આવે તો પણ હમેશાં અસંતોષ જ રહે છે. તેને બદલે આશાવાદી રહીએ. વર્તમાન અવસ્થામાં નિત્ય સંતોષ તથા શાન્તિ રાખીએ, સૌની સાથે આનંદપૂર્વક રહેતાં શીખીએ, વ્યવહારમાં પરિશ્રમથી ન ડરીએ, અને ઉત્સાહ તથા સાહસપૂર્વક જીવન વ્યતીત કરતાં શીખીએ, તો મારી માન્યતા પ્રમાણે દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી.

( ૧૨ )

તા. ૨૯-૯-૩૨

દશ્યમાં થતાં જન્મમરણ તો નામરૂપનાં મિથ્યા પરિવર્તન છે. એથી એના અધિષ્ઠાનમાં રતિમાત્ર પણ વિકાર કે ઊણપ નથી આવતી. આપણે તો એ સ્વરૂપે છીએ, બધું એ સ્વરૂપભૂત જ છે, એવી અચલ નિષ્ઠા રાખવી ને થાય તે થવા દેવું.

કોઇને એકાન્ત પ્રિય હોય, તો તે પણ ખોટું નથી. બાહ્ય નિવૃત્તિનું જ એમનું પ્રારબ્ધ હોય, તો એમને નિવૃત્તિ રુચે, માટે એમને પ્રવૃત્તિ-નિવૃત્તિનો અભેદ ન સમજાય. આપણે ધીરજ રાખવી. સર્વત્ર એક જ તત્ત્વ વિલસી રહ્યું છે. છતાં પણ જિજ્ઞાસુ નિવૃત્તિમાં વિશેષ આનંદ ભોગવે એ સ્વાભાવિક છે.

વાચનના પણ આપણે દાસ ન બનવું જોઈએ. ગ્રંથની સહાય વિના પણ સ્વતંત્ર રીતે આપણી આત્મભાવના ચાલુ રહે, ત્યારે આપણું જ્ઞાન સ્વતંત્ર કહેવાય.

...પરમાત્માનો સાક્ષાત્કાર કરવો હોય તો પ્રથમ આપણે વ્યવહારમાં સ્થિરતા પ્રાપ્ત કરવી જોઈએ. ઇશ્વર સંબંધે જ્ઞાન તો પછી બહુ થોડા સમયમાં પ્રાપ્ત થશે. હમણાં આપણું લક્ષ્ય વ્યાવહારિક શાંતિ છે. બને તેટલું ભજનધ્યાન કરજે. ચન્દ્રકાન્ત ગ્રંથના ત્રણે ભાગ વાંચી જજે.

( ૧૩ )

તા. ૧૦-૧૧-૩૨

આધિ, વ્યાધિ અને ઉપાધિ, એને કોઇ જાણી જોઇને, એટલે કે જ્ઞાનપૂર્વક નોતરતું નથી. એ તો પૂર્વ કર્મ પ્રમાણે આવે છે. આપણે તો એ ત્રણે તાપની વચમાં ઊભાં રહીને પણ શાંતિના હિમાલય પર્વત જેવા રહેવાનો અભ્યાસ પાડવો. એ જ આપણો પુરુષાર્થ. એ ત્રણે તાપો વારાફરતી આવીને ચાલ્યા જવાના. એ આપણાં દૃશ્ય, આપણાથી ભિન્ન, આપણું સ્વરૂપ નહિ તેથી મિથ્યા, સ્વપ્નના પદાર્થો જેવા ચલાયમાન.

( ૧૪ )

તા. ૧૦-૧૧-૩૨

પત્ર તા. ૧૨મીનો મળ્યો. વૈરાગ્યપૂર્વક એ લખેલો હતો. એમાં આત્મભાવનાનો આનંદ પણ છે. છતાં હમણાં તારા શરીરની સ્થિતિ વ્યાધિગ્રસ્ત છે, તેથી વૈરાગ્ય વિશેષ રહે એ સ્વાભાવિક છે. શરીરનો વૈરાગ્ય રાખવો એના કરતાં એનું વિસ્મરણ કરતાં શીખવું અને આનંદમાં રહેવું, એ વધારે ઊંચું પગથિયું છે. કારણ કે વૈરાગ્ય રાખવામાં જગત, શરીર, એ બધાને સાચું માનીએ તો દ્વૈતનું ભાન રહે છે અને આનંદ તો આપણું સ્વરૂપ

હોવાથી એના સ્મરણમાં આત્મનિષ્ઠા વધતી જાય છે, કેવલ, અદ્વૈત સ્વરૂપની જ નિર્વિકલ્પ અવસ્થા ભોગવાય છે. ૐ

પણ એ ઉત્સાહ અને આનંદ રાખતાં રાખતાં શરીરની ખૂબ સંભાળ રાખતાં શીખવું...વૈદ્યની દવા કરવા માંડી હોય તો એ જેમ કહે તેમ પથ્યનો ખોરાક લેવો. આપણે શરીરનો ત્યાગ નથી ઈચ્છવો કારણ કે ત્યાગની ઇચ્છા જ વસ્તુની મમતા સૂચવે છે. પરંતુ એ દ્વારા આપણે જ્ઞાનની દૃઢતા પ્રાપ્ત કરીને બીજાને પણ લાભ આપવો છે. એટલે એને નીરોગી રાખવાની કાળજી રાખવી જોઇએ. શરીરને માંસ, પિંડ મલમૂત્રનો ઘટ વગેરે માન્યા કરવાથી પણ ચિત્તમાં એક પ્રકારની શોક અને ઉદાસીનતાની છાયા આવે છે. એના કરતાં એને આત્મદેવનું સુંદર પૂજનીય મંદિર માનીએ, એને સ્વચ્છ રાખીએ, નીરોગી રાખીએ, એમાં રહેલા પરમાત્માની આપણે સેવા કરીએ છીએ એવી ભાવના વધારીએ, તો વિશેષ અને સાત્ત્વિક આનંદ રહે છે. મારાં માનસસંતાનો કલેશથી ન પીડાવાં જોઇએ. તારા જેવી શુદ્ધ છોકરી વૈરાગ્યની છાયામાં આવીને દુઃખી થાય, એટલે હું જ દુઃખી છું, એમ હું તો માનું છું. કોઇનું કલ્યાણ તો થાય જ નહિ, અને આત્મતૃપ્તિ પણ થવી જ જોઇએ, એવી મને પરમકૃપાળુ પરમાત્માસ્વરૂપ શ્રી ગુરુદેવમાં શ્રદ્ધા છે. માટે તું નિશ્ચિન્તપણે આનંદસ્વરૂપ બનીને રહેજે.

નિર્ભયતાપૂર્વક જીવન ગાળતાં શીખવું. આ જગત તો, પહેલાં સર્પ જેવું લાગતું હતું, એના વ્યવહારથી, સર્પથી ડરીએ એમ ડરતાં હતાં. પણ હવે તો એ દોરી છે. તેથી એનો દોરી માનીને વ્યવહાર કરવો અને શાન્તિ રાખવી. આ વ્યવહાર

આપણને, આપણા શુદ્ધ સ્વરૂપને શું બાધ કરવાનો હતો ? સ્વરૂપજ્ઞાનથી વ્યવહારનો બાધ થાય; વ્યવહારથી કાંઇ સ્વરૂપનો બાધ થતો નથી. માટે આનંદ, આનંદ ને આનંદ માનો, ને મઝા કરો.

●●

# જ્ઞાનસાધકસમાજ

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાન-સાધનઆશ્રમટ્રસ્ટ તરફથી આ સમાજની સ્થાપના થઇ છે, જેનો ઉદ્દેશ સૌ શિષ્યો, ભક્તો તથા શુભેચ્છકો મળી અન્યોન્ય સાથથી પોતાની ઉન્નતિ ( આત્મ કલ્યાણ ) કરવાની તક પ્રાપ્ત કરે એ છે. આ સાધકસમાજ ટ્રસ્ટના બંધારણના એક અંગરૂપ છે.

૧. શિષ્યો, ૨. ભક્તો અને ૩. શુભેચ્છકો એમ સભ્યોના ત્રણ વર્ગ રાખ્યા છે.

વાર્ષિક લવાજમ-દરેક વ્યક્તિ પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે સવિશેષ આપી શકે છે; પણ ઓછામાં ઓછું રૂા. ૧૫) રાખવામાં આવ્યું છે.

દરેક સભ્યને દર વર્ષે ૨૦૦ પાનાંની આસપાસ-( આશરે કીમત રૂા. ૩-૦૦ )નું એક પુસ્તક ભેટ તરીકે મળશે અને તે ઉપરાંત ટ્રસ્ટ હસ્તકનાં બધાં પ્રકાશનો ૨૫ ટકા વળતરથી મળશે.

વિશેષ માહિતી માટે લખો :

મંત્રી,
**જ્ઞાનસાધન આશ્રમ**
પો. મુક્તમ્પુર (જિ. ભરૂચ ગુજરાત)